પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH

FRIDAY, 18 October, 2019 Vol. 15, No. 42 Pages 30+10 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

- રામમંદિર કેસમાં દલીલો પૂર્ણઃ ૧૭ નવેમ્બર પહેલાં ચુકાદો
- મુસ્લિમ પક્ષના વકીલે રામ-જન્મસ્થાનનો નકશો ફાડી નાંખ્યો
- મુસ્લિમ પક્ષ શરતી રીતે દાવો છોડવા તૈયાર

P-16

વાચકો તથા વિજ્ઞાપનદાતાઓને સ્વદેશ પરિવાર તરફથી દિપાવલી પર્વની હાર્દિક શુભકામના

## ૧૫મી ઓક્ટોબરે થયેલા સરવેમાં કન્ઝર્વેટીવ પક્ષને મોટો ફાયદો થવાનું તારણ

# કેનેડામાં ચૂંટણીજંગ: કન્ઝર્વેટીવ-લિબરલ વચ્ચે કાંટેની ટક્કર

## ૨૧મીએ મતદાન માટેની તૈયારીને આખરી ઓપ અપાયો : કન્ઝર્વેટીવને બેઠકમાં ફાયદો છતાં કોઈને બહુમતી નહીં મળે એવા એંધાણ

મોન્ટ્રીયલઃ કેનેડામાં ૨૧મીએ યોજાનારી ફેડરલ ચૂંટણીની તમામ તૈયારી ઈલેકશન કેનેડાએ પૂર્ણ કરી લીધી છે. આ માટે એડવાન્સ વોટિંગ બાદ હવે દેશના તમામ વિસ્તારોમાં ૨૧મીએ મતદાન થશે. અત્યાર સુધી થયેલા સરવેમાં બંને મુખ્ય રાજકીય પક્ષો વચ્ચે કાંટાની ટક્કર રહેવાના સંકેતો છે. કેનેડામાં કુલ વસતી ૩.૭૪ કરોડ છે. જેમાં પણ ભારતીયો અને ગુજરાતીઓની સંખ્યા નોંધપાત્ર છે. અનેક બેઠક પર ભારતીયોનું મતદાન નિર્ણાયક રહેશે. એક અઠવાડિયા પહેલાં જ લિબરલ મત ટકાવારી, બેઠક પ્રોજેક્શન અને વિજયની



### જીતવાની સંભાવના

| | | | |
|---|---|---|---|
| લિબરલ્સને બહુમત મળે એવી સંભાવના 29 ટકાથી ઘટીને હવે | લિબરલ્સને બહુમત ન મળે પણ સૌથી વધુ બેઠક મળે એવી સંભાવના 33 ટકાથી વધીને | કન્ઝર્વેટીવ્સને બહુમત મળે એવી સંભાવના 28 ટકાથી ઘટીને ફક્ત | કન્ઝર્વેટીવ્સને બહુમત ન મળે પણ સૌથી વધુ બેઠક મળે એવી સંભાવના 9 ટકાથી અધધ વધીને |
| 11% | 40% | 5% | 43% |

સંભાવનામાં કન્ઝર્વેટીવ કરતાં આગળ હતા. અગાઉના કેટલાય સરવેમાં લિબરલ મત ટકાવારીમાં પાછળ હતા, પણ સીટ પ્રોજેક્શનમાં કન્ઝર્વેટીવ કરતાં આગળ હતા, ત્યારે લિબરલ બહુમત ન મેળવી શકે છતાં સૌથી મોટા પક્ષ તરીકે આગળ રહેશે એમ મનાતું હતું. પરંતુ ૧૫મી ઓક્ટોબરે થયેલા પોલમાં લિબરલને પછાડીને કન્ઝર્વેટીવ સત્તા કબ્જે કરવા આગળ વધે એવા સંકેત સાંપડી રહ્યા છે. ૧૫મી ઓક્ટોબરના પોલમાં કન્ઝર્વેટીવ ૩૨.૨ ટકા મત સાથે લિબરલોથી આગળ નીકળી ગયા છે. જો કે, તેમની મત ટકાવારી ઘટી છે. ૭મી ઓક્ટોબરે બહાર પડેલા સરવેમાં લિબરલ ૦.૧ ટકા મત વધુ મેળવીને ૩૪.૩ ટકા મત મેળવીને આગળ થયા છે. જ્યારે કન્ઝર્વેટીવ્ઝને પણ ૦.૧ ટકા વધુ મત સાથે ૩૩.૮ ટકા મત મળે છે. આ પહેલાં ૧લી ઓક્ટોબરના સરવેમાં કન્ઝર્વેટીવ્ઝને ૩૪.૩ ટકા મત મળે એમ જણાતું હતું , જે ૨૫મી સપ્ટેમ્બરના સરવે કરતાં ૦.૪ ટકા વધુ હતા. ૧૫મી ઓક્ટોબરના પોલના પરિણામ જોતાં ૩૨.૨ ટકા મત ટકાવારી સાથે કન્ઝર્વેટીવ આગળ છે, જ્યારે લિબરલને ૩૧.૪ ટકા મત મળે છે. એનડીપીને ૧૭.૪ ટકા, ગ્રીનને ૯.૧ ટકા મત મળે છે.

મત ટકાવારીની સાથે સાથે ૧૫મી ઓક્ટોબરના પોલમાં પહેલી વખત કન્ઝર્વેટીવ સીટ પ્રોજેક્શનમાં પણ લિબરલની સાવ નજીક પહોંચી શક્યા છે. લિબરલ્સને ૧૩૫ બેઠકો મળે છે, તો કન્ઝર્વેટીવ્ઝને ૧૩૨ બેઠકો મળે એમ છે. એનડીપીને ૩૪, બીક્યુને ૩૩, ગ્રીનને ૪ બેઠકો મળે એવું ચિત્ર ઉપસ્યું છે.

આ ચિત્ર જોઈએ તો એનડીપી કે બીક્યુ ઉપરાંત બીજા એક પક્ષનો સથવારો જેને મળશે એ પક્ષ જ સરકાર રચી શકે એમ લાગે છે.

Ready to make a move?
Exceptional service from
TD Ready for you
Ask me how
Deepak Patel
Manager, Mobile Mortgage Specialist
C: 416-272-7225
deepakkumar.patel@td.com

RE/MAX CROSSROADS REALTY INC. Brokerage
maazabowath.com
MAAZ ABOWATH
Sales Representative ABR, SRS
Direct: 416.893.3002
maazabowath@gmail.com
THINKING OF BUYING OR SELLING?
Residential | Business | Investment

Jack Filled Foreign Exchange Inc.
India થી રૂપિયા મંગાવવા અને India રૂપિયા મોકલવા માટેનું જૂનું અને જાણીતું નામ :
Call Zakirbhai
416-901-9995, 416-439-9995

એકવાર પધારો, દિલ ખશ ના થઈ જાય તો કહેજો
Ashok Jewellers
સોનાની બંગડીઓ, ચેઈન, બુટ્ટીઓ, લગ્ન પ્રસંગે પહેરવાના દાગીના...
પોતાનું વિશાળ બિલ્ડીંગ અને પેઢી દર પેઢીનો અનુભવ
દરેક પ્રકારની ડાયમંડની જ્વેલરીની વિશાળ શ્રૃંખલા...
Authorised dealer of RADO Watches
7198 Airport Road Malton, Ontario, L4T 2H3
Tel: 905 671 4290 Fax : 905 671 1190
Email: raju1234@aol.com
www.ashokjewellers.ca

SUPER VISA INSURANCE
Get Full REFUND if visa is declined
Get partial refund if parents leave early*
*conditions apply.... Ask NOW for a free quote..
Sanjiv Puri
Insurance Broker
Ph.: 416-890-3232
Email: sanjivpuri@rogers.com
StarLife Insurance & Investments Inc.
www.starlifeinsurance.ca
LIFE INSURANCE | FUNERAL INSURANCE | MORTGAGE INSURANCE | CRITICAL ILLNESS INSURANCE | DISABILITY INSURANCE
SUPER VISA INSURANCE | INSURANCE FOR VISITORS / NEW IMMIGRANTS | RESP | ESTATE PLANNING | RRSP | RETIREMENT PLANNING

Diwali Sale Starts From Sunday, 13 October 2019
MARCHE Bhane
ગુજરાતીઓ માટે સ્ટોર
KIBI Basmati rice
તાજા ફળો તથા શાકભાજી મળશે
755 Jarry west, Montreal, Quebec
Tel: 514-271-2822
નવસારીનાં પ્રખ્યાત દાળા ચણા, ફરસાણ, મિઠાઈ મળશે

Residential
New Condos
Investments
Commercial
દુઆમાં યાદ રાખશો
Zakir Patel
Broker
Cell: 416-561-7973
Office : 416-287-2222
RE/MAX COMMUNITY Realty Inc., Brokerage
Independently Owned and Operated
1265, Morningside Ave. #203
Toronto, ON M1B 3V9
Email : patelzakir82@gmail.com

છેલ્લા ૪૪ વર્ષથી ટોરાન્ટોની સર્વ પ્રથમ ગુજરાતી ટ્રાવેલ એજન્સી.૪૪ વર્ષથી ગુજરાતી પ્રજા અને ગુજરાતી ભાષા અમારી સફળતા માટે યશભાગી છે. દિલથી આપનો અમે ખૂબજ આભાર માનીએ છીએ. હવાઈ મુસાફરી ની ટીકીટ માટે અમારા ભાવ ટોરાન્ટોમાં ખૂબજ આકર્ષક છે અજમાવી જુઓ... આપને આનંદ થશે.
Ashok Travels 416-977-9896 અશોક ટ્રાવેલ્સ ૪૧૬ ૯૭૭ ૯૮૯૬
Thank you for your continued support since last 44 years. We are glad to be your family travel agency and we feel proud to serve three generations with most competitive prices and excellent service.
www.ashoktravel.com
Ashok Travels Serving your travel needs in Canada since 1973
TICO # 1486999 238 Gerrard St. East, Suite 100 Toronto, ON M5A 2E8

Save Up to 30% on your Auto Insurance
Save when you combine your Home and Auto Insurance
Desjardins Insurance
Call us today : (416) 431-6800
Li Chen Insurance and Financial Services Inc.
123-1200 Markham Road, Scarborough ON M1H 3C3
li.chen@desjardins.com - www.InsureOntario.ca
Auto • Home • Life • Business

S&S LAWYERS LLP
• Real Estate
• Litigation
• Wills and Estates
• Affidavit and Power of Attorney
• Notarization
• Family Law
• Corporation / Commercial Transactions
• Franchise Closing
Avni Shah
B.A., JD
Barrister & Solicitor
ashah@sslawyers.ca
Tel : 416-818-4000
Fax : 416-740-4002
1780 Albion Road, Unit # 8, Toronto Ontario M9V 1C1

Life Insurance, Critical Illness, Income Protection Plan (Disability Insurance), Travel Insurance/Super Visa Insurance, Mortgage Insurance, Non Medical Insurance Investments, RESP, RRSP, RRIF,TFSA, ANNUITY.

WE PROVIDE BETTER RATE FOR SUPER VISA INSURANCE



SECURING YOUR FAMILY'S FUTURE



CAN YOUR FAMILY AFFORD TO BE UNINSURED?
MAKE AN APPOINTMENT TODAY
FOR YOUR FINANCIAL NEEDS

Jay Gandhi
Financial Advisor
647.894.5727
jaygandhi1102@gmail.com
www.jayfinancial.ca

TO SERVE THE COMMUNITY BETTER FOR THEIR LEGAL NEEDS

LAW OFFICE OF DHANANJAY SHAH



BARRISTER, SOLICITOR & NOTARY PUBLIC

AREA OF PRACTICE
REAL ESTATE LAW
(RESIDENTIAL, COMMERCIAL & REFINANCING)
WILL & POWER OF ATTORNEY
CRIMINAL LAW
IMMIGRATION LAW
PERSONAL INJURY LAW
FAMILY LAW
CORPORATE LAW
NOTARIZATION OF DOCUMENTS, AFFIDAVITS & STATUTORY DECLARATION

Open seven days a week and flexible hours
318 B Painted Post Drive, Toronto, ON M1G 2M3
PHONE: 1-647-350-1497
FAX: 1-647-350-1498, CELL: 1-647-928-1497
Email: djay2justice@gmail.com

WE ALSO SPEAK GUJARATI AND HINDI

Homelife / Miracle Realty Ltd., Brokerage
Independently Owned & Operated



Niranjan Shah
SALES REPRESENTATIVE
HOMELIFE Higher Standards
Direct : 647-381-6211
Office : 416-289-3000
Fax : 416-289-3008
Email:nbshah@hotmail.com

4K ULTRA HD H.265 HEVC 5G PVR CINEMAS android YouTube



FOR MORE INFORMATION
PLEASE CALL : 647-381-6211

The North Star Insurance Inc.
*For all your Insurance & Investment needs*

Visitors Insurance
Super Visa Insurance
Travel Insurance

- *Life Insurance*
- *Critical Illness Insurance*
- *Disability Insurance*
- *Reg Education Saving Plan (RESP)*
- *Reg Retirement Saving Plan (RRSP)*
- *Tax Free Saving Account (TFSA)*

*Wealth Accumulation & Estate Building Plan*

*Call today for a free no obligation quote*



Jagdish Patel
Insurance Advisor
647-470-1673
northstar.inc19@gmail.com

Protecting Canadians Today .......... For Tomorrow.
Hiring new & experienced insurance advisor

PE
SATISFACTION 100% GUARANTEED

PEGASUS ENTERPRISE
Importer & Wholesaler
Thermal Paper Rolls
1 - Debit Machine : 2 1/4"x 50 ft.
2 - Cash Register (POS) : 3 1/8"x 180 ft



Variety of Paper & Plastic Products



pegasusenterprise@hotmail.com
Toronto, Ontario, Canada
Call/Whatsapp - Sanjay : (647)-294-9402

# કેન્દ્રીય ચૂંટણીને પગલે ભારે ઉત્સાહ : બે મિલિયન નાગરિકોનું એડવાન્સ મતદાન




- ૨૦૧૫ની ચૂંટણી કરતાં આ વર્ષની ચૂંટણીમાં ૨૫ ટકા વધુ મતદાન થયું
- વધારાના ૧૦૦૦ મથકો ઉપર પણ મતદાનની વ્યવસ્થા ગોઠવાઈ

ઓટાવા : ચૂંટણીના પહેલા દિવસમાં આશરે બે મિલિયન કેનેડિયનોએ તેમના મદાધિકારનો ઉપયોગ કર્યો હોવાનું ઈલેક્શન કેનેડાએ જણાવ્યું હતું. ૨૦૧૫ની ચૂંટણી કરતાં આ વર્ષની ચૂંટણીમાં ૨૫ ટકા વધુ મતદાન થયું હતું. દેશભરમાં એડવાન્સ મતદાન સોમવારે રાત્રિના ૯ વાગ્યા સુધી ચાલુ રહ્યું હતું.

રવિવારે બે મિલિયન મતદાતાઓએ સ્પેશ્યલ મતપત્રક અથવા પોસ્ટ સેકન્ડરી કેમ્પસમાં જઈને મતદાન કર્યું હતું. ગયા સપ્તાહે ઈલેક્શન કેનેડાએ જણાવ્યું હતું કે, કેમ્પસ મતદાન કેન્દ્રમાં પણ ૨૦૧૫ કરતાં એડવાન્સ મતદાનમાં નોંધપાત્ર વધારો થયો છે. ૯થી ૧૧ ઓક્ટોબર સુધીમાં ૧૧,૩૦૦ મત પડ્યા હતા. ઈલેક્શન કેનેડાએ જણાવ્યું હતું કે, સુચારુ વ્યવસ્થાને કારણે કેનેડિયનોએ વહેલું મતદાન કરવાની સુવિધાનો લાભ લીધો હતો. તેથી જંગી મતદાન થયું છે.

આ ચૂંટણીમાં ૧૦૦૦થી વધુ મતદાન મથકો વધારવામાં આવ્યા છે તેમજ વહેલી સવારે શરૂ કરીને ૧૨ કલાક સુધી મતદાન ચાલુ રાખવામાં આવે છે. ઈલેક્શન કેનેડાના પ્રાદેશિક મીડિયા સલાહકાર ડુગલ્ડ મોડસ્લેએ જણાવ્યું હતું કે, ૨૦૧૧થી ૨૦૧૫ની વચ્ચે મતદાનમાં ભારે ઉછાળો આવ્યો છે. તેઓ ગ્રેટર ટોરન્ટો એરિયાના મીડિયા સાથે વાત કરી રહ્યા હતા.

૨૦૧૫માં ૩.૬ મિલિયન મતદાતાઓનો વધારો થયો છે. એડવાન્સ મતદાન વ્યવસ્થાને કારણે ૨૦૧૧માં થયેલા ૭૧ ટકા મતદાન કરતાં આ વર્ષે મતદાન વધ્યું હતું. હવે પછી મતદાન સોમવાર તા. ૨૧ ઓક્ટોબરના રોજ રાજ્યોની જરૂરિયાત મુજબ ૧૨ કલાક સુધી ચાલુ રહેશે.









## કેનેડામાં કેન્દ્રિય ચૂંટણીના ચોંકાવનારા સરવે

# ફેડરલની ચૂંટણીમાં બે પક્ષો વચ્ચે ગળાકાપ હરિફાઇના સ્પષ્ટ સંકેત

**તંત્રી સ્થાનેથી**



તંત્રી - પ્રકાશક
સ્વદેશ

કેનેડામાં ફેડરલ ઈલેક્શન માટે ૨૧મી ઓક્ટોબરે મતદાન થશે. આ વેળા ચૂંટણી જંગ જીતવી લિબરલ અને કન્ઝર્વેટીવે એડીચોટીનું જોર લગાવ્યું છે. છેલ્લાં દોઢ-બે મહિનાથી પ્રચાર સભાઓનો ધમધમાટ પણ વર્તાયો છે. આમ છતાં વિવિધ પોલમાં બંને પાર્ટી વચ્ચે મુખ્ય સ્પર્ધા અને કાંટે કી ટક્કર રહે તેવા તારણો નીકળ્યા છે.

૨૧મીએ મતદાન થયા બાદ એ જ રાત્રે કેનેડાના સમય પ્રમાણે રાત્રે ૧૦ વાગ્યા પછી સંકેત મળી જશે કે કોણ સરકાર બનાવશે ? જો કે એ પહેલાં સરવે પર વિશ્વાસ મુકીએ તો લિબરલ અને કન્ઝર્વેટીવ વચ્ચે કાંટે કી ટક્કર રહેશે. છતાં એ પણ એટલું જ સત્ય છે કે બેમાંથી એક પણ પક્ષ બહુમત મેળવી એકલા હાથે સરકાર રચી શકે એ સ્થિતિમાં નહીં હોય. બંને મુખ્ય રાજકીય પક્ષોમાંથી જેને વધુ બેઠક મળશે, તેણે કોઈ બીજા નાના પક્ષની મદદ લઈને સરકાર રચવી પડશે એવી શકયતા છેલ્લાં પોલ પરથી વધી ગઈ છે.

વેલ, કોની સરકાર બનશે એ તો આવતા સોમવારે જાણ થઈ જ જશે. પરંતુ કેનેડાની ચૂંટણીની અસર શી રહેશે, એ અંગે આપણે પણ વિચારવાની જરૂર છે. એ ખરું કે, કેનેડાનો વૈશ્વિક સ્તરે રાજકીય પ્રભાવ ખૂબ જ ઓછો છે. હા, એ ધનિક દેશોમાંનો એક છે, તેથી આર્થિક સહાય માટે જાણીતો દેશ હોવા છતાં વૈશ્વિક રાજનીતિ ઉપર તેનો પ્રભાવ રહ્યો નથી. ભારતની વાત કરીએ તો કેનેડા એનએસજી એટલે કે ન્યુક્લિયર સપ્લાય ગ્રુપનું સભ્ય હોવાને કારણે ભારત માટે તે મહત્વનું છે. ખાસ કરીને હજુ ભારતને એનએસજીમાં સ્થાન મળ્યું નથી અને ચીન એનપીટી ઉપર હસ્તાક્ષર ભારતે કર્યા નથી, તેથી તેને એનએસજીમાં સ્થાન ન મળે એવી તરફેણ ચીન કરી રહ્યું છે, એ સંજોગોમાં ભવિષ્યમાં કેનેડામાંથી ઈંધણ મેળવવા તેમજ એનએસજીમાં સભ્ય બનવા માટે પણ કેનેડા ભારત માટે મહત્વનું સાબિત થઈ શકે એમ છે.

છતાં યાદ રહે કે આવતા વર્ષે જ્યાં ચૂંટણી યોજાવાની છે, એ અમેરિકામાં અત્યારે જ અબ કી બાર ટ્રમ્પ સરકારનો નારો અમેરિકા જઈને લગાવી આવેલા મોદી સાવ નજીકમાં કેનેડામાં ચૂંટણી યોજાઈ રહી હોવા છતાં કોઈ ઉમકળો દેખાડતા નથી. એ જોતાં ફેબ્રુઆરી ૨૦૧૮માં ટ્રુડોની ભારત મુલાકાત યાદ આવ્યા વિના ન રહે. એમ તો એ વખતે ટ્રુડો અંગત મુલાકાતે આવ્યા હતા. એમ છતાં એક દેશના વડાપ્રધાન હોવા છતાં મોદીએ તેમને આવકારવા જેટલો પણ ભાવ આપ્યો ન હતો. એ વાત ક્યાંક કંઈ ખૂંટે છે, એવા સંકેત આપે છે. અલબત આ ઘટના પાછળ કેનેડામાં ખાલીસ્તાન સમર્થક નેતાને સરકાર સાથેના સારા સબંધોને પણ કારણભૂત માનવામાં આવ્યા હતા. એ પાશ્ચાદભૂમાં કેનેડાની ચૂંટણી યોજાઈ રહી છે. કેનેડાની કુલ વસ્તી ૩,૭૪,૧૧,૦૪૭ છે, કેનેડામાં છેલ્લા કેટલાક વખતથી નોંધવા જેવી મહત્વની વાત એ છે કે, પુરુષોની વસ્તી કુલ વસ્તીના ૪૯.૬૨ ટકા છે, તો મહિલાઓની વસ્તી ૫૦. ૩૮ ટકા છે, ત્યારે મહિલાઓની વસ્તી વધુ છે, એ વાત નોંધનીય છે. કુલ મતદારોમાંથી ૨૦૧૫માં ૬૮.૫ ટકા નાગરિકોને મતાધિકાર છે. કેનેડાની કુલ વસ્તીમાં ૩.૮ ટકા વસ્તી ભારતીયોની છે. એમાંય વળી શીખ અને ગુજરાતીઓની વસ્તી વધુ છે. શીખો તો ભારતીયોમાં સૌથી વધુ છે, તેમાં પણ મુળ ગુજરાતીઓની સંખ્યા નોંધપાત્ર છે. પરિણામ નક્કી કરવામાં ભારતીયો ઘણી બેઠક ઉપર અસરકારક સાબિત થાય એમ છે. ભારતીય મતદારોનો ઝોક કઈ તરફ રહેશે ? તે અંગે પણ આ વખતે અટકળો છે.

સ્વાભાવિક છે કે, ભારતીયો સાહસિક પ્રજા છે. શીખોને વિદેશમાં સ્થાયી થઈને બે પૈસે થવાનું વધુ ગમે છે. ઘણી વખત તો તેઓ વિદેશ જવા માટે આંધળા સાહસ પણ કરી દે છે, તો ગુજરાતી વેપારી પ્રજા છે અને તેને પણ વિદેશમાં નસીબ અજમાવવાનું ગમે છે. લાખો ખર્ચીને વિદેશ જવામાં ગુજરાતીઓ આગળ છે. કેનેડા કમાવવા માટે સારો દેશ છે. હવામાન પણ ચોખ્ખું છે, ત્યારે ત્યાં વીઝા મેળવીને સ્થાયી થવું થોડું મુશ્કેલ જરૂર હતું. પરંતુ લિબરલ સરકાર ૨૦૧૫માં આરુઢ થઈ એ સાથે જ વીઝાની નીતિમાં થોડો ફેરફાર થયો અને સ્ટુડન્ટ વીઝામાં ઘણી છુટ અપાઈ અને તેને કારણે મોટી સંખ્યામાં ભારતીય વિદ્યાર્થીઓ કેનેડામાં ભણી રહ્યા છે.

૨૦૧૫માં જસ્ટિન ટ્રુડો પ્રધાનમંત્રી બન્યા એ બાદ પહેલા વર્ષમાં ૮૦ હજાર વિદ્યાર્થીઓને સ્ટુડન્ટ વીઝા મળ્યા હતા. જે હવે વધીને દોઢ લાખ વીઝા સુધી પહોંચી ગયા છે. આ વખતની ચૂંટણીમાં મુખ્ય ટક્કર લિબરલ અને કન્ઝર્વેટીવ પક્ષ વચ્ચે જ છે. કંન્ઝર્વેટીવ સત્તામાં આવે તો તેમનું વલણ વીઝામાં સખત નિયમોનું રહે છે. ૨૦૦૬થી ૨૦૧૫ દરમિયાન સત્તામાં રહેલી કન્ઝર્વેટીવ પાર્ટીએ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ સહિત અન્ય વીઝા નિયમો પર કડક પ્રતિબંધ લગાવ્યા હતા. એ બાદ ૨૦૧૫માં કન્ઝર્વેટીવ પાર્ટીના સ્ટીપન હાપરને હરાવીને ટ્રુડો પ્રધાનમંત્રી બન્યા, તેમાં પંજાબીઓનો ફાળો મોટો રહ્યો હતો.

ટ્રુડોની લિબરલ સરકાર સત્તામાં રહે તો સામાન્ય વીઝા અને સ્ટુડન્ટ વીઝા માટેના માર્ગ મોકળા જ રહેશે એવી ધારણા રખાઈ રહી છે, ત્યારે ભારતીય સાહસિકો એવું ઈચ્છે ખરા કે લિબરલ સરકાર જ કેનેડાના સત્તા સ્થાને હોવી જોઈએ. સ્વાભાવિક છે કે, કેનેડાના વીઝા મળે અને ત્યાં કામ કરવાની કે અભ્યાસ કરવાની તક મળે તો પોતાના સબંધીઓ કેનેડામાં સ્થાયી થઈ શકે એવું વલણ કેનેડામાં રહેતા ભારતીયોનું છે. એ વલણને અનુરુપ રહીને કેનેડામાં નાગરિકતા મેળવીને મતાધિકાર મેળવનારા ભારતીયો લિબરલ પાર્ટીની નીતિને જ ટેકો આપે એવો મત પણ ઘણા ખરા નાગરિકોએ વ્યક્ત કર્યો છે. એ સંજોગોમાં ભારતીયો લિબરલ પાર્ટી સાથે રહે એમ લાગે છે.

જો કે સરવે ગમે તે સંકેત આપતા હોય, પરંતુ ખરું ચિત્ર તો પરિણામ જ રજુ કરશે. અત્યારે જે ચિત્ર જોવા મળે છે, તેમાં લિબરલ કે કન્ઝર્વેટીવ પાર્ટી- બેમાંથી એકને પણ બહુમત મળે એમ લાગતું નથી. એ સંજોગોમાં નાના પક્ષોનો ટેકો લઈને સરકાર બનાવવી પડશે. એનડીપી પક્ષ હુકમનો એક્કો બની રહે એમ છે. પોલમાં તેને ૩૪ બેઠકો મળે એમ છે, ત્યારે તેના નેતા જગમિત સિંહ ભારતીયોની લાગણીને ધ્યાનમાં રાખીને કન્ઝર્વેટીવને સત્તાથી દૂર રાખવા લિબરલ સાથે રહીને સત્તામાં ભાગીદારી કરે એવા ઉજળા સંજોગો છે. એમ થાય તો ભારત અને ભારતીયોના હિત પણ જળવાયેલા રહેશે. ભારત હોય કે બ્રિટન મોરચા સરકારનો અનુભવ સારો રહેતો નથી, ત્યારે કેનેડાનું રાજકીય ચિત્ર એ જ અનુભવ કરાવશે કે સારી રીતે સરકાર તેનું કામકાજ કરતી રહેશે એ તો સમય જ પુરવાર કરશે. છતાં એવી આશા પણ રાખવી રહી કે પૂર્ણ બહુમત સાથે સરકાર બને એ વધુ યોગ્ય ગણાશે. કારણ કે, ગઠબંધન કરતા સ્પષ્ટ બહુમતિવાળી સરકાર જ કેનેડાવાસીઓ માટે અસરકારક અને દ્રઢતાથી નિર્ણય લઈ શકશે. આશા રાખીએ કેનેડામાં એવી સરકાર રચાય જે કેનેડાના હિત સાથે વૈશ્વિક મુદ્દાઓને સમજીને આગળ વધે.



manoj1968@yahoo.ca






# ધમકીને પગલે ટ્રુડોને બુલેટપ્રુફ સૂટ પહેરવો પડ્યો

## ટોરન્ટોની પ્રચારસભામાં ટ્રુડોએ કન્ઝર્વેટિવ પાર્ટીએ મૂડીરોકાણ ઘટાડવા માટે આપેલા વચનની ઝાટકણી કાઢી

મિસીસાગા : ઓન્ટેરિયોના લિબરલ નેતા જસ્ટીન ટ્રુડો માટે પશ્ચિમ ટોરન્ટો વિસ્તારમાં શનિવારે યોજાયેલી એક જંગી રેલીમાં હાજર રહેવા માટે ભારે સાવધાની દાખવવી પડી હતી. અહીં રેલી સ્થળે અગાઉથી જ ચૂસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો અને જસ્ટીન ટ્રુડો અંગત આર્મર્ડ સૂટ પહેરીને હાજર રહ્યા હતા.

લિબરલ પક્ષના સતતાવાળાઓએ ધમકીનો પ્રકાર જણાવ્યો નહોતો, પરંતુ તેને પરિણામે પક્ષના ૨૦૦૦ સમર્થકોને સંબોધવા માટે વડાપ્રધાન ૯૦ મિનિટ મોડા પહોંચ્યા હતા. ચૂંટણી પ્રચાર અંતિમ તબક્કામાં પ્રવેશી રહ્યો છે ત્યારે પિયરસન હવાઈ મથક નજીક આ કાર્યક્રમનું આયોજન કરાયું હતું.

ટ્રુડોએ માત્ર ૨૫ મિનિટ સભાને સંબોધી હતી, એ જોતાં આર્મ્ડ પોશાકની જરૂરત નહોતી. આ સભામાં ટ્રુડોએ કન્ઝર્વેટિવ પાર્ટીએ મૂડીરોકાણ ઘટાડવા માટે આપેલા વચનની ઝાટકણી કાઢી હતી.

આ અગાઉ પ્રગતિશીલ મતદાતાઓને મત આપવાની એનડીપી તરફથી અપીલ કરવામાં આવી હતી. બાદમાં સૂત્રોએ કેનેડિયન પ્રેસને સમર્થન આપતાં જણાવ્યું હતું કે, ટ્રુડોએ રેલી દરમિયાન પરંપરાગત પોશાકને બદલે અથવા તો બાંયો ચડાવેલી અને ઢીલી ટાઈ જેવા પોષાકને બદલે સુપર જેકેટ પહેર્યું હતું અને લોકોને સંબોધન કર્યું હતું.



### વિપક્ષી નેતા જગમિત સિંહે પણ ધમકીની બાબત ચિંતાજનક લેખાવી

વિરોધ પક્ષના જગમિત સિંહે આ બાબતે પોતાની લાગણી રજૂ કરતાં ટ્વિટ કરીને કહ્યું હતું કે, ટ્રુડોને અથવા અન્ય કોઈને પણ મોતની ધમકી આપવામાં આવે એ ચિંતાજનક છે. તમે કોને મત આપો છો, એ મહત્વનું નથી પણ કોઈ પણ પક્ષને કે વ્યક્તિને ધમકી આપવામાં આવે એ ચિંતાનો વિષય છે.

આ બાબત એ પ્રસંગે લેવામાં આવેલા ઓટોગ્રાફ્સમાં દેખાઈ આવે છે.

સ્વાભાવિક રીતે લિબરલ પાર્ટીના નેતા ટ્રુડોને વધારાની સલામતી આપવામાં આવી હતી. પરંતુ ઉત્તેજિત ટોળા વચ્ચે ઘેરાયેલા ટ્રુડોને રક્ષણ આપવાનું કામ જટીલ હતું અને તેથી તેની આસપાસ RCMPનાં અધિકારીઓએ સાદા ડ્રેસમાં ટોળા પર બાજ નજર રાખી હતી. પોલીસ અધિકારીઓએ ટોળા પર બાજ નજર રાખવા માટે નિશ્ચિત જગ્યા પર ઊભા રહી ટ્રુડો અભિવાદનની આપ-લે કરી શકે તેવી વ્યવસ્થા કરી હતી. મુદ્દાઓની અસરકારક રજૂઆત થઈ શકે તે માટે ટ્રુડોના પત્ની સોફી ગ્રેગરી ટ્રુડોએ ભારે મહેનત કરી હતી. તેઓ રેલીમાં હાજર રહ્યાં હતાં પરંતુ સ્ટેજ પર નજરે પડ્યાં નહોતાં.

# કન્ઝર્વેટીવ સત્તામાં આવશે તો કેનેડાના મહત્વના પ્રોજેક્ટને અસર થશે : ટ્રુડો

મોન્ટ્રીયલ: સરવે પુરવાર કરી રહ્યા છે કે, આ વખતની કેનેડાની ફેડરલ ચૂંટણી કાંટે કી ટક્કર બની રહેશે. એ સંજોગોમાં બંને મુખ્ય પ્રતિસ્પર્ધી પાર્ટી ચૂંટણી જીતવા માટે એડીચોટીનું જોર લગાવી રહી છે. લિબરલને જીતાડવા માટે વડાપ્રધાન ટ્રુડોએ પણ જોરશોરથી પ્રચાર શરૂ કર્યો છે. તેમણે કન્ઝર્વેટીવ ખોટી માહિતી ફેલાવી રહ્યાનો આક્ષેપ કર્યો છે. વડાપ્રધાન ટ્રુડોએ રવિવારે મતદારોને કરેલા સંબોધનમાં એવો આક્ષેપ કર્યો હતો કે, શીયરના નેજા હેઠળ કન્ઝર્વેટીવની સરકાર બનશે તો તે સરકાર કેનેડાના કેટલાય પ્રોગ્રામમાં અબજોનો કાપ મૂકશે. અબજો ડોલરનો કાપ આવશે, તો તેને કારણે કેનેડાની પ્રગતિ રૂંધાઈ જશે એમ કહીને ટ્રુડોએ વધુમાં જણાવ્યું હતું કે ક્લાઈમેટ ચેઈન્જના મુદ્દે કેનેડાની આગેકૂચ થંભી જશે. તેમણે કન્ઝર્વેટીવના પ્રચારને ખોટી માહિતીવાળો અને જુઠ્ઠાણા આધારિતનો પ્રચાર ગણાવ્યો હતો. કેનેડાના લોકો આ ચલાવી નહીં લે અને તેમને માટે પસંદગી ખૂબ જ સ્પષ્ટ છે. તેમણે વધુમાં કહ્યું હતું કે, શું આપણે ધ્રુવીકરણ તરફ આગળ વધી રહ્યા છીએ ? ઓનલાઈન પ્રચારમાં ભય, ભાગલા અને ખોટી માહિતીનો ફેલાવો કરાઈ રહ્યો છે. શું આપણે આગળ વધવા માંગીએ છીએ ? કન્ઝર્વેટીવની નીતિને પાછળ ધકેલી દઈને પ્રગતિકારક સરકાર ઈચ્છીએ છીએ, જે લોકોમાં રોકાણ ચાલુ રાખે અને ક્લાઈમેટ ચેઈન્જ સામે લડત પણ ચાલુ રાખે.

### પ્રચારસભામાં ટ્રુડોએ કન્ઝર્વેટીવના પ્રચારને જુઠ્ઠાણો ગણાવ્યો

કન્ઝર્વેટીવ સરકાર જે કરી શકે તેનાથી કેનેડિયનો ચિંતીત છે, એ બહુ જ સ્પષ્ટ છે. ટ્રુડોએ કન્ઝર્વેટીવો ઉપર આકાર પ્રહાર કરતાં તેમને મત આપવાથી કેનેડાની પ્રગતિ અટકી જશે એવો સંદેશો મતદારોને પહોંચાડ્યો છે.

# ચૂંટણી સમયે ટ્રુડો ભયની રાજનીતિ રમી રહ્યાનો કન્ઝર્વેટીવનો આક્ષેપ

મિસિસઓગા : ૨૧મીએ યોજાનારી ચૂંટણી માટે ગરમાટો વધતો જાય છે, તે સંજોગોમાં વડાપ્રધાન ટ્રુડોએ ધમકી મળી હોવાનું જણાવી પોતાના પરિવારની સુરક્ષા અગ્રીમ છે, એમ કહીને મિસિસઓગા ખાતેની રેલીમાં તેમણે બુલેટ પ્રુફ જેકેટ પહેરીને પ્રચાર કર્યો હતો. મૂળ આયોજન મુજબ આ રેલીમાં વડાપ્રધાન ટ્રુડોને પ્રજા સમક્ષ લાવવા માટેનું સંબોધન કરવાની જવાબદારી ટ્રુડોના પત્ની સોફી ટ્રુડોને સોંપવામાં આવી હતી. પરંતુ સુરક્ષાનું કારણ આગળ ધરીને તેમના પત્નીને સ્ટેજથી દૂર રાખવામાં આવ્યા હતા.

બીજી તરફ તેમના બુલેટ પ્રુફ જેકેટ પહેરીને રેલીને સંબોધન કરવાની નીતિને કન્ઝર્વેટીવોએ આક્ષેપ કર્યો હતો કે, ટ્રુડો મતદાન પહેલાં ધ્રુવીકરણ કરવા માંગે છે અને એ માટે ખોટું બોલી અને ખોટી માહિતી ઓનલાઈન ફેલાવીને તેઓ લોકોના મગજમાં નકારાત્મકતાને અસર કરી ધ્રુવીકરણ કરવા માંગે છે.

ટ્રુડો આજે ભયની રાજનીતિ રમી રહ્યા છે, કન્ઝર્વેટીવ નેતા શીયરે જણાવ્યું હતું કે, રેલીમાં ટ્રુડોએ બુલેટ પ્રુફ જેકેટ પહેર્યું એ સાંભળીને ઉદાસ થયો છું. આપણી લોકશાહીમાં રાજનેતાઓ સામેની હિંસાને કોઈ સ્થાન નથી. આરસીએમપીનો આભાર કે તેમણે જોખમને ગંભીરતાપૂર્વક લઈને અમને સુરક્ષિત રાખ્યા છે.



# ચૂંટણી બાદ સરકાર રચવા કયા વિકલ્પો હશે ? અટકળો શરૂ

## હાઉસ ઓફ કોમન્સમાં ૩૩૮ પૈકીની ૧૭૦ બેઠક સરકાર રચવા જરૂરી : મોટેભાગના સરવેમાં કોઈને બહુમતી નહીં

મોન્ટ્રીયલ: ૨૧મીએ કેનેડાની ફેડરલ ચૂંટણી માટે મતદાન થયા બાદ સ્થાનિક સમય પ્રમાણે રાત્રે ૧૦ વાગ્યે મતદારોની પસંદગીના સંકેત મળી જશે. પરંતુ સવાલ એ છે કે એ બાદ સરકાર કોણ રચી શકશે ? સોમવારે પરિણામ જે આવે તે પણ હાઉસ ઓફ કોમન્સનો વિશ્વાસ કોણ જીતી શકશે એ મહત્વનો સવાલ બની ગયો છે.

કેનેડાની લોકશાહીની પાયાની હકિકત એ જ છે કે, હાઉસ ઓફ કોમન્સનો વિશ્વાસ કોણ જીતી શકશે. મોટા ભાગના સરવેમાં બંને મુખ્ય પ્રતિસ્પર્ધી- લિબરલ અને કન્ઝર્વેટીવને બહુમત મળે એમ લાગતું નથી. એ સંજોગોમાં સરકાર કોણ રચી શકશે, તે અંગે વિચારણાઓ શરૂ થવા માંડી છે. હાઉસ ઓફ કોમન્સમાં કુલ ૩૩૮ બેઠકો છે અને સરકાર રચવા માટે ૧૭૦ બેઠકો જરૂરી છે. અત્યારે જે સરવે થયા છે, એ મુજબ લિબરલ અને કન્ઝર્વેટીવ, બંનેને ૧૭૦ બેઠકો મળે એમ નથી. એ સંજોગોમાં સિનારિયો શું હશે?



સોમવારના પરિણામ બાદ ત્રણ વિકલ્પ ખુલ્લા રહેશે. વર્તમાન વડાપ્રધાન ટ્રુડો જ્યાં સુધી રાજીનામું ન આપે ત્યાં સુધી વડાપ્રધાન ગણાય છે, એ હકિકત વચ્ચે કેનેડામાં ચૂંટણીના પરિણામ આવ્યા બાદની સંભાવના ઉપર વિચાર કરીએ તો જણાશે કે, જો લિબરલ મોટા પક્ષ તરીકે કે બહુમત મેળવવામાં સફળ રહ્યો તો લિબરલ નેતા ટ્રુડો વડાપ્રધાન તરીકે ચાલુ રહેશે. પરંતુ સંભાવના મુજબ ૧૩૫ કે તેથી વધતી ઓછી બેઠકો મેળવે તો તેઓ લઘુમત સરકાર રચી શકે અથવા મોરચા સરકાર રચી શકે છે. પરંતુ જો કન્ઝર્વેટીવને લિબરલ કરતાં વધુ બેઠકો મળે તો શું થઈ શકે ?

હાઉસ ઓફ કોમન્સનો વિશ્વાસ જીતવામાં ટ્રુડો નિષ્ફળ જાય તો તેઓ ગવર્નર જનરલ પાસે જઈને રાજીનામુ આપીને પાછી ચૂંટણી યોજવા માટે કહી શકે. એ બંને કેસમાં ગવર્નર જનરલ કન્ઝર્વેટીવના નેતા શીયરને સરકાર રચવા માટે આમંત્રણ આપી શકે છે. તેઓ પણ હાઉસ ઓફ કોમન્સનો વિશ્વાસ જીતવામાં ઉણા ઉતરે તો ગવર્નર જનરલ પાસે પાછી ચૂંટણી યોજવા સિવાય કોઈ વિકલ્પ રહેતો નથી. બીજી તરફ બંને મુખ્ય પક્ષમાંથી જે હાઉસ ઓફ કોમન્સનો વિશ્વાસ જીતશે તે સરકાર રચશે. એ બાદ મુદ્દા પ્રમાણે ટેકો મેળવીને તે સરકાર ચલાવી શકે, એ લઘુમત સરકાર હશે અથવા તો કોઈ નાના પક્ષનો ટેકો મેળવીને મોરચા સરકાર પણ રચી શકે છે. અત્યારે જે બેઠકોની આગાહી થઈ છે, એ જોતાં એનડીપી અને બીક્યુ સરકાર રચવા માટે મહત્વના સાબિત થઈ શકે એમ છે.

# મુખ્ય પક્ષોને મળતી સંભવિત બેઠકો વચ્ચેનું અંતર ઘટી ગયું

ઓન્ટેરિયો : કયા પક્ષને કેટલી બેઠક મળે એ પ્રોજેક્શમમાં સૌથી વધુ બેઠક શરૂઆતથી લિબરલ્સને નામે જ લખાતી રહી છે. જો કે, બંને મુખ્ય પ્રતિસ્પર્ધીઓ વચ્ચે બેઠકનું અંતર સાવ ઘટી ગયું છે. બંને વચ્ચે હવે ફક્ત ત્રણ જ બેઠકનો તફાવત જોવા મળે છે, જે પુરવાર કરે છે કે, આ વખતની ચૂંટણી ગળાકાપ હરિફાઈવાળી રહેશે.પહેલી ઓક્ટોબરના સરવેમાં લિબરલ્સને સૌથી વધુ ૧૬૩ બેઠકો મળી શકે છે, ૨૫મી સપ્ટેમ્બરે થયેલા સરવેમાં લિબરલ્સને ૧૬૦ બેઠક મળે એવી ગણતરી મૂકાઈ હતી. તો ૭મી ઓક્ટોબરના સરવે મુજબ લિબરલ્સને ૧૫૩ બેઠકો મળે એની સંભાવના દેખાડાતી હતી. હવે એ ચિત્ર વધુ નબળું પડ્યું છે અને લિબરલ્સને હવે ૧૩૫ બેઠક મળે એવી સંભાવના જણાય છે.

**બીક્યુને સરેરાશ 33, એનડીપીને 34, ગ્રીનને ૪ બેઠક મળવાની શક્યતા**

લિબરલને ઓછામાં ઓછી ૮૬ અને વધુમાં વધુ ૧૯૦ બેઠકો મળી શકે એવી સંભાવના છે. કન્ઝર્વેટીવને ૨૫ સપ્ટેમ્બરના પોલમાં કન્ઝર્વેટીવ્સને ૧૪૦ બેઠકો મળી શકે છે, એવું દર્શાવાયું છે.જ્યારે ૭મી ઓક્ટોબરે યોજાયેલા સરવેમાં એક બેઠક ઓછી થઈ છે અને ૧૩૯ બેઠકો મળતી જણાય છે. હવે વધુ બેઠકો ઘટીને ૧૫મી ઓક્ટોબરના પોલમાં ૧૩૨ બેઠકો મળે એવું લાગે છે. કન્ઝર્વેટીવને ઓછામાં ઓછી ૮૯ અને વધુમાં વધુ ૧૭૮ બેઠકો મળી શકે એમ લાગે છે. ૧૫મીના સરવેમાં અન્ય પક્ષોમાં બીક્યુને સરેરાશ ૩૩, એનડીપીને ૩૪ , ગ્રીનને ૪ બેઠક મળવી સંભવ છે. જયારે પીપીસીને અને અન્યોને એકે બેઠક મળે એમ ન હોવાનું જણાયું હતું. મોટા ફેરફારો આ નાના પક્ષોમાં જ થયા છે. ખાસ કરીને બંને મુખ્ય પ્રતિસ્પર્ધીઓને જે ખોટ પડી છે, તેનો લાભ એનડીપી અને બીક્યુને થયો છે. બંને પક્ષો હવે સરકાર રચવા માટે ટ્રમ્પ કાર્ડ બની જાય એમ લાગે છે. એનડીપી કે બીક્યુના ટેકા સિવાય કોઈ સરકાર રચી નહીં શકે એવા સંકેત છે.

# કન્ઝર્વેટીવ પક્ષને સત્તામાં આવતા રોકવા એનડીપી લિબરલ સાથે હાથ મિલાવશે

ટોરન્ટો: ૨૧મીએ કેનેડાની ફેડરલ ઈલેક્શન યોજાઈ રહ્યું છે, તે પહેલાં જ એનડીપીના વડા જગમીત સિંહે તેમનો ઈરાદો સ્પષ્ટ કરી દીધો છે. કન્ઝર્વેટીવ એટલે કે ટોરીઓને સત્તામાં આવતા રોકવા માટે લિબરલને ટેકો આપવા કે, તેમની સાથે મોરચા સરકાર રચવા તૈયાર હોવાનું જગમીત સિંહે જાહેર કર્યું છે.



**જગમીત સિંહે કરેલી જાહેરાતથી જસ્ટીન ટ્રુડોની ચિંતા હળવી થઈ**

હવે ચૂંટણી આડે માંડ પાંચ દિવસ રહ્યા છે, ત્યારે ચૂંટણી જંગ ખૂબ જ કટ્ટર થઈ ગયો છે. એનડીપી અને બીક્યુ એટલે કે, બ્લોક ક્યુબેકોઈસનો ટેકો વધી રહ્યો છે. તેમના વધતા જતા પ્રભાવ સાથે મુખ્ય બંને પક્ષો લિબરલ અને કન્ઝર્વેટીવ માટે નંબર વન બનવું વધુ સ્પર્ધાત્મક બની રહ્યું છે. જો કે, વડાપ્રધાન ટ્રુડોનો તણાવ જગમીત સિંહે ઓછો કરી નાંખ્યો છે. જો શીયરનો પક્ષ કન્ઝર્વેટીવ વધુ બેઠકો જીતી જાય પણ બહુમત મેળવી ન શકે તો એનડીપી ટ્રુડોના લિબરલને ટેકો આપશે એવી સ્પષ્ટતા જગમીત સિંહે કરી દેતાં ટ્રુડો માટે પરિણામ પછી કમસે કેમ એનડીપીનો ટેકો મળી જ રહેશે એવી હૈયાધરપત મળી ગઈ છે.

જગમીત સિંહે પોતાના વિચાર સ્પષ્ટ કરતાં કહ્યું હતું કે, એનડીપી કન્ઝર્વેટીવ સામે ચૂંટણી લડી રહી છે અને તેને હરાવવા માટે જે કરવું પડે એ બધું જ એનડીપી કરી છુટશે. ઉલ્લેખનીય છે કે, જગમીત સિંહ ભારતીય મૂળના છે અને એનડીપીના નેતા છે. તેમની નેતાગીરી બાદ એનડીપીએ કાઠુ કાઢવા માંડ્યું છે. સ્વાભાવિક છે કે, ભારતીયો , ખાસ કરીને પંજાબીઓને લિબરલ સરકારની વીઝા નીતિ ખાસ પસંદ છે, તેને કારણે તેઓ લિબરલ ભણી ઢળેલા જણાય છે, ત્યારે જગમીત સિંહ પણ લિબરલ જ સરકાર બનાવે એ નીતિ અપનાવીને ટેકો જાહેર કરી દીધો હોય એમ લાગે છે.

## અગાઉ જગમીતસિંહે ૬ શરતો મુકી ટેકો આપવા વાત કરી હતી

ઓક્ટોબરની શરુઆતમાં સિંહે લઘુમતિ સરકારને ટેકો માટે ૬ શરતો મુકી હતી. આ શરતોમાં ક્લાઇમેટ ચેઇન્જ સામેના પગલાં, રાષ્ટ્રીય ફાર્માકેર, વિદ્યાર્થીઓને વ્યાજમુક્ત લોન, સેલ ફોનના બિલમાં ઘટાડો અને પરવડી શકે એવા આવાસમાં રોકાણ જેવી શરતો મૂકી હતી. આ શરતો સાથે જે સહમત હોય એ પક્ષને એનડીપી ટેકો આપશે એવી તેમણે જાહેરાત કરી હતી. પરંતુ હવે તેમણે કન્ઝર્વેટીવને સત્તાથી દૂર રાખવા માટે લિબરલને ટેકો આપવાની જાહેરાત કરી દીધી છે.

# જસ્ટિન ટ્રુડો પ્રગતિશીલ વિચારધારાવાળા નેતા છે : બરાક ઓબામા

ટોરન્ટો : કેનેડામાં ૨૧મીએ યોજાનારી ચૂંટણીને પગલે પ્રચાર કાર્ય પુરજોશમાં છે. ત્યારે વર્તમાન વડાપ્રધાન ટ્રુડોના સમર્થનમાં અમેરિકાના માજી પ્રમુખ બરાક ઓબામા દેખાયા છે. બરાક ઓબામાએ કેનેડાના નાગરિકોને અપીલ કરતા નિવેદન આપ્યું હતુ કે, જસ્ટીન ટ્રુડોને કેનેડાના સુકાની તરીકે વધુ એક તક મળવી જોઈએ. ટ્રુડો ખરેખર પ્રગતિશીલ વિચારધારાવાળા નેતા છે. ઓબામાએ પોતાની ટ્વિટમાં લખ્યું હતુ કે, તેઓ યુએસના રાષ્ટ્રપતિ હતા ત્યારે ટ્રુડો સાથે કરેલા કામ બદલ મને ગર્વ છે. ટ્રુડો ખૂબ જ મહેનતુ તથા પ્રભાવશાળી નેતા છે. જળવાયુ પરિવર્તન જેવા મુદ્દાઓ પર તે વર્ષોથી મહેનત કરી રહ્યા છે. દુનિયાને આજે પ્રગતિશીલ નેતૃત્વની જ જરૂર છે. મને આશા છે કે, કેનેડિયનો ટ્રુડોને બીજી તક જરૂર આપશે.



# બ્લોક ક્યુબેકોઈસ કેનેડામાં મોરચા સરકાર રચવામાં સહયોગ નહીં આપે

## મુદ્દા આધારિત ટેકો આપવા પાર્ટીની વિચારણા

ટોરન્ટો : બ્લોક ક્યુબેકોઈસ એટલે કે બીક્યુના નેતા યવેસ ફ્રાન્કોઈસ બ્લેન્ચેટે પણ રવિવારે તેમના પક્ષની બાજી ખુલ્લી મૂકી હતી. તેમણે જાહેર પ્રચાર દરમ્યાન કહ્યું હતું કે, તેમને કોઈ પણ પક્ષ સાથે મોરચો સરકાર રચવા માટે કોઈ રસ નથી. મતલબ કે કોઈ પણ પક્ષને બહુમત ન મળે તો બીક્યુ સરકારમાં ભાગીદાર બનવાને બદલે મુદ્દા આધારિત ટેકો આપે એવી સંભાવના વધુ છે. જે રીતે સરવે આવી રહ્યા છે, એ પછી લિબરલ અને કન્ઝર્વેટીવ વચ્ચે નેક ટુ નેક ફાઈટ રહેશે, એ સંજોગોમાં બંનેમાંથી એકેય પક્ષને એકલા હાથે સરકાર રચવા જેટલી બેઠકો નહીં મળે એવા સરવેના સંકેત મળ્યા પછી ત્રીજા અને ચોથા ક્રમે આવનારા પક્ષો ઉપર આ બંને મુખ્ય પક્ષોની નજર રહેશે. આ ત્રીજા અને ચોથા ક્રમના પક્ષો જ સરકાર કોણ રચશે એ નક્કી કરનારા હશે. ખાસ કરીને એનડીપી અને બીક્યુના હાથમાં જ સરકારની રચનાની ચાવી રહેલી છે. હવે બીક્યુએ કોઈ પણ પક્ષ સાથે મોરચા સરકાર રચવામાં કોઈ રસ ન હોવાની જાહેરાત કરી દીધી છે. બ્લેન્ચેટે વધુમાં કહ્યું હતું કે, સરકાર માટે, કોઈ પક્ષ માટે કે મોરચા સરકાર માટે જ નહીં કશા માટે પણ ટેકો મળશે નહીં.



ખાસ ક્યુબેકની વાત કરીએ તો અમે ક્યુબેક માટે જ બોલીએ છીએ. અમે ક્યુબેક માટે જે સારું હશે એ જ રીતે મુદ્દા આધારિત કોઈ પણ સરકારને ટેકો આપીશું. અમે દરેક મુદ્દા પ્રમાણે ટેકો આપવો કે નહીં આપવો તે નક્કી કરીશું.

# લોકાની સદ્ધરતા માટે કન્ઝર્વેટીવ યોજનાઓ અમલમાં મુકશે

મોન્ટ્રીયલ: ટ્રુડોએ કન્ઝર્વેટીવ સરકાર નાણાં કાપ મૂકીને દેશની પ્રગતિ અવરોધશે એ પ્રકારનો પ્રહાર કર્યો, તો તેનો જવાબ આપતાં કન્ઝર્વેટીવોએ તેમની યોજના કેનેડાના લોકોના ગજવામાં વધુ નાણાં મૂકવાની હોવાનું જણાવ્યું હતું. રૂઢીવાદીઓનો પ્રચાર હકારાત્મક છે અને અમારી યોજના કેનેડાના લોકોના ગજવામાં વધુ નાણાં રહે એવી હોવાનું કન્ઝર્વેટીવના પ્રવક્તા સિમોન જેફીસે જણાવ્યું હતું. તેમણે કહ્યું હતું કે કન્ઝર્વેટીવ નકારાત્મક નથી. કેનેડાના લોકોની પાસે વધુ નાણાં હશે તો તેઓ આગળ વધતા રહેશે.

ઉપરાંત પ્રવક્તાએ જણાવ્યું હતું કે, જો ટ્રુડોની સરકાર ફરી સત્તામાં આવશે તો જીવન કેવું મોંઘુ થઈ જશે એ અમે લોકોને સમજાવી રહ્યા છીએ. કન્ઝર્વેટીવો લિબરલ સરકારને કારણે દેશ ઉપર શી અસર પડશે એ દિશામાં મતદારોને જાગૃત કરી રહ્યા છે. ખાસ કરીને ઈમીગ્રાન્ટના નિયમો અંગે લિબરલોથી તેમનો દ્રષ્ટિકોણ વિપરીત છે, ત્યારે મૂળ કેનેડિયનોને પોતાના તરફ આકર્ષી લેવાના પ્રયાસો પણ થઈ રહ્યા છે. પરંત હજુ મતદાર મગનું નામ મરી પાડતો જણાતો નથી.


assorted SWEETS SALE
NOW OPEN
Celebrate this festive season!
Happy Diwali
Happy New Year
BAPS SHAYONA
Swaminarayan Vegetarian
BAPS Shri Swaminarayan Mandir, Toronto
61 Claireville Drive, Toronto, ON M9W 5Z7
T: 416.987.5097
sales.toronto@na.shayona.org
This package contains sanctified, vegetarian cuisine prepared and offered to the divine image of God in accordance with the dietary beliefs of the Bochasanwasi Shri Akshar Purushottam Swaminarayan denomination of the Hindu religion.

# ટોરન્ટો શહેરમાં ગરીબ કામદારોની સંખ્યા અડધોઅડધ

## ટોરન્ટોમાં રોજગારમાં રંગભેદની અસર, વેનકુવરમાં વરિષ્ઠ કામદારોની ટકાવારીનો દર સૌથી ઉંચો

**• ૧૮ વર્ષ કે તેથી વધુ વયના ગરીબ કામદારોની ટકાવારી અહીં સૌથી વધુ ઉંચી છે**

ટોરન્ટો : થોડા સમય પહેલાં ટોરન્ટોને રહેવા માટે એક અસાધારણ શહેર માનવામાં આવતું હતું. પરંતુ ટોરન્ટો ફાઉન્ડેશન કહે છે કે, એ માન્યતા હવે ભૂલાઈ ગઈ છે. ધ વાઈટલ સાઈનનો અહેવાલ જણાવે છે કે, ટોરન્ટો હવે વયસ્ક કામદારો માટે એક પસંદગીનું શહેર બની ગયું છે, એટલે કે, કામને યોગ્ય ઉંમર ધરાવનારા ૧૮ વર્ષ કે તેથી વધુ વયના ગરીબ કામદારોની ટકાવારી અહીં સૌથી વધુ ઉંચી છે.

અહીં અન્ય કામદારો એવા છે કે, તે લોકોની સ્થિતિ પણ બહુ સારી નથી. કેનેડામાં વિનિપેગ સીટી બાળકો અને વરિષ્ઠોમાં ગરીબી ધરાવતા શહેરમાં બીજા ક્રમે આવે છે. જ્યારે વેનકુવરમાં વરિષ્ઠ કામદારોની ટકાવારીમાં વધુ ઉંચો દર છે.

યુનિવર્સિટી ઓફ ટોરન્ટોના સેન્ટર ફોર કમ્યુનિટી સ્ટડીઝના પ્રાધ્યાપક ડેવિડ હલચેન્સ્કીએ તેમજ કેટલાંક સંશોધનના રિપોર્ટમાં આવી કેટલીક બાબતોનો સમાવેશ કરાયો છે. તેમણે કહ્યું હતું કે, ટોરન્ટોમાં કામદારોની ગરીબીના દરમાં છેલ્લા ૧૦ વર્ષ દરમિયાન દર વર્ષે સતત વધારો થયો છે. એનો અર્થ એ થયો કે એક પુખ્ત વયનો કામદાર કામ કરતો હોવા છતાં તેની ગરીબી દૂર કરી શકે એવી આવક મેળવતો નથી. પોતાના પરિવાર સાથે સરળતાથી અને શાંતિથી રહી શકે એટલી કમાણી કરી શકતો નથી. વધુને વધુ લોકો નોકરી મેળવે છે, તેઓ પણ સરળતાથી જીવી શકે એવી આવક મેળવી શકતાં નથી અને એમાં વધુ પ્રમાણમાં જાતિવાદ જોવા મળે છે. ખાસ કરીને ટોરન્ટોમાં કાળા લોકો તરફ વધુ ભેદભાવ જોવા મળે છે. કામ કરવાને લાયક કામદારોએ ટોરન્ટોમાં ભારે પડકારોનો સામનો કરવો પડે છે. ૨૦૧૧થી ૨૦૧૬ દરમિયાન જીડીપીના ૩.૨ ટકા જેટલી નોકરીઓમાં ઘટાડો થયો હતો અને આવકમાં ક્યારેય ન થયો હોય એવો ઘટાડો થયો હતો. હકીકતે ટોરન્ટોમાં દેશનાં અન્ય સ્થળો કરતાં કામદારોની આવકમાં વધુ પડતું અસંતુલન જોવા મળતું હતું. ટોરન્ટોમાં આશરે ૫૦ ટકા લોકો ગરીબી રેખા હેઠળ જીવન નિર્વાહ કરે છે.

# જીએસએસએમ ગુજરાતી સીનીયર્સ દ્વારા નવરાત્રી મહોત્સવ: ગરબાની રમઝટ જામી

**• સભ્યોની બર્થ ડે તથા એનીવર્સરીની પણ ઉત્સાહભેર ઉજવણી**



બ્રામ્પ્ટન : ગુજરાતી સીનિયર્સ સમાજ ઓફ મિસીસાગાની પ્રથમ મીટિંગ મિસીસાગા સેકન્ડરી સ્કૂલ ખાતે યોજાતા ૩૨૦ સભ્યોએ હાજરી આપી હતી. નવરાત્રીનો માહોલ હોવાથી સભ્યો રંગબેરંગી વસ્ત્રો પરીધાન કરી આવ્યા હતા. સૌપ્રથમ પ્રાર્થના થયા બાદ પ્રવિણ મહેતાએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. સંસ્થાના પ્રમુખ કલાબેને સૌને નવરાત્રીની શૂભેચ્છા આપ્યા બાદ મહેન્દ્રભાઈ ગોઢિયા, પ્રવિણભાઈ જેઠવાએ દિવાળી કાર્યક્રમની ટીકિટો માટે બકુલભાઈ તથા કનુભાઈનો આભાર માન્યો હતો. સાથે જ ૨૦મી ઓકટોબરે ૪.૩૦ કલાકે પાયલ બેંકવેટ હોલ ખાતે દિવાળી કાર્યક્રમ યોજવાની જાહેરાત થઈ હતી. ઉપપ્રમુખ કનુભાઈ પટેલે મસ્કોકા કેમ્પના આયોજક શ્રીકાંતભાઈ ગાંધી તથા મુકેશભાઈ ગાજરિયાનો આભાર માન્યો હતો. સંસ્થાના ફોટો ગ્રાફર ચંપક ટેલરે નેપાળ તથા ઈસ્ટ ઈન્ડિયાની ટૂર અંગેનો સ્લાઈડ શો દર્શાવ્યો હતો. ત્યારબાદ સભ્યોની બર્થ ડે તથા એનીવર્સરીની ઉજવણી થઈ હતી. કૈલાસબેન દેસાઈ સભ્યોને બર્થ ડે ગીત ગવડાવી પુષ્પો આપ્યા હતા. જે બાદ અબુભાઈ પારકરે સંગીતનો કાર્યક્રમ રજૂ કરતા ડ્યુએટ ગીતે રંગ જમાવ્યો હતો. અંતે સંગીતના સથવારે ગરબા અને ત્યારબાદ રાસની રમઝટ જામી હતી. જેમાં સૌકોઈ મન મુકીને ગરબે ઘૂમ્યું હતુ.

# એર કેનેડા દ્વારા પ્રવાસીઓ માટે નવી સંબોધન નીતિ અમલી બનશે

**• ખાસ જાતિસૂચક ઉલ્લેખ નાબૂદ કરવા કંપનીનો પ્રયાસ**

મોન્ટ્રીયલ: હવાઈસફરમાં એર કેનેડાના કર્મચારીઓ અત્યાર સુધી પ્રવાસીઓને કોઈ જાહેરાત અથવા સ્વાગત કરવા માટે 'લેડીઝ એન્ડ જેન્ટલમેન' અથવા 'મેસ્મેડેમ્સ એટ મેસીયુસ' શબ્દોનો ઉપયોગ કરતા હતા. પરંતુ છેલ્લા ચાર વર્ષથી ચાલી રહેલી આ વ્યવસ્થા હવે બંધ કરી દેવામાં આવશે. કંપની તરફથી બૉર્ડિંગની જાહેરાત કરવામાં હવે 'એવરીબડી' અથવા 'ટોઉટ લે મોન્ડે' જેવા વધુ સ્વાભાવિક લાગે એવા શબ્દોનો ઉપયોગ કરવામાં આવશે.

કંપનીના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, અમે અમારી ઓન બોર્ડ જાહેરાત સુધારીને વધુ આધુનિક બનાવી રહ્યા છે અને ખાસ જાતિસૂચક ઉલ્લેખ નાબૂદ કરી રહ્યા છે. અમે કેનેડાના પરિવારોને અમારા કર્મચારીઓ તરફથી સ્વાભાવિક અનુભવ થાય એ માટે કર્મચારીઓને તાલીમ આપવાનું શરૂ કર્યું છે. ૨૦૧૯માં એર કેનેડાનું નામ બેસ્ટ ડાઈવર્સિટી એમ્પ્લોઈઝ તરફથી રાખવામાં આવ્યું હતું, એની એર કેનેડા તરફથી નોંધ લેવામાં આવી હતી. તેમના પ્રવાસીઓને લેડિઝ એન્ડ જેન્ટલમેન સંબોધનથી આવકારે છે, તેમાં વધુ વાસ્તવિકતા લાવવા જાતિસૂચક શબ્દો વાપરવાને બદલે નવા ધોરણો અમલમાં મૂકી એવરીવન જેવા વ્યવહારુ શબ્દોનો ઉપયોગ કરશે, કે જેથી અમારા મૂલ્યવાન પ્રવાસી પરિવારોને વધુ સારો અનુભવ થાય. ઈ-મેઈલમાં જણાવવામાં આવ્યું છે કે, એર કેનેડાએ નવી આવકાર આપતી વ્યવસ્થા અપનાવી છે અને હવે દરેક પ્રવાસીઓનું સ્વમાન જળવાય એવી કાળજી રાખવામાં આવી છે.




I am Sophie Veilleux, the Conservative Party candidate in Papineau. I was raised in Papineau and that is one reason I want to be your representative in Ottawa. After 10 years, nothing has changed for the great people of Papineau. The current government has added a lot of debt our children will have to pay. Like any debt we have to pay, it reduces the funds and money available to invest in our future and our social services. Talking about our future, we want to have a bright future with India, the biggest democracy in the world. It was very heartwarming how the entire community welcomed me at the temple, and every other time we met. Your kindness is encouraging. We want to re-establish relations based on mutual respect, friendships and win-win trade. Canada and India are two democracies that promote business and innovation. By electing a conservative government, we will be able to Get Ahead together and have a positive relationship between India and Canada we can all benefit from. You have my esteem, and my committment to be present by your side in all battles, to listen and understand your concerns, and defend them on your behalf. On October 21st, I invite you to go vote and encourage everyone around you for the conservative candidates in all ridings. And in Papineau, it will be my honor to be your representative. Please vote Sophie Veilleux. Papineau deserves better. You deserve better.

Thank you

શ્રી એન્ડ્રયુ શીરને બહુમતીથી સરકાર બનાવવા મદદ કરો

ભારત અને અમેરિકામાંથી અબજો ડોલરનું રોકાણ લવાશે

ભારત સાથે વેપારની પ્રતિબદ્ધતા

અમારી પાર્ટીને જીત અપાવી કેનેડાને વિશ્વસ્તરે લાવો

*Special Request from Rakesh Sharma First President the biggest Unity Day Parade in Montreal and Canada. Please Vote for CPC for the sake of both Countries India and Canada*

*Happy Diwali to whole Indian community from my bottom of heart.*

*- Sophie veilleux.*

દેશ–વિદેશથી ટોરન્ટો ભણવા આવતા ગુજરાતી
(વેજીટેરીયન) સ્ટુડન્ટ, ભાઈઓ તથા બહેનોની ખાસ
સગવડ માટે તુષાર શાહ તથા ગોવર્ધન થાળ શરૂ કરે છે

# ગુજરાત ભવન

જેમાં આપને સ્પેશિયલ રૂમ, શેરીંગ રૂમ, ગુજરાતી વેજીટેરીયન ભોજન,
પ્રાઈવેટ બેડ, Wi Fi ઈન્ટરનેટ વગેરે સગવડો આપવામાં આવશે.



**Promotional Price**
**$500**
Per Person / Per Month



Knights Inn & Suites
Every Knight, Just Right®

Call : Tushar Shah - 416-434-8121
ગુજરાત ભવન - 416-913-7184

4694 Kingston Road, Scarborough.



# ગોવર્ધનથાળ



સ્વાદિષ્ટ શુદ્ધ શાકાહારી ગુજરાતી ભોજન



Limited થાળી (with sweet & Farsan) $8.00 +Tax
Limited થાળી (without sweet & Farsan) $6.50 +Tax
All you can eat Buffet (12.00 Noon to 9.00 p.m.)
$12.99 (M-T) / $14.99 (F-S)

**CATERING SPECIAL**
$ 6.99 10 items
Sweet, Farsan, Subji, Kathor, Puri, Dal, Rice
Papad, Pickle, Kachumber

મેરેજ, કેટરીગ
સ્પેશ્યલ $ 10 PP

**Largest Gujarati Vegetarian Buffet in Canada**

Call us for details

૯૪૦, મારખમ રોડ, સ્કારબોરો,
ઓન્ટેરીયો, કેનેડા, M1H2Y2
ફોન નં: ૪૧૬-૪૩૮-૦૫૪૪
૪૧૬-૪૩૧-૪૩૧૦ / ૪૧૬-૪૩૪-૮૧૨૧

Franchise Opportunity in GTA

રસોઈકામ કરી શકે તેવા બહેનોની જરૂર છે.

# બ્રિટન-યુરોપ વચ્ચે સમજૂતી સધાતાં પાઉન્ડમાં તીવ્ર ઉછાળોઃ તેજીએ ૩ દાયકાનો રેકોર્ડ તોડયો

- મુંબઈ કરન્સી બજારમાં પ ાઉન્ડના ભાવ રૂ.૯૧.૦૬ વાળા રૂ.૯૨.૪૧ થઈ રૂ.૯૧.૫૮ બંધ રહ્યા

મુંબઈ : મુંબઈ ઝવેરી બજારમાં ગુરૂવારે ભાવ ઉછળ્યા હતા. વિશ્વ બજારના સમાચાર તેજી બતાવતા હતા. ઘરઆંગણે કરન્સી બજારમાં આજે રૂપિયા સામે બ્રિટીશ પાઉન્ડ તથા યુરોના ભાવ ઉછળ્યા હતા જ્યારે ડોલરના ભાવ નરમ રહ્યા હતા બ્રેકઝીટ પ્રશ્ને બ્રિટન તથા યુરોપ વચ્ચે કરાર નક્કી થઈ રહ્યાના સમાચાર વહેતાં થતાં ગુરૂુવારે મુંબઈ કરન્સી બજારમાં બ્રિટીશ પાઉન્ડના ભાવ રૂ.૯૧.૦૬ વાળા ઉછળી ઉંચામાં રૂ.૯૨ વટાવી રૂ.૯૨.૪૧ થયા પછી રૂ.૯૧.૫૮ના મથાળે બંધ રહ્યા હતા. પ ાઉન્ડના ભાવ આજે બાવન પૈસા વધ્યા હતા જ્યારે યુરોના ભાવ આજે ૩૫ પૈસા ઉંચકાયા હતા. યુરોના ભાવ રૂ.૭૮.૮૦ વાળા આજે રૂ.૭૯.૧૩ કુલી રૂ.૭૯.૨૫ થયા પછી રૂ.૭૯.૧૫ બંધ રહ્યા હતા. દરમિયાન, ડોલરના ભાવ આજે રૂ.૭૧.૪૪ વાળા ૭૧.૩૮ ખુલી રૂ.૭૧.૪૭ રહ્યા પછી ગબડી રૂ.૭૧.૧૪ થઈ રૂ.૭૧.૧૭ બંધ રહ્યાહતા. ડોલરના ભાવ આજે ૨૭ પૈસા ઘટયા હતા. બ્રેકઝીટ પ્રશ્ને હવે બ્રિટનની પાર્લામેન્ટમાં કેવી ચર્ચા થાય છે તેના પર કરન્સી બજારની નજર રહી હતી.

દરમિયાન, વિશ્વ બજારમાં આજે સોનાના ભાવ વધી ઔંશના ઉંચામાં રૂ.૧૪૯૨.૨૦ ડોલર થઈ સાંજે ભાવ ૧૪૯૧.૫૦ ડોલર રહ્યા હતા. મુંબઈ બજારમાં આજે સોનાના ભાવ ૧૦ ગ્રામના જીએસટી વગર ૯૯.૫૦ના રૂ.૩૮૧૮૧ વાળા રૂ.૩૮૩૩૧ થઈ રૂ.૩૮૨૩૬ તથા ૯૯.૯૦ના રૂ.૩૮૩૩૪ વાળા રૂ.૩૮૪૮૫ થઈ રૂ.૩૮૩૯૦ બંધ રહ્યા હતા જ્યારે જીએસટી સાથેના ભાવ ૩ ટકા ઉંચા રહ્યા હતા.

# ભારતની આર્થિક કટોકટી ૨૦૦૮ કરતાં પણ મોટી : ગોલ્ડમેન સાશ

મુંબઈ : વોલ સ્ટ્રીટ ખાતેની બ્રોકરેજ કંપની ગોલ્ડમેન સાશે ચેતવણી ઉચ્ચારી છે કે, ભારતની હાલની આર્થિક કટોકટી ૨૦૦૮ કરતાં પણ મોટી છે. ભારતીય અર્થતંત્ર સામે સૌથી મોટો પડકાર ગ્રાહકોમાં ઘટી રહેલી માગ છે. ભારતની આર્થિક કટોકટી માટે નોનબેન્કિંગ ફાઈનાન્સ કંપનીઓની કટોકટીને જવાબદાર ગણાવી શકાય તેમ નથી કારણ કે તે તો આઈએલએન્ડએફએસએ નાદારી નોંધાવી ત્યારથી ચાલી આવી છે. ભારતીય બજારોમાં ઘટેલી માગને કારણે જ તેનો આર્થિક વૃદ્ધિદર ૬ ટકા રહેવાની સંભાવના છે. ઘણા લોકો આર્થિક કટોકટી માટે નોનબેન્કિંગ ફાઈનાન્સ કંપનીઓની કટોકટીને જવાબદાર ગણાવી રહ્યા છે. આ કટોકટી સપ્ટેમ્બર ૨૦૧૮માં આઈએલએન્ડ એફએસની આર્થિક કટોકટી સાથે શરૂ થઈ હતી.

ગોલ્ડમેન સાશ ખાતે ચીફ ઈકોનોમિસ્ટ પ્રાચી મિશ્રાએ જણાવ્યું હતું કે, ભારતીય બજારોમાં જાન્યુઆરી ૨૦૧૮થી માગમાં ઘટાડો થઈ રહ્યો છે. ઓગસ્ટ ૨૦૧૮માં આઈએલએન્ડએફએસે નાદારી નોંધાવ્યા પછી એનબીએફસી કંપનીઓમાં લિક્વિડિટીની કટોકટી સર્જાઈ તેના ૬ મહિના પહેલાં જ ભારતમાં ગ્રાહક માગમાં ઘટાડો શરૂ થઈ ગયો હતો.

# ભૂખમરા મુદ્દે ભારતની દયાજનક સ્થિતિ : દુનિયામાં ૧૦૨મા ક્રમે

વોશિંગ્ટન : 'ઈન્ટરનેશનલ ફૂડ પોલિસી રિસર્ચ ઈન્સ્ટિટયૂટ (આઈએફપીઆરઆઈ)' દ્વારા આજે વૈશ્વિક ભૂખમરાની સ્થિતિ રજૂ કરતો 'ગ્લોબલ હંગર ઈન્ડેક્સ' રજૂ કરવામાં આવ્યો હતો. તેમાં ભારતની સતત બદતર થતી સ્થિતિ જોવા મળી છે. ૧૧૭ દેશોમાં ભારત છેક ૧૦૨માં ક્રમે છે. એટલે કે ભારતનો સમાવેશ દુનિયાના સૌથી વધુ ભૂખમરો ભોગવતા દેશમાં થાય છે. ભારત કરતાં વધારે ભૂખમરો ધરાવતા હોય એવા દેશોની સંખ્યા ૧૫ જ છે. ભારતનો આ આંક દર વર્ષે નીચો જતો જાય છે. ભારતનો સમાવેશ એવા ૪૫ દેશોમાં કરવામાં આવ્યો છે, જ્યાં ગરીબીની સમસ્યા અતી ગંભીર છે. તો વળી પાંચ વર્ષથી નીચેની વયના બાળકોનો મૃત્યુદર ઓછો થયો હોવાની નોંધ પણ રિપોર્ટમાં કરાઈ છે. વૉશિંગ્ટન સ્થિત આ સંસ્થા દર વર્ષે 'ગ્લોબલ હંગર ઈન્ડેક્સ' તૈયાર કરે છે. આ વખતના ઈન્ડેક્સમાં ભારતને ૧૦૦માંથી ૩૦.૩નો સ્કોર મળ્યો છે. એટલે કે ભારતની સ્થિતિ ઘણી નબળી છે. આ રિપોર્ટ દર વર્ષે જે-તે દેશમાં બાળ કુપોષણ, બાળ મૃત્યુ, ખોરાકની ઉપલબ્ધી, પોષણનો અભાવ વગેરે અનેક માપદંડો ધ્યાનમાં લઈને તૈયાર કરવામાં આવે છે. ભારતના તમામ પડોશી દેશો ભારત કરતા આ ઈન્ડેક્સમાં આગળ છે, એટલે ઓછા ગરીબ છે એવુ કહી શકાય. પાકિસ્તાન ૯૪, શ્રીલંકા ૬૬, નેપાળ ૭૩, બાંગ્લાદેશ ૮૮, મ્યાનમાર ૬૯મા ક્રમે છે. બ્રિક્સ દેશોની વાત કરીએ તો તેમાં ચીન ૨૫મા, દક્ષિણ આફ્રિકા ૬૦મા, બ્રાઝિલ ૧૮મા અને રશિયા ૨૨મા ક્રમે છે.






# SkyRoute
## TRAVEL SERVICES INC.



AIR CANADA
QATAR AIRWAYS القطرية
Lufthansa
Emirates
الاتحاد ETIHAD AIRWAYS

| | | |
|---|---|---|
| **AHMEDABAD** | → | **$1159** |
| **DELHI** | ← | **$999** |
| **VADODARA** | → | **$1199** |
| **MUMBAI** | ← | **$989** |

24

24

*Niket Zala - Ext. 504*
*Ekta Jadav – Ext. 411*
*Aswin Patel – Ext. 509*
*Naved Khan – Ext. 507*
*Yogesh Chavda – Ext. 508*

અમે ગુજરાતી બોલીએ છીએ

*Vasu Govind – Ext. 328*
*Shital Jaiswal – Ext. 406*
*Shashi Shukla – Ext. 511*
*Gaurang Makwana - Ext. 505*
*Mitesh Shrimali – Ext. 506*

CONSUMER PROTECTION BC
IATA
tico.ca
Travel Industry Council of Ontario
Reg: 4488805 / 4652780

contact@skyroutetravel.com
www.buymytrip.com
106 - 1200 Markham Rd, Toronto, ON , M1H 3C3

**416-439-4000**
Toll Free 1-877-go to sky

*we will beat any advertized fares by 10% of the difference*

**OFFICE IN AHMEDABAD**

SKYROUTE TRAVEL SERVICES (PVT) LTD.
B/709, Titanium City Center, 100 Ft.
Prahaladnagar Road
Satellite, Ahmedabad-380 015

**SPECIAL FARES FROM**

Edmonton, Calgary, Ottawa,
Montreal, Regina, Winnipeg,
Vancouver, Fort Mcmurray

*Fares are subject to availability, from the lowest inventory, taxes included, Return fare from Toronto, may be withdrawn by the airlines without prior notice, Conditions apply.*

# વલસાડની યુવતીની ડુમસમાં હત્યા કરનાર ટયુશન ક્લાસના શિક્ષકને આજીવન કેદ

**• યુવતીને ફરવાના બહાને ડુમસની હોટેલમાં લાવી હત્યા કર્યા બાદ લાશને સળગાવી દીધી હતી**

સુરત : આજથી ચારેક વર્ષ પહેલાં ટયુશન ક્લાસમાં આવતી વલસાડની યુવતિને પ્રેમજાળમાં ફસાવી ફરવાના બહાને બાઈક પર ડુમસની હોટેલમાં લઈ જઈ હત્યા કરી પુરાવાનો નાશ કરનાર આરોપી યુવકને મંગળવારે મુખ્ય જિલ્લા સેશન્સ જજ આર. કે.દેસાઈએ તમામ ગુનામાં દોષી ઠેરવી આજીવન કેદ, રૂ.૫ હજાર દંડની સજા ફટકારતો હુકમ કર્યો છે.

વલસાડ ખાતે મોગરાવાડીમાં રહેતા તથા ટયુશન ક્લાસીસ ચલાવતા ૩૧ વર્ષીય આરોપી શિવકિરણ ઉર્ફે ચીકુ કિશોર શાસને ત્યાં ટયુશને આવતી ભાવના દિનેશચંદ્ર મોર્યાને પ્રેમજાળમાં ફસાવી પ્રેમસંબંધ રાખવા મજબુર કરી હતી. જે અંગે ભોગ બનનાર ભાવનાબેનના પિતા દિનેશભાઈએ ટયુશન શિક્ષક શીવકિરણ વિરુધ્ધ વર્ષ-૨૦૦૯માં વલસાડ પોલીસમાં અરજી આપી હતી. બાદમાં ભાવનાએ શીવકિરણ સાથે સબંધ તોડી નાંખતા તું મારી નહી થાય તો બીજા કોઈની પણ નહી થવા દઉં એમ કહ્યા બાદ ભાવનાની હત્યાનો પ્લાન બનાવ્યો હતો.

તે અંતર્ગત ભાવનાને સુરત ફરવા જવાનું કહીને તા.૧૯-૮-૨૦૧૫ના રોજ પોતાની મોટર સાયકલ પર ડુમસ ચોપાટીની હોટેલ રવિરાજમાં લાવ્યો હતો. જ્યાં રૂમ નં.૧ ભાડેથી રાખી યુવતી સાથે શરીર સબંધ બાંધ્યા બાદ તેનું ગળું દબાવી હત્યા કરી હતી. ત્યારબાદ લાશ પર પેટ્રોલ છાંટી સળગાવીને પુરાવાનો નાશ કરવાનો પ્રયાસ કર્યો હતો. બાદમાં ડુમસ પોલીસે શિવકિરણને પકડીને જેલભેગો કર્યો હતો.

# રાહુલ ગાંધીએ કોર્ટને કહ્યું : ગુનો કબૂલ નથી, કેસ ચલાવવા માંગુ છું

**• માનહાનિ કેસમાં કોંગ્રેસ નેતા રાહુલગાંધી સુરતની કોર્ટમાં હાજર થયા**



સુરત : ચુંટણી દરમિયાન બેંગ્લોરની જાહેર સભામાં મોઢ વણિક જ્ઞાતિ વિરુધ્ધ બદનક્ષીકારક નિવેદનના મામલે કોંગ્રેસના માજી રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધી શુક્રવારે માનહાનિના કેસમાં સુરત ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ કોર્ટ સમક્ષ સઘન પોલીસ બંદોબસ્ત વચ્ચે હાજર રહ્યા હતા. રાહુલ ગાંધી વિરુધ્ધ થયેલા સમન્સ ટ્રાયેબલ ક્રિમીનલ કેસમાં ગુનાની પ્લી રેકર્ડની કાર્યવાહી હાથ ધરાતા રાહુલ ગાંધીએ ગુનાનો ઈન્કાર કરી ન્યાયિક કેસ કાર્યવાહીનો સામનો કરવાની તૈયારી દર્શાવી હતી. જેથી આ કેસની વધુ સુનાવણી આગામી તા.૧૦મી ડીસેમ્બર સુધી કોર્ટે મુલતવી રાખી છે. બેંગ્લોર ખાતે લોકસભાની ચૂંટણીની જાહેર સભામાં રાહુલ ગાંધીએ વડા પ્રધાન નરેન્દ્ર મોદી વિરુધ્ધ લલિત મોદી, નિરવ મોદી સાથે સરખામણી કરી બધા મોદી ચોર છે તેવું નિવેદન આપતા સુરતના ધારાસભ્ય પુર્ણેશ મોદીએ કોર્ટમાં ફરિયાદ નોંધાવી હતી.

# સુરતમાં હવા શુદ્ધિકરણ કરતું ચીન જેવું ટાવર ઊભું કરવાની વિચારણા

સુરત : સુરત, વાપી અને અંકલેશ્વર જેવા ઘોગિક ક્ષેત્રે હરણફાળ વિકાસ કરી રહેલા દક્ષિણ ગુજરાતના શહેરોમાં હવા પ્રદૂષણનું પ્રમાણ પણ એટલું જ વધી રહ્યું છે. એવામાં ઘોગિક વિસ્તારોમાં પ્રદૂષણ ડામવા માટે આઈઆઈટી દિલ્હી અને એસવીએનઆઈટીના કલીન એન્વાયરમેન્ટ રિસર્ચ સેન્ટરના સંયુક્ત પ્રયાસે વર્કશોપ યોજાયો હતો. જેમાં દક્ષિણ ગુજરાતના વિવિધ ઉદ્યોગો સાથે સંકળાયેલા તજજ્ઞાોએ ભાગ લેવાની સાથે જ હાલમાં ચીનમાં કાર્યરત હવા શુદ્ધિકરણ કરતું ટાવર સુરતમાં ઊભું કરવાની વિચારણા કરવામાં આવી હતી.

શુક્રવારના રોજ સવારે ૧૧ કલાકે પાંડેસરા સ્થિત એસજીટીપીએ હોલમાં સૌર ઊર્જા થકી હવા શુદ્ધિકરણના વિષયને કેન્દ્રમાં રાખીને વર્કશોપ યોજાયો હતો. સમારોહમાં આઈઆઈટી દિલ્હીના પ્રો.મુકેશ ખરે, પ્રો.અરવિંદ નેમા, ડો.હર્ષા કોટા, એસવીએનઆઈટી ક્લીન એન્વાયરમેન્ટ રિસર્ચ સેન્ટરના પ્રો. આર.એ.ક્રિશ્ચિયને હાજર રહી વિચારગોષ્ઠિમાં ભાગ લીધો હતો.

સુરતના વિવિધ ઉદ્યોગો, અંકલેશ્વર, વાપી જીઆઈડીસીના સભ્યોએ હાજરી આપી હતી. દરમિયાન હવા પ્રદૂષણની ચોંકાવનારી માહિતી આપવાની સાથે જ હવા શુદ્ધિકરણ માટેના ઉપાયો રજૂ થયા હતા.

# તમે નોકરી શોધનાર નહીં પણ દેશને વિકસિત બનાવવા મહાન નેતા બનોઃ ડૉ.વી.નારાયણ

**• SVNITમાં ઈસરોના ડાયરેક્ટરનું પ્રવચન**

સુરત, : સુરતની એસવીએનઆઈટીમાં રવિવારે યોજાયેલા ૧૭માં પદવીદાન સમારંભમાં ભારતીય સંશોધન સંસ્થા (ઈસરો)ના વૈજ્ઞાનિક અને ડાયરેકટર ડૉ. વી.નારાયણને દીક્ષાંત પ્રવચનમાં ડિગ્રી મેળવનારા વિદ્યાર્થીઓને પોત્સાહિક કર્યા હતા. અને આગામી દિવસોમાં ઈસરોના ત્રણ વૈજ્ઞાનિકોને અવકાશમાં મોકલવા માટે અને ઓગસ્ટ ૨૦૨૨ પહેલા તેમને સુરક્ષિત પાછા લાવવા માટે ગગનયાન પ્રોગામ પર કામ કરી રહ્યા હોવાનું વિદ્યાર્થીઓને જણાવ્યું હતું.

સુરતના ઈચ્છાનાથ સ્થિત સરદાર વલ્લભભાઈ નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી (એસવીએનઆઈટી)નો રવિવારે ૧૭મો પદવીદાન સમારંભ યુનિવર્સિટીના કન્વેશન હોલમાં યોજાયો હતો. જેમાં ૭૨૭ સ્નાતકો, ૨૫૯ અનુસ્નાતકો, ૮૦ પી.એચ.ડી ધારકો અને ૧૩૭ એમ.એસ.સી.ના વિદ્યાર્થીઓ મળી કુલ ૧૨૦૩ વિદ્યાર્થીઓને પદવી પ્રમાણપત્રો એનાયત થયા હતા. આ પ્રસંગે વિશેષ અતિથી તરીકે ઉપસ્થિત ઈસરોના વૈજ્ઞાનિક અને ડાયરેકટર ડૉ. વી.નારાયણને હાજર વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરતા પ્રવચનમાં જણાવ્યું કે, તમે મહાન પરિપકવતા અને જવાબદારી સાથે જીવવના નવા તબક્કામાં પ્રવેશ કરી રહ્યા છો, તમને બધાને ખબર છે કે, સખત મહેનતનો કોઈ વિકલ્પ નથી, તમારી સાથે તમે તમારા નોલેજને અપડેટ કરવા માટે સખત શીખવું જોઈએ. ઉચ્ચ લક્ષ્ય સેટ કરો અને તેના માટે કાર્ય કરો. સપના એ મોનીટર છે, સપના એ વ્યકિતના લક્ષ્યોને પ્રાપ્ત કરવા માટે શકિતશાળી સાધન છે. તમે નોકરી શોધનાર ના બનો. હું ઈચ્છુ છું કે તમે બધા દેશને વિકસિત દેશ બનાવવા માટે મહાન નેતા બનો.વિકાસ માટે યોગદાન આપો.

# સુરતમાં બે માથા સાથે જન્મેલી બાળકીનું ઓપરેશન કરી એક માથું અલગ કરાયું

**• સુરતની નવી સિવિલના ઈતિહાસમાં આ પ્રકારની પ્રથમ સર્જરીથી બાળકીને નવજીવન અપાયું**

સુરત : સુરત સિવિલમાં ઉત્તર પ્રદેશના અયોધ્યા ખાતે રહેતા શ્રમજીવી રાહુલ મિશ્રાની પત્ની સંતોષકુમારીએ ગત ૨૬ સપ્ટેમ્બરે બાળકીને જન્મ આપ્યો હતો. પણ ગર્ભાવસ્થા દરમિયાન ઓછું, વિટામિન તેમજ ફોલીસ એસિડ પણ યોગ્ય પ્રમાણમાં ન મળતાં સર્જાતી ખામી ઓકસીપીટલ મેનીન્ગોમાયલોસીસ સાથે બાળકીનો જન્મ થયો હતો. તેથી બાળકીના બે માથા હતા. એક લાખમાં આવો એક કિસ્સો જોવા મળે છે. દંપતીએ બાળકીનું વધારાનું માથું દુર કરવા લખનૌની સરકારી હોસ્પિટલના ડોકટરોને બતાવ્યું પણ તેમણે સર્જરીનો ઈન્કાર કર્યો હતો. કેમકે આવી સર્જરીમાં નવજાત બાળકના જીવનું જોખમ ખૂબ મોટા પ્રમાણમાં હોય છે અને તેના બચવાની શક્યતા માત્ર એક ટકા જેટલી હોય છે.

શ્રમજીવી પરિવારને ઝાંસીની હોસ્પિટલના ડોકટરોએપણ સર્જરી માટે ઈન્કાર કર્યો હતો. છેવટે સુરત રહેતા સંબંધી પ્રતાપ નારાયણ સિંગને જાણ કરતા તેમણે નવી સિવિલના ન્યુરો સર્જન ડો. જિગર શાહનો સંપર્ક કયો હતો. ડોકટરે બાળકી અને તેના માતા-પિતાને સુરત બોલાવી પરીક્ષણ કર્યા બાદ તા.૫ ઓકટોબરે નવી સિવિલમા બાળકીની

દાખલ કરી હતી. ને કાલે સર્જરી વિભાગના ડો.મુકેશ પંચાલી અને ટીમે બાળકી પર અત્યંત જોખમી કહી શકાય તેવી સર્જરી શરૂ કરી હતી. અને પાંચ કલાકની સર્જરી બાદ ૪ કિલોગ્રામ વજનનું વધારાનું માથું દુર કર્યું હતું.

# સુરતમાં હીરા ઉદ્યોગમાં ઘોર મંદીની અસર : રત્ન કલાકાર દ્વારા આપઘાત

સુરતઃ હીરા ઉદ્યોગમાં પ્રવર્તી રહેલી મંદીએ સરથાણા વિસ્તારમાં રહેતા જયેશ શિંગાળા નામના રત્ન કલાકારે આર્થિક સંકડામણને પગલે આપઘાત કરી લીધો હતો. સુરતની એક જાણીતી ડાયમંડ પેઢીમાં કામ કરતા રત્ન કલાકારને ત્રણ મહિના પહેલા છૂટો કરવામાં આવ્યો હતો. બાદમાં કામની શોધ માટે તે ઠેર-ઠેર ભટકયો હતો. જોકે, હીરા ઉદ્યોગમાં હાલ મંદી ચાલી રહી હોવાથી તેને કામ મળ્યું ન હતું. આથી તેણે ઝેરી દવા ગટગટાવીને પોતાનાં જીવનનો અંત આણ્યો હતો.

રત્ન કલાકારે ઝેરી દવા ગટગટાવી લઈને પોતાના ભાઈના મોબાઈલ પર આ અંગેનો વીડિયો મોકલ્યો હતો. પરિવારને જાણ થતાં યુવકને તાત્કાલિક સારવાર માટે ખાનગી હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જોકે, સારવાર પહેલાં જ તેનું મોત થયું હતું. આપઘાત પહેલા યુવકે એક વીડિયો બનાવ્યો હતો.

મૃતક યુવક ગઢડાના પીપળિયા ગામનો હોવાનું માલુમ પડ્યું હતું. ૪૧ વર્ષીય જયેશ શિંગાળાએ ભાઈને મોકલેલા વીડિયોમાં કહ્યું હતું કે, મારાથી ભૂલ થઈ ગઈ છે. મારી પાસે બીજો કોઈ રસ્તો નથી. હું કંટાળીને આ પગલું ભરું છું. ઘટનાને પગલે શહેરના રત્ન કારીગરોમાં શોકનું મોજું ફરી વળ્યું હતું.

JOSH Travels



TICO #50011204 LOWEST AIRFARES GUARANTEED ACTA

| | |
|---|---|
| LONDON | $780 |
| MUMBAI | $1260 |
| ISLAMABAD | $1320 |
| DELHI | $1250 |
| SYDNEY | $1750 |
| AUCKLAND | $1930 |
| NAIROBI | $1430 |
| MANILA | $1250 |
| FIJI | $1790 |
| KAMPALA | $1590 |

* Taxes Surcharges Included on Air Prices in Canadian dollars , Low Season.
* Lowest Inventory Fairs Subjected to Availability.

BUY . SELL . LEASE . INVEST
When you list your house with me you will get these guarantees!
* Flexible commission plan to meet client needs
* Highest value for your property
* Professional Photography
* FREE Market evaluation
* 24 hrs MLS listing
* Open Houses



Vikas Joshi
Sales Representative
647.965.2406
#vikasjoshirealtor
RE/MAX EMPIRE REALTY BROKERAGE
* Each office independently owned and operated. vikasjoshi@remax.net
Off: 905-824-0788 | Fax: 905-817-0524
92-93 - 8321 Kennedy Rd. Markham, ON L3R 5N4

We specialized in:
1. Vacation Packages 2. Cruises

Call:Naren Joshi 416.449.5674
4465 Sheppard Avenue East, Suite 26
Scarborough ON, M1S 5H9
www.joshtravels.com

# ધાનેરામાં ડેપ્થેરિયાથી 5 બાળકોના મોત

**• ધાનેરામાં પાંચ, ડિસામાં એકના મોતથી રાજ્યના આરોગ્ય અધિકારીઓ ચિંતાતુર બન્યા : ઉંડી તપાસની પ્રક્રિયા શરૂ**

પાલનપુર : ગુજરાતમાં ડેપ્થેરિયાના રોગથી છના મોત થતાં ખળભળાટ મચી ગયો છે. ગુજરાતમાં છ મોત પૈકી ધાનેરામાં પાંચ અને ડિસામાં એકનું મોત થયું છે. બનાસકાંઠાના ડિસા તાલુકામાં એકના મોત તથા ધાનેરામાં પાંચના મૃત્યુથી ભારે ખળભળાટ મચી ગયો છે. રાજ્યના આરોગ્ય વિભાગના અધિકારીઓ ચિંતાતુર બનેલા છે. કારણ કે, ભોગ બનેલાઓની વય પાંચથી ૨૦ વર્ષની છે. બીજી બાજુ ઝડપી પગલા લેતી ટુકડી પણ બનાસકાંઠા જિલ્લામાં રસીકરણ ઝુંબેશ હાથ ધરવા માટે મોકલી દેવામાં આવી છે. આ ટીમે શકમંદ કેસોને ઓળખી કાઢવા તૈયારી પણ કરી છે. ઓગસ્ટ મહિના બાદથી જ જુદા જુદા જિલ્લાઓ અને નાના શહેરોમાં ડેપ્થેરિયાના કેસો સપાટી ઉપર આવ્યા છે. ડિસામાં ૧૦ વર્ષના બાળકનું મોત થયું છે. ગયા સપ્તાહમાં આ બાળકને સિટી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. તેને રજા આપી દેવાઈ હતી પરંતુ તેનું આવાસ પર મોત થયું હતું. રાજ્યમાં આ રોગ માટે જે વિસ્તારમાં એલર્ટની જાહેરાત કરાઈ છે તેમાં અમરેલી, બનાસકાંઠા, અમદાવાદ, જામનગર, સુરત, વડોદરાનો સમાવેશ થાય છે. આ જગ્યાએ અગાઉ ૧૬થી ૨૨મી સપ્ટેમ્બર વચ્ચે અનેક કેસ સપાટી ઉપર આવ્યા હતા. ઓગસ્ટથી સપ્ટેમ્બર મહિનાના ગાળામાં છ કેસોને સમર્થન મળ્યું હતું. ડેપ્થેરિયા સામે રક્ષણ મેળવવા માટે પણ તબીબો કેટલીક સલાહ આપે છે. આ રોગ અસરગ્રસ્ત વ્યક્તિ મારફતે ફેલાય છે. સારવાર વગર દર્દી બે સપ્તાહ સુધી રોગના સકંજામાં રહે છે.

ધાનેરા વિસ્તારમાં શંકાસ્પદ ડેપ્થેરિયાના રોગથી પાંચ બાળકોના મોત નિપજ્યા છે ત્યારે આરોગ્ય તંત્ર હરકતમાં આવ્યું છે અને ધાનેરા વિસ્તારમાં ૩૨ જેટલી ટીમ લગાવી કામગીરી હાથ ધરવામાં આવે છે. ડેપ્થેરિયા નામના રોગથી ધાનેરા વિસ્તારના લોકો ભયભીત બન્યા છે ત્યારે ધાનેરા વિસ્તારમાં ડેપ્થેરિયા નામના રોગે માથું ઉચક્યું છે.

# વિદેશમાંથી દૂધ લાવવાની વેતરણ ઉ. ગુજરાતના પશુપાલકોમાં રોષ

પાલનપુર : વિદેશી રાજપુરુષોને ખુશ કરવાની લ્હાયમાં ભારતની પશુપાલનની સમૃદ્ધિ પાયમાલી તરફ ધકેલાય તેવી પરિસ્થિતિ આવવાના એંધાણને પગલે ઉત્તર ગુજરાતના પશુપાલકોમાં ભારે રોષ ભભૂકી ઉઠ્યો છે. ખેતી પ્રધાન અને પશુપાલનના વ્યવસાય સાથે સંકળાયેલ સમૃદ્ધ ભારત દેશની વિદેશી નીતિમાં કરવામાં આવેલ નિર્ણયને લઈને વિદેશમાંથી દૂધ ભારતમાં લાવવાનો જે નિર્ણય લેવાની વાટાઘાટો સામે આવી રહી છે તે જોતા ભારતનો પશુપાલન વ્યવસાય મૃતપ્રાય બનવાના એંધાણ જોવા મળી રહ્યા છે.

ભારતમાં હાલ પશુપાલકોને ઊંચા ફેટનો ભાવ જે ૫૦થી ૬૦ પ્રતિલીટર ભાવ મળી રહ્યા છે. તે જો વિદેશી આયાત કરેલ દૂધ જો ભારતમાં ઘુસાડવામાં આવશે તો તે દૂધ ખૂબ સસ્તું એટલે કે અંદાજે ૩૫થી ૪૦ રૂપિયે મળી શકશે. ભારતના પશુપાલકોને દૂધ સસ્તું બજારમાં વેચવાનો વારો આવશે. તે જોતા ભારે નુક્શાન ભારતના પશુપાલકોને વેઠવું પડશે. ભારત એક એવો દેશ સાબિત થઈ રહ્યો છે કે જે અન્ય દેશોએ ચાઈનાનો માલ પર પ્રતિબંધ મૂક્યો છે તેવો કંડમ માલ ચાઈનાનો ભારત દેશની વિદેશી નીતિથી ધૂમ મચાવી રહ્યો છે.

# સિધ્ધપુરના બિલિયામાં સવા સો દીવડાની માંડવીઓએ દિવ્ય પ્રકાશ રેલાવ્યો

સિદ્ધપુર : સિધ્ધપુર તાલુકાના બિલિયા ગામે માંડવી ઉત્સવ રંગેચંગે ઉજવાયો હતો. વેરાઈ માતાની બાધા માનતા પૂર્ણ કરવા માટે ચાલુ વર્ષે સવા સો દીવડાની ૨૫૫ માંડવીઓ નીકાળવામાં આવી હતી. રાત્રિનું વાતાવરણ આ સમયે ઝળહળું બની ગયું હતું. આસો સુદ ચૌદશ વેરાઈ માતાના પ્રાંગણમાં બાધા માનતાની માંડવીઓ રમાડાય છે. જે મુજબ આજરોજ રાત્રે ચૌદસે ૨૫૫ માંડવીઓ કાઢવામાં આવી હતી. બહારગામ રહેતા ગ્રામવાસીઓ, આબાલ, વૃધ્ધો, બાળકો, વડીલો સૌ માનતા પૂર્ણ કરી ગામે પધાર્યા હતા. અહીં દશેરાના દિવસથી ચૌદશ સુધી સવા સો દીવડાની ટમટમતી માંડવીઓ માથે મુકીને ગામની મહિલાઓ ગરબે ઘુમે છે. ત્યારે આ દ્રશ્યને નિહાળવા માટે માંડવીઓના દર્શન કરવા માટે દૂર દૂરના ગામો અને શહેરોમાંથી હજારોની સંખ્યામાં લોકો ઉમટી પડે છે.

# શરદ પૂર્ણિમાએ અંબાજીમાં ભક્તોનું ઘોડાપુર

**• ચોકમાં ગરબાઓની રમઝટ બોલી, વહેલી સવારથી દર્શન માટે લાઈનો લાગી : હાઈવે પર ટ્રાફિક જામ**



અંબાજી : યાત્રાધામ અંબાજીમાં આજે શરદપૂર્ણિમાની પૂનમ હોઈ યાત્રિકોનો ભારે ધસારો જોવા મળતો હતો. આ પૂનમનું પણ સવિસેષ મહત્વ હોઈ મા અંબાના દર્શન માટે વહેલી સવારથી જ લાંબી લાઈનો લાગેલી જોવા મળી હતી. શરદ પૂર્ણિમા પૂનમ હોઈ માતાજીના ચાચર ચોકમાં ગુજરાતના ખ્યાતનામ લોકગાયકોએ ગરબાઓની રમઝટ બોલાવી હતી. જેમાં ખેલૈયાઓ મન મુકીને ગરબાઓએ ઘુમ્યા હતા. આ પૂનમને દૂધ પૌંઆ પૂનમ પણ કહેવાય છે. રાત્રે ગરબા બાદ સૌએ દૂધ પૌંઆનો પ્રસાદ વહોંચવામાં આવ્યો હતો. મા અંબાનું મંદિર ભવ્ય રોશનીથી ઝગમગી ઉઠયું હતું. શરદ પૂનમ હોઈ યાત્રિકોનો ભારે ધસારો રહ્યો હતો. મંદિર ટ્રસ્ટ તરફથી દર્શન માટેની વ્યવસ્થા સારી હોઈ યાત્રિકો સરળતાથી દર્શન કરી શકતા હતા તથા પ્રસાદી માટે પણ લાંબી લાઈનો લાગી હતી. આ પૂનમે પણ કેટલાક સંઘો પગપાળા આવી મા અંબાના શિખરે ધજાઓ ચઢાવી હતી. હવે ભાદરવી પૂનમ બાદ બારે માસ વિવિધ ગામોના સંઘો પગપાળા આવે છે.

# બહુચરાજીમાં માતાજીને ફૂલોનો દિવ્ય શણગાર

ચાણસ્મા : બહુચર માતાજીના ૫૨૦૦ વર્ષ પ્રાચીન ટોડા બહુચર માતાજીના આદ્યસ્થાનકે આજે રવિવારે શરદપૂનમ નિમિત્તે વહેલી સવારથી જ શ્રધ્ધાળુઓ માના દર્શને ઉમટી પડયા હતા. શરદપૂનમને લઈ માતાજીના મંદિરને અમદાવાદના માઈભક્ત હસમુખભાઈ માળી દ્વારા ફૂલોનો દિવ્ય શણગાર કરાયો હતો. જ્યારે હંસાબેન રાજકોટવાળા તરફથી માતાજીને અન્નકૂટ મહાપ્રસાદ ધરાવાો હતો. સવારે આરતી સમયે હજારો શ્રધ્ધાળુઓએ લાભ લીધો હતો. પૂનમને લઈ ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર, અમદાવાદ તેમજ ચરોતર વિસ્તારમાંથી ૨૫થી વધુ પગપાળા સંઘો મા ના દર્સને પધાર્યા હતા.

# કલોલ નગરપાલિકામાં સત્તા પલટો થયો ભાજપના ત્રણ સદસ્યોની ઘર વાપસી

**• પક્ષ પલટો કરનાર ત્રણેય સદસ્યો ફરીથી ભાજપમાં આવી જતા પુનઃ ભાજપ સત્તા સંભાળશે**

કલોલ- કલોલ નગરપાલિકામાં અવાર નવાર સત્તા માટે રાજકારણ ખેલાય છે. વર્ષોથી કલોલ નગરપાલિકામાં ભાજપનું શાસન ચાલતું હતું. આ વખતે પણ યોજાયેલી નગરપાલિકાની ચુંટણીમાં ભાજપ દ્વારા બહુમતીથી સત્તા હાંસલ કરવામાં આવી હતી. જો કે, કોંગ્રેસ દ્વારા શામ -દામ- દંડ -ભેદથી ભાજપના સદસ્યોને પોતાના પક્ષમાં લઇ વર્ષો બાદ કોંગ્રેસ શાસિત નગરપાલિકા બનાવી હતી. જો કે પક્ષ પલટો કરનાર સદસ્યોને અસંતોષ હોવાથી અવાર નવાર પાલિકામાં આક્રોશ જોવા મળતો હતો.

પક્ષ પલટો કરનાર સદસ્યો વિરૂદ્ધ ખુદ ભાજપના કાઉન્સિલર પણ કોર્ટમાં ગયા હતા. જો કે હવે ત્રણ સદસ્યોએ ઘર વાપસી કરતા ભાજપશાસિત નગરપાલિકા બનશે. તિમિર જયસ્વાલ, રમીલાબેન પરમાર અને સુનીલ મેસરિયા બુધવારે ભાજપમાં જોડાઈ ગયાહ તા. અગાઉ ત્રણેય સદસ્યોએ ભાજપ સાથે છેડો ફાડી કોંગ્રેસમાં જોડાઈ ગયા હતા. જો કે હવે ત્રણ સદસ્યોએ ઘર વાપસી કરતા હાલ ભાજપ પાસે ૨૪ સીટ અને કોંગ્રેસ પાસે ૨૦ સીટ છે. જેથી હવે પ્રમુખ પદ માટે નગરપાલિકામાં ચુંટણી યોજાશે. નગરપાલિકામાં ફરીથી એક વખત ભાજપનું શાસન આવતા રાજકરણ ગરમાયું છે. આજે સવારે ભાજપના અગ્રણી આગેવાનોની હાજરીમાં ત્રણેય સદસ્યોએ ઘર વાપસી કરી ભાજપનો ખેસ પહેર્યો હતો. ત્યારે બીજી તરફ આ ઘટનાથી કોંગ્રેસ લઘુમતીમાં આવી ગઇ છે અને સત્તા જતા કોંગ્રેસમાં સોપો પણ પડી ગયો છે.

Matrimonial

Gujarati Hindu 42 KP Samaj Parents invite a marriage proposal for their Son, born in Nov 1994, , fair skin, height 5' 6" Canadian Citizen living in Ontario since 20 years, well educated CPA B Comm Accounting, working in a well reputed firm and doing businesses as well. Looking for well educated, good looking fair skin Gujarati girl having citizenship/PR of Canada.

Please send Bio-data at; maheshcanca@yahoo.ca or 613 922 2322.



# દેશમાં દીક્ષા લેનાર ૮૦ મુમુક્ષુઓનો પાલિતાણા ખાતે વરઘોડો નીકળ્યો

- ચારિત્ર કલ્યાણ રત્નાશ્રમના બાળકોના બેન્ડની સુમધુર સુરાવલીઓએ ભારે આકર્ષણ જમાવ્યું હતું

પાલિતાણા : દેશમાં વિવિધ શહેરોમાં દીક્ષા લેનાર મુમુક્ષુઓમાંથી ૮૦ મુમુક્ષુ પવિત્ર જૈન મહાતીર્થ પાલિતાણા પધાર્યા હતા અને સિદ્ધ ગિરિરાજના સ્પર્શના-વધામણા કર્યા હતા. નવા વર્ષની શરૂઆતમાં તપાગચ્છની શાસ્ત્રીય મૂળ પરંપરાને અનુસરતા મોટી સંખ્યા ધરાવતા પૂજ્ય રામચંદ્રસૂરી મહારાજા અને પૂજ્ય શાંતિચંદ્રસૂરી મહારાજના સમુદાયમાં થનારી દીક્ષાની સંખ્યા ૧૧૫ જેવી નક્કી થયેલ છે. સેંકડો વર્ષો પહેલા આસો સુદ પૂનમના રોજ શાશ્વત ગિરિરાજ પર ૨૦ કરોડ મુની ભગવંતો સહિત પાંચ પાંડવોના કેવળજ્ઞાન અને નિર્વાણ થયેલ હતા. તેના ભાગરૂપે આ ઐતિહાસિક દિને ૮૦ જેટલા મુમુક્ષુ ભાઈ-બહેનો પાલિતાણામાં તળેટી રોડ પર આવેલ નંદપ્રભા-સલોત જગજીવન ફૂલચંદ જૈન ધર્મશાળામાં પધાર્યા હતા. તેઓનું સ્વાગત અભિવાદન કરવામાં આવ્યું હતું. ચારિત્ર્ય પદના દિવસે નંદપ્રભામાં પૂજ્ય આચાર્ય શ્રી જિનદર્શન સૂરી અને પૂજ્ય પન્યાસ શ્રી હીંકાર પ્રભવિજયજી મહારાજની નિશ્રામાં મુમુક્ષુઓનો સન્માન સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે પૂજ્ય ગુરૂભગવંતોએ દરેક મુમુક્ષુઓને જીવનમાં દીક્ષા લે પછી ગુરૂ પ્રત્યે સમર્પણ વૈયાવચ્ચ અને સ્વાધ્યાય કરવા અનુરોધ કર્યો હતો. જેથી કર્મોની નિર્જરા થઈ શકે. આ અવસરે મુમુક્ષુ ભાઈ-બહેનોનો નંદપ્રભાથી ભવ્ય રથયાત્રા વર્ષીદાનનો વરઘોડો નિકળ્યો હતો. જેમાં સોનગઢના શ્રી મહાવીર જૈન ચારિત્ર કલ્યાણ રત્નાશ્રમના બાળકોના બેન્ડની સુમધુર સુરાવલીઓએ આકર્ષણ જમાવ્યું હતું. નાની વયના મુમુક્ષુઓ ઉછળતા ભાવે હાથી, બગીમાંથી વર્ષીદાન આપતા હતા. ૯ વર્ષના બાળકથી લઈને ૬૫ વર્ષ સુધીના ૮૦ મુમુક્ષુઓ, તેઓના પરિવારજનો અને સોનગઢના શ્રી મહાવીર જૈન ચારિત્ર કલ્યાણ રત્નાશ્રમના ૪૦૦ જેટલા બાળકો સહિત અંદાજે ૧૦૦૦ ભાવિકોએ સિદ્ધ ગિરિરાજની પવિત્ર યાત્રા કરી હતી.

# ગીરમાં ચાર મહિનામાં ૩૫ સિંહબાળ જન્મ્યાં

જૂનાગઢઃ એશિયાટિક લાયન્સના એકમાત્ર વસવાટ સ્થળ ગીરના જંગલમાં વનરાજોનું વેકેશન આવતીકાલે એટલે કે બુધવારથી સમાપ્ત થઈ રહ્યું છે. તારીખ ૧૬થી સિંહદર્શનનો પ્રારંભ થશે. વનતંત્ર દ્વારા આ અંગેની તમામ તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવ્યો હતો. બુધવારે સવારે ૬ વાગ્યાથી પ્રવાસીઓ માટે વિધિવત્ સિંહદર્શનનો આરંભ કરતાં વન વિભાગ દ્વારા લીલી ઝંડી આપશે. દરમિયાન ચાર મહિનામાં ૩૫ નવા સિંહ બાળો જન્મ્યાં હોવાનું અને સિંહોની સંખ્યા વધી હોવાનું સી. સી. એફ. (ચીફ કન્ઝર્વેટર ઑફ ફોરેસ્ટ-વાઈલ્ડ લાઈફ સર્કલ) શ્રી ડી. ટી. વસાવડાએ જણાવ્યું હતું.

બીજી બાજુ, થોડા દિવસ પછી દિવાળીનું વેકેશન પણ આવી રહ્યું છે, ત્યારે પ્રવાસીઓ માટે ખુશીના સમાચાર આવ્યા હોવાનું જણાય છે. ગીર અભયારણ્યમાં સિંહદર્શન માટે અત્યારથી મોટી સંખ્યામાં લોકોએ ઍડવાન્સ પરમિટ બુકિંગ પણ કરાવવાની શરૂઆત કરી દીધી છે.

# જામનગરના બ્રાસપાર્ટ ઉદ્યોગને મંદી : ઉત્પાદન ૫૦ ટકા ઘટયું

જામનગરઃ જામનગરને બ્રાસ સીટીનું બીરુદ અપાવનાર ઘડીયાળના મોગરાથી માંડીને વિમાનના મહત્વના પાર્ટસનું ઉત્પાદન કરતાં દેશના સૌથી મોટા અને એક માત્ર બ્રાસપાર્ટ ઉદ્યોગને મંદીનો માર પડવા લાગતાં ઉદ્યગગનરના ધમધમાટમાં ઓટ આવી ગઈ છે.

જામનગરની સાત લાખની વસ્તીમાંથી પ્રત્યક્ષ-પરોક્ષ રીતે ૩ લાખ લોકો જેના સાથે સંકળાયેલા છે.તેવા જામનગરમાં ફેઝ-૧,૨ અને ૩ એમ ત્રણ ભાગોમાં વહેંચાયેલા બ્રાસ ઉદ્યોગ ધરવતા જીઆઈડીસી વિસ્તારમાં કુલ પાંચ હજારથી વધુ કારખાનાઓ આવેલા છે. જેમાં સેનેટરી વેર,મીજાગરા,બારી દરવાજાના હેન્ડલ,ઈલેક્ટ્રીક પાર્ટસ, ઈલેક્ટ્રોનિક્સ પાર્ટસ,ઓટો પાર્ટસ જેવી અસંખ્ય વસ્તુઓનું ઉત્પાદન કરવામાં આવે છે.ઉદ્યોગનગરમાં તેજીના સમયમાં એક લાખ જેટલા કારીગરો કામ કરતાં હતાં.તેમજ સંખ્યાબંધ લોકો જોબવર્ક સાથે સંકળાયેલા હતાં.હાલ મંદીના સમયમાં કામદારોની સંખ્યામાં ખાસ્સો ઘટાડો આવ્યો છે.વીસેક હજાર લોકો છુટા થયા છે.તેમજ રાત્રે ૭-૮ વાગ્યા સુધી ધમધમતા ઉદ્યોગનગરમાં સાંજે ૪-૫ વાગ્યે સન્નાટો થવા લાગ્યો છે. કામના અભાવે કારખાનેદારો દ્વારા કારખાના વહેલા વધાવી લેવામાં આવે છે.અમુક પરચુરણ જોબવર્કવાળા ધંધાર્થીઓએ કામના અભાવે કામ બંધ કરીને બીજા કામે લાગ્યાનું પણ ઉદ્યોગકારો જણાવે છે. ફેક્ટરી ઓનર્સ એસો.ના પ્રમુખ લાખાભાઈ કેશવાલા જણાવે છે કે,છેલ્લા કેટલાક સમયથી ઓટો અને રીયલ એસ્ટેટ સહિતના ક્ષેત્રમાં મંદીની વિપરિત અસર બ્રાસ ઉદ્યોગ પર પણ પડી છે.

ઉદ્યોગોમાં કેશ ફ્લો(નાણાકીય પ્રવાહ) દિન પ્રતિદિન ઓછો થઈ રહ્યો છે.જેથી ઉદ્યોગકારો આર્થિક સંકડામણ અનુભવી રહ્યા છે.હાલમાં ઓટો અને હાર્ડવેર પાર્ટસનું ઉત્પાદન ૫૦ ટકા જેટલું થઈ ગયું છે.ઉદ્યોગકારો દ્વારા કામદારોની રોજીરોટી જળવાય રહે તે માટે ઓછું તો ઓછું ઉત્પાદન ચાલુ રાખ્યું છે.જામનગરની જીવાદોરી સમાન બ્રાસ ઉદ્યોગને ફરી ધબકતો કરવા માટે સરકાર દ્વારા જેમ ઉદ્યોગો માટે રાહતો જાહેર કરાઈ હતી.

## ભુજમાં ૧૧૨ જણે સામૂહિક રીતે બૌદ્ધ ધર્મ અંગીકાર કર્યો

ભુજ: સરહદી કચ્છના ઈતિહાસમાં સૌ પ્રથમ વખત પારિવારિક સામૂહિક બૌદ્ધ ધર્મ દીક્ષા સમારોહ ભુજ ખાતે યોજવામાં આવ્યો હતો, જેમાં ૧૧૨ જણે સામૂહિક રીતે બૌદ્ધ ધર્મ અંગીકાર કર્યો હતો. કાર્યક્રમનું આયોજન બૌદ્ધ ધમ્મ દીક્ષા સમિતિ દ્વારા કરવામાં આવ્યું હતું. બૌદ્ધ ધર્મના દિક્ષા સમારોહની શરૂઆત પરંપરાગત રીતે ત્રિવિધ અર્પણ, ત્રિશરણ, પંચશીલ, વિધાયક પંચશીલ ધર્મચારીણી, અનોમસુરી દ્વારા લેવડાવાયા હતા. આ દીક્ષા સમારોહના અધ્યક્ષ અને ગુજરાતના વરિષ્ઠ ધર્મચારી રત્નાકરજીએ દીક્ષાર્થીઓને બૌદ્ધ ધર્મની દીક્ષા આપી હતી. આ બાબતે કલેકટર નાગરાજન મહાલિંગમને પૂછવામાં આવતાં તેમણે આવી કોઇ મંજૂરી તંત્રે આપી ન હોવાનું જણાવી મંજૂરી લેવાની થાય છે કેમ તે બાબત પોતે ચકાસશે, એમ જણાવ્યું હતું.

## રાજકોટમાં આજીવિકા મિશન યોજનામાં 3 કરોડનું કૌભાંડ

રાજકોટ : રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન યોજનામાં રૂ. ત્રણ કરોડથી વધુનું કૌભાંડ થયું હોવાનો આક્ષેપ શહેર કૉંગ્રેસના ઉપપ્રમુખ ડો. હેમાંગ વસાવડાએ કર્યો હતો. યોજના મુજબ જે તે સંસ્થા તાલીમાર્થીને તાલીમ આપી તેને નોકરીએ ચઢાવવા માટે ૨૦ હજાર ચુકવવાના રહે છે. પરંતુ આ યોજનાને કોન્ટ્રાક બેઝ પર આઉટસૉર્સિંગ કરી નાખવામાં આવી છે અને આ કોન્ટ્રાક્ટકર્મીને ૧૦ હજારના માસિક વળતરથી નોકરી પર કામચલાઉના ધોરણે રાખવામાં આવે છે. જે સમગ્ર મામલે કૉંગ્રેસે ઘટસ્ફોટ કરી પૂરતા પુરાવા રજૂ કર્યાં હતા અને આક્ષેપ કરતાં કહ્યું કે આઉટસૉર્સિંગના નામે કરોડો રૂપિયાનું કૌભાંડ આચર્યાનો આક્ષેપ કરી સમગ્ર મામલે ઊંડાણપૂર્વક તપાસ કરવા કૉંગ્રેસે માગ કરી હતી.

## ભચાઉ- ગળપાદરમાં બે જૂથો વચ્ચ ધિંગાણું, પાંચ ઘવાયા

ગળપાદરમાં રહેતા શંભુ કાના લોખીલ ગત સોમવારના બપોરના ઈદગોર પાસેથી પસાર થતો હતો, ત્યારે આરોપી નવીન ધના વીરડા, બાબુ મ્યાજર વીરડા, પ્રવીણ મ્યાજર વીરડા, કરણ બાબુ વીરડા તથા ભાવેશ ધના વીરડા ત્યાં ધસી ગયા હતા. આરોપીએ શંભુને રોકીને રાત્રે સતી ચોકમાં તારો સાળો મયૂર બચી ગયેલ નહીં તો પૂરો કરી દેત અને તે તારા સાળાને ચડાવીને જે ફરિયાદ કરેલ છે, જેમાં મારું નામ લખાવેલ છે તેમ કહી ગાળો આપી હતી. મામલો ઉગ્ર બની જતાં આરોપીએ છરી, લાકડી, પથ્થર ધારણ કરી શંભુ તથા તેના પિતા અને બાબુ ખેંગાર પર હુમલો કરી ગંભીર ઈજા પહોંચાડી હતી. સામા પક્ષે નવીન ધના વીરડાએ નોંધાવેલી પ્રતિ ફરિયાદ ટાંકીને પોલીસે જણાવ્યું હતું કે, આરોપી મયૂર બાબુ બરાડિયા, શંભુ કાના લોખીલ, કાનજી રાજા લોખીલ, ભરત કાના લોખીલ, બાબુ ખેંગાર લોખીલ, અમિત રામજી જેર અને ઉત્તમ સામજી જેરે છરી, પાઈપ, પથ્થર, લાકડી વડે માર મારી નવીન તથા પ્રવીણ મ્યાજર વીરડાને માર માર્યો હતો. જે અંગે પોલીસે બંને પક્ષે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. વરસામેડીમાં કચરો નાખવા મુદ્દે થયેલી બોલાચાલીમાં યુવાનની હત્યા નીપજાવાનો પ્રયાસ કરાયો હતો, જે બનાવમાં વાલજી રામજી આહીરે પ્રતિ ફરિયાદ નોંધાવી છે.

## ગઝલકાર ખલીલ ધનતેજવીને નરસિંહ મહેતા અવોર્ડ

ગુજરાતી ભાષાના પ્રખર શાયર ખલીલ ધનતેજવીને વર્ષ ૨૦૧૯નો નરસિંહ મહેતા અવૉર્ડ શરદ પૂનમની સોહામણી સંધ્યાએ ગિરનારની ગોદમાં ભવનાથ સ્થિત ખાતે પૂ. મોરારિબાપુના હસ્તે એનાયત કરાયો હતો. કાર્યક્રમમાં સંસ્થાના હેમંતભાઈ નાણાવટી, ભીખુદાન ગઢવી તેમ જ આદ્યકવિ નરસિંહ મહેતા ટ્રસ્ટના રઘુવીર ચૌધરી, લાભશંકર પુરોહિત, હરિશચંદ્ર જોષી, હર્ષદ ચંદારાણા, પૂર્ણિમા ખંડેરિયા, પ્રણવ પંડ્યા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

First Flight
FFCL Couriers Inc.
દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ
તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ
1 LB $12 વધુ દર LB ના $4
11 LB $42 વધુ દર LB ના $4
23 KG $140, વધુ દર KG ના $8
30 KG $185, વધુ દર KG ના $8
ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)
જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ચાર શાખાઓ

બ્રામ્પટન (વેસ્ટ)
૫૧૯, રે લોસન બુલેવાર્ડ યુનિટ-૩
બ્રેમ્પટન ON L6Y 0N2
ટે. 647-761-1317, 647-657-9631
ચાંદનીચોક પ્લાઝા સબ્ઝી મંડીની સામે
સોમ-શુક્ર ૩.૦૦ PM થી ૭.૦૦ PM
શનિ-રવિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM

India import Services Available
બ્રામ્પટન (વેસ્ટ) : 647-657-9631, 647-761-1317
સ્કારબોરો : 416-619-0352,
મીસીસાગા : 905-673-9631

સ્કારબોરો
૮૮૦ મારખમરોડ, યુનિટ ૮
મેઈન ઈન્ટરસેક્શન મારખમરોડ & પેઈન્ટેડ પોસ્ટ
સાંઈલીલા ખમણ-ઢોકલા હાઉસ કોમ્પલેક્ષ પાસે.
ટે. 647-657-9631 / 905 673 9631
સોમ-શુક્ર : ૨.૦૦ PM થી ૭.૦૦ PM
શનિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM

મીસીસાગા
2960 ડ્રયુ રોડ, યુનિટ-૧૫૮,
મીસીસાગા ON L4T 0A5
ટે. 905-673-9631, 905-231-0527, 647-657-9631
ગ્રેટ પંજાબ પ્લાઝા, માલ્ટન,ગુરુદ્વારા પાસે
સોમ-શુક્ર ૯.૩૦ AM થી ૭.૦૦ PM
શનિ-રવિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM

૬૪૭-૬૫૭-૯૬૩૧
www.firstflightcanada.com

સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS

Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road,
Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.

Editor & Publisher : Manoj Gandhi
Director : Nilesh Tailor
Advisor : Zakir Patel
Sub Editor : Chhaya Gandhi
Montreal Bureau : Vijay Patel (514-826-7442)

Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh

GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)

Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# વડોદરા પંચાયતમાં અવિશ્વાસની દરખાસ્ત માટે ભાજપ અને બળવાખોરોનો પનો ટૂંકો

**• વડોદરા જિલ્લા પં.ના ૩૬ સભ્યો પૈકી ૨૪ સભ્યોનું સંખ્યાબળ સાપસીડી જેવું**

વડોદરા : વડોદરા જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ સામે અવિશ્વાસની દરખાસ્તનો ફ્લોર ટેસ્ટ તા.૨૨મી ઓક્ટોબરે યોજાશે. અવિશ્વાસની દરખાસ્ત પસાર કરવા ભા.જ.પ સહિત બળવાખોરોની સંખ્યા ૨૪ (બેતૃતિયાંસ)હોવી અનિવાર્ય છે. સૂત્રોના જણાવ્યા મુજબ હાલમાં ભા.જ.પ સહિત બળવાખોરોની સંખ્યા ૨૧ છે. જેથી અવિશ્વાસની દરખાસ્ત પસાર કરવા માટે વધુ ૩ સભ્યોની આવશ્યકતા છે.

જ્યારે બીજી બાજુ કોંગ્રેસના ૧૪ સભ્યોને ઉપપ્રમુખને સમર્થન આપવા માટે મહિસાગર પીવડાવી સોગંદ લેવડાવવામાં આવ્યા હોવાની વાત વહેતી કરવામાં આવી છે. રસાકસી ભરેલા સત્તાના ખેલમાં સભ્યોની બોલી(હોર્સ ટ્રેડિંગ)નો આંક ઉત્તરોત્તર ઉપરને ઉપર જતો જાય છે. જિલ્લા પંચાયતમાં એવી ચર્ચાએ જોર પકડયું છે કે પન્નાબેન ભટ્ટને પ્રમુખપદની ખુરસી પરથી ઉથલાવી દેવા ઉપપ્રમુખ એમ.આઈ.પટેલે પણ આંગળી ઊંચી કરી હતી. જેનો બદલો લેવા કોંગ્રેસના અગ્રણી અને પૂર્વ પ્રમુખ પન્નાબેન ભટ્ટના પતિ દિલીપ ભટ્ટ પણ ઉપપ્રમુખ સામે અવિશ્વાસની દરખાસ્ત પસાર કરાવવા માટે સક્રિય બન્યા છે. જિલ્લા પંચાયતમાં ચાલતા સત્તાના અગનખેલથી સૌથી વધુ દુઃખી કોંગ્રેસના કાર્યકરો થયા છે.

જિલ્લા પંચાયતના રાજકારણમાં લોકસેવા કે વિકાસના કામોની માત્ર ગુલબાંગો પોકારાય છે. કરોડો રૂપિયાના અનુદાનની માત્ર ભાગબટાઈના ખેલમાં ખલેલ પહોંચતા બળવાખોરીનું બ્યુગલ ફુંકવામાં આવ્યું હતું. જેનો લાભ ભાજપે લઈ સત્તા પરિવર્તન કરાવવામાં સફળતા મેળવી હતી.

# ઓડ નગરપાલિકાની પ્રમુખપદની ચૂંટણીમાં ભાજપના પ્રમુખ ચૂંટાયા

**• કોંગ્રેસના પાંચ સભ્યોના ટેકાથી ગોપાલસિંહ રાઉલજી પ્રમુખપદે ચૂંટાયા**

આણંદ : આણંદ જિલ્લાની ઓડ નગરપાલિકામાં ૨૪માંથી ૧૬ બેઠકો જીતીને કોંગ્રેસ પક્ષે સત્તા હસ્તગત કરી હતી. જો કે દોઢ જ મહિનામાં કોંગ્રેંસમાં આંતરિક ડખા વધી જવાના કારણે પાલિકા પ્રમુખ પ્રશાંતભાઈ પટેલે પોતાના પદ પરથી રાજીનામું આપી દીધુ હતુ. સાથે સાથે અન્ય ચાર સભ્યોએ પણ ભાજપ સાથે ગઠબંધન કર્યું હતુ. થોડા સમય પૂર્વે હાઈકોર્ટ દ્વારા કામચલાઉ મનાઈ હુકમ હટાવી લેવાતા જિલ્લા કલેક્ટર દ્વારા તા.૧૪ ઓક્ટોબરના રોજ ઓડ નગરપાલિકાના પ્રમુખની ચૂંટણી યોજવા જાહેરનામુ પ્રસિધ્ધ કરાયું હતું. ચૂંટણીમાં ભાજપ તરફથી ગોપાલસિંહ રાઉલજીએ પ્રમુખપદ માટે જ્યારે કોંગ્રેસ તરફથી દિપ્તીબેન પટેલે પોતાની ઉમેદવારી નોંધાવી હતી. પ્રમુખપદની ચૂંટણી યોજાતા ગોપાલસિંહ રાઉલજીને ૧૩ મતો મળ્યા હતા જ્યારે કોંગ્રેસના દિપ્તીબેન પટેલને ૧૦ મત મળ્યા હતા. જેથી ચૂંટણી અધિકારીએ ભાજપના ગોપાલસિંહ રાઉલજીને વિજેતા જાહેર કરતા ભાજપ છાવણીમાં આનંદની લાગણી વ્યાપી હતી તો બીજી તરફ કોંગ્રેસ છાવણીમાં સોપો પડી ગયો હતો.

# આણંદમાં જિલ્લા કોંગ્રેસના પૂર્વ પ્રમુખ વિનુભાઈ ઠાકર ભાજપમાં જોડાતા તર્ક-વિતર્ક

આણંદ : આણંદ જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખને સસ્પેન્ડ કરવાની વાતથી જિલ્લાનું રાજકારણ ગરમાઈ જવા પામ્યું છે. આણંદ જિલ્લા કોંગ્રેસ સમિતના પૂર્વ પ્રમુખ વિનુભાઈ ઠાકોર ઉપર નાણાંકીય ગોલમાલ સંદર્ભે આક્ષેપ કરાતા તેઓએ બાંયો ચઢાવી કોંગ્રેસ સાથે છેડો ફાડી નાખી ભાજપનો ભગવો ધારણ કરી લેતા ગોલમાલ અંગેના આક્ષેપોને લઈ પૂર્વ પ્રમુખે રાજીનામુ આપ્યું કે પછી કોંગ્રેસની અંદરોઅંદરની લડાઈથી પદ છોડયું તે અંગે અટકળોએ જોર પકડયું છે. આણંદ જિલ્લા કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખને પ્રદેશ પ્રમુખ દ્વારા તા.૧૧ના રોજ સ્થાનિક સહકારી મંડળીમાં નાણાંકીય ઉચાપતની ફરિયાદો તેમજ જિલ્લા કોંગ્રેસ સમિતિના નામે ગેરરીતિપૂર્ણ આર્થિક લેવડ-દેવડ અને ગોલમાલની રજૂઆતોને લઈ તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં આવતા રાજકારણમાં ગરમાવો આવ્યો હતો.

# પહેલી વખત મહારાજા સયાજીરાવ પર સંસ્કૃત મહાકાવ્યની રચના થઈ

વડોદરા : વડોદરાના દિર્ઘદ્રષ્ટા રાજવી મહારાજા સયાજીરાવ પર અત્યાર સુધીમાં સેંકડો પુસ્તકો લખાયા છે પણ પહેલી વખત એમ.એસ.યુનિવર્સિટીની આર્ટસ ફેકલ્ટીના સંસ્કૃત વિભાગના અધ્યાપક પ્રો.આર કે પાંડાએ મહારાજા સયાજીરાવ પર સંસ્કૃત મહાકાવ્યની રચના કરી છે.

૨૯ અધ્યાયમાં વહેંચાયેલા શ્રીસયાજીગૌરવં મહાકાવ્યમ નામના આ મહાકાવ્યમાં કુલ ૧૫૦૦ શ્લોકોનો સમાવેશ થાય છે.જેની રચના કરતા પ્રો.પાંડાને ત્રણ વર્ષનો સમય લાગ્યો હતો.આ મહાકાવ્ય ગુજરાત સાહિત્ય અકાદમીએ ૨૨૫ પાનના પુસ્તક સ્વરુપે પ્રકાશિત કર્યુ છે.આર્ટસ ફેકલ્ટીના સંસ્કૃત વિભાગ દ્વારા શરુ કરાયેલા સેન્ટર ફોર સ્પોકન સંસ્કૃતનુ આવતીકાલે ઉદઘાટન થવાનુ છે.આ પ્રસંગે સયાજીરાવ પરના આ મહાકાવ્યનુ પણ વિમોચન કરવામાં આવશે. પ્રો.પાંડા કહે છે કે, સયાજીરાવની સાથે સાથે ગુજરાતમાં પણ આધુનિક સમયમાં રચાયેલુ આ પહેલુ સંસ્કૃત મહાકાવ્ય છે.સયાજીરાવ પરના ઢગલાબંધ સાહિત્યમાંથી માહિતી એકઠી કરીને તેમાંથી સંસ્કૃત શ્લોકની રચના કરવાની કામગીરી પડકારજનક હતી.આ મહાકાવ્યમાં સયાજીરાવના સમગ્ર જીવનચરિત્રને આવરી લેવાયુ છે. ખાસ કરીને તેમના વ્યક્તિત્વના પાસા પર મેં વધારે ભાર મુક્યો છે. સયાજીરાવે વ્યક્તિગત જીવનમાં ભારે સંઘર્ષ કર્યો હતો.તેમને ઘણા દુઃખ પણ જોયા હતા.

# વડોદરામાં મુરતિયો પસંદ ન પડતા સ્યુસાઈડ નોટ લખી યુવતી લાપતા

વડોદરા : અકોટા વિસ્તારમાં રશીદા (નામ બદલ્યું છે) તેની માતા સાથે રહે છે. રશીદાના ઘેર તેની માતાને મળવા માટે વારંવાર એક ત્રાહિત પુરૂષ છેલ્લા કેટલાક વખતથી આવતો હતો. માતાનો ફ્રેન્ડ ઘેર આવતો હોવાથી રશીદા નારાજ રહેતી હતી. રશીદાને એક યુવક સાથે પ્રેમ થઈ ગયો છે અને તેઓ બંને લગ્ન કરવા ઈચ્છે છે. પરંતુ, રશીદાની માતા તે માટે સંમત થતી નહોતી. જેથી માતા-પુત્રી વચ્ચે આ મુદ્દે ચકમક પણ ઝરતી હતી. રશીદાના ઘેર આવતો માતાનો ફ્રેન્ડ પણ માતાનો પક્ષ લઈ રશીદાને લગ્ન કરી લેવા દબાણ કરતો હતો. રશીદાની માતાએ થોડા દિવસ પહેલાં એક આધેડવયનો ડિવોર્સી મૂરતિયો શોધી કાઢ્યો હતો જેથી કંટાળી ગયેલી રશીદાએ ગૃહત્યાગ કર્યો હતો. આત્મહત્યા કરવાના ઈરાદે રશીદાએ અકોટાના એક મકાન પાસે બેસીને રડતાં રડતાં સ્યૂસાઈડ નોટ લખી હતી અને તેમાં પિતા સમાન મૂરતિયા સાથે લગ્ન કરવા કરતાં મરવું પહેલાં પસંદ કરીશ..તેમ લખ્યું હતું.








# ॥ સંસ્કૃતિ ॥





હવે, સ્વદેશ વેબસાઈટના બદલાતા ક્લેવર
નિહાળો નીત નવા રૂપરંગમાં !!
માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ સર્જાતી
અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!
રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ,
પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!

www.swadesh.news

સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો

info@swadesh.news

હવે પછી નીચે મુજબના સરનામે તમામ પોસ્ટલ વ્યવહાર કરવા વિનંતી.
23 Lyric Road, Brampton ON L6S 0B4.


### અલહાબાદ હાઈકોર્ટના ચુકાદાનું પુનરાવર્તન કે પછી પરિવર્તન અંગે દેશભરમાં અટકળોનો દોર

# રામજન્મભૂમિ વિવાદનો ચૂકાદો હવે હાથવેંતમાં

**પ્રાસંગિક**

**ધવલ શુક્લ**

ભારત દેશમાં વર્ષોથી બે સમુદાય વચ્ચે વિવાદનું કારણ બનેલો અયોધ્યા કેસ હવે ચુકાદા તરફ પહોંચ્યો છે. અયોધ્યામાં રામમંદિર વિવાદ પર સુપ્રીમ કોર્ટમાં ચાલી રહેલી સુનાવણી પૂરી થઈ ગઈ છે. સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટીસ રંજન ગોગોઈની અધ્યક્ષતામાં નીમાયેલી પાંચ જજોની બંધારણીય બેન્ચે તમામ પક્ષોની દલીલો સાંભળીને ચુકાદો સુરક્ષિત રાખી લીધો છે. બુધવારે સુનાવણી શરુ થતા જ કોર્ટે સ્પષ્ટતા કરી દીધી હતી કે, આજના દિવસ પછી કોઈ પણ પક્ષકારને રજૂઆત કરવા માટે સમય નહીં મળે. સુપ્રીમ કોર્ટમાં અયોધ્યા કેસની સુનાવણી છઠ્ઠી ઓગસ્ટથી શરુ થઈ હતી. આમ તો આ વિવાદ વર્ષો જૂનો છે. બાબર રાજા સમયે થયેલી ઘટનાઓને આધાર રાખીને હિંદુ પક્ષકારો અને સંગઠનો લડત ચલાવતા આવ્યા છે. જેની સામે મુસ્લિમ સંગઠન વકફ બોર્ડ અને વ્યક્તિગત પક્ષકારો પણ મેદાનમાં છે.

સંભવત : નવેમ્બર માસમાં આ કેસનો ચુકાદો જાહેર થઈ જશે. આ ચુકાદો શું હશે તે વિશે અટકળો શરૂ થઈ ગઈ છે. રામમંદિરનો મામલો અત્યંત સંવેદનશીલ છે. આ મામલે ભૂતકાળમાં મોટા દંગલ થયાં છે અને રમખાણ મચેલાં છે. સુપ્રિમમાં છેલ્લા થોડા દિવસથી તો આ મામલે વધારાનો એક કલાક સુનાવણી ચાલી રહી હતી. કારણ એ કે, સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટીસ રંજન ગોગોઈએ અગાઉ કહી દીધું હતું કે, અયોધ્યા મામલાની સુનાવણી ૧૭ ઓક્ટોબર સુધીમાં પૂરી કરી દેવામાં આવશે. જોકે બાદમાં તેમણે આ સમયમર્યાદા પણ એક દિવસ ટૂંકાવીને ૧૬ ઓક્ટોબર અંતિમ દિન નક્કી કર્યો હતો. સુનાવણી બાદ ચુકાદો લખવામાં લગભગ એક મહિનાનો સમય લાગવાની શક્યતા છે.

બંધારણીય પીઠમાં ચીફ જસ્ટીસ ઉપરાંત જસ્ટીસ એસ.એ. બોબડે, જસ્ટીસ ડી.વાય. ચંદ્રચૂડ. જસ્ટીસ અશોક ભૂષણ અને જસ્ટીસ એસ.એ. નઝીર સામેલ છે. જો બધું પૂર્વનિર્ધારિત કાર્યક્રમ મુજબ ચાલ્યું તો એક મહિનામાં સવાસો વર્ષ કરતા યે વધારે જૂના અને રાજકીય અને ધાર્મિક રીતે અત્યંત સંવેદનશીલ રામજન્મભૂમિ-બાબરી મસ્જિદ જમીન વિવાદની કાનૂની લડાઈનો અંત આવી જશે. ચીફ જસ્ટીસ રંજન ગોગોઈ ૧૭ નવેમ્બર ૨૦૧૯ના દિવસે નિવૃત્ત થઈ રહ્યાં છે. તેથી જો ૧૭ નવેમ્બર સુધીમાં આ બંધારણીય બેન્ચ ચુકાદો ન આપે તો આ મામલાની સુનાવણી નવેસરથી નવી બેન્ચ સમક્ષ કરવાની થાય એમ છે. ખરેખર તો રામજન્મ ભૂમિ- બાબરી મસ્જિદ વિવાદ જમીનની માલિકીના હક સાથે જોડાયેલો મામલો એટલે કે, ટાઈટલ સૂટ હોવાથી કોર્ટના ચુકાદામાં કોઈ એક પક્ષ વિજયી બનશે અને બીજો પક્ષ પરાજિત થશે.

જમીનને લઈને દાખલ થયેલી ૧૪ યાચિકાઓમાં ત્રણ મુખ્ય પક્ષકારો નિર્મોહી અખાડા, રામલલા વિરાજમાન અને સુન્ની વકફ બોર્ડ છે. નિર્મોહી અખાડાનો દાવો સંપ્રદાયની સામૂહિક સ્મૃતિ પર આધારિત છે. જેની સ્થાપના ૧૪મી સદીમાં સંત કવિ રામાનંદે કરી હતી. નિર્મોહી અખાડાનો દાવો છે કે, તેઓ સાત સદીથી ભગવાન રામના ભક્ત છે. એટલા માટે અયોધ્યામાં રામજન્મભૂમિ કહેવાતી જમીન ઉપર તેમનો અધિકાર છે. અયોધ્યા જમીન વિવાદમાં આઠ મુસ્લિમ પક્ષકાર છે જેમાંના ચાર ઈકબાલ અંસારી, હાજી મહેબૂબ, મોહમ્મદ ઉમર, મિઝબાહુદીન અને મૌલાના મહફૂઝુર્રહેમાન વ્યક્તિગત રીતે લડત આપી રહ્યા છે. જ્યારે સુન્ની વકફ બોર્ડ અને જમીયત-ઉલેમા-એ-હિન્દનો રિપ્રેઝન્ટેટિવ સૂટ છે. આમાંના મોટાભાગના યાચિકાકર્તાઓ પહેલેથી જ વિવાદાસ્પદ જમીન છોડવાને લઈને રાજી છે.

૧૯૯૨માં બાબરી મસ્જિદ વિધ્વંસ બાદ કેન્દ્રમાંની તત્કાલિન નરસિમ્હા રાવની સરકારે સમગ્ર વિવાદાસ્પદ હિસ્સાને કબજામાં લઈ લીધો હતો. ૧૯૯૩માં વિવાદાસ્પદ સ્થળ તેમજ આસપાસની લગભગ ૬૭ એકર જમીનનું કેન્દ્ર સરકારે અધિગ્રહણ કરી લીધું હતું. બાદમાં કોર્ટે સમગ્ર પરિસરમાં યથાસ્થિતિ જાળવી રાખવાનો અને કોઈ ગતિવિધિ ન થવા દેવાના નિર્દેશ આપ્યાં હતાં. એ પછી અલાહાબાદ હાઈકોર્ટે ૩૦ સપ્ટેમ્બર ૨૦૧૦ના દિવસે અયોધ્યાની વિવાદાસ્પદ જમીન ઉપર ચુકાદો આપ્યો હતો. અલાહાબાદ હાઈ કોર્ટે અગાઉ એએસઆઈના તારણોને સ્વીકાર્યાં હતાં. હાઈ કોર્ટે તેને પુરાવા તરીકે માન્ય રાખીને ૩૦ સપ્ટેમ્બર ૨૦૧૦ના રોજ ચુકાદો આપ્યો કે, રામ જન્મભૂમિ સંકુલની વિવાદાસ્પદ જમીનમાંથી બે તૃતિયાંશ જમીન નિર્મોહી અખાડા અને રામલલ્લાના મિત્રની છે, જ્યારે એક તૃતિયાંશ જમીન મુસ્લિમોની છે. મુસ્લિમો વતી ઉત્તર પ્રદેશ સુન્ની સેન્ટ્રલ વકફ બોર્ડ લડતું હતું તેથી ત્રીજા ભાગની જમીનની માલિકી તેની હોવાનો નિર્ણય કોર્ટે કર્યો હતો. અલાહાબાદ હાઈ કોર્ટના ચુકાદામાં સૌથી મહત્ત્વની વાત એ હતી કે, જ્યાં ગર્ભગૃહ છે તે સ્થળ હિન્દુઓનું એટલે કે, રામજન્મભૂમિ ન્યાસની છે. મતલબ કે, બાબરી મસ્જિદ જ્યાં ઊભી હતી તે જમીન હિન્દુઓની છે. આ ચુકાદો સ્પષ્ટ રીતે હિન્દુઓની તરફેણમાં

હતો. કેમ કે, આ ચુકાદો એ વાતનું સમર્થન કરતો હતો કે આ સ્થળે રામમંદિર હતું. જો કે, અલાહાબાદ હાઈકોર્ટને પણ એ દરકાર હતી કે, જો કોઈ એક પક્ષની તરફેણમાં ચુકાદો ગયો તો બંને સમુદાયો વચ્ચે લાંબા સમયથી ચાલતું આવેલું વૈમનસ્ય વધી જશે, જે દેશહિતમાં નહીં હોય. એટલા માટે જ હાઈકોર્ટમાં તમામ પક્ષોને સાથે લઈને ચાલવાનો ચુકાદો આપવામાં આવ્યો હતો. ચુકાદામાં મુસ્લિમ સંગઠનને પણ જમીનનો હિસ્સો આપવાની વાત થઈ હતી. અયોધ્યા વિવાદને મધ્યસ્થી દ્વારા ઉકેલવાના પ્રયાસ પણ થયા હતાં. અલાહાબાદ હાઈકોર્ટે પણ મધ્યસ્થી નીમવા ત્રણ વખત પ્રયાસ કર્યા હતાં. તો સુપ્રીમ કોર્ટે પણ ગત માર્ચમાં આ મામલો શાંતિપૂર્વક ઉકેલવા ત્રણ મધ્યસ્થી નીમ્યા હતાં. સુપ્રીમ કોર્ટના રિટાયર્ડ જસ્ટીસ ફકીર મોહમ્મદ ઈબ્રાહિમ ખલીફુલ્લાના નેતૃત્ત્વમાં બનેલી ત્રણ સભ્યોની મધ્યસ્થતા સમિતિમાં આર્ટ ઓફ લિવિંગના સ્થાપક શ્રી શ્રી રવિશંકર અને સીનિયર એડવોકેટ શ્રીરામ પંચુને સમાવાયા હતા. સુનાવણીના અંતિમ દિવસે મધ્યસ્થતા સમિતિએ પોતાનો સેટેલમેન્ટ ડોક્યુમેન્ટ સુપ્રીમ કોર્ટને સોંપ્યો છે. તેમાં શું લખાયું છે તે તો હજી સ્પષ્ટ નથી. પરંતુ એવી ચર્ચા છે કે, સુન્ની વકફ બોર્ડે વિવાદાસ્પદ જમીન ઉપરનો હક જતો કરવા તૈયારી બતાવી છે. તેના બદલામાં તેણે મસ્જિદ માટે પર્યાપ્ત જમીન અને તેના નિર્માણ માટે સરકાર તરફથી આર્થિક સહાય મળે એવી માંગ કરી છે. હકીકતમાં આ મામલે મધ્યસ્થતા સમિતિ ઉકેલ લાવવામાં નિષ્ફળ નીવડયા બાદ સુન્ની વકફ બોર્ડે જ ગયા મહિને અનુરોધ કરીને મામલો વાતચીત દ્વારા ઉકેલવાની પહેલ કરી હતી.

રામ જન્મ ભૂમિ- બાબરી મસ્જિદ વિવાદને લઈને લોકોને ઘણી તકલીફો સહન કરવી પડી છે. આઝાદ ભારતમાં પણ આ મુદ્દો બે સમુદાય વચ્ચે તંગદીલીનું કારણ છાશવારે બનતો રહ્યો છે. તેથી સુપ્રીમ કોર્ટે પણ લડાઈને બાજુએ મૂકીને




એક માસમાં ચુકાદો નિશ્ચિત બનતા સુન્ની વકફ બોર્ડે સમાધાનની ઈચ્છા દર્શાવી પાંચ શરત રજૂ કરી, મસ્જિદ માટે અલગથી જગ્યા અને ફંડ ફાળવવા માંગ કરાઈ

▶▶ અનુસંધાન પેજ નંબર ૧૯

# સ્વદેશ

## નેટફ્લિક્સની આગામી સિરીઝમાં કાજોલ ચમકશે



મુંબઈ : અભિનેતા અજય દેવગણ અને તેની પત્નિ કાજોલ પણ હવે ડિજીટલ પ્લેટફોર્મ પર આવી રહ્યા છે. નેટફિલકસની આગામી ફિલ્મ ત્રિભંગમાં કાજલ અભિનય કરવાની છે. અજય દેવગણ આ ફિલ્મને પ્રોડ્યુસ પણ કરી રહ્યો છે. આ ફિલ્મનું નિર્દેશક હમ આપકે હૈ કૌન ફેઈમ અભિનેત્રી રેણુકા શહાણે નિર્દેશીત કરશે. ફિલ્મમાં કાજોલ સાથે તન્વી આઝમી અને મિથિલા પાલકર પણ છે. ત્રિભંગની કહાની મુંબઈના એક પરિવારની  ત્રણ પેઢી પર આધારીત છે. કહાનીની શરૂઆત ૧૯૮૦થી થશે અને આજના સમયમાં પુરી થશે. હ્રદયસ્પર્શી એવી આ કહાનીમાં રોજબરોજની જિંદગીમાં પરિવારના મહત્વને દેખાડવામાં આવશે. રેણેકાએ કહ્યું હતું કે ત્રિભંગનું નિર્દેશન કરવાની તક મળતાં હું ખુબ ઉત્સાહિત છું. મારા માટે નેટફિલકસ પર કામ કરવાની આ ખુબ સારી તક છે. સૌથી સારી વાત એ છે કે આ ફિલ્મ સમગ્ર દુનિયામાં એક જ દિવસે રિલીઝ થશે. અજયએ પણ નેટફિલકસ સાથે જોડાઈને પોતે ખુશ હોવાનું કહ્યું હતું. ફિલ્મની રિલીઝ તારીખ હવે પછી જાહેર થશે.

## દરેક ઇન્ડસ્ટ્રીમાં 'મી ટુ'ને લઇ ભય છે : કૃતિ સેનોન



મુંબઈ : હિરોપંતી ફિલ્મ સાથે બોલીવુડ કેરિયરની શરૂઆત કરનાર કૃતિ સેનોન બોલીવુડમાં એક આશાસ્પદ અભિનેત્રી તરીકે ઉભરી ચુકી છે. તેની પાસે અનેક ફિલ્મો હાથમાં રહેલી છે જેમાં હાઉસફુલ ફિલ્મનો સમાવેશ થાય છે. હાલમાં તેની ફિલ્મો લુકાછુપીને સફળતા મળી હતી. આ ઉપરાંત બરેલી કી બરફીમાં પણ તેની યાદગાર ભૂમિકા હતી. અન્ય જે ફિલ્મો છે તેમાં હાઉસફુલ સિરિઝની ફિલ્મનો સમાવેશ થાય છે. અક્ષય કુમાર સાથેની ફિલ્મમાં પણ તે કામ કરી રહી છે. મીટુના સંદર્ભમાં વાત કરતા તેનું કહેવું છે કે, દરેક ઈન્ડસ્ટ્રીમાં મી ટુની સ્થિતિ રહેલી છે. ગયા વર્ષે આને લઈને ચોંકાવનારો ઘટસ્ફોટ થયો હતો. હિરોપંતી ફિલ્મ સાથે કેરિયરની શરૂઆત કર્યા બાદથી તે અક્ષય કુમાર સાથે હવે કામ કરી રહી છે. આ પહેલા તેની અર્જુન પટિયાલા, લુકાછુપી, કલંક જેવી ફિલ્મો આવી હતી. લુકાછુપી સાથે ૨૦૧૯ની શરૂઆત કરનાર કૃતિ માને છે કે, દિવાળી પર તેની રજૂ થનારી ફિલ્મ હાઉસફુલ-૪ તમામ લોકોને ગમી જશે જ્યારે આ વર્ષના અંતમાં તેની જે ફિલ્મ રજૂ થનાર છે તેમાં આશુતોષ ગોવારિકરની પિરિયડ ડ્રામા ફિલ્મ પાનીપતનો સમાવેશ થાય છે. તેનું કહેવું છે કે, બોલીવુડમાં કુશળ અભિનેતાઓ મોટા પ્રમાણમાં છે. અક્ષય કુમાર સાથે તેના મ્યુઝિક વિડિયો ડેબ્યુમાં તેની બહેન નુપુર પણ કામ કરી રહી છે. ફિલ્મો હવે મહિલાલક્ષી બનવા લાગી છે જેને લઈને ખુશી વ્યક્ત કરી છે. તેનું કહેવું છે કે, ફરાહ ખાન એક નવી ફિલ્મ બનાવવા જઈ રહી છે જેમાં ઋત્વિક રોશનને લેવાનો નિર્ણય કરાયો છે. આ ફિલ્મમાં તેને રોલ મળી શકે છે. જો કે, હજુ સુધી અંતિમ નિર્ણય કરવામાં આવ્યો નથી. જો કે, તે આશાવાદી છે.

## કેન્સરને મ્હાત આપ્યા બાદ સોનાલી ફરી બોલીવૂડમાં એન્ટ્રી કરશે

મુંબઈઃ ગયા વરસે સોનાલી બેન્દ્રે બ્રેસ્ટ કેન્સરનો ભોગ બની હતી.જેની સારવાર લેવા તે અમેરિકા ગઈ હતી. સાજી થઈને મુંબઈ આવ્યા બાદ સોનાલી બોલીવૂડમાં કમબેક કરવા તૈયાર થઈ ગઈ છે. અભિનેત્રીએ કેન્સર સામેના જંગને એક નવો અનુભવ ગણાવ્યો હતો. એક ઈન્ટરવ્યુમાં સોનાલીએ કહ્યુ હતુ કે, ‘‘મને બોલીવૂડમાંથી ઘણી ઓફરો મળી રહી છે. પરંતુ હવે રૂપિયા કરતા મનગમતી સ્ક્રિપ્ટ પર કામ કરવાની છું. જે ફિલ્મ કરવાથી મને આનંદ આવશે તે જ ફિલ્મ હું સ્વીકારીશ. હવે હું સારું મહેનતાણું જોઈને ફિલ્મો પસંદ કરવાની નથી. પોતાને અને દર્શકોને પસંદ પડે તેવી ફિલ્મ અને પાત્ર પસંદ કરશે.’’ ટચૂકડા પડદે પણ સોનાલી રિયાલિટી શોની નિર્ણાયક હતી. તેને ફરીથી ’ઈન્ડિયાઝ બેસ્ટ ડ્રામેબાજ’ શોનું નિર્ણાયક બનવું છે. તેમજ તે ટચૂકડા પડદાની સિરીયલમાં પણ કામ કરવા તૈયાર છે.જોકે હવે તેને ’સેડ સ્ટોરી’ ઓએટલે કે ’ કરુણ અને રડવાના પાત્રો’ ભજવવા નથી.અંગત જીવનમાં બીમારીને કારણે તે ઘણું રડી છે, હવે તેને આનંદમાં રાખે તેવી જ ભૂમિકાઓ કરવી છે.



## વેબસિરીઝમાં સામંથા નેગેટિવ રોલમાં નજરે પડશે

ચેન્નઈઃ સાઉથ ફિલ્મ ઈન્ડસ્ટ્રીના સુપરસ્ટાર નાગાર્જુનની પુત્રવધૂ અભિનેત્રી સામંથા અક્કિનેની વેબ સિરીઝમાં કામ કરી રહી છે. અમેઝોન પ્રાઈમ પરની સ્પાઈ એકશન ડ્રામા સિરીઝ ‘ધ ફેમિલી મેન’ની બીજી સિઝનમાં સામંથા નેગેટિવ રોલ નિભાવતી જોવા મળશે. સામંથાને આ વેબ સિરીઝમાં ખુબ જ મહત્વપૂર્ણ ભૂમિકા આપવામાં આવી છે. સામંથા હવે ગ્લેમરસ રોલને છોડીને નવા પ્રયોગો કરી રહી છે. સામંથાનો નેગેટિવ રોલ માટે સંપર્ક કરવામાં આવતાં તેને આ રોલ ખુબ રોમાંચક લાગ્યો હતો. જો કે તેણે હજુ ડિલ સાઈન નથી કરી. ઔપચારિકતા જલ્દી પુરી થઈ જશે. ધ ફેમિલી મેનને ડીટૂઆર ફિલ્મ્સના સંસ્થાપક રાજ અને ડીકેએ બનાવી છે. સિરીઝમાં મનોજ બાજપાયીએ એક મધ્યમવર્ગીય વ્યકિતની ભૂમિકા નિભાવી છે. જે ખાનગીમાં રાષ્ટ્રીય તપાસ એજન્સી એનઆઈએ માટે કામ કરતો હોય છે. સિરીઝને દર્શકોએ ખુબ પસંદ કરી છે. સામંથા હવે બીજી સિઝનમાં જોવા મળશે. તે તેલુગુ ફિલ્મોની ખુબ જાણીતી અભિનેત્રી છે. સોશિયલ સાઈટ પર તે સતત પોતાની તસ્વીરો પોસ્ટ કરતી રહે છે.





## કેટરીના અને વિદ્યા બાલન એક સાથે કામ કરવા તૈયાર

મુંબઈ : હોલિવુડમાં ફીમેલ લીડ રોલવાળી એક્શન ફિલ્મોની હમેંશા ચર્ચા રહે છે. ફેન્સ અને ક્રિટિક્સ આ પ્રકારની ફિલ્મોને પણ પસંદ કરે છે. હવે એવુ લાગે છે કે બોલિવુડમાં પણ હવે આ પ્રવાહ જોવા મળી રહ્યો છે. રિપોર્ટની વાત પર વિશ્વાસ કરવામાં આવે તો હવે ટુંક સમયમાં જ બે ટોપ સ્ટાર અભિનેત્રી કેટરીના કેફ અને વિદ્યા બાલન સાથે કામ કરનાર છે. એક્શન અને કોમેડી ફિલ્મ તરીકે આ રહેનાર છે. બંને સુપરસ્ટાર અભિનેત્રી પ્રથમ વખત એક સાથે સ્ક્રીન શેયર કરતી નજરે પડનાર છે. આ એક એક્શન અને કોમેડી ફિલ્મ તરીકે રહેનાર છે. જેમાં નિર્માતા તરીકે આનંદ એલ રાય રહેનાર છે. બીજી બાજુ ફિલ્મનુ નિર્દેશનનુ કામ અનિરુદ્ધ ગણપતિ કરનાર છે. આ ફિલ્મ તેના નિર્દેશનમાં બની રહેલી પ્રથમ ફિલ્મ તરીકે છે. તેઓ રાયના પ્રોડક્શન હાઉસ સાથે લાંબા સમયતી જોડાયેલા રહ્યા છે. તમામ લોકો સારી રીતે જાણે છે કે અનિરુદ્ધ જીરો ફિલ્મના આસિસ્ટન્ટ ડાયરેક્ટર તરીકે હતા. ત્યાં જ તેમને કેટરીના કેફને ફિલ્મમાં કામ કરવાની ઓફર કરી હતી. રિપોર્ટના કહેવા મુજબ અભિનેતાઓની પસંદગીને લઈને હાલમાં કોઈ નિર્ણય કરવામાં આવ્યો નથી. ફિલ્મની પટકથા પર અંતિમ તબક્કામાં કામ ચાલી રહ્યુ છે. ટુંક સમયમાં જ પટકથા પૂર્ણ કરી લેવામાં આવશે. હાલમાં જ સુર્યવંશી ફિલ્મના શુટિંગ દરમિયાન કેટરીના કેફે કહ્યુ હતુ કે તે હજુ કોઈ પોલીસના રોલમાં દેખાઈ નથી જેથી તે પોલીસ કોપની ભૂમિકા કરવા માટે ઈચ્છુક છે. પ્રોફેશનલ ફ્રન્ટની વાત કરવામાં આવે તો એકબાજુ કેટરીના કેફ અક્ષયની સાથે સુર્યવંશી ફિલ્મમાં કામ કરી રહી છે.

## બ્લેક કોમેડી ફિલ્મમાં રિચા સેક્સ વર્કર બનશે



મુંબઈ : તાજેતરમાં જ રજૂ કરવામાં આવેલી ફિલ્મ સેક્શન ૩૭૫માં પોતાની એક્ટિંગ કુશળતાના કારણે તમામને પ્રભાવિત કર્યા બાદ હવે રિચા ચડ્ડા નવી ફિલ્મમાં કામ કરી રહી છે. રિચા ચડ્ડાને વધુ એક પડકારરૂપ ભૂમિકા મળી રહી છે. પ્રાપ્ત માહિતી મુજબ હવે રિચા ચડ્ડા અનુભવ સિંહાની બ્લેક કોમેડી ફિલ્મમાં સેક્સ વર્કરની ભૂમિકા અદા કરી રહી છે. તેનુ કહેવુ છે કે તે હાલમાં તમામ પડકારરૂપ રોલ કરી રહી છે. તે પોતાના વ્યક્તિત્વના તમામ પાસા અંગે માહિતી મેળવી રહી છે. તે પોતાની આગામી ફિલ્મ અભી તો પાર્ટી શરૂ હુઈ એને લઈને તૈયાર છે. નિર્દેશક અનુભવ સિંહાની આ ફિલ્મ બ્લેક કોમેડી ફિલ્મ છે. જેમાં રિચા ચડ્ડા કોમર્શિયલ સેક્સ વર્કરના રોલમાં દેખાશે. આ ફિલ્મના સંબંધમાં વાત કરતા રિચા ચડ્ડાએ કહ્યુ છે કે તે હવે દરેક પ્રકારના રોલ કરી રહી છે. તે આ પાર્ટ અનુભવ સિંહાની ફિલ્મ માટે કરી રહી છે. તે જે રોલ કરી રહી છે તે સોફ્ટી છે. તે વાતચીત દરમિયાન વ્યવસ્થિત બોલી શકતી નથી. રિચાનુ કહેવુ છે કે તેનુ આ બાબત જાણીને ખુશી થઈ છે કે સેક્શન ૩૭૫ બાદ તેની ફિલ્મમાં તેને લોકો એઐક જુદા જ અંદાજમાં જોનાર છે. તેનુ કહેવુ છે કે તેને સામાન્ય રીતે કોમેડી ફિલ્મો વધારે પસંદ છે. કોમેડી ફિલ્મ કરવાની બાબત કોઈ પણ કલાકાર માટે હમેંશા મુશ્કેલ હોય છે. વિતેલા વર્ષોમાં પણ રિચા કેટલીક એવી ફિલ્મો કરી ચુકી છે  જેની ચર્ચા ચાહકોમાં રહી છે. તેની છાપ એક સેક્સી સ્ટાર તરીકે ઉભરી ચુકી છે. જેના કારણે તેને આવી જ ફિલ્મોના રોલ વધારે મળી રહ્યા છે. રિચા હજુ સુધીની પોતાની બોલિવુડ કેરિયરને લઈને આશાવાદી છે. અનુભવ સિંહાની ફિલ્મના સંબંધમાં રિચા દ્વારા હજુ સુધી વધારે કોઈ વાત કરવામાં આવી નથી. તે આ મુદ્દે  ફિલ્મ સુધી મૌન રહેવા માટે ઈચ્છુક છે.

વિઝા-ઈમિગ્રેશનની સાચી અને જરૂરી માહિતી માટે મળો
PROFESSIONAL SERVICES Guaranteed
Super & Visit Visa - Student Visa
Refused Spousal & Super / Visit Visa Application
સુપર / વિઝિટ વિઝા / સ્ટુડન્ટ વિઝા
We also do P.I.O. and O.C.I. applications
In-Canada students can apply for parents visit visa and spousal open work permit
ICC Canada Immigration Solutions Inc.
Toll Free: 1.866.341.2424 | info@iccimmigration.ca | www.iccimmigration.ca
H.O. 1137 Derry Road East, Mississauga, ON L5T 1P3
Tel: 905-461-2424
Ripudaman Dhillon iccrc crcic Manu Datta

"Let Me Make Your Dream Home Into A Reality"
Residential, Commercial & Investment in Real Estate
JAY PATEL
SALES REPRESENTATIVE
Dir : 647-241-3818
jaypatel1323@gmail.com
$329,000 25 Kensington Rd Very Bright And Spacious Unit. Good Size Living Room, Enclosed Balcony, Low Maintenance. Fantastic Value! Neat To Bramalea City Center, Transit, Library, School And Chinguacousy Park. BRAMPTON
$799,999 13 Wilke Tr A Must See, Spacious 4 Bedrooms Home With Upgraded Hardwood & Tiles, 9" main Ceiling, Double Door Entry, Dream Kitchen With Quartz Countertops & Marble Backsplash, Stainless Steel Appliances, Freshly Painted, Open Concept With Fireplace In Family. Walking Distance To Schools. BRADFORD WEST GWILLIMBURY
$849,900 42 Military Cres Show Stopper 1 Year Old Rose Heaven Built 4 Bedroom 2311 Sq Ft Energy Star Home. 8Ft Double Door Entry, 9Ft Smooth Ceiling, Master Bedroom With 9Ft Coffered Ceiling, Quartz Kitchen Counter Top & Back Splash, Tall Maple Kitchen, Pot Lights, California Shutters, Luxury Berber Carpet, Gas Fire Place, Separate Living And Family, Italian Porcelain Tiles. BRAMPTON
$999,000 8 Midcrest Circ Welcome To 8 Midcrest Cir 4+Years Old 4 Bedrooms Detached Home, Quality Through-Out. Upgraded 8'High Door On Main Floor. Painted In Neutral Colors. Wood Stained Staircase With Iron Spindles, Main Floor 9 Ceiling With Pot Lights, Hands Craped Strip Hardwood Floor In Living, Dining & Family Room. Kitchen Features Extended Height Upper Cabinets With Modern Back Splash, Built In Appliance's & Quartz Counter. BRAMPTON
HOMELIFE MAPLE LEAF REALTY LTD.
Each Office Independently Owned & Operated
Office Address- 80 Eastern Avenue, Unit #3, Brampton, Ontario, L6W 1X9
Ph. No. : 905-456-9090

# હોલિવુડની હલચલ

## દિગ્ગજ હીરોએ મારા સ્કર્ટમાં હાથ નાંખ્યો હતો : નાઓમી



લોસએન્જલસ : બોલિવૂડની જેમ હોલિવૂડમાં પણ યૌન શોષણની ઘટનાઓ અવાર નવાર સામે આવતી રહે છે. આ પહેલા પણ એક અભિનેત્રીની વાતો આવી હતી એ જ રીતે હવે બીજી એક ખ્યાતનામ અભિનેત્રીએ ગંભીર આરોપો નાખ્યા છે. હોલિવૂડની પ્રખ્યાત જાસુસી ફિલ્મ સીરિઝ જેમ્સ બોન્ડમાં અભિનય કરી રહેલી હીરોઈન નાઓમી હેરિસે એક ખુબ મોટા સ્ટાર પર ગંભીર આરોપ નાખ્યો છે. એક સમયે ઓસ્કાર માટે નોમિનેટ થઈ ચૂકેલી હીરોઈને જણાવ્યું કે તે જ્યારે ૧૫ વર્ષની હતી ત્યારે આવી ઘટના ઘટી હતી. નાઓમીએ કહ્યું કે, હું એક ઓડિશન માટે ગઈ હતી. ત્યારે જ એખ ખુબ મોટા સ્ટારે મારા સ્કર્ટમાં હાથ નાખ્યો. મારા માટે સૌથી ચોંકાવનારી વાત એ હતી કે તે સમયે કાસ્ટિંગ ડાયરેક્ટર અને એક મશહુર ડાયરેક્ટર પણ ત્યાં હાજર હતાં. પરંતુ ત્યાં કોઈએ એક શબ્દ પણ ન બોલ્યો. કદાચ બની શકે કે એ મોટો સ્ટાર હોવાનાં નાતે કોઈએ મોઢું ખોલ્યું ન હોય. સૌથી મોટી વાત એ છે કે એ શખ્સ હાલમાં પણ ઈન્ડસ્ટ્રીમાં ખુબ ફેમસ છે. અભિનેત્રીએ આગળ વાત કરી કે તેમે ઘણી વખત આવા પૂરુષોનો સામનો કરવો પડ્યો છે. પરંતુ કેંબ્રિજમાં મળેલી શિક્ષાના કારણે તે દર વખતે બચતી આવી છે. હેરિસ જણાવે છે કે, મને લાગે છે કે આપણા બધા પાસે દિમાગ છે. જો આપણે એનો ઉપયોગ કરીએ તો ઘણી પરિસ્થિતિઓમાંથી બહાર નીકળી શકીએ છીએ.

## ડોનાલ્ડ ટ્રમ્પ માનસિક રૂપથી બિમાર છે : રિહાન્ના



લોસએન્જલસ : હોલીવુડની પ્રખ્યાત સિંગર રિહાન્નાએ એક મીડિયા હાઉસ સાથેની મુલાકાતમાં અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને માનસિક રૂપથી બિમાર કહ્યા હતા. આ વર્ષની શરૂઆતમાં અલ પાસો અને ડેટોનમાં સામૂહિક ગોળીબાર અંગે ટ્રમ્પના જવાબ પર એક ટિપ્પણી કરી હતી. તે સમયે ટ્રમ્પે ગોળીબારને 'કાયર' ઘટના ગણાવી હતી. આ અંગે ટ્વિટ કરતી વખતે રિહાન્નાએ કહ્યું હતું કે તેને બદલે તે લોકોને 'આતંકવાદી' કહેવા જોઈએ. રિહાન્નાએ કહ્યું કે ખરીદવામાં આવેલા જંગી હથિયારેને કારણે લોકોની હત્યા કરવામાં આવી રહી છે. જે ખૂબ જ દુખદ છે. આ સિવાય તેણે વધુમાં કહ્યું કે આ ભયંકર છે. આ ક્યાંયથી સામાન્ય નથી. આ ક્યારેય સામાન્ય ન હોઈ શકે. એમ પણ કહ્યું કે કંઈક બીજું એટલા માટે કહેવામાં આવી રહ્યું છે કારણ કે તેમનો રંગ અન્ય કરતા જુદો છે? આ ચહેરા પર થપ્પડ જેવો છે. સૂત્રો મુજબ, રિહાનાએ કહ્યું કે તે સંપૂર્ણ રંગભેદ છે. જો તેના સ્થાને કોઈ અરબ વ્યક્તિ વોલમાર્ટમાં આવા યુદ્ધ શસ્ત્રથી સમાન વર્તન કરે, તો ટ્રમ્પ તેમને જાહેર સભામાં માનસિક બીમાર ક્યારેય નહીં કહે. તેણે કહ્યું કે, જો કોઈ પણ વ્યક્તિ અમેરિકામાં સૌથી વધુ માનસિક બીમાર છે, તો તે યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ છે.

## બીજા બાળકના જન્મ બાદ નતાલી-બેન્જામીન ખૂબ ખુશ છે



લોસએન્જલસ : અભિનેત્રી ખુબસુરત નતાલી પોર્ટમેને બાળકીને જન્મ આપ્યા બાદ ફરી સક્રિય બની ચુકી છે. તેની પાસે નવી કેટલીક ફિલ્મોની ઓફર આવી ચુકી છે. ફિલ્મોમાં ફરી એન્ટ્રી કરવા માટે તે તૈયાર છે. નતાલીની બાળકીનુ નામ અમાલિયા રાખવામાં આવ્યુ છે. ઈ-ન્યુઝના અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે ૩૫ વર્ષીય ઓસ્કાર વિજેતા અભિનેત્રી નતાલી પોર્ટમેન બીજી વખત માતા બન્યા બાદ ભારે ખુશ છે. પતિ બેન્જામીન મિલ્લેપેઈડે પણ ભારે ખુશી વ્યક્ત કરી છે. નતાલી અને તેના કોરિયોગ્રાફર પતિએ બ્લેક સ્વાન નામની સુપરહિટ ફિલ્મમાં સાથે કામ કરી ચુક્યા છે. પેરિસ ઓપેરા બેલેટના પૂર્વ ડાન્સ ડિરેક્ટર બેન્જામીન અને નતાલી પોર્ટમેન પહેલાથીજ પાંચ વર્ષના પુત્ર એલેફના માતાપિતા તરીકે છે. નતાલી પોર્ટમેન તેના સગર્ભા અવસ્થાના ગાળા દરમિયાન ખુબ જ લો પ્રોફાઈલ રહી હતી. પોર્ટમેન જાહેરમાં ખુબ ઓછી વખત વાત કરતી નજરે પડી હતી. પોતાની પુત્રીના જન્મના કારણે તે ઓસ્કાર એવોર્ડ કાર્યક્રમમાં ભાગ લઈ શકી ન હતી. ૨૬મી ફેબ્રુઆરીના દિવસે ઓસ્કાર એવોર્ડ જાહેર કરવામાં આવ્યા હતા. ઓસ્કારમાં બાયોપિક જેકી માટે તેની બેસ્ટ અભિનેત્રી માટે નોમિનેશન કરવામાં આવી હતી.

SHIV FINANCIAL SERVICES
VISITOR TO CANADA AND NEW IMMIGRANTS INSURANCE
Full Time Service Provider
Serving Community Since 2009
Supervisa Insurance Monthly Plan Available
• Life Insurance, Critical Illness Insurance & Mortgage Insurance with Money Back Option • Health & Dental Plan • Segregated Fund • Personal Tax-file
* અમે બધી ટોપની ઈન્સ્યુરન્સ કંપનીઓનું પ્રતિનિધિત્વ કરીએ છીએ.
* New Life Insurance Advisors are recruited.
::: For Free Quotation & Consultation :::
જગદીશ સેવક (Financial Advisor) Cell: 647-236-7620
SHIV FINANCIAL SERVICES
"Proper insurance coverage is Peace of Mind"
Email: sevak_2007@hotmail.com
www.shivfinancialservices.ca
GUARANTEED LOWEST PREMIUM

# ચા કેટલી ફાયદાકારક, કેટલી હાનિકારક

તાજેતરમાં સંશોધનો દ્વારા વૈજ્ઞાનિકો કહે છે કે ચા અને ખાસ કરીને ગ્રીન ટી પીધા બાદ ટડકાનો સામનો થાય ત્યારે આ ચામાં રહેતા રાસાયણિક તત્વો નેચરલ સનસ્ક્રીન તરીકે કામ કરીને શરીરને સૂર્યના અલ્ટ્રા વાયોલેટ કિરણોથી થતા નુકસાન સામે રક્ષણ આપે છે. ચાની શોધ ત્રીજી સદીમાં યુનાન પ્રાંતમાં થઈ હોય એમ માનવમાં આવે છે. ચાનો ઉપયોગ માત્ર દુખાવા મટાડવા, ઝડપી પાચન કરવા અને શરીરની આંતરિક શુદ્ધિ કરવા એન્ટી ઓક્સડન્ટ તરીકે ઔષધની જેમ કરવામાં આવતો જેનો ઉલ્લેખ યુનાની ચિકિત્સાના પુસ્તકોમાં કરવામાં આવ્યો છે. ચાનો પીણા તરીકે ઉપયોગ ચીન દેશમાં સૌ પ્રથમ થયો. ચાઈનીજ ભાષામાં ચાનો અર્થ થાય છે. કડવું પાન અથવા તેના દ્વારા બનતું પીણું. આમ અલગ અલગ દેશોમાં અલગ અલગ પ્રકારની ચા પાકે છે. ગ્રીન, બ્લેક, વ્હાઈટ ડાર્ક, યેલ્લો અને ઊલોંગ એમાંના કેટલાક પ્રકાર છે. દુનિયામાં કુલ ચાના વપરાશના ૭૦ ટકા જેટલો વપરાશ માત્ર ભારતમાં થાય છે. ભારતની સૌથી વધુ પીવાતી ચા અસમ અને દાર્જલિંગમાં પાકે છે.





## ફાયદા

- દિવસની એક કપ ચા હૃદયના સ્વાસ્થય માટે ઉપયોગી છે. તે બ્લડ પ્રેશને કાબૂમાં રાખવામાં મદદ કરે છે.
- કેટલાક સંશોધનો કહે છે કે નિયત્રિત માત્રામાં ચાના સેવનથી સ્તન, આંતરડું, જઠર ત્વચા વગેરેના કેન્સર સામે રક્ષણ મેળવી શકાય છે. અલબત્ત, આ વિષય પર સંશોધનો ચાલું છે.
- ચા અને ખાસ કરીને ગ્રીન ટીમાં રહેલા ફીનોલ નામના ઓર્ગેનિક કમ્પાઉન્ડ લોહીના શુદ્ધિકરણમાં ચોક્કસપણે મદદરૂપ થાય છે.
- કસરત કરતા પહેલા ગ્રીન ટી પીવામાં આવે તો એનર્જી પ્રદાન કરી વધુ કેલરી બાળવામાં મદદ કરે છે.
- એક્સ રે તથા વિવિધ રોગોમાં ઉપચાર તરીકે વપરાતા રેડીએશનની નકારાત્મક અસરોથી ચા બચાવે છે. ચામાં રહેલું મેગ્નેશિયમ હાડકાં મજબૂત કરવાની સાથોસાથ માઈગ્રેન, પાચનતંત્રના રોગો, સ્નાયુની મજબૂત વગેરે જેવી સમસ્યાઓમાં પણ રાહતનું કાર્ય કરે છે.
- ડાયેરિયા જેવા પાચનતંત્રના રોગોમાં દવા તરીકે કામ કરી તુંરત ઝાડા અટકાવવામાં મદદ કરે છે.

નોંધ : આપજે જે સૂકી ચાની પત્તી વાપરીએ છીએ એના કરતાં ગ્રીન ટીના ફાયદા વધુ છે. પણ ફરક એટલો છે કે ગ્રીન ટી ઔષધ તરીકે અને મસાલા ટી પીણાં તરીકે પીવાય છે.

## ગેરફાયદા

- ખૂબ સ્ટ્રોંગ બ્લેક ટી જો દિવસમાં બેથી વધુ કપ પીવામાં આવે તો તે હ્રદયના ધબકારા અનિયમિત કરી બ્લડપ્રેશમાં વધારો કરી શકે છે.
- ચામાં રહેલું ટેનિન નામનું દ્રવ્ય શરીરમાં આર્યનનું શોષણ થવામાં બાધારૂપ બને છે. એથી ખૂબ સ્ટ્રોંગ અને ખૂબ વધુ પ્રમામાં ચા પીતા વ્યક્તિઓ લોહત્ત્વની ખામીથી પીડાય તેવી સંભાવના છે.
- વધુ પડતી ચા અન તેમાં રહેલું કેફીન મગજને ઉત્તેજિત કરે છે અને વધુ પ્રમાણમાં પીવાતી ચા ચીડિયાપણું લાવે છે તો બીજી બાજુ ચાની આદત પડ્યા પછી નિર્ધારિત સમયે ચા ન મળે તો પણ ચીડિયાપણું આવે છે.
- વારંવાર પીવાતી ચા આંતરડાની ઈરીટેબલ બોવેલ સિન્ડ્રોમ નામની તકલીફને ઉત્તેજન આપે છે.
- જેટલા કપ એટલી ખાંટ એટલે શરીરમાં ચરબી અને લોહીમાં શર્કરા વધાવાનો ભય તો ચોક્સ રહેલો છે.



Shreeji BOUTIQUE
We carry Kids wear too
We Make You Look Beautiful
We Carry...
• Chaniya Choli • Lahenga Choli • Party Dresses • Long Gowns
• Indo Western • Men's Traditional Wear • Jewellery
Address : 12, Delawana dr, Scarborough, ON MIG 2A8. Ph.647-710-5063

કથા, હવન, ગાયત્રી યજ્ઞ, વાસ્તુ પૂજન, ગ્રહશાંતિ,
જીટીએમાં દરેક જગ્યાએ અમો સેવા આપીએ છીએ.
કાલસર્પ યોગ શાંતિ, નક્ષત્ર શાંતિ, વગેરે ધાર્મિક કાર્યો અને લગ્ન, બેબી શાવર, જેવા કાર્યો માટે સંપર્ક કરો.
શશીકાંત ભટ્ટ
૯૦૫ ૪૫૬ ૭૬૨૨
Shashikant Bhatt
Home: 905-456-7622
Cell: 416-258-2750



LIFE INSURANCE
MORTGAGE/LINE OF CREDIT INSURANCE
Q : Do you have MORTGAGE / Line Of Credit Insurance With BANK ?
A : Compare & Save up to 50% LOWEST RATES GUARANTEED

Monthly Premiums TERM 10 (RCC) Preferred Plus Non Smoker with Medical Test

| AGE | $ 250,000 Male & Female | | $500,000 Male & Female | | $1000,000 Male & Female | |
|---|---|---|---|---|---|---|
| 30 Yrs | $ 12.00 | $ 07.00 | $ 18.00 | $ 10.00 | $ 32.00 | $ 19.00 |
| 40 Yrs | $ 13.00 | $ 08.00 | $ 22.00 | $ 14.00 | $ 36.00 | $ 26.00 |
| 50 Yrs | $ 30.00 | $ 18.00 | $ 50.00 | $ 31.00 | $ 95.00 | $ 60.00 |
| 60 Yrs | $ 85.00 | $ 56.00 | $ 146.00 | $ 103.00 | $ 271.00 | $ 190.00 |

ALSO AVAILABLE
★ NO MEDICAL TEST LIFE INSURANCE (up to age 85)
(Even it you have DIABETES, BLOOD PREASURE, HEART ATTACK, STROKE) CANCER OR INSURANCE declined by other companies
★ CORPORATION OWNED LIEF / CRITICAL ILLNESS INSURANCE
(Key Person INSURANCE, BUY SELL AGREEMENT, GROUP BENEFITS)
★ MONEY BACK LIFE / CRITICAL ILLNESS INSURANCE, RRSP, RESP, TFSA
Visitor To CANADA INS, TRAVEL INS, Lite ins For Refugees & Work Permits
416.320.4614
Email : - Davindersinghfhl@gmail.com
www.financialhutltd.com,
Toll : 1866.623.0865
Davinder Singh Chawla
Call For HONEST ADVICE
MONTHLY & ANNUAL PLANS
SUPER VISA INSURANCE
HARD TO BEAT OUR PREMIUMS



VISITORS TO CANADA INSURANCE
( Monthly Plan Available)
We represent all Major Insurance Companies of CANADA
WE DEAL WITH
♦ Life Insurance
♦ Mortgage Insurance
♦ Disability Insurance
♦ Critical Illness Insurance
♦ SUPER VISA INSURANCE
♦ RRSP ( Retirement Plan)
♦ TFSA
♦ RESP ( Education Plan)
Secure your children's future and enroll in RESP & get thousands of dollars in Govt. Grants
Guaranteed Cash Value Plans/ Non Medical Plans are available
(CALL FOR FREE EVALUATION)
HIREN MODI
Independent Life Insurance Broker
Direct: 416-897-7073
Email: hirenjmodi@yahoo.com
EVERY DREAM NEEDS A PLAN





**Shiv Financial Services** presents

**M…hur Yatri & Chorus Gro…**

SOLD OUT

…ory of Angel Shiven to raise fund and … Team Shiven

SOLD OUT

Ticket $5 per person Children under 5 FREE

**Saturday - Oct 19, 2019 @ 7.00pm**

Venue: Sringeri Community Centre -80-84 Brydon Drive, Etobicoke ON M9W 4N6

Angel Shiven 2007-2015



દેવદૂત શીવેન ૨૦૦૭-૨૦૧૫

Tribute to Angel Shiven remembering 16 Sep 2015

Thank you for your support. Saturday, 19th Oct 2019 Madhur Yatri & Chorus Group Raas Garba at Sringeri Community Centre are Sold out. Tickets are not available at door. Thank you.. Manisha & Jagdish Sevak

Jagdish Sevak
Insurance Broker
647-236-7620



Manisha Sevak
Mortgage Agent
647-770-3876






**AIR INDIA** ની વધુ માહિતી માટે અશોક ટ્રાવેલ્સને ફોન કરો: **416.977.9896**

**AIR INDIA** સાથે હવાઈ સફળ કરતા આપ મુંબઈ, અમદાવાદ, વડોદરા, અમૃતસર, બૅંગ્લોર તથા ભારતના વિવિધ શહેરોમાં સુંદર, જોડાણ સાથે યાત્રા કરી સમય બચાવી શકશો. ટોરાન્ટો થી મુંબઈ તથા અમદાવાદ સામાન સીધો મોકલી, **Custom Clearance** મુંબઈ અને અમદાવાદમા કરી શકશા વધુ માહિતી માટે અશોક ટ્રાવેલ્સ ને ફોન કરો: ૪૧૬–૯૭૭–૯૮૯૬ **TICO 1486999**

Ashok Travels

૪૪ વર્ષના સાથ અને સહકાર માટે ગુજરાતી ભાઈ–બ્હેનોની અશોક ટ્રાવેલ્સ ખૂબજ અભાર માને છે.

# અશોક ટ્રાવેલ્સ ASHOK TRAVELS

**416.977.9896 www.ashoktravel.com**

ટોરાન્ટો–કેનેડાની સર્વ પ્રથમ ગુજરાતી ટ્રાવેલ એજન્સી

Ashok Travels

# તમારી નેકના શેપ પ્રમાણે પસંદ કરો નેકલેસ

**પરાપૂર્વથી મહિલાઓનો ઝવેરાતનો શોખ કહો કે ગાંડપણ જગજાહેર છે. ભાગ્યે જ કોઇ એવી મહિલા હશે જે કોઇ પણ જાતના આભૂષણ વિના તમને દેખાશે. તમને પણ જુદા જુદા નેકલેસ પહેરવાનું ગમે છે? જરા થોભો. તમે કઇ રીતે નેક પીસ પસંદ કરો છો? તમને ગમી ગયો એટલે? તમારા ડ્રેસ સાથે મેચ થાય છે એટલે? તમને કોઇએ ગિફ્ટ આપ્યો છે એટલે? પરંતુ જો તમે નેકપીસની અયોગ્ય પસંદગી કરશો તો તમારો આખો લુક બગડી શકે છે. સૌથી પહેલાં તો તમારે એ જાણવું જોઇએ કે તમારી ગરદન-નેક કેવી છે? નેકપીસ પસંદ કરતી વખતે કેટલાક નિયમોનું પાલન કરવું જોઇએ.**



## સ્લેન્ડર નેક

લાંબી, પાતળી, સુરાહીદાર ગરદનવાળી મહિલાઓ નસીબદાર છે. તમારી આ સુંદર ગરદનને નિખારવા માટે જવેલરીના નાના નાના પીસ પસંદ કરો. ચન્કી નેકલસ અથવા તો મોટા મોડા બીડ્સ અથવા સ્ટોન્સમાંથી બનેલાં નેકપીસ પહેરો નહીં. તમારા માટે ડેલિકેટ સોનાનો નેકલેસ અથવા તો એક શેરની મોતીની માળા પરફેક્ટ છે. પ્રેસિયસ સ્ટોનજડિત નકશીદાર જવેલરી પણ તમે પસંદ કરી શકો. જો તમને ફન્કી જવેલરી ગમતી હોય તો કલર્ડ ગ્લાસ બીડ્સના નેકલેસ સાથે પણ એક્સપરિમેન્ટ કરી શકો. પ્લેન ડ્રેસ પર કલર્ડ બીડ નેકલેસ સરસ લાગશે.





## શોર્ટ નેક

જો તમારી ગરદન ટૂંકી હોય તો નિરાશ થવાની જરૂર નથી. જો યોગ્ય આભૂષણ પસંદ કરશો તો ટૂંકી ગરદન પણ ખૂબસૂરત લાગી શકે છે. તમારે લોન્ગ, સ્લેન્ડર નેકલેસ પસંદ કરવા જોઇએ. એ તમારી ગરદન ખરેખર હશે એના કરતાં લાંબી દર્શાવશે. તમારે ઓપેરા નેકલેસ કે રોપ નેકલેસ પસંદ કરવા જોઇએ. ઓપેરા નેકલેસ બ્રેસ્ટબોન પર બેસે છે અને ૧૭ થી ૧૯ સેમી. લંબાઇ સુધી મળે છે. રોપ નેકલેસ ઓપેરા નેકલેસથી થોડા લાંબા હોય છે. ચોકર કે ગળા પર ફીટ બેસે એવા નેકપીસ પસંદ કરવા જોઇએ નહીં. નેકના શેપ ઉપરાંત તમારા આઉટફિટ્સની નેકલાઇન મુજબ પણ નેકપીસ પસંદ કરી ખૂબસૂરતી વધારી શકાય છે.





## ફેટ-બલ્કી નેક

ભરાવદાર ગરદનવાળી મહિલાઓ માટે ચન્કી અથવા તો હેવી નેકલેસ પરફેક્ટ છે. ચોકર નેકલેસ જેવો ભારે નેકલેસ અસરકારક રીતે ભારે ગરદનને છુપાવશે. તમારી ભરાવદાર ગરદનને છુપાવવા માટે તમે મોટા બીડ્સવાળા અથવા તો જાનવરનાં હાડકાંમાંથી બનાવેલા નેકપીસ પણ પસંદ કરી શકો. મહિલાઓએ કદી ડેલિકેટ નેકલેસ પહેરવો ન જોઇએ.





## લોન્ગ નેક

જો તમારી ગરદન અતિશય લાંબી હોય તો તમારે ટૂંકી ગરદનનો ભાસ ઉત્પન્ન કરે એવા નેકપીસની પસંદગી કરવી વધુ સારી અને આકર્ષક રહેશે. આ તમે લેયર્ડ ઓર્નામેન્ટસ પણ પહેરી શકો. લોન્ગ ફોલ્ડેડ બીડેડ નેકપીસ પણ સારો લાગશે. મલ્ટીપલ સેરવાળા નેકલેસ પણ પસંદ કરી શકાય. એ તમારી લાંબી ગરદનને કવર કરશે. સ્મોલ અને ડેલિકેટ ફેશન જવેલરીથી દૂર રહો.






Chapel Ridge
FUNERAL HOME
& CREMATION CENTRE

416.993.0826
24/7 # 905.305.8508



તમારી સગવડ માટે અમે બે ફ્યુંનરલ સેન્ટર ઓફર કરીયે છીએ. મારખમ અને મિસિસાગા. સંપૂર્ણ હિન્દુ તથા જૈન વિધિની સગવડતા. (St. John's Dixie, 737 Dundas St. E., Mississauga, ON L4Y 2B5)

ફ્યુંનરલ સર્વિસ, બેઝિક કાસ્કેટ, ક્રિમેશન અને ટેક્સ બધાં સાથે ટોટલ ફક્ત
$4270

વધુ માહિતી માટે ફોન કરો. અમારો પ્રોફેશનલ સ્ટાફ તમારી ભાષામાં તમને માહિતી આપશે.

પ્રિપેઇડ ફ્યુંનરલ અને ટ્રાવેલ ઈન્સુરન્સ

1. તમારા ડોલર ફ્યુંનરલ હોમમાં જમા નહિ થાય. પરંતુ સરકારે નીમેલી ટ્રસ્ટ કંપની પાસે રહેશે.
2. એક વખત પ્લાન ખરીદ્યા પછી તમે કે તમારા ફેમિલીએ કદીપણ વધુ પૈસા નહિ આપવા પડે.
3. ટ્રાવેલ ઈન્સુરન્સ - ફક્ત $595 એક વખત આપી જિંદગી ભર તમે ક્યાંય પણ નિશ્ચિંત ટ્રાવેલ કરી શકશો. *

* This is not a general insurance. Applies only in case of a death away from home.

8911 Woodbine Avenue, Markham, Ontario L3R 5G1
www.chapelridgefh.com • info@chapelridgefh.com



# શાસ્ત્રી મિલનભાઈ ત્રિવેદી

આણંદ (બોરસદ) ગુજરાતવાળા (ઈટોબીકોક- ટોરોન્ટો)

647-770-5984

## દિપાવલી પર્વ વિશિષ્ટ મુહૂર્ત

### કેનેડા ટોરન્ટોના સમય મુજબ શાસ્ત્રોક્ત અને સચોટ મુહૂર્ત

**પુષ્યનક્ષત્ર-સોનાચાંદી ખરીદવા માટે (તા. ૨૧-૧૦-૨૦૧૯ પુષ્ય નક્ષત્ર)**

ટોરન્ટો ટાઈમ પ્રમાણે ૨૧-૧૦-૨૦૧૯ને સવારે ૭.૦૨ થી ૨૨-૧૦-૨૦૧૯ને સવારે ૬.૦૯ સુધી રહેશે.
● શુભ : સવારે ૯.૨૧ થી ૨.૪૩ ● ચલ : બપોરે ૧.૨૩ થી ૨.૪૩ ● લાભ : બપોરે ૨.૪૩ થી ૪.૦૪ સુધી ● અમૃત : સાંજે ૪.૦૪ થી ૫.૨૪ સુધી ● ચલ : સાંજે ૫.૨૪ થી ૭.૦૪ સુધી

**તા. ૨૫-૧૦-૨૦૧૯ (શુક્રવાર) ધનવંતરી ત્રયોદશી (ધનતેરસ)**

દિપાવલીના આ સમયમાં પૂજન કરવાથી આજીવન લક્ષ્મી સ્થિર રહે છે. દરેક ક્ષેત્રમાં ઉન્નનતિ માટે સ્થિર લગ્નમાં પૂજન કરવું વધારે આવશ્યક છે તદઉપરાંત કુવાર છોકરા-છોકરીઓ માટે શીઘ્ર વિવાહ પૂજા સાધના તથા વશીકરણ સાધના તથા કમલા સાધના ભૂવનેશ્વરી સાધના તારા સાધના કરવા માટે તથા લક્ષ્મીને કાયમી સ્થિર કરવા આ કાલરાત્રીનો સમય શ્રેષ્ઠ છે રાવણે પણ આજ સમયમાં લક્ષ્મીને પ્રસન્ન કરીને સુવર્ણ લંગા નગરીનું નિર્માણ કર્યું હતું. શાસ્ત્ર પ્રમાણે છે.

**શાસ્ત્રોક્ત પ્રમાણે કૃષ્ણપક્ષ ૧૩ (૨૫-૧૦-૨૦૧૯ને શુક્રવારે સવારે ૮.૩૯ થી ૨૬-૧૦-૨૦૧૯ને શનિવારે સવારે ૫.૧૮ સુધી ધનતેરસ રહેશે. ત્યારબાદ ચઉદશ પ્રારંભ થઈ જાય છે.**

દિપાવલી કાર્તિક કૃષ્ણ પક્ષ ચિત્રા નક્ષત્રને અમાવસની રાત્રીનું માર્કણ્ડેય પૂરાણના જણાવ્યા મુજબ તે ને કાલ રાત્રી તરીકે ઓળખવામાં આવે છે. આ વર્ષે કેનેડા ટોરંટોનાં સમય મુજબ તા. ૨૬/૨૭-૧૦-૨૦૧૯ની મધ્યરાત્રિએ ૧.૫૪ થી અમાવસ બેસી જાય છે જે તા. ૨૭-૧૦-૨૦૧૯ને રાત્રિ ૧૦.૩૯ સુધી જ રહેશે. માટે દિપાવલી તા. ૨૭-૧૦-૨૦૧૯ને રવિવારની જ ગણવામાં આવશે. જે પણ કોઈ વ્યક્તિને સિંહ લગ્નમાં પૂજન કરવું હોય તો તા. ૨૬/૨૭-૧૦-૨૦૧૯ની મધ્યરાત્રિએ અમાવસ પ્રારંભ થતાની સાથે જ સિંહ લગ્ન સારૂ થઈ જાય છે. સિંહ લગ્નનો સમય રાત્રે ૧૨.૪૫ થી રાત્રે ૩.૨૧નો રહેશે.

દિપાવલી પર્વ મૂળ રૂપથી પાંચ દિવસ નો કલ્પ છે, જે ધનવંતરી ત્રયોદશીથી પ્રારંભ થઈને મ બીજ (ભાઈબીજ) સુધી પૂર્ણ થાય છે.... ધનવંતરી ત્રયોદશીનાં દિવસે કળશ પૂજન, કૂબેર પૂજા નવા. ચોપડા ખરીદવા લેખીની પૂજન, ઇત્યાદિ પૂજન થઈ શકે છે, ત્યારબાદ ચતુર્દશીના દિવસે (કાળી ચૌદશ)ના. દિવસે વ્યાપારી વર્ગપોતાના વ્યાપારનાં. સ્થાન ઉપર ગાદી પૂજન, તથા સર્વ તંત્ર બાધા નિવારણ સાધના, શત્રુ મુક્તિ, પ્રયોગ રોગ મુક્તિ પ્રયોગ, વશીકરણ પ્રાપ્તિ તથા વશી કરણ મુક્તિ પ્રયોજ આકર્ષણ પ્રયોગ, સંમોહન પ્રયોગ વિગેરે તંત્ર માર્ગી સાધનાં કરી શકાય છે... ત્યારબાદ ત્રીજા દિવસે એટલે કે દિપાવલી અમાવસ્યાને દિવસે જેને કાલ ાત્રી તરીકે ઓળખવામાં આવે છે, .... તે દિવસે વૃષભ તથા સિંહ લગ્નમાં અટૂટ ઐશ્વર્ય જવાજલ્ય માન મહાલક્ષ્મી પૂજન... તથા સ્થિરલક્ષ્મી પ્રયોગ. શીઘ્ર વિવાહ પ્રયોગ (અવિવાહિત છોકરા તથા છોકરીઓ માટે) વ્યાપાર વૃદ્ધિ પ્રયોગ અને વ્યાપાર બાધા નિવારણ પ્રયોગ વિગેરે... કરવામાં આવે છે....

**ધનપુજા /લક્ષ્મીપુજા (પુજા કરવાના મુહૂર્ત) - (ધનતેરસ તા. ૨૫-૧૦-૨૦૧૯ને શુક્રવારે)**

● લાભ : ૮.૦૫ થી ૯.૨૪ ● અમૃત : ૯.૨૪ થી ૧૦.૪૩ ● શુભ : બપોરે ૧૨.૦૨ થી બપોરે ૧.૨૧ ● ચલ : ૩.૫૯ થી ૫.૧૮ સુધી
● લાભ : રાતે ૮.૪૦ થી ૧૦.૨૧ સુધી ● પ્રદોષ કાળ : સાંજે ૬.૧૮ થી રાતે ૯.૦૦ વાગ્યા સુધી
(કેલેન્ડર પ્રમાણે ૨૫-૧૦-૨૦૧૯ને ધનતેરસ દર્શાવવામાં આવી છે.)

**કાલી ચૌદશ (રૂપ ચૌદશ/નરક ચૌદશ) - તા. ૨૬-૧૦-૨૦૧૯ને શનિવારે**

ટોરન્ટો સમય પ્રમાણે ૨૬-૧૦-૨૦૧૯ને શનિવારે સવારે ૫.૧૮ મિનિટે ચઉદશ બેસી જાય છે. જે તારીખ ૨૭-૧૦-૧૯ની શનિવારની રાત્રે અને રવિવારની સવારે મધ્યરાત્રિએ ૧.૫૪ સુધી રહેશે. ત્યાર બાદ દિવાળી બેસી જાય છે. ● શુભ : સવારે ૮.૦૬ થી ૯.૨૪ સુધી ● ચલ : બપોરે ૧૨.૦૨ થી ૧.૨૧ સુધી ● લાભ : બપોરે ૧.૨૧ થી ૨.૩૯ સુધી ● અમૃત : બપોરે ૨.૩૯ થી ૩.૫૮ સુધી ● લાભ : સાંજે ૫.૧૭ થી ૬.૫૮ સુધી ● શુભ : રાત્રે ૮.૪૦ થી ૧૦.૨૧ સુધી ● અમૃત : રાત્રે ૧૦.૨૧ થી ૧૨.૦૨ સુધી

**દીપાવલી - તા. ૨૭-૧૦-૨૦૧૯ને રવિવારે**

● ૨૭-૧૦-૨૦૧૯ને રવિવારે સવારે શાસ્ત્રોક્ત પ્રમાણે દિવાળી રહેશે
● ૨૬/૨૭ ઓક્ટોબર ૨૦૧૯ની (શનિવારની રાત્રે અને રવિવારની સવારે મધ્યરાત્રિએ ૧.૫૪ થી અમાવષ બેસી જાય છે.) ૨૭-૧૦-૨૦૧૯થી રાત્રે ૧૦.૩૯ સુધી દિવાળી રહેશે. (ત્યારબાદ એકમ ચાલુ થઈ જાય છે.)
(કેલેન્ડર પ્રમાણે ૨૭-૧૦-૨૦૧૯ના રોજ દિવાળી દર્શાવવામાં આવેલી છે. )

**લક્ષ્મી પુજા/કુબેર પૂજા (૨૭-૧૦-૨૦૧૯)ને રવિવાર**

● સાધના અનુષ્ઠાન માટે (સ્થિર લગ્ન : જ્વાજલ્યમાન મહાલક્ષ્મીપૂજા
શાસ્ત્રોક્ત સાધના અનુષ્ઠાન માટે (વૃષભ લગ્ન સાંજે ૬.૦૪ થી ૭.૫૦)
● પ્રદોષકાલ (૬.૧૬ થી ૮.૫૮ સાંજે)
● સાધના અનુષ્ઠાન માટે (સ્થિર સિંહ લગ્ન)
૨૬મી રાત્રિ અને ૨૭મીની સવારે ૧૨.૪૪ થી ૩.૨૧ સુધી
● ચલ : સવારે ૮.૦૭ થી ૯.૨૫ ● લાભ : સવારે ૯.૨૫ થી ૧૦.૪૩ ● અમૃત : સવારે ૧૦.૪૩ થી બપોરે ૧૨.૦૨ સુધી
● શુભ : બપોરે ૧.૨૦ થી બપોરે ૨.૩૮ સુધી ● શુભ : સાંજે ૫.૧૫ થી ૬.૫૭ સુધી ● અમૃત : સાંજે ૬.૫૭ થી ૮.૩૯ સુધી
● સાંજે : ૮.૩૯ થી ૧૦.૨૧ સુધી
(કેલેન્ડરમાં ૨૭-૧૦-૨૦૧૯ દિવાળી દર્શાવી છે.)



# વાક્બારસે મા સરસ્વતીની પૂજા-અર્ચનાનું મહત્વ

સંવત ૨૦૭૫ આસો વદ બારશ ને શુક્રવાર તા.૨૫-૧૦-૨૦૧૯ ના દિવસે વાઘબારશ છે. દિપોત્સવીના દિવસે મહાકાલીની ઈંકપોટના સ્વરૂપે મહાસરસ્વતીની ચોપડા, કલમના રૂપે અને મહાલક્ષ્મીની સિક્કા સ્વરૂપે પૂજા કરવામાં આવે છે. આમ તો વાઘબારસના દિવસે ગાય અને વાછરડાની પૂજા કરીને તેમને અડદના વડા ખવડાવવામાં આવે છે. જેથી તેને ગૌવત્સ દ્વાદશી પણ કહેવામાં આવે છે. આ દિવસે બહેનો ઘરના ઉંબરાની પૂજા કરીને રંગોળી બનાવે છે. તેમાં વાઘનું ચિત્ર પણ દોરેલું હોય છે. જેથી તેને વાઘબારસ કહેવામાં આવે છે. વાઘ બારસના દિવસે વાઘથી ગભરાવવાની જરુર હોતી નથી. પણ વાઘ જેવી શકિત પ્રાપ્ત કરવા માટે હંમેશા તત્પર રહેવુ જોઈએ.તે સિવાય હિંસાત્મક વૃત્તિને બુદ્ધિમત્તાપૂર્વક ટાળવા માટેનો સંકલ્પ આ દિવસે લેવો જોઈએ.

ખરેખર વાઘબારસ ના દિવસે જૂના વર્ષની લેવડ-દેવડ પૂરી કરી નવા વર્ષની શરુઆત કરવા માટે દેવું ચૂકતે કરી ઉઘરાણી લઈ માનસિક શાંતિ મેળવવાનો દિવસ છે. વાઘ બારસનું વાઘ અને પર્યાવરણ સાથે સંબંધ છે. પર્યાવરણની શુદ્ધિ માટે જંગલનું ખૂબ જ મહત્વ છે. જંગલની રક્ષા માટે વાઘ માટેનું મહત્વ છે. આજે વાઘ ઓછા થતા જંગલમાં જવાનું , જંગલના વૃક્ષોને કાપવાનું વલણ વધી રહ્યુ છે. તેનાથી પર્યાવરણને ભારે નુકશાન થઈ રહ્યુ છે. કુદરતે દરેકની રક્ષા માટે, સ્વાસ્થ્ય માટે અસંખ્ય જીવોની ઉત્પત્તિ કરી વાઘબારસના દિવસે પર્યાવરણની રક્ષા કરવાનું ઘર અને સમસ્ત વિશ્વને સ્વચ્છ રાખવાનો સંકલ્પ કરી ખરા અર્થમાં વાઘબારસ ઉજવીએ. 'વાક્' એટલે વાણી અર્થાત્ મા સરસ્વતી. આમ, હકીકતમાં વાઘને નહીં, પણ મા સરસ્વતીને, મા શારદાને યાદ કરવાનો દિવસ છે.



વર્ષમાં સરસ્વતીપૂજનનો સૌથી મોટો ઉત્સવ એટલે વસંતપંચમી, કેમ કે આ દિવસે સર્વ વિદ્યાઓ અને સર્વ કળાઓને જન્મ આપનારાં મા સરસ્વતીનું પ્રાગટ્ય થયું હોવાનું મનાય છે. એટલે વસંતપંતમીએ ઠેરઠેર સરસ્વતીપૂજન થાય છે. જોકે, વાઘબારસે પણ સરવસ્તીપૂજનનો મહિમા એટલો વિશિષ્ટ છે.

આપણે સરસ્વતી, શારદા, ગાયત્રી, સાવિત્રી જેવા નામોથી ઓળખીએ છીએ. આપણી પરંપરામાં જ્ઞાન અને બુદ્ધિના અધિષ્ઠાત્રી તરીકે મા શારદા હંમેશા વંદનીય રહ્યા છે. જગ આખાની અસંખ્ય ભાષાઓ, લિપિઓ, શબ્દો, અક્ષરો, માત્રા, બિન્દુ પણ મા શારદાએ જ જન્માવ્યા છે.

> 'વાક્' એટલે વાણી અર્થાત્ મા સરસ્વતી. આમ, હકીકતમાં વાઘને નહીં, પણ મા સરસ્વતીને, મા શારદાને યાદ કરવાનો દિવસ છે.

## માતાજીની મૂર્તિ કે તેમની પ્રતિમાનું પૂજન કરો

આ દિવસે મંદિરોમા તેમજ ઘરોમાં, શાળાઓમાં વિદ્યાર્થીઓ દ્વારા, વિદ્યાના ઉપાસકો દ્વારા વાણીની પૂજા-અર્ચના થતી હોય છે. જેમાં માની મૂર્તિને ફૂલહાર પહેરાવીને ભૌતિક રીતે પૂજન તો કરવામાં આવે જ છે, પણ ક્યાંક-ક્યાંક વાકપૂજન એટલે કે વકતૃત્વ દ્વારા પૂજન પણ કરવામાં આવતું હોય છે. વાકબારસે સરસ્વતીની સાધના કરનારા કવિઓ દ્વારા ખાસ સંમેલનનું આયોજન કરાતું હોય છે. અને પોતાના કાવ્યપુષ્પો દ્વારા મા સરસ્વતીની પૂજા પ્રાર્થના કરે છે. વાક્બારસ નિમિત્તે આપણે પણ મા શારદાન પ્રાર્થના કરીએ કે "હે શારદા ! અમારી બુદ્ધિ વિકારોમાં ન ફસાય, અમારું જ્ઞાન બીજાઓના કામમાં આવે અને અમારી વાણી બીજાઓના હૃદયને સાંત્વના આપનારી બને."

## શાસ્ત્રોમાં રહેલા શ્લોકમાં મા શારદાનું ગુણગાન ગવાયું

શાસ્ત્રોના કેટલાક શ્લોકોમાં મા સરસ્વતીના ગુણો ગવાયા છે. 'યા કુન્દેદુતુષારહાધવલા' કે 'શુક્લાં બ્રહ્મવિચારસાર પરમાં' જેવા શ્લોકોમાં માં શારદાના ગુણોની સાથે તેમનાં અત્યંત રમણીય સ્વરૂપનું ભવ્ય વર્ણન કરવામાં આવ્યું છે. મા સરસ્વતી મોગરાના ફૂલ અને દૂધ જેવા ગૌર રંગના છે, તેઓ શ્વેત કમળ ઉપર બિરાજમાન છે. તેમણે અત્યંત શુભ્ર-શ્વેત વસ્ત્રો ધારણ કર્યા છે. તેમના ચાર હાથમાંથી બે હાથમાં વીણા, એક કાથમાં પુસ્તક અને એક હાથમાં અક્ષમાળા છે. કેટલાક મત પ્રમાણે તેઓ શ્વેત હંસ પર તો કેટલાક મત પ્રમાણે તેઓ મયૂર ઉપર સવાર થયેલાં છે. વિવિધ પ્રકારનાં આભૂષણો ધારણ કરીને મા એટલા તો સુંદર દેખાય છે કે, જગતની સુંદરમાં સુંદર વસ્તુ પણ તેમની સામે શરમાઈ જાય.

# ધનતેરસ : શુભ લક્ષ્મી પ્રાપ્તિ માટે પ્રાર્થનાનો અવસર

આ વર્ષે ધનતરેસ આગામી ૨૫ ઓક્ટોબર, શુક્રવારના દિવસે છે. શુભલક્ષ્મી પ્રાપ્ત કરવાની પ્રોસેસ વખતે આવેલા દિવ્ય વિચારથી શરૂ થાય અને સંકલ્પથી અમલમાં આવવાની શરૂઆત થાય ત્યાંથી આગળ વધી નિપજ મેળવી આપનાર લક્ષ્મી સુધી પહોંચે અને આખરે તે વિવિધ સ્વરૂપે લક્ષ્મીજીરૂપે આપણને પ્રાપ્ત થાય. આ આખી ક્રિયામાં આપણે સંકલ્પ સાથે એકાકાર રહીએ એ અનિવાર્ય છે. જો એકાકાર ન રહી શકીએ તો અપૂર્ણતા રહી જાય.

આ આખી યજ્ઞ પ્રક્રિયામાં ક્યાંય અપૂર્ણતા રહી જાય તો અનર્થ થવાની શક્યતા સર્જાય છે. એમ થાય તો આટલી મહેનત કરેલા યજ્ઞ પછી પ્રાપ્ત થનાર લક્ષ્મી આભાસી બની રહે. એટલે કે તેની નિપજ મળતા છતાં એ આપણને સુખ આપી શકતી નથી. નિરાંત આપી શકતી નથી. આવું ન થાય એટલા માટે વિચારને સ્વરૂપ આપીએ ત્યાંથી માંડીને એના આયોજન અને અમલરૂપી યજ્ઞમાં સતત સંકલ્પ સાથે એકરૂપ રહેવું જરૂરી છે.

બલ્કે અનિવાર્ય છે. જરાય નિશાનચૂક ન થવી જોઈએ. સંકલ્પ સાથે એકરૂપ થવામાં જરાય અધૂરપ ન રહી જાય એનું આયોજન પણ કામના આયોજનની સાથે જ કરવું જરૂરી છે. જેથી સંકલ્પ સતત એકરૂપ રહે એવા લક્ષ માટેના આયોજન અને તેના કાર્ય યજ્ઞમાં કોઈપણ સ્તરે લક્ષના સ્તરે જરા પણ આમતેમ ન થઈ જવાય એ માટે જાગૃત રહેવું પડે તો શુભલક્ષ્મી પ્રાપ્ત થઈ શકે. એવી લક્ષ્મીના સ્વાગત અને અર્ચના માટેનો દિવસ તે ધનતેરસ અથવા ધનત્રયોદશી તરીકે આપણે આજે ઉજવીએ છીએ. આ ગાણિતિક ક્રિયાને સમજણના અનુસંધાને જોઈએ તો કોઈપણ બાબતની માહિતી મેળવી તેથી મંથન કરી જ્ઞાન પ્રાપ્ત થાય. એ જ્ઞાનના તાત્પર્યનો સાર મેળવવાનો પ્રયત્ન આપણને સમજ



સુધી લઈ જાય છે. આ રીતે મેળવેલી સમજને જ્યારે આપણા જીવન અનુભના ભાથે બાંધી નવા સંદર્ભે સમજી શકીએ. મૂલવી શકીએ તો એ સૂઝ બને છે અને એવી સૂઝને ધનમ્ કહે છે આ રીતે પ્રાપ્ત થાય છે જો આ સમગ્ર ઘટનાક્રમમાં ક્યાંક કોઈ અપૂર્ણતા ન રહે તો કોઈ અનર્થ ન સર્જાઈ શકે. એવું થાય તો જ આપણને મળનારી લક્ષ્મી શુભલક્ષ્મી હોય.

> શુભલક્ષ્મી પ્રાપ્ત કરવાની પ્રોસેસ વખતે આવેલા દિવ્ય વિચારથી લક્ષ્મીજી રાજી થાય છે અને સારા આશયથી કરેલી મહેનત ફળ પ્રાપ્તિ સુધી લઈ જાય છે.

## લક્ષ્મી સુખદાયિની ક્યારે બની શકે?

ધનતેરસનો દિવસ આપણે બધા લક્ષ્મીજીના સ્વાગત અને પૂજા-અર્ચનાના દિવસ તરીકે ઉજવીએ છીએ. ધનતેરસની ઉજવણીની વાત શરૂ કરીએ તો સૌ પ્રથમ લક્ષ્મી શબ્દનું મૂળ લક્ષ શબ્દમાં છે. એટલે સમજવા માટે લક્ષ શબ્દમાં છે. એટલે આપણે લક્ષ્મી શબ્દને સમજવા માટે લક્ષ શબ્દની સમજણ મેળવવી પડે. લક્ષ સસ્કૃંત શબ્દ છે. તેનો અર્થ યાક્ષવલ્કય. સુભષિત રત્નાકર અને શબ્દાર્થ સંદર્ભ સસ્કૃત, હિન્દી કોષમાં શોધવા પ્રયાસ કરીએ તો ખ્યાલ આવે છે કે લક્ષ શબ્દનો અર્થ ખૂબ વિસ્તારભર્યો છે. આ વખતે કેનેડાના ભક્તો ૨૫મીએ મુર્હૂત મુજબ ધનતેરસની પૂજા-અર્ચના કરશે. ૨૬મીએ પણ ધનતેરસના મુહૂર્ત છે.

## ધનતેરસના અવસરે કરવાની પુજાવિધિ

૧. પૂર્વ દિશા અથવા ઈશાન ખુણામાં ગંગાજળથી સ્વચ્છ કરી બાજોઠ પાથરી તેના ઉપર લાલ સ્થાપનનું કપડું પાથરવું. ૨. મહાલક્ષ્મી, વિષ્ણુ, કુબેર, ધન્વંતરી, ગણેશજી, કુળદેવી ઈત્યાદિ પ્રમાણે સ્થાપન કરવું. ૩. ફોટો અથવા મૂર્તિને ચુંદડી વસ્ત્ર ઓઢાડવું, કંકુથી ચાંદલા કરવા. અક્ષત–ચોખા ચોંટાડવા. અબીલ, ગુલાલ, ફૂલ ચઢાવવા. ૪. ત્યારબાદ ૧ મુઠી ચોખા ઉપર પાણી ભરેલો કળશ મૂકી પાંચ નાગરવેલના પાન ગોઠવવા. કળશની અંદર ચાંદીનો સિક્કો, ૧ સોપારી, થોડી હળદર નાખવી. ઉપર શ્રીફળ મૂકવું. શ્રીફળ કંકુનો ચાંદલો કરી. ચોખા ચડાવી. અબીલ, ગુલાલ, હળદર, લાલ ફૂલ ચઢાવી. ત્યારબાદ કમળની આઠ પાંદડી ઉપર ઘીનો દીવો કરવો. ધૂપ કરવો. ૫. ડાબી બાજુ તલના તેલનો દીવો અને જમણી બાજુ ઘીનો દીવો કરવો. શ્રીયંત્રની પૂજા કેસરથી, ચંદનથી કરવી અને દરેક દેવને સોનાનું તિલક એટલે કેસરનું તિલક કરવું. આ પૂજા સમયે એક દીપક અલગથી પ્રગટાવવો. જેમાં ૧૩ કોડી રાખી શકો તેને પૂજા સ્થાનમાં તેનાથી જ લક્ષ્મી અને ધનકૂબેરની પૂજા કરવી. કુબેરજીનો મંત્ર છે : ઓમ યક્ષાય કુબેરાય વૈશ્રવવાય, ધન–ધાન્યધિપતયે ધન–ધાન્ય સમૃદ્ધિ મમ દેહિ દાપય સ્વાહા.. જપ કરવો. ૬. લક્ષ્મીજીનો મંત્ર છે. ઓમ હ્રીં શ્રીં લક્ષ્મીભ્યો નમ: એમ લક્ષ્મીજીની પણ મંત્ર કરવો. પછી પુસ્તક, દાગીના, ચોપડા, કલમ, ઈત્યાદિની પૂજા કરવી. નૈવેદ્યમાં મીઠાઈ, ગોળ, ખાંડ, ઘી ધરાવી શકો છો. કેળું પણ ધરાવી શકાય છે. પૂજા બાદ ભોજન ગ્રહણ કરી શકો છો.

## કેનેડાના સમય પ્રમાણે સંવત્ ૨૦૭૫નાં દિપોત્સવી, મહાલક્ષ્મી પૂજન અને સંવત્ ૨૦૭૬ નાં નૂતનવર્ષનાં શુભ મુહૂર્ત

| | | | |
|---|---|---|---|
| **પુષ્ય નક્ષત્ર** આસો વદ સાતમ પરં આઠમ | તા. ૨૧ - ૧૦ - ૨૦૧૯ સોમવાર આઠમ અને પુષ્ય નક્ષત્ર | સાંજે : ૧૭.૩૪ થી ૧૯.૦૦ | તા.૨૧-૧૦-૨૦૧૯ ના દિવસે સાંજે ૧૭.૩૪ થી પુષ્ય નક્ષત્ર છે. જેથી ૧૭.૩૪ થી મુહૂર્ત આપ્યા છે. તા. ૨૨-૧૦-૨૦૧૯ ના દિવસે આઠમ નથી પણ પુષ્ય નક્ષત્ર ૧૬.૩૯ સુધી છે જેથી આઠમ-નોમના પુષ્ય નક્ષત્રમાં સોનું-ચાંદી ખરીદવા, નવા વર્ષના ચોપડા નોંધાવવા, વાહન પૂજા માટે શ્રેષ્ઠ છે |
| **પુષ્ય નક્ષત્ર** | તા. ૨૨-૧૦-૨૦૧૯ મંગળવાર | સવારે : ૦૯.૨૫ થી ૧૩.૨૦ | |
| **ધનતેરસ** આસો વદ બારસ પરં તેરસ/ ધનતેરસ, ધનકુબેર પૂજન, ભગવાન ધન્વંતરી પૂજન | તા. ૨૫ - ૧૦ - ૨૦૧૯ શુક્રવાર | રાત્રે : ૨૦.૪૫ થી ૨૨.૨૦ | તા. ૨૫-૧૦-૨૦૧૯ ના દિવસે ધનતેરસ ૧૯.૧૦ થી શરૂ થાય છે. તા. ૨૬-૧૦-૨૦૧૯ ના દિવસે ધનતેરસ ૧૫.૪૭ સુધી હોવાથી (ધનતેરસ તા. ૨૫-૧૦-૨૦૧૯ ના દિવસે જ કરવી) શુભ સમયમાં ધનપૂજા કરવી. |
| | તા. ૨૬ - ૧૦- ૨૦૧૯ શનિવાર | સવારે : ૦૮.૧૦ થી ૦૮.૫૫<br>બપોરે : ૧૨.૦૫ થી ૧૫.૪૫ | |
| **કાળી ચૌદશ** આસો વદ તેરસ પરં ચૌદશ કાળી ચૌદશ / રૂપ ચૌદશ | તા. ૨૬ - ૧૦ - ૨૦૧૯ શનિવાર | સાંજે : ૧૭.૨૦ થી ૧૮.૫૫<br>રાત્રે : ૨૦.૪૫ થી ૨૪.૦૦ | તા. ૨૬-૧૦-૨૦૧૯ ના દિવસે કાળીચૌદશ ૧૫.૪૮ થી શરૂ થાય છે. જેથી ભગવાન ઘંટાકર્ણ મહાવીર પૂજા, હનુમાનજીની પૂજા-અર્ચના, બટુક ભૈરવ પૂજા-અર્ચના તેમજ મંત્ર સાધના, અનુષ્ઠાન માટે ઉત્તમ. |
| **શુભ દિપોત્સવી** મહાલક્ષ્મી પૂજા (આસો વદ ચૌદશ પરં અમાસ) દિવાળી | તા. ૨૭ - ૧૦ - ૨૦૧૯ રવિવાર | બપોરે : ૧૩.૨૫ થી ૧૪.૩૫<br>સાંજે : ૧૮.૧૦ થી ૨૨.૨૦<br>રાત્રે : ૦૧.૫૦ થી ૦૩.૨૦<br>(તા. ૨૭ મી મળસ્કે ને ૨૮ મી સવારે) | તા. ૨૭-૧૦-૨૦૧૯ ના દિવસે બપોરે ૧૨.૨૫ સુધી નરક ચતુર્દશી છે. તે પછી દિપોત્સવી શરૂ થાય છે. ૨૭.૧૮ સુધી ચિત્રા નક્ષત્ર છે. ત્યારપછી જ સ્વાતિ નક્ષત્ર છે. જેમને અમાસ અને સ્વાતિ નક્ષત્રમાં પૂજા કરવી હોય તેમને લાભના ચોઘડિયામાં અને સિંહ લગ્નમાં ( ધનપૂજન, લક્ષ્મી-કુબેર પૂજન, ચોપડા પૂજન, ગાદી બિછાવવા, નવા સિક્કા, સોના-ચાંદી, જ્વેલરીનાં પૂજન માટે )પૂજા કરવી. |

## દિપોત્સવીના દિવસે સ્થિર લગ્ન આ પ્રમાણે છે.

વૃશ્ચિક લગ્ન સવારે : ૦૮.૩૯ થી ૧૧.૦૬
કુંભ લગ્ન બપોરે : ૧૪.૩૩ થી ૧૫.૪૧

વૃષભ લગ્ન સાંજે : ૧૮.૦૫ થી ૧૯.૫૦
સિંહ લગ્ન રાત્રે : ૦૦.૪૬ થી ૦૩.૨૧ (તા. ૨૭ મી મળસ્કે અને ૨૮ મી સવારે )

## નૂતન વર્ષની હાર્દિક શુભેચ્છાઓ સાથે નવા વર્ષની શુભ શરૂઆતના મુહૂર્ત આ પ્રમાણે છે.

| | | | |
|---|---|---|---|
| **બેસતુ વર્ષ** આસો વદ અમાસ પરં કારતક સુદ પડવો (એકમ) નૂતન વર્ષ સંવત્ ૨૦૭૬/ જૈન સંવત્ ૨૫૪૬ | તા. ૨૮ - ૧૦ - ૨૦૧૯ સોમવાર | સવારે : ૦૯.૩૨ થી ૧૦.૪૦<br>બપોરે : ૧૩.૨૫ થી ૧૮.૫૦ | સવારે ૦૯.૧૦ સુધી અમાસ છે. ત્યારપછી પડવો શરૂ થતો હોવાથી (વિક્રમ સંવત ૨૦૭૬, વિરોધકૃત નામ સંવત્સરારંભ, અન્નકૂટ, ગોવર્ધનપૂજા) નવા વર્ષના મુહૂર્ત, મુહૂર્તના સોદાઓ આપ દર બેસતા વર્ષે કરતાં હોવ તેના શુભ મુહૂર્ત આ પ્રમાણે છે. |
| | વિજય મુહૂર્ત | -------- ૧૧.૫૦ થી ૧૨.૧૪ | |
| **ભાઈબીજ** કારતક સુદ બીજ ભાઈબીજ ભરતદ્વિતીયા | તા. ૨૯ - ૧૦ - ૨૦૧૯ મંગળવાર | સવારે : ૦૯.૩૦ થી ૧૩.૧૫<br>સાંજે : ૧૮.૫૭ થી ૨૦.૩૫<br>રાત્રે : ૨૨.૨૫ થી ૨૪.૦૦ | બહેન ભાઈને આમંત્રણ આપી આત્મીય સ્નેહ વધારવાનું પોતાની રક્ષા માટે આત્મવિશ્વાસ જાગૃત કરવાનો દિવસ. |
| **લાભ પાંચમ** કારતક સુદ પાંચમ લાભપાંચમ/ જ્ઞાન પંચમી/ સૌભાગ્ય પંચમી | તા. ૦૧ - ૧૧ - ૨૦૧૯ શુક્રવાર | સવારે : ૦૬.૫૭ થી ૧૦.૨૫<br>બપોરે : ૧૨.૦૫ થી ૧૩.૧૫<br>બપોરે : ૧૫.૫૫ થી ૧૭.૦૫ | લાભપાંચમ ના દિવસે નવા વર્ષની શુભ શરૂઆત માટે શુભ મુહૂર્ત આ પ્રમાણે છે. |

ડૉ. મહેશ દશોરા
જ્યોતિષાચાર્ય, યોગ-મેડિટેશન, વાસ્તુ એક્સ્પર્ટ
વિનાયક જ્યોતિષ કાર્યાલય
D- 619 ઈન્ટરનેશનલ ટ્રેડ સેન્ટર ( આઈ.ટી.સી.) મજૂરાગેટ ચાર રસ્તા, સુરત,
ફોન નં: (0261)2477880/4868881(M .94261-35316)

# દિવાળીમાં બનાવો અવનવી વાનગીઓ

## ત્રિરંગી સત્તપડી

સામગ્રી : ૫૦૦ ગ્રામ મેંદો, મીઠું, લાલ કલર, ગ્રીન કલર, યલો કલર, પા વાટકી ચોખાનો લોટ તળવા ઘી

રીતઃ મેંદાના લોટના ત્રણ ભાગ કરવા. એકમાં લાલ, એકમા લીલો તથા એકમાં યલો કલર નાખી તેમાં મીઠું નાખી લોટ હૂંફાળા પાણીથી અલગ બાંધવો. લોટમાંથી મોટી પાતળી રોટલી વણો. ઘીને ગરમ કરી ચોખાનો લોટ નાખી પેસ્ટ બનાવો. લાલ રોટલી પર પેસ્ટ લગાવી ઉપર પીળી રોટલી મૂકી તેના ઉપર પેસ્ટ લગાવી તેના ઉપર લીલી રોટલી મૂકવી. આવી રીતે બધી રોટલીના રોલ વાળી તેના પાતરાની જેમ કાપા કરી જરાક દબાવીને એક એક વેલણ મારી પૂરી વણવી. ઘી કરમ કરી તેમાં તળી લેવી. ત્રિરંગી સત્તપડી દેખાવમાં જેટલી સરસ લાગશે તેટલી સરસ ખાવામાં પણ લાગશે.



## નાળિયેરની બરફી



સામગ્રી : 3 કપ તાજુ નાળિયેરનું છીણ, ૪૦૦ ગ્રામ દૂધ, ૧/૨ કપ ખાંડ, ૧ ચમચી ઈલાયચી પાવડર, ૫ ટીન સ્પૂન ઘી, ૧ કપ બદામની કતરણ.

રીત : સૌથી પહેલા એક પેનને ગરમ કરો અને તેમાં છીણેલું નાળિયેર, દૂધ અને ખાંડ મિક્સ કરો. તેને ત્યાં સુધી હલાવતા રહો જ્યાં સુધી દૂધ અડધું ન થઈ જાય કે પછી થોડું ઘટ્ટ થઈ જાય. ત્યાર બાદ તેમાં ઘી નાંખી અને ઘી છુટું પડે ત્યાં સુધી થવા દો. ત્યાર બાદ તેમાં ઈલાયટી પાવગર નાંખો અને મિક્સ કરીને ગેસની ફ્લેમ બંધ કરી દો. ત્યારબાદ એક થાળી લો અને તેમાં બધી સામગ્રી પાથરીને તેના પર બદામની કતરણ ભભરાવો. જ્યારે નાળિયેરની બરફી ઠંડી જાય ત્યારે મનપસંદ આકારમાં કાપી લો અને સર્વ કરો.

## મઠિયા

સામગ્રી : એક કિલો મઠનો લોટ, પા કિલો અડદનો લોટ, ૧૫૦ ગ્રામ ખાંડ, ૧૫૦ ગ્રામ મરચાં લીલાં, મીઠું પ્રમાણસર, બે ટેબલસ્પૂન તલ, ૧ ટી સ્પૂન અજમો (નાખવો હોય તો) તળવા માટે તેલ.

રીતઃ અડધો લીટર પાણીમાં મરચાંના ટુકડા તથા મીઠું નાખી પાણી ઉકાળવું. પછી નીચે ઉતારી તેમાં ખાંડ નાખી હલાવવું. હવે આ પાણી ગાળી તેનાથી લોટ બાંધવો. મઠનો તથા અડદનો લોટ ભેગા કરી તેમાં મીઠું, તલ, અજમો નાખી પાણીથી કઠણ લોટ બાંધીને પછી કરતી વખતે લોટને ફુલાવીને નરમ કરી ઘી-લોટમાં રગદોળી પાતળી મોટી પૂરી વણવી. આવી રીતે બધાં મઠિયાં વણીને તૈયાર કરવા. પછી ગરમ તેલમાં તળી લેવા. એરટાઇટ ડબ્બામાં ભરી લેવા.



## ફાફડા



સામગ્રી : અડધો કિલો ચણા દાળ-મગની દાળ, પા કિલો મગની દાળ, મીઠું, એક ચમચી ઘી. તળવામા તેલ.

રીતઃ ચણા દાળ, મગ દાળ, અડદની દાળનો લોટ મિક્સ કરો. ત્રણેયનો મીઠું નાખી લોટ બાંધો. કલાક રહેવા દેવો. પછી ઘી, તેલ લઈ ખૂબ ખાંડવો અને કુણવીને નરમ કરવો. ઘી લઈ થોડો થોડો લોટ લઈ ફાફડા વણો. બધા ફાફડા વણાઈ જાય એટલે ગરમ તેલમાં તળી લેવા. ફાફડા જેટલા ફૂલે તેટલા સરસ ફાફડા પાતળા વણવા. એક ફાફડો પહેલાં વણીને તળી લેવો એટલે ખબર પડી જાય કે પોલો થાય છે કે નહીં જો કઠણ લાગે તો ફરી લોટ ખાંડવો અને પાતળું વણવું એટલે બરાબર પોલા ફાફડા થશે.

## કાજુ કતરી



સામગ્રી : ૧ કિલોગ્રામ કાજુ, ૧ કપ ખાંડ, ૧ કપ પાણી , મોટી ચમચી ગરમ દૂધ, ૧ નાની ચમચી એલચી પાઉડર, ૨-૩ વરખની પરત

રીતઃ એક પ્લેટ પર સામાન્ય ઘી લ ગ ા વ ી ન ે બાજમાં , ટી. દો. પછી કાજુને ગ્રાઈન્ડ કરીને તેનો પાઉડર તૈયેર હપનાવીને બાજુમાં મૂકી દો. તે પછી પાણીમાં ખાંડ નાખીને તેને ઉકાળી લો અને એક તારની ચાસણી હલાવી લો. આ ચાસણીમાં કાજુનો પાઉડર, એલચી પાઉડર અને દૂધ ઉમેરી દો. પછી આ મિશ્રણને ઘી લગાવીને પ્લેટ પર ફેલાવી દો અને ઠંડું થવા દો. ઠંડું થાય પછી તેની ઉપર વરખ લગાવી દો અને તેને નાના-નાના ટુકડામાં કાપી લો.

# રામ મંદિર કેસમાં દલીલો પૂર્ણ : ૧૭ નવેમ્બર પહેલાં ચુકાદો

**• સ્થિતિ તંગ ન બને તે માટે અયોધ્યામાં હાઈ એલર્ટ, પીએસીની ૪૭ કંપની તૈનાત, વધુ ૨૦૦ કંપનીઓ મંગાવાઈ**



નવી દિલ્હી : અયોધ્યામાં રામ મંદિર મુદ્દે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી ચાલી રહી હતી, દૈનિક ધોરણે આ સુનાવણી શરૂ કરવામાં આવી હતી, જેમાં બુધવારે બન્ને પક્ષકારો દ્વારા અંતિમ દલિલો રજુ કરવામાં આવી હતી. તેથી સુપ્રીમ કોર્ટમાં હવે આ મામલે સુનાવણી પૂર્ણ થઈ ગઈ છે. અને કોર્ટે પોતાનો ચુકાદો અનામત રાખ્યો છે. આગામી મહિનામાં જ અંતિમ ચુકાદો આવે તેવી પણ શક્યતાઓ છે. મુખ્ય ન્યાયાધીશ રંજન ગોગોઈની આગેવાનીમા ગઠીત પાંચ જજોની બેંચે જમીન વિવાદ સાથે જોડાયેલા દરેક પક્ષોને ત્રણ દિવસની અંદર મોલ્ડિંગ ઓફ રિલીફ પર લેખીતમાં જવાબ રજુ કરવા પણ કહ્યું છે. હિંદુ મહાસભાના વકીલ વરુણ સિન્હાએ જણાવ્યું હતું કે બંધારણીય પીઠે સ્પષ્ટતા કરી દીધી છે કે ચુકાદો આગામી ૨૩ દિવસની અંદર આવી જશે. બંધારણીય બેંચની આગેવાની લઈ રહેલા મુખ્ય ન્યાયાધીશ રંજન ગોગોઈ આગામી ૧૭મી નવેમ્બરે નિવૃત થઈ રહ્યા છે. ગોગોઈએ બુધવારે સાંજે પાંચ કલાકે સુનાવણી પૂર્ણ કરવાનો આદેશ આપ્યો હતો. મહાસભાના વકીલે દાવો કર્યો હતો કે આ નકશામાં વિવાદિત જમીન પર રામલલાના વાસ્તવિક જન્મસ્થળને દર્શાવવામાં આવ્યું છે. જેનો બાદમાં રાજીવ ધવને વિરોધ કર્યો હતો. બીજી તરફ એવા અહેવાલો છે કે સમજૂતી માટેની મધ્યસ્થતા સમિતીએ બુધવારે એક અહેવાલ સુપ્રીમ કોર્ટને સોપ્યો હતો. જેમાં જણાવવામાં આવ્યું હતું કે મુસ્લિમ અને હિંદુ બન્ને પક્ષકારો સમજૂતી માટે તૈયાર છે.

સુત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર સુન્ની વકફ બોર્ડના અધ્યક્ષ જફર અહમદ ફારુકી તરફથી શ્રીરામ પાંચૂના માધ્યમથી સેટલમેન્ટ અરજી દાખલ કરવામાં આવી છે. બોર્ડે અયોધ્યા કેસમાં પોતાનો દાવો પણ પરત લેવાની વાત કરી છે સાથે મસ્જિદ માટે વૈકલ્પિક વ્યવસ્થા કરવાની માગણી મુકી હોવાના અહેવાલો છે.

## હિંદુ પક્ષકારના વકીલની દલીલો

- ૧૮૮૫ સુધી હિંદુ આ જમીન પર પૂજાનો દાવો કરતા હતા પરંતુ બ્રિટિશ સરકારે ત્યાં રેલિંગ લગાવી દીધી હતી, બ્રિટિશરોએ રેલિંગ લગાવ્યા પછી પણ હિંદુ સતત પૂજા કરતાં રહ્યાં હતાં. ત્યાર પછી મોગલોએ મસ્જિદ બનાવી દીધી હતી.
- જમીનની માલિક તત્કાલીન હકુમત હતી તો તેની દેખરેખમાં નિર્માણ કરાયેલી મસ્જિદ સુન્ની બોર્ડે કેવી રીતે ડેડિકેટ કરી?
- ૧૬ ડિસેમ્બર ૧૯૪૯ પછી વિવાદિત સ્થળે કોઈ નમાઝ અદા કરાઈ નથી, ૨૨ ડિસેમ્બર રાતથી જ ત્યાં રામલલ્લા વિરાજમાન હતા, ૨૩ ડિસેમ્બર ૧૯૪૯ના રોજ શુક્રવાર હતો પરંતુ મૂર્તિ હોવાના કારણે ત્યાં નમાઝ થઈ શકી નહોતી
- અમે બાબરે જે ગેરકાયદેસર નિર્માણ કરાવ્યું હતું તે જમીનની માગ કરી રહ્યાં છીએ
- તેઓ મંદિરના દાવાને નકારી રહ્યાં છે પરંતુ ત્યાં પહેલેથી મંદિર હતું તો તેઓ દાવો કેવી રીતે નકારી શકે? જમીનનો હક ન હોય ત્યાં સુધી મસ્જિદ નિર્માણ કરી શકાય નહીં.
- જસ્ટિસ નઝીરે જણાવ્યું કે, તો પછી આ વક્ફ તો બાય યૂઝર
- જસ્ટિસ ચંદ્રચૂડે જણાવ્યું કે, જમીન પર વક્ફ બોર્ડના દાવા પર તમારે શું કહેવું છે.

## મુસ્લિમ પક્ષકારના વકીલની દલીલો

- હિંદુ પક્ષકારોએ કુરાનના આધારે કરેલી દલીલો પાયાવિહોણી છે
- મુસ્લિમો તેમની જમીન પર કબજો પાછો ઇચ્છે છે, ૬ ડિસેમ્બર ૧૯૯૨ના રોજ જે સંપત્તિ નષ્ટ કરાઈ તે મુસ્લિમોની સંપત્તિ હતી
- વક્ફ સંપત્તિનો મતવલ્લી જ દેખરેખ માટે જવાબદાર હોય છે, તેની નિયુક્તિ બોર્ડ દ્વારા કરાય છે
- યાત્રીઓના પુસ્તકો સિવાય તેમની પાસે માલિકી હકનો કોઈ પુરાવો નથી, ૧૮૮૬માં ફૈઝાબાદની અદાલતે ચુકાદામાં કહ્યું હતું કે, હિંદુ મંદિરનો કોઈ પુરાવો મળ્યો નથી, હિંદુઓએ આ ચુકાદાને પડકાર પણ આપ્યો નહોતો
- જો હિંદુ પક્ષ ૧૮૮૫થી ટાઇટલ સાબિત કરવામાં સક્ષમ છે તો હું બે સદી કરતાં વધુ સમયથી આ જગ્યાનો માલિક છું
- ચબૂતરો પણ મસ્જિદનો જ હિસ્સો છે, ફક્ત ઇમારત જ નહીં પરંતુ સંપૂર્ણ જગ્યા મસ્જિદનો હિસ્સો છે, ત્યાં મસ્જિદ હતી, મુસ્લિમોની હતી અને તેમને પુન:નિર્માણનો સંપૂર્ણ અધિકાર છે
- જસ્ટિસે ધવનને કહ્યું અમને એએસઆઇનો નક્શો સમજાવો
- જસ્ટિસ ચંદ્રચૂડે જણાવ્યું કે,જો અમે તમારા આધાર જોઈએ તો તે માલિકીના દસ્તાવેજ દર્શાવતા નથી, નક્શા પરથી એમ લાગે છે કે રામ ચબૂતરો અંદર હતો

## ૩૮ દિવસ દરમિયાન થયેલી મહત્ત્વની દલીલો

**૧લો દિવસ** । હિંદુ પક્ષકારનો દાવો : ૧૯૩૪થી વિવાદિત જગ્યાએ મુસ્લિમને પ્રવેશમાં મંજૂરી નહોતી

**૨જો દિવસ** । નિર્મોહી અખાડાએ મૂળ દસ્તાવેજો રજૂ કર્યા

**૩જો દિવસ** । સુપ્રીમનો રામલલ્લાને સવાલ : જમીન વિવાદમાં જન્મસ્થળને પક્ષકાર કેવી રીતે બનાવી શકાય

**૪થો દિવસ** । શું રામના વંશજો અયોધ્યામાં રહે છે : સુપ્રીમનો સવાલ

**૫મો દિવસ** । જમીન બોર્ડ પાસે જતા તેમનો અધિકાર બનતો નથી

**૬ઠ્ઠો દિવસ** । હિંદુ પક્ષ તરફથી વેદ-પુરાણોનો ઉલ્લેખ

**૭મો દિવસ** । વિવાદિત સ્થળેથી દેવતાઓની અનેક આકૃતિઓ મળી છે : રામલલ્લા વિરાજમાનનો દાવો

**૮મો દિવસ** । રામનું મંદિર તોડી પાડીને મસ્જિદ બનાવાઈ : હિંદુ પક્ષકારનો દાવો

**૯મો દિવસ** । કોઈ પણ મસ્જિદનું માળખું ખડું કરીને માલિકી હકનો દાવો ન કરી શકે : હિંદુ પક્ષકાર

**૧૦મો દિવસ** । વિવાદિત સ્થળે પૂજા કરવા દેવામાં આવે તેવી માગ

**૧૧મો દિવસ** । વિવાદિત જમીન પર માલિકી હકનો દાવો નથી કરી રહ્યા, નિર્મોહી અખાડાની દલીલ

**૧૨મો દિવસ** । અમે દેવ સ્થાનનો પ્રબંધન કરીએ છીએ પૂજાનો અધિકાર ઈચ્છીએ છીએ : નિર્મોહી અખાડાના વકીલ

**૧૩મો દિવસ** । નિર્મોહી અખાડાની દલીલ, ૧૮૫૫ પહેલાં અહીં કદી પણ નમાઝ થઈ નથી

**૧૪મો દિવસ** । હિંદુ સંસ્થાનો દાવો, મોગલ બાદશાહ બાબર કદી પણ અયોધ્યા ગયા નહોતા

**૧૫મો દિવસ** । મુસ્લિમ પક્ષકાર હાઇકોર્ટમાં સાબિત કરી શક્યા નથી કે મસ્જિદનું નિર્માણ બાબરે કરાવ્યું હતું

**૧૬મો દિવસ** । હિંદુ મહાસભાના વકીલ જૈનનો દાવો : આ જગ્યા શરૂઆતથી હિંદુઓના અધિકારમાં રહી હતી

**૧૭મો દિવસ** । ૧૯૪૯ પર મસ્જિદ પર હુમલો થયો હતો અને ૧૯૯૨માં મસ્જિદને તોડી પડાઈ : મુસ્લિમ પક્ષકાર

**૧૮મો દિવસ** । મસ્જિદની અંદર મૂર્તિઓ રાખવામાં આવી : મુસ્લિમ પક્ષકારની દલીલ

**૧૯મો દિવસ** । ઝઘડો અંદરના ભાગ માટે જેની પર કબજો કરી લેવાયો હતો

**૨૦મો દિવસ** । ૧૮૮૫માં બહારના આંગણામાં અખાડો હતો, રામ ચબૂતરો બહારનાં આંગણામાં હતો

**૨૧મો દિવસ** । હિંદુ પક્ષની પાસે જમીનની માલિકનો હક નથી : મુસ્લિમ પક્ષકારની દલીલ

**૨૨મો દિવસ** । મુસ્લિમ પક્ષના વકીલે કહ્યું મને ફેસબુક પર ધમકી મળી છે, સુરક્ષાની જરૂર નથી

**૨૩મો દિવસ** । અખાડાએ વિવાદિત સ્થળે મસ્જિદ હોવાની વાતનો સ્વીકાર કર્યો હતો : મુસ્લિમ વકીલ

**૨૪મો દિવસ** । જન્મસ્થાન કાનૂની વ્યક્તિ ન હોઈ શકે : મુસ્લિમ પક્ષકારની દલીલ

**૨૫મો દિવસ** । મસ્જિદ ફક્ત મુસલમાન દ્વારા બનાવાઈ હતી

**૨૬મો દિવસ** । સુપ્રીમે કહ્યું કે જરૂરત પડી તો કોર્ટે સુનાવણીનો સમય એક કલાક વધારી શકે છે

**૨૭મો દિવસ** । વિવાદિત ઇમારતના મુખ્ય ગુંબજ નીચે ગર્ભગૃહ હોવાનો મુસ્લિમ પક્ષનો દાવો

**૨૮મો દિવસ** । ૧૯૯૨માં જાણી જોઈને મસ્જિદ તોડી પાડવામાં આવી હતી

**૨૯મો દિવસ** । ૧૯૪૯ સુધી સતત નમાઝ થઈ ત્યાં સુધી કોઈ મૂર્તિ નહોતી

**૩૦મો દિવસ** । મસ્જિદ બન્યાના ૭૦ વર્ષ બાદ રામચરિત માનસની રચના કરવામાં આવી હોવાનો મુસ્લિમ પક્ષનો દાવો

**૩૧મો દિવસ** । વિવાદિત સ્થળના બહારના ભાગે રામ ચબૂતરો જ ભગવાન રામનું જન્મસ્થળ છે : હિંદુ પક્ષ

**૩૨મો દિવસ** । મુસ્લિમ પક્ષકારોએ સુપ્રીમ કોર્ટના સમય બરબાદ કરવા માટે માફી માગી

**૩૩મો દિવસ** । રામજન્મભૂમિ વિવાદની સુનાવણી નિયત કાર્યક્રમ પ્રમાણે થઈ રહી નથી : સુપ્રીમ

**૩૪મો દિવસ** । વિવાદિત સ્થળે મસ્જિદ હતી : મુસ્લિમ વકીલનો દાવો

**૩૫મો દિવસ** । જન્મસ્થળ પર ભગવાન રામનો જન્મદિવસ મનાવવામાં આવે : હિંદુ પક્ષકારની દલીલ

**૩૬મો દિવસ** । બાબરી મસ્જિદ નીચેના ખોદકામ દરમિયાન મંદિર હોવાની સાબિતી મળી હોવાનો દાવો

**૩૭મો દિવસ** । સુપ્રીમે તમામ પક્ષકારોને ૧૭ ઓક્ટોબર સુધીમાં દલીલો પૂર્ણ કરી લેવાનું જણાવ્યું

**૩૮મો દિવસ** । બાબરે અયોધ્યામાં રામજન્મભૂમિ પર મસ્જિદ બનાવીને ઐતિહાસિક ભૂલ કરી હતી : હિંદુ પક્ષ

# મુસ્લિમ પક્ષના વકીલે રામ-જન્મસ્થાનનો નકશો ફાડી નાખ્યો

રામજન્મભૂમિ-બાબરી મસ્જિદ ટાઇટલ કેસની અંતિમ દિવસની સુનાવણીમાં નાટકીય ઘટનાક્રમ જોવા મળ્યો હતો. સુન્ની વક્ફ બોર્ડ સહિતના મુસ્લિમ પક્ષકારો વતી દલીલો કરી રહેલા વરિષ્ઠ વકીલ રાજીવ ધવને હિંદુ મહાસભાના વકીલ વિકાસ સિંહે રજૂ કરેલા રામજન્મસ્થાનના નકશાને ફાડી નાખતાં વકીલો વચ્ચે ઉગ્ર દલીલો જોવા મળી હતી. સુનાવણીના અંતિમ દિવસે હિંદુ મહાસભાના વકીલ વિકાસ સિંહે એક પુસ્તકની સાથે રામજન્મભૂમિની ઓળખ કરાવતો નકશો અદાલત સમક્ષ રજૂ કર્યો હતો. રાજીવ ધવને તેની સામે વાંધો ઉઠાવતાં જણાવ્યું હતું કે, આ દસ્તાવેજ રેકોર્ડ પર નથી. દસ્તાવેજ ફાડી નાખવાની પાંચ જજની બેન્ચની પરવાનગી માગતાં તેમણે જણાવ્યું હતું કે, શું મને આ દસ્તાવેજ ફાડી નાખવાની પરવાનગી છે? સુપ્રીમ કોર્ટ કોઈ મજાક નથી. ત્યારબાદ તેમણે તે દસ્તાવેજ પાંચ ટુકડામાં ફાડી નાખ્યો હતો. રાજીવ ધવને વિકાસ સિંહના એક પુસ્તક જમા કરાવવાના પ્રયાસનો પણ વિરોધ કર્યો હતો. વિકાસ સિંહે દલીલ કરી હતી કે, આ નકશા દ્વારા સીતા રસોઈ અને સીતા કૂપની ઓળખ થાય છે જે રામજન્મભૂમિ છે. પરંતુ ધવને ઉગ્ર અવાજે તેનો વિરોધ કર્યો હતો. દસ્તાવેજો ફાડી નાખવા પર ધવને જણાવ્યું હતું કે, આ ઘટનાને ખોટી રીતે મોટું સ્વરૂપ આપવામાં આવી રહ્યું છે. હકીકત એ છે કે, હું તે દસ્તાવેજોને દૂર ફેંકી દેવા માગતો હતો, પરંતુ ચીફ જસ્ટિસે મને કહ્યું કે હું તે ફાડી શકું છું. તેથી હું કહી શકું છું કે, મેં અદાલતની પરવાનગી સાથે આ દસ્તાવેજો ફાડી નાખ્યા હતા.

# હવે નવો વળાંક : મુસ્લિમ પક્ષ શરતી રીતે દાવો છોડવા તૈયાર

રામ મંદિર બાબરી મસ્જિદ જમીન વિવાદમાં સુપ્રીમ કોર્ટની સુનાવણી પૂર્ણ થયા બાદ નાટયાત્મક વળાંક આવી ગયો છે. સુપ્રીમ કોર્ટ દ્વારા રચવામા આવેલી મધ્યસ્થતા પેનલે સર્વોચ્ચ અદાલતને સુચિત કર્યું છે કે ૨.૭૭ એકર જમીનની વહેંચણીના આ વિવાદમાં તે સમજુતી સુધી પહોંચી ચુકી છે. પેનલના કહેવા મુજબ મુસ્લિમ પક્ષ રામ મંદિર માટે કેટલીક શરતો સાથે વિવાદાસ્પદ ભૂમિ પર પોતાના દાવાને છોડી દેવા માટે સંપૂર્ણ પણે તૈયાર છે. સુત્રોના કહેવા મુજબ સુન્ની વક્ફ બોર્ડ, નિર્માણી અખાડા, નિર્મોહી અખાડાના એક પ્રતિનિધી ( તમામ આઠ નિર્મોહી અખાડા આની હેઠળ આવે છે ), હિન્દુ મહાસભા તેમજ રામ જન્મ સ્થાન પુનરુદ્ધાર સમિતિએ એક સમજુતી પર હસ્તાક્ષર કરી દીધા છે. આ સેટલમેન્ટમાં મુસ્લિમ પક્ષે રામ મંદિરને યોગ્ય સ્થાન આપવા માટેકેટલીક શરતોનો ઉલ્લેખ કર્યો છે. સેટલમેન્ટ મુજબ મુસ્લિમ પક્ષની શરત એ છે કે વર્ષ ૧૯૯૧નના કાયદાને કઠોર રીતે પાળીને કેટલીક વ્યવસ્થા કરવામાં આવે તે જરૂરી છે. ૧૫મી ઓગષ્ટ ૧૯૪૭થી જારી વ્યવસ્થા મુજબ આ જગ્યા તમામ માટે પ્રાર્થના સ્થળ તરીકે પ્રયોગ થઇ રહી હતી. આની સાથે સાથે અયોધ્યામાં તમામ મસ્જિદોના સમારકામ અને ખાસ કરીને બીજા સ્થાન પર વક્ફ બોર્ડને મસ્જિદ નિર્માણ માટે જગ્યા આપવા માટેની શરત પણ સામેલ કરવામાં આવી છે. અલબત્ત સમજુતી માટે થયેલી મધ્યસ્થતામાં વિવાદાસ્પદ ભૂમિના બે મોટા દાવેદારો વિહીપ સમર્થિત રામ જન્મ ભૂમિ ન્યાય અને રામ લલ્લા વિરાજમાન તેમજ જમિયત ઉલેમા સામેલ થયા નથી. સુત્રોના કહેવા મુજબ મુસ્લિમ પાર્ટીઓએ તેમનો દાવો છોડી દીધો છે અને રામ મંદિર નિર્માણ માટે સહમતિ આપી દીધી છે. ન્યાય માટે આ સમજુતી તમામ રીતે ફાયદામાં છે. સુપ્રીમ કોર્ટમાંથી જો ચુકાદો તેમની તરફેણમાં આવે છે તો તેમને મહત્તમ જમીન પર માલિકી હક અને મંદિર નિર્માણ માટેના અધિકાર મળી શકે છે.અયોધ્યાના ઐતિહાસિક જમીન વિવાદ મામલામાં સુપ્રીમ કોર્ટમાં આખરે સુનાવણી ગઇકાલે પૂર્ણ કરી લેવામાં આવી હતી.

## ક્યા ક્યા મુદ્દે સહમતિ થઇ : અયોધ્યામાં તમામ મસ્જિદોના સમારકામની શરત

- ૨.૭૭ એકરની વિવાદાસ્પદ જમીન પર મુસ્લિમ પક્ષ પોતાના દાવાને છોડી દેશે. પરંતુ આના બદલે સરકાર અયોધ્યામાં તમામ મસ્જિદોના સમારકામ કરવાની જવાબદારી લે તેવી મુસ્લિમ પક્ષની માંગણી રહી, સાથે સાથે સુન્ની વક્ફ બોર્ડને મસ્જિદના નિર્માણ માટે બીજી જગ્યા પર જમીન ઉપલબ્ધ કરાવી દેવામાં આવે તેવી માંગ કરી
- મધ્યસ્થતા પેનલનુ કહેવુ છે કે સુપ્રીમ કોર્ટ જો મુસ્લિમ પક્ષના હિતમાં ચુકાદો આપે છે તો પણ મસ્જિદ નિર્માણ માટેની જવાબદારી સુન્ની વક્ફ બોર્ડની રહેશે. સુપ્રીમ કોર્ટમાં અન્યો દ્વારા પણ દાવો કરવામાં આવ્યો છે. કેટલીક શરતો જટિલ રહેલી છે. જે મુજબ દેશના કોઇ પણ ભાગમાં ધાર્મિક સ્થળોની સ્થિતીમાં હવે કોઇ ફેરફાર કરવામાં આવશે નહીં
- આર્કિયોલોજીકલ સર્વે ઓફ ઇન્ડિયા મેનેજમેન્ટ મુસ્લિમની નમાજ માટે કેટલીક મસ્જિદોને ખુલ્લી કરે અને કોર્ટ દ્વારા નિમવાવામાં આવેલી કમિટીતેમજ મુસ્લિમ પાર્ટીઓ આનો નિર્ણય કરશે કે કઇ મસ્જિદોને નમાજ માટે ખોલી દેવામાં આવનાર છે.
- સુપ્રીમ કોર્ટ દ્વારા નિમવામાં આવેલી મધ્યસ્થતા પેનલના સભ્ય જસ્ટીસ કલિફુલ્લા, વરિષ્ટ વકીલ પાંચુ તેમજ આધ્યાત્મિક ગુરૂ શ્રી શ્રી રવિશંકરે માહિતી આપતા કહ્યુ છે કે જમિયત વર્ગ માટે પણ આ સેટલમેન્ટનો ઇન્કાર કરવા માટેની બાબત મુશ્કેલરૂપ રહેશે.

# ઈલેક્ટ્રોથર્મના કરોડોના કાંડમાં આખરે FIR

**• એમડી શૈલેષ ભંવરલાલ ભંડારી, નાગેશ ભંડારી સહિતના ૧૬ આરોપીઓ સામે કોર્ટે કાર્યવાહીનો આદેશ કર્યો હતો**

અમદાવાદ : ઈલેક્ટ્રોથર્મ ઈન્ડિયા લિમિટેડના કરોડો રૂપિયાના કૌભાંડમાં તાજેતરમાં જ ચીફ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટની કોર્ટમાં દાખલ થયેલી ત્રણ અલગ-અલગ ફરિયાદોના ચકચારભર્યા કેસમાં ચીફ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ એ.વાય.દવેએ સીઆઈડી ક્રાઈમને એફઆઈઆર નોંધવા બહુ જ મહત્વનો આદેશ જારી કર્યો હતો, તેના અનુસંધાનમાં સીઆઈડી ક્રાઈમ દ્વારા આ સમગ્ર ચકચારભર્યા કૌભાંડમાં આખરે કંપનીના એમડી શૈલેષ ભંવરલાલ ભંડારી અને વેસ્ટર્ન ઈન્ડિયા સ્પેશ્યાલિટી હોસ્પિટલ લિ.ના ડાયરેકટર નાગેશ ભંવરલાલ ભંડારી સહિતના અન્ય આરોપીઓ સામે એફઆઈઆર દાખલ કરવામાં આવી છે. સીઆઈડી ક્રાઈમે દાખલ કરેલી આ એફઆઈઆરને પગલે હવે આરોપીઓ પર ધરપકડની તલવાર તોળાઈ રહી છે. સીઆઈડી ક્રાઈમ દ્વારા ઈલેક્ટ્રોથર્મના એમડી શૈલેષ ભંડારી, વેસ્ટર્ન ઈન્ડિયા સ્પેશ્યાલિટી હોસ્પિટલના લિ.ના નાગેશ ભંડારી સહિતના આરોપીઓ વિરૂધ્ધ ત્રણ અલગ-અલગ ફરિયાદ દાખલ કરવામાં આવી છે. જેમાં ફરિયાદી તરીકે ઈલેક્ટ્રોથર્મ ઈન્ડિયા લિ.ના ફાઉન્ડર અને ચેરમેન મુકેશ ભંડારી અને ઈલેક્ટ્રોથર્મના ડાયરેકટર સિધ્ધાર્થ ભંડારી દર્શાવવામાં આવ્યા છે. ચકચારભર્યા આ કૌભાંડમાં કુલ ૧૬ આરોપીઓ વિરૂધ્ધ ત્રણ અલગ-અલગ એફઆઈઆર દાખલ કરવામાં આવી છે. ઈલેક્ટ્રોથર્મ ઈન્ડિયા લિ.ના કરોડોના કૌભાંડમાં દાખલ કરાયેલી એફઆઈઆરમાં બહુ ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે કે, ઈલેક્ટ્રોથર્મના લિ.ના ફાઉન્ડર મુકેશભાઈ ભંડારીની બોગસ સહીઓ અને દસ્તાવેજો મારફતે કંપનીના એમડી શૈલેષ ભંડારી તથા નાગેશ ભંડારીએ તાન્ઝાનીયામાં સ્ટીલનો પ્લાન્ટ સ્થાપવા સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયામાંથી રૂ.૪૮૦ કરોડની લોન ફેસિલિટી મેળવી લીધી હતી.

# વલસાડનો યુવાન સુરત એરપોર્ટ પર રૂ. ૯૦ લાખના સોના સાથે ઝડપાયો

સુરત : સુરત એરપોર્ટ પરથી ગત્ શુક્રવારે રાત્રે સુરત-શારજાહ ફ્લાઈટમાંથી ઉતરેલા વલસાડના યુવાન પાસેથી રૂ.૯૦ લાખની કિંમતના સોનાનો જથ્થો ઝડપાતા તેની ધરપકડ કર્યા બાદ શરતી જામીન પર મુક્ત કરવામાં આવ્યો છે. વીતેલા ત્રણ મહીનામાં શારજાહની ફ્લાઈટમાં દાણચોરીના ઈરાદે લાવવામાં આવતા સોનાના જથ્થા સાથે ૮ જેટલા આરોપી પેસેન્જર્સને સુરત એરપોર્ટ પરથી ઝડપી લેવામાં આવ્યા છે. શુક્રવારે રાત્રે શારજાહથી સુરત આવેલી ફ્લાઈટમાંથી સુરત એરપોર્ટ પર ઉતરેલા વલસાડના જિગ્નેશ પટેલ નામના યુવાનની વર્તણુંક શંકાસ્પદ જણાતી હતી. જેથી સુરત એરપોર્ટ કસ્ટમ વિભાગે શકમંદ વલસાડી યુવાનને સ્કેનીંગ માટે લઈ જઈ ઝીણવટથી તલાશી લીધી હતી. જે દરમિયાન વલસાડના યુવાનના પગના મોજામાંથી ૧૦ સોનાના બિસ્કીટ, જીન્સના બેલ્ટમાં ૯ બિસ્કીટ તથા પેન્ટના ખિસ્સામાંથી સોનાનું બ્રેસલેટ છુપાવીને લાવ્યો હોવાનું બહાર આવ્યું હતુ. જેથી કુલ રૂ.૯૦ લાખની કિંમતના ૨૨૦૦ ગ્રામ સોનાના જથ્થો દાણચોરીના ઈરાદે લાવનાર વલસાડના જિગ્નેશ પટેલની ધરપકડ કરી હતી.

# હવે મિલકતના રેકોર્ડમાં વારસાગત એન્ટ્રી ટૂંકમાં ઓનલાઈન કરી શકાશે

અમદાવાદ : રાજ્ય સરકારે વિવિધ મહેસૂલી સેવાઓ ઓનલાઈન કર્યા બાદ હવે વારસાઈ નોંધ પણ ઓનલાઈન કરી શકાય તેવી સુવિધા શરૂ કરી દીધી છે જેના કારણે હવે નાગરિકોએ કચેરીનો ધક્કો ખાવો નહીં પડે. પરંતુ ઘેર બેઠાં ઓનલાઈન અરજી અને તેને લગતી તમામ પ્રક્રિયા પૂરી કરીને વારસાઈ નોંધ કરાવી શકાશે. સરકારની આ અગત્યની સુવિધાને લઈ અરજદારોને બહુ મોટી રાહત થઈ છે. ખાસ કરીને મામલતદાર કચેરીના ધક્કા નહી ખાવા પડે. વારસાઈ એન્ટ્રી પણ હવે ઓનલાઈન જ શકય બનશે. તંત્ર દ્વારા વારસાઈની કાચી નોંધ બાબતે એસએમએસ મોકલવામાં આવશે. ત્યાર બાદ અરજદારે જરૂરી તમામ પુરાવાઓ ૧૫ દિવસમાં રજૂ કરવાના રહેશે. વારસાઈ નોંધ સુવિધા માટે આઈઓઆરએ.ગુજરાત.ગવ.ઈન પર અરજી સબમીટ કરવાની રહેશે. માત્ર પોર્ટલ પરથી ડાઉનલોડ કરેલી અરજી જ માન્ય ગણાશે.

# ૨૦૨૦ સુધીમાં આઠ લાખ ઘરોમાં રૂફટોપ સોલર પેનલ લાગશે : રૂપાણી

**• સુરતમાં મેયરોના સેમિનારોમાં મુખ્યમંત્રીએ અધિકારીઓને પ્રજાના કામો કરવા તાકિદ કરી**

સુરત, - સુરતમાં ઈન્ડિયા મેયર કાઉન્સીલ સેમિનારને ખુલ્લો મુકતા મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જણાવ્યુ હતુ કે રાજય સરકાર જયાં માનવી ત્યાં સુવિધા અને વિવાદ નહીં પણ સંવાદના લક્ષ્ય સાથે અર્બન ડેવલપમેન્ટ પાછળ રૂા.૧૧,૦૦૦ કરોડ ખર્ચી રહી છે. આથી નાણાંની ચિંતા છોડીને જનતાની સુખ સુવિધા વધારતા વિકાસ કાર્યો માટે પ્રોત્સાહિત કર્યા હતા. આ બેદિવસીય સેમિનારમાં મેયરોને વધુ સત્તા મળે તે માટે સરકાર પ્રયત્નશીલ હોવાનું જણાવીને તેમણે કહયુ હતુ કે ભૂતકાળની સરકારોમાં લોકલ સેલ્ફ ગર્વમેન્ટ બોડીને સરકાર પાસેથી આર્થિક ભંડોળ મેળવવુ દુષ્કર હતુ. જયારે હાલની કેન્દ્ર સરકાર સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓને પોત્સાહન આપીને સ્થાનિક વિકાસને પ્રાધાન્ય આપ્યુ છે. કેન્દ્ર સરકારે સ્માર્ટ સીટી પાછળ રૂા૫૦૦ કરોડના જંગી ફાળવણી કરીને શહેરોની કાયાપલટ કરવાની દિશામાં આગળ વધી રહી છે. લઘુતમ સાધનોનો મહત્તમ ઉપયોગ કરીને કરકસરપૂર્વક ઉપયોગ કરવો એ ગુડ ગર્વન્સની નિશાની હોવાનું તેમણે જણાવ્યુ હતુ. વિકાસના હેપીનેસ ઈન્ડેકસ વધારવાનો પ્રયત્ન રાજય સરકાર કરી રહી છે. રાજયમાં ૪૫ ટકા જેટલુ શહેરીકરણ થયુ છે. ગામડાથી શહેરોમાં સ્થળાંતર વધ્યુ છે.ત્યારે સ્થળાંતરિત નાગરિકોની સુખ સુવિધાની કાળજી લેવી જોઈએ.

# ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટથી વિશ્વના ઉદ્યોગ સાહસિકોને પ્લેટફોર્મ મળશે

સુરત : વેપાર, ઉદ્યોગ અને રોજગારથી જ ઉદ્ધાર થશે. આથી ઔદ્યોગિક વેપાર વચ્ચે સંકલન સાધીને ઉદ્યોગ સાહસિકોને તૈયાર કરવા છે તેમજ શિક્ષિત, દિક્ષીત યુવાઓને વિકસિત કરવા તાલીમ આપવાની છે.બધા સમાજના વિદ્યાર્થીઓને યુપીએસસી/જીપીએસસીની તૈયારી કરાવી તેઓને પગભર કરવાના છે. ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ યોજીને દેશના જ નહીં પણ વિશ્વભરના ઉદ્યોગ સાહસિકોને એક પ્લેટફોર્મ પર લાવવાના છે અને દસ હજાર બિઝનેસમેનોનુ સંગઠન બનાવવાનુ છે એમ સરદારધામના ગગજીભાઈ સુતરીયાએ જણાવ્યું હતું. માતૃશકિતના સશકિતકરણના ભાગરૂપે મહિલા ઉદ્યોગ સાહસિકોને ૫૦ ટકા ડિસ્કાઉન્ટ ઉપર આ સમિટમાં પુરતી વ્યવસ્થા કરાશે. કોઈપણ સમાજના ગરીબ પરિવારના વિદ્યાર્થીઓને એન્ટ્રન્સ ટેસ્ટ પાસ કર્યા બાદ યુપીએસસી/જીપીએસસી પરીક્ષાની તાલીમ અપાશે.

## સેક્સ સિવાય, યા હસ્તમૈથુન કર્યા સિવાય રાત્રે ઊંઘ ન આવતી હોય તો આટલું કરો




- કોઈ ચોક્કસ વ્યક્તિ, વાતાવરણ, પ્રસંગ, દ્રશ્ય, પરિસ્થિતિ, વાક્ય કે પરિકલ્પનાથી જો સેક્સનું કમ્પલ્ઝન ટ્રીગર થતું હોય તો તે ચીજ શોધી કાઢી એનાથી છૂટકારો મેળવો.

- મિત્રોની કે સમજદારક સ્વજનની મદદ લેતા ખચકાશો નહીં. આપની ટેવને મોનિટર કરો. ડાયરી રાખો. પ્રસંગોની નોંધ કરો. વારંવાર રીવ્યું કરો. સેલ્ફ પનીશમેન્ટ પણ ક્યારેક લાગે છે.

- ઊંઘની દવા એ બહુ સારો ઉપાય નથી. પણ એકાદ-બે દિવસ સેક્સ-હસ્તમૈથુન ન ભોગવીને ટ્રાયલ લેવી હોય તો ટેમ્પરરી યુઝ જરૂર કરી શકાય. આમ પણ સ્લીપિંગ પીલ્સ વગર પણ જો આપ જાગતાં પડી રહો તો બે-ચાર રાત્રી બાદ અચૂક ઊંઘ આવતી થઈ જશે.

- આપની સેક્સની કમ્પલ્ઝીવ વૃત્તિ એ કોઈ આપની અંદર રહેલા છૂપા ડિપ્રેશન, હતાશા, ગિલ્ટ કે ફ્સ્ટ્રેશનની નિપજ તો નથી ને. તેની ખાત્રી કરી લો.

- અસામાન્ય કમ્પલ્ઝીવ અર્જ દવાઓથી પણ મટી શકે છે. એ માટે સેક્સરોગોના તજજ્ઞને જ નિર્ણય લેવા દો.

- આપની સેક્સની એડિક્ટીંગ નીડથી પાર્ટનરને ય અસાધારણ તકલીફો પડતી હશે એ ધ્યાનમાં રાખજો.

- અને અંતે જીવનમાં કોઈ ગંભીર, સરસ, ઉચ્ચ, ઉમદા હેતુ (ગોલ) રચો, અને એને સાકાર કરવા માટે મચી પડો. અથાક પરિશ્રમ કરો. જીવનના સ્તરને ઊંચું લાવનારા આ લક્ષ્યની પાછળ પડી જાવ. કંઈક મુઠ્ઠી ઉંચેરી ચીજ પામવા યા બનવાની જેન્યુઈન મહેનત કરશો તો સેક્સનું કમ્પઝલ્ઝન આપોઆપ પાંગળું બની જશે.

- આ ટિપ્સ માત્ર કમ્પલ્ઝીવ સેક્સ માટેની છે. નોર્મલ રીતે નિયમિત સેક્સ ભોગવનારે પોતાને દર્દી ગણી અપસેટ થઈ જવાની જરૂર નથી.

**(ડો. મુકુલ ચોક્સી સાઇક્રિયાટ્રિસ્ટ છે અને સેક્સ થેરાપિસ્ટ છે. તેમના ઔપચારિક તારણો છે. જાતિય સમસ્યાઓના સચોટ નિદાન માટે નિષ્ણાંત તબીબની સલાહ લેવી.)**

**E-mail : mukulchoksi@yahoo.co.in**

**પ્રશ્ન : નમસ્તે સર, હું હેન્ડિકેપ છું. મારે જાણવું છે કે હેન્ડિકેપ હોવાથી સેક્સલાઇફમાં કોઇ તકલીફ થાય? અને મારે એ પણ જાણવું છે કે શું ભવિષ્યમાં મારાં બાળકો પણ હેન્ડિકેપ જન્મશે? મને આ પ્રશ્નનો ઉત્તર જણાવશો..**

જવાબ : હેન્ડિકેપ હોવાથી સેક્સલાઈફમાં કોઈ તકલીફ નથી થતી. દરેક હેન્ડિકેપ માણસ પોતાની રીતે પોતાના રોજિંદા જીવનનાં કાર્ય સારી રીતે કરતો જ હોય છે, એ જ રીતે સેક્સ પણ થાય છે. વાત બાળકોની છે તો ના, ઘણાં એવાં કપલ છે જેમાં પતિ-પત્ની બંને હેન્ડિકેપ હોય તો પણ બાળક સ્વસ્થ હોય છે માટે ગભરાવાની કોઈ જ જરૂર નથી.




**પ્રશ્ન : નમસ્કાર સર, મારી ઉંમર ૨૨ વર્ષ છે. આજ સુધી મેં ક્યારેય સેક્સ નથી કર્યું. નથી હસ્તમૈથુન કર્યું. મેં વિચાર્યું હતું કે હું મારું ભણવાનું પતાવી દઉં અને કરિયર સેટ કરી લઉં પછી જ એ વિશે વિચારીશ. મારે મારું ધ્યાન ભટકાવવું નહોતું. પણ છેલ્લા ઘણા સમયથી મારી સાથે એક વસ્તુ બની રહી છે. હવે છેલ્લા ઘણા સમયથી મને અમુક અમુક સમયે રાત્રે ઊંઘમાં જ વીર્ય સ્ખલન થઇ જાય છે. મેં વાંચ્યું છે કે આને સ્વપ્નદોષ કહેવાય. મને વીર્ય સ્ખલન થાય પછી થોડીવાર માટે લિંગમાં ખૂબ જ બળતરા થાય છે અને તે બળતરાના કરણે મારી ઊંઘ ઊડી જાય છે. જોકે થોડા સમય બાદ તે બળતરામાં સારું થઇ જાય છે. મને આનો કોઇ ઉપાય જણાવશો. તે સિવાય મારી ત્વચા આજકાલ ખૂબ જ ઓઇલી થતી જાય છે. તે ખૂબ જ ચીકણી થઇ ગઇ છે. હું વારંવાર મોઢું ધોઉં છું, તેમ છતાં તે ખૂબ જ ઓઇલી રહે છે. મને આનો પણ કોઇ ઉપાય જણાવશો. શું સ્વપ્નદોષને કારણે ત્વચામાં આવું થતું હશે?**

જવાબ : તમે તમારી કરિયર બાબતે સજાગ છો એ ખૂબ જ સારી બાબત છે. તમને હાલ થઈ રહ્યું છે તેને સ્વપ્નદોષ જ કહેવાય, પણ સ્વપ્નદોષ થયા પછી લિંગમાં થોડી બળતરા થવી ઘણીવાર સામાન્ય બાબત છે પણ વધારે બળતરા થતી હોય તો બને કે કોઈ પ્રકારનું ઈન્ફેક્શન થયું હશે. આ અંગે કોઈ ઘરેલુ ઉપાય અયોગ્ય રહેશે. તે વણજોઈતી મોટી મુશ્કેલીને નોતરવા જેવી બાબત ગણાશે. માટે આ અંગે કોઈ સારા ડોક્ટરની સલાહ લઈને ઈન્ફેક્શનની પ્રોપર દવા લો. રહી વાત તમારી ત્વચા તૈલી છે તેની તો એ સ્વપ્નદોષને કારણે નથી. અમુક ઉંમર બાદ છોકરાઓની ત્વચામાં બદલાવ આવતો જ હોય છે. આ માટે તમને બ્યુટી ક્વેરી સેગમેન્ટમાં જવાબ મળી જશે કે કઈ રીતે ત્વચાનું ઓઈલ કંટ્રોલમાં કરવું.

**પ્રશ્ન : હું ૪૨ વર્ષ છું. પત્ની ૪૦ની વર્ષ છે. મારી પત્નીને મેનોપોઝ આવી ગયો છે કે નહીં તે વિશે અમે અસમંજસમાં છીએ, કેમ કે છેલ્લાં બે વર્ષથી તેનું માસિક અનિયમિત છે. પાંચ-છ મહિને એકવાર આવે અને તે પણ ડાઘ જ પડતાં હોય છે. કોઇવાર એક કે બે દિવસ માંડ આવું થાય. અમારે એક જ સંતાન છે, તેથી પત્નીએ બાળક ન થાય એવું ઓપરેશન નથી કરાવડાવ્યું. હવે માસિકની અનિયમિતતાને કારણે સેક્સ કરતાં ડર લાગે છે. કદાચ પત્નીને ગર્ભ રહી જાય તો? આ અંગે કોઇ યોગ્ય માર્ગદર્શન આપશો.**

જવાબ : હાલ તમારી પત્નીને જે થઈ રહ્યું છે તે જોતાં તેમનો મેનોપોઝ નજીક હોવાની શક્યતા જણાઈ રહી છે. આ સમયગાળામાં ધ્યાન રાખવું પડતું હોય છે. તમે નિરોધનો ઉપયોગ કરો. નિરોધના ઉપયોગથી ચિંતા વગર સેક્સ માણી શકશો. તે સિવાય તમારી પત્ની ઈચ્છે તો કોપર ટી પણ લગાવડાવી શકે છે

**પ્રશ્નઃ હું ૨૨ વર્ષની યુવતી છું. ચાર વર્ષ પહેલાં મારા બાહ્ય જનનાંગમાં એક મંકોડો કરડયો હતો. જેને કારણે તે ભાગમાં સોજો આવી ગયો હતો. બીજા દિવસે સોજો ઉતરી ગયો પણ વચ્ચે થોડો સોજો હતો. તેમાં ચળ પણ આવતી હતી. તેથી મેં રાત્રે સ્કીન ક્રીમ લગાવી જેનાથી મને રાહત થઈ, પરંતુ ત્યારથી ગુપ્તાંગમાં વચ્ચે બોર જેવો નાનો દાણો થઈ ગયો છે. આમ તો મારું માસિકચક્ર નિયમિત છે અને હું સુંદર પણ છું. આ બાબતને લઈને હું ખૂબ ચિંતિત રહું છું કે ક્યાંક મારા ભાવિ પતિ મને છોડી ન દે. ડોક્ટર પાસે જતાં પણ સંકોચ થાય છે. આનો ઉપાય જણાવો.**

ઉત્તરઃ જેને તમે અસામાન્ય બાબત માનો છો તે ભગનાસા (કલાઈટેરિસ) છે. તે બોર કે વટાણાના દાણા જેવડો ઉપસેલો ભાગ છે, જે મૂત્રદ્વારથી લગભગ એક ઈંચ ઉપર હોય છે તથા તેના પર ભગોષ્ઠોથી બનેલી ત્વચાનું આવરણ હોય છે. તેમાં સંવેદનશીલ નાડીઓ ખૂબ હોય છે, જે તેને સંવેદનશીલ બનાવે છે. કામોત્તેજના વખતે તેનો આકાર થોડો મોટો થઈ જાય છે. લાગે છે કે એ ઘટનાએ તમને કુદરતી રચનાનો પરિચય મેળવવાની તક આપી, પરંતુ હકીકતથી અજાણ હોવાને કારણે તમારું મન શંકાકુશંકામાં પડી ગયું. તેથી તમે આ વિષય પર પ્રકાશિત કેટલાંક સારાં નારી વિજ્ઞાન નામનાં પુસ્તકો વાંચો જેથી તમે શારીરિક રચના વિશે જાણી શકો.



# સાપ્તાહિક રાશિ ભવિષ્ય

## તા.૧૮-૧૦-૨૦૧૯ થી તા. ૨૪-૧૦-૨૦૧૯

ડૉ. મહેશભાઈ દશોરા ( જ્યોતિષાચાર્ય )
ડી-૬૧૯, ૬ઠ્ઠા માળે, ઈન્ટરનેશનલ ટ્રેડ સેન્ટર (ITC),
મજુરાગેટ ચાર રસ્તા, સુરત-૨, ગુજરાત. ફોન : (૦૨૬૧) ૨૪૭૭૮૮૦
E-Mail :- mddashora@yahoo.co.in



### મેષ (અ,લ,ઈ)

આ સપ્તાહમાં આપના ભાગ્ય આડેના અવરોધો દૂર થતાં જણાશે. અને હવે શત્રુઓના હાથ હેઠ્ઠા પડતા જણાશે. આરોગ્ય બગડ્યું હશે તો હવે સુધરતું જણાશે. તમારા કામકાજની ગતિ વધારો શકાશે. સરકારી કે અર્ધસરકારી અથવા કોર્ટ કચેરીના કામકાજોમાં ઝડપ આવતી જોવા મળશે. આર્થિક નાણાંકીય મુશ્કેલીમાં તથા વિઘ્નેમાંથી રાહત મળી રહેશે ગૃહજીવનમાં અશાંતિ સર્જાય. અહીં પ્રવાસ પ્રસંગો પાછળ ખર્ચ વધશે. આ સપ્તાહ એકંદરે સાનુકૂળ પુરવાર થાય.



### વૃષભ (બ,વ,ઉ)

આપના આ સપ્તાહમાં સફળતા વધુ મળશે. આપના પ્રયત્નો વધુ સફળ થશે. અવરોધો પણ ધીમે ધીમે દૂર થતાં જણાશે. પરિણામે માનસિક રાહત રહેશે. નોકરી ધંધાના અંગે કોઈ મોટા લાભની આશા રાખવી વ્યર્થ છે. આમાં પુરુષાર્થનું ફળ ધાર્યા પ્રમાણમાં નહીં મળે. નાણાંકીય સંજોગો મુશ્કેલી સૂચવેલ છે. તેમાંથી સારો રસ્તો મેળવી શકશો. તેમજ નાણાંકીય મુંઝવણનો ઉકેલ મળી આવશે. આપના કૌટુંબિક વિવાદોથી માનસિક તાણ વધે. પતિ યા પત્નીનું આરોગ્ય ચિંતા રખાવશે.



### મિથુન (ક,છ,ઘ)

આપનું આરોગ્ય આ સપ્તાહમાં ખાસ સાચવી લેવાની સલાહ છે. માંદગીમાં પટકાશો તો ઘણા કાર્યો વિલંબમાં પડશે. ખર્ચાઓનું પ્રમાણ પણ વધે. પરિણામે નાણાંભીડ વધે. મુશ્કેલી જણાય. સંતાનોથી સારું રહે. દામ્પત્યજીવનના પ્રશ્નોને હલ કરી શકશો. અને સુખ શાંતિનું વાતાવરણ સર્જાય. મુસાફરીઓમાં વિઘ્ને આવે. હરીફોથી સાવધ રહેવું. નોકરી વ્યવસાયના ક્ષેત્રે ફરી સાચવીને ચાલવા જેવો સમય કહી શકાય. મોટા સાહસો કે જોખમોથી દૂર રહેજો.



### કર્ક (ડ,હ)

આપના આ સપ્તાહમાં પરિશ્રમનું ફળ મળતાં તમે વધુ ઉત્સાહી બનશો. અગત્યની તક મળે. પ્રતિકૂળતા યા અવરોધોને તમે ગણકાર્યા વિના આગળ વધી શકશો. મનોબળ અને મક્કમતા અનિવાર્ય છે. નાણાંકીય મુશ્કેલી તેમજ આવકની ચિંતા થાય. છતાંય જરૂરી કામ ઉકેલાય. આ અંગેની ગોઠવણ થતાં તમારા આર્થિક કામ પાર પડે. નોકરી અંગે સાનુકૂળતા સર્જાય. પશ્ચિમ દિશામાંથી શુભ સમાચાર મળે. વિદેશ યોગ બને છે. વિદેશ જવાના પ્રયત્નોમાં સફળતા મળે.



### સિંહ (મ,ટ)

આપના આ સપ્તાહમાં મનની મુરાદ મનમાં રહેશે. ઉદ્વેગ તથા નિરાશા જણાય. અગવડતા અને અવરોધો જોવા મળે. આપના આ સમય ધંધામાં સફળતા અને સાનુકૂળતાઓને રૂંધતા જણાય. લાંબા સમયથી કોઈ કામ ગૂંચવાયેલા હોય તો તે પાર પડે. આવકવૃદ્ધિ માટે સંજોગો પ્રતિકૂળ બને. ધીરેલા નાણાં મેળવી શકાય. વ્યવસાયિક ક્ષેત્રે અવરોધો જણાય. લગ્નવિવાહના સમસ્યાઓનો ઉકેલ મળે. દામ્પત્યજીવનમાં પ્રસન્ન રહે. આપનું આરોગ્ય સાચવજો. તબિયતની કાળજી લેવી.



### કન્યા (પ,ઠ,ણ)

આપના આ સપ્તાહમાં તમને કેટલીક મુશ્કેલીઓ જણાશે. તમારી રચનાત્મક પ્રવૃત્તિઓ અંગે પ્રતિકૂળતાઓ જોવા મળે. ધાર્યું કામ યોગ્ય રીતે પૂર્ણ ન થાય. વિલંબ અને અવરોધો જણાય. નોકરીયાત વર્ગને બદલીની શક્યતા સૂચવે છે. પરિવર્તન પણ જણાય છે. ધંધાકીય સાહસો હાલ પૂરતા મોકૂફ રાખજા. અંગત આરોગ્ય જળવાઈ રહેશે. લાંબી બિમારી હશે તો તેનાથી મુક્તિ મળશે. જ્યારે ગૃહજીવનનું વાતાવરણ કલેશમય અને કલુષિત બને. બહારના ઝઘડાઓને ઘરમાં લાવશો નહીં.



### તુલા (ર,ત)

આપના આ સપ્તાહમાં નોકરી ધંધાના ક્ષેત્રે કોઈ મહત્વની તક આવી મળે તેમ લાગે છે. ધંધાના વિકાસના કાર્યો તમે હાથ ધરી શકશો. જે ભાવિમાં લાભદાયી નિવડશે. જે સફળતા અને લાભ આપશે. જાહેરજીવનમાં પડેલી વ્યક્તિઓ માટે આ સમય યશવૃદ્ધિનો છે. આપની આવક વધશે પણ ખર્ચાઓને કારણે બચત કે સંચય થઈ શકે નહીં. સ્નેહી વર્ગથી મિલ્કત અને ધંધાકીય પ્રવાસો અંગે સાનુકૂળ છે જ્યારે લાંબા સમયથી અદાલતના આંગણે પડેલા પ્રશ્નો અહીં ઉકેલાતા જણાશે.



### વૃશ્ચિક (ન,ય)

આપના આ સપ્તાહમાં તમારા પ્રયત્નોને સફળતા મળવા આડે વિઘ્ને ઉભા થશે. પરંતુ અંતે જરૂર સફળ થઈ શકશો. મકાન મિલ્કતની બાબતો અંગે સાનુકૂળતા રહેશે. સંતાનો અંગે ચિંતા રહે. શત્રુઓના હાથ હેઠા પડશે તેથી હિતશત્રુઓની ચિંતા રાખવાની જરૂર નથી. કૌટુંબિક સંબંધો મધ્યમ રહેશે. નાણાંકીય બચત થાય નહીં. આ સમયમાં કેટલીક મહત્વની તકો ગુમાવવી ન પડે તેનું ખાસ ધ્યાન રાખવાની જરૂર છે. યાત્રા પ્રવાસમાં વધુ ખર્ચ થાય. દામ્પત્યજીવનમાં સ્નેહના પુષ્પ પાંગરે.



### ધન (ધ,ભ,ફ,ઢ)

આપના આ સપ્તાહમાં આપને બેચેની જેવું લાગ્યા કરશે કોઈ કામ કરવામાં મન નહીં લાગે. કામકાજમાં મળતી નિષ્ફળતા ચિંતા કરાવે. આર્થિક મુશ્કેલીઓ અને પ્રતિકૂળતાના કારણે યોજનાઓ મુજબ કામ થઈ શકે નહીં. ધન વ્યયનું પલ્લુ નમતું જણાય પણ પુરુષાર્થ કરવાથી આવકમાં વૃદ્ધિ થઈ શકે. આનંદ સુખ સગવડતા મેળવવા વધુ પ્રયત્નો કરવા પડશે. નોકરી અને વ્યવસાયના ક્ષેત્રે વધુ લાભ થાય. આ સમયમાં દુખ, હતાશા વધુ આવે. સંતાનની પ્રગતિમાં પત્નીનો સહકાર મળી રહેશે.



### મકર (ખ,જ)

આપનું આ સપ્તાહ સરકારી ક્ષેત્રે કામ કરતી વ્યક્તિઓને માટે શ્રેષ્ઠ છે. આવકમાં વધારો કરવા માટે પુરુષાર્થ એકલો જ કામનો નથી પણ નસીબ પણ જવાબદાર છે લાંબા સમયથી વિખૂટા પડેલા સ્નેહી મિત્રનું આકસ્મિક મિલન થાય. જેથી આનંદમાં વધારો થાય. કાર્યક્ષેત્રે પત્ની તથા સાચા મિત્રોનો સહકાર મળી રહેશે. સ્વાસ્થ્ય સંબંધી નાની નાની ફરિયાદ રહી શકે. સ્નાયુઓની તકલીફ, માથાનો દુઃખાવો રહી શકે. ચિંતા કરાવે એવુ નથી. જ્યારે ગૃહજીવનમાં સામાન્ય નરમ ગરમ વાતાવરણ જોવા મળે.



### કુંભ (ગ,સ,શ,ષ)

આપના આ સપ્તાહમાં તમે ચિંતાઓના કારણે અસ્વસ્થતા અનુભવશો. ધાર્યું ન થતાં ઉદ્વેગ રહેશે. આર્થિક કામકાજો અંગે ગ્રહો મદદરૂપ થાય અને કોઈ મહત્વનો લાભ આપી જાય. આવકનું પ્રમાણ વધારી શકશો. નોકરીયાત વર્ગને મુશ્કેલીમાંથી માર્ગ મળે. ખટપટો કે અવરોધોથી કોઈ હાનિ ન થાય. વેપાર ધંધાના ક્ષેત્રે વિકાસની તકો મળે. મકાન - જમીન અંગેના કાર્યોમાં અવરોધો જણાય. અને ખોટા ખર્ચમાં ઉતરવું પડે. ગૃહજીવનમાં વિખવાદ અને ટેન્શન સર્જાશે. આરોગ્યની કાળજી લેજો.



### મીન (દ,ચ,ઝ,થ)

આપના આ સપ્તાહમાં કેટલાક અવરોધો અને વિલંબ વિઘ્નના પ્રસંગો આવતા મુંઝવણ જણાય. નાણાંકીય અને અન્ય ચિંતા આવશે. ગમે તેટલી મહેનત કરવા છતાં ધાર્યું થતું જોઈ શકશો નહીં. તમે નિરાશ થવા કરતાં ધીરજ કેળવજો. આર્થિક સિવાય અન્ય બાબતો અંગે સુધારાની આશા રાખી શકશો. તમે નોકરી ધંધામાં પ્રગતિની તકો મેળવશો. પરંતુ મકાન મિલ્કતના પ્રશ્નથી ચિંતા રહે. આપના સંતાન તરફ વધુ ધ્યાન આપજો. હાથે ધરેલ કામમાં યશ અને સફળતા પ્રાપ્ત કરી શકશો.

# આ અઠવાડિયામાં બે પુષ્ય નક્ષત્ર, ખરીદી માટે શ્રેષ્ઠ અક્ષય મૂહુર્ત



દિવાળીના તહેવાર આવી રહ્યા છે. ભારતીય સંસ્કૃતિમાં દિવાળી એક વ્યાપક અને મોટો તહેવાર છે જેની ઉજવણી સમગ્ર દેશમાં હર્ષોલ્લાસ સાથે કરવામાં આવે છે. ત્યારે આ તહેવારોના દિવસેમાં એક કરતા વધારે શુભ મુહૂર્ત અને યોગ આવી રહ્યા છે જેમાં ખરીદી કરવાથી તમને અનેકગણો ફાયદો મળી શકે છે.

તારીખ ૧૫ ઓક્ટોબરથી શરુ કરીને ૨૮ ઓક્ટોબર સુધી ૧૩ દિવસમાં ૧૦ દિવસ અતિ શુભ યોગના દિવસો છે. જે પૈકી ૨૧ થી ૨૭ ઓક્ટોબરની વચ્ચે ૭ દિવસમાં ખરીદીના અનેક વિશેષ મુહૂર્ત અને શુભ યોગ આવી રહ્યા છે. જે જ્યોતિષની દ્રષ્ટિએ શુભફળ આપનાર માનવામાં આવે છે. જેમ કે ૨૧ ઓક્ટોબરના દિવસે સોમવાર અને પુષ્ય નક્ષત્ર સાથે સર્વાર્થ સિદ્ધિ યોગ છે. ૨૨ ઓક્ટોબરે મંગળવાર અને પુષ્ય નક્ષત્ર રહેશે. ધનતેરસના દિવસે સર્વાર્થ સિદ્ધિ યોગ પણ છે. જેના કારણે આ સમયગાળામાં ખરીદી અને પૂજાનું મહત્ત્વ વધી ગયું છે. આ દિવસે ખરીદી કરવાથી અક્ષય ફળ પ્રાપ્ત થાય છે અને તમે ખરીદેલી વસ્તુ ખૂબ લાંબા સમય સુધી નાશ પામ્યા વગર તમારી પાસે રહે છે.

### કયા દિવસે કયો શુભ યોગ અને શું કરી શકાય

| તારીખ | યોગ | શું ખરીદવું |
|---|---|---|
| ૧૮ ઓક્ટોબર | રોહિણી નક્ષત્ર | હીરા અથવા હીરાથી બનેલાં ઘરેણાં |
| ૧૯ ઓક્ટોબર | રવિયોગ | ઇલેક્ટ્રોનિક સામાન, વાહન |
| ૨૦ ઓક્ટોબર | રવિ યોગ, ત્રિપુષ્કરયોગ | ખાદ્ય સામગ્રી, સજાવટનો સામાન |
| ૨૧ ઓક્ટોબર | સોમ પુષ્ય-સર્વાર્થ સિદ્ધિ | ચાંદી, વાસણની ખરીદી |
| ૨૨ ઓક્ટોબર | મંગળ પુષ્ય, સર્વાર્થ સિદ્ધિ | જમીન, મકાનની ખરીદી |
| ૨૫ ઓક્ટોબર | ધનતેરસ- સર્વાર્થ સિદ્ધિ | વાસણ, બધા જ પ્રકારના સામાન |
| ૨૭ ઓક્ટોબર | દિવાળી | સોના-ચાંદી, સિક્કા, લક્ષ્મી પ્રતિમા |

# ધન પ્રાપ્તિ માટે ચમત્કારિક ઉપાય, આ પ્રયોગ કરવાથી ધનવાન થશો

ધન પ્રાપ્તિ માટે દરેક વ્યક્તિ ભરપૂર પ્રયત્નો કરે છે. ઘણીવાર અનેક પ્રયત્નો પછી પણ ધન લાભ થતો નથી. આ સ્થિતિમાં જ્યોતિષ શાસ્ત્રના આ અચૂક ઉપાયો કરી શકાય છે. જ્યોતિષ શાસ્ત્રીઓ પણ જણાવે છે કે આ ઉપાય શ્રદ્ધાથી કરવામાં આવે તો વ્યક્તિ માલામાલ થઈ શકે છે.

આજના આધુનિક સમયમાં દરેક વ્યક્તિ ભૌતિક સુખને પામવા આતુર છે. સુખ-સમૃદ્ધિની એક નહીં અનેક વસ્તુઓ પામવાની ઈચ્છા વ્યક્તિને થાય છે. પરીવારના સભ્યો સાથે સુખ-શાંતિથી જીવન પસાર કરવા માટે આર્થિક સ્થિતિ સદ્ધર હોવી પણ જરૂરી છે. પરંતુ તેમાં પણ નસીબનો સાથ જરૂરી હોય છે.

જો કે મોટા ભાગના લોકોની ફરીયાદ હોય છે કે અનેક પ્રયત્નો કરવા છતાં તેમને સફળતા મળતી નથી. આવા લોકો પથ્થર એટલા પ્રભુ કરીને પૂજે છે, બાધા-આખડી રાખે છે, રત્ન ધારણ કરે છે પણ પરીણામ શૂન્ય રહે છે. આ સ્થિતિમાં વ્યક્તિને જરૂર હોય છે એક એવા ઉપાયની જે ૧૦૦% ફળ આપે. જ્યારે દરેક પ્રયત્ન કર્યા પછી પણ વ્યક્તિને ફળ ન મળતું હોય તો આ ઉપાય અજમાવવો. આ ઉપાય કરવાથી ભાગ્ય પરીવર્તન થાય છે અને મનોકામના પણ પૂર્ણ થાય છે. આ ઉપાય કરવા માટે કોઈ પૂજા-પાઠ કે મંત્રના જાપ કરવાના નથી. જાણી લો કયો છે આ સરળ પણ સચોટ પરીણામ આપતો ઉપાય. એક બીલીપત્ર લેવું, તેના ત્રણેય પાન પર કંકુથી પોતાનું નામ લખવું. આ પાનને તેને એક ડબ્બામાં મૂકવું અને તેના પર મધની ધાર કરવી. મધ ત્યાં સુધી રેડવું જ્યાં સુધી બીલીપત્ર ડૂબી ન જાય. આ ડબ્બાને બંધ કરી અને તેને કોઈ એવા સ્થાન પર મૂકવો જ્યાં રોજ દીવો અને અગરબત્તી કરી શકાય. આ દીવો અગિયાર દિવસ સુધી કરવો. શ્રદ્ધાથી આ પ્રયોગ કરનારના જીવનમાં પરીવર્તન ચોક્કસથી આવે છે. સૌથી પહેલા તો ઘરમાં તુલસીનો છોડ વાવો, ઘરના આંગણામાં અથવા તો ઉત્તર-પૂર્વ દિશામાં તેને સ્થાન આપવું, તુલસીની નિયમિત પૂજાથી પણ વ્યક્તિના પુણ્યફળમાં વધારો થાય છે.

# નોકરીમાં પ્રગતિ મેળવવા માંગતા હોય તો કાળા તલનું દાન કરવું ખૂબ હિતાવહ

આપણે ત્યાં શાસ્ત્રોમાં અલગ અલગ પ્રકારના ટોટકા અને પ્રયોગો દર્શાવવામાં આવ્યા છે. જેને અજમાવવાથી તમે જીવનમાં આવતી મુશ્કેલીઓ સામે સરળતાથી લડી શકો છો. ઘરમાં સુખ શાંતિ અને સમૃદ્ધિ માટે કેટલાક ખાસ ઉપાય દર્શાવવામાં આવ્યા છે. કહેવાય છે કે ભગવાન ભોલેનાથ તેના ભક્તોના તમામ દુઃખો દૂર કરવા હંમેશા તત્પર હોય છે. ભક્તો પણ તેમના આરાધ્ય ભગવાનની સાધના કરી સફળતા અને સમૃદ્ધિ પ્રાપ્ત કરે છે. ભોલે ભંડારી તેમના ભક્તોની તમામ ઈચ્છાઓ પૂર્ણ કરે છે. ભક્તો શિવજીને અનેક પ્રકારના ઉપાય કરી પ્રસન્ન કરે છે. શિવજીનો જળાભિષેક, બીલીપત્ર, દૂધ, ચડાવવા ઉપરાંત અનેક વસ્તુ ભોળાનાથને અર્પણ કરવામાં આવે છે. પરંતુ શું તમે જાણો છો કે ભોળાનાથને કાળા તલ ચડાવવાથી વિશેષ ફળની પ્રાપ્તિ થાય છે? જો કોઈને ખરાબ નજર લાગી હોય તો તેના હસ્તે શિવલિંગ પર કાળા તલનો અભિષેક કરાવવો જોઈએ. તેના પરનો નજર દોષ દૂર થઈ જશે. જો બાળક કોઈ કારણ વગર સતત રડતું હોય તો તેના હાથે એક મુઠ્ઠી કાળા તલ અને ગોળ ભગવાનને ધરાવી ગાયને ખવડાવવાથી બાળક શાંત થઈ જશે. નોકરીમાં પ્રગતિ મેળવવી હોય તો જે મંદિરમાં શિવજીનું નીલવર્ણ સ્વરૂપ સ્થાપિત હોય ત્યાં કાળા તલનું દાન કરવું. ત્રાંબાના એક કળશમાં કાળા તલ ભરવા અને તેની ચારે તરફ કંકુથી ચાંદલો કરવો. ત્યારબાદ 'ૐ કં કાલેશ્વરાય નમઃ'મંત્ર બોલતાં બોલતાં કળશ પર લાલ દોરો બાંધવો. પછી 'ૐ નમઃ શિવાય' મંત્રનો જાપ કરતાં કરતાં આ કળશને પ્રભાવિત વ્યક્તિના રૂમમાં મુકી દેવો.

પતિ-પત્ની વચ્ચે જો સતત તકરાર થતી હોય તો બંનેએ સોમવારે શિવલિંગ પર કાળા તલથી અભિષેક કરવો. શિવલિંગનો જળાભિષેક કરવો પછી દૂધમાં કાળા તલ મિક્સ કરીને તે દૂધથી તેનો અભિષેક કરવો. વેપાર-ધંધામાં પ્રગતિ થવા લાગશે. જો વારંવાર કોઈ કામમા વિઘ્ન આવતું હોય તો મધથી અભિષેક કરવાથી લાભ પ્રાપ્ત થાય છે.

# રાજ્યમાં ડેન્ગ્યૂનો કહેર : ૧૦,૦૦૦ કેસ, ૮ દર્દીનાં મૃત્યુ

અમદાવાદ : ગુજરાતમાં ડેન્ગ્યુના રોગએ હાહાકાર મચાવ્યો છે, ૧૪મી ઓગસ્ટ સુધીમાં રાજ્યમાં ડેન્ગ્યુના કારણે ૮ દર્દીઓનાં મોત થયાં છે, અત્યાર સુધીમાં ડેન્ગ્યુના ૧૦,૦૦૦ કેસો નોંધાયા છે, આમ ગત વર્ષની સરખામણીએ આ રોગમાં ૭૫ ટકાનો ધરખમ વધારો નોંધાયો છે. અમદાવાદ, ગાંધીનગર, વડોદરા, રાજકોટ, જામનગર અને ભાવનગર મહાનગરપાલિકા તથા ગાંધીનગર, બનાસકાંઠા, દાહોદ, રાજકોટ, દ્વારકા, કચ્છ અને અમરેલી જિલ્લામાં ડેન્ગ્યુના કેસોમાં વધારો જોવા મળ્યો છે. બીજી તરફ રાજ્યમાં મેલેરિયાના ૧૦,૯૯૯ કેસ નોંધાયા છે, સરકારનો દાવો છે કે, મેલેરિયાના કેસો ગત વર્ષ કરતાં ૪૮.૩ ટકા ઘટયા છે.

રોગચાળાના કેસો વધી રહ્યા છે ત્યાં સરકાર દ્વારા એવો દાવો કરાયો છે કે, ડેન્ગ્યુ નિયંત્રણ માટે સમગ્ર રાજ્યમાં ૨૩મી સપ્ટેમ્બરથી ઘરે ઘરે સર્વે અમલી બનાવ્યો છે. ઘરે ઘરે જઈને ફિવર સર્વેલન્સ અને મચ્છર ઉત્પત્તિ સ્થળો નાબૂદ કરવાની કામગીરી કરાઈ રહી છે, રાજ્યની કુલ વસતિના ૯૭ ટકા વસતિ આવરી લેવામાં આવી છે. મેલેરિયાના જે ૧૦,૯૯૯ કેસ નોંધાયા છે, તેમાં ૫૪૦ પી.ફાલ્સીપેરમ કેસ નોંધાયા છે, વધુ ૧૮.૬ લાખ વસતિમાં જંતુનાશક દવાના છંટકાવના રાઉન્ડ હાથ ધરાયા છે.

## વડોદરામાં ડેંગ્યુના ૫૦૦૦ અને કોલેરાના ૨૦૦થી વધુ દર્દીઓ

વડોદરામાં રોગચાળાએ ભરડો લઇ લીધો છે. પૂર પછી કોર્પોરેશને શહેરમાંથી ગંદકી અને કચરો કાઢવામાં આળસ કરતાં પાણી અને મચ્છરજન્ય રોગચાળો ફેલાયો છે. કોલેરા, કમળો, ચિકનગુનિયા અને ડેંગ્યુની ઝપેટમાં હજારો લોકો આવી ગયા છે. વડોદરામાં ચોમાસા પહેલાથી લોકો ડહોળા પાણીની ફરિયાદ કરી રહ્યા છે. બીજી તરફ શહેરમાં ઠેર ઠેર વિકાસના નામે ખાડા ખોદી નાખવામાં આવ્યા છે જેના કારણે અનેક સ્થળે પાણીની લાઇનો તુટી છે જેમાં ગટરનું ગંદુ પાણી મિશ્રીત થઇ રહ્યું છે. આ બધી પરિસ્થિતિથી કોર્પોરેશનના અધિકારીઓ અને ચૂંટાયેલા નેતાઓ, કોર્પોરેટરો વાકેફ હોવા છતાં ડ્હોળા પાણીની સમસ્યાનો અંત નથી આવ્યો એટલે પરિણામ એ આવ્યુ છે કે દૂષિત પાણીના કારણે કોલેરા ફાટી નિકળ્યો છે.

## જામનગરમાં ૩૧ રેસિડન્ટ તબીબો ડેન્ગ્યૂની ઝપટમાં

જામનગર: શહેરમાં ડેન્ગ્યૂ પોઝિટિવ ધરાવતા સાતથી વધુ તબીબી વિદ્યાર્થી જી. જી. હોસ્પિટલમાં ખાટલાં પર બાટલા સાથે પરીક્ષા આપી રહ્યા છે. આ વિદ્યાર્થીઓ માટે જી. જી. હોસ્પિટલમાં અલાયદો વૉર્ડ શરૂ કરવામાં આવ્યો છે. ડેન્ગ્યૂની ઝપટમાં આવેલા અને મૅડિકલ કૉલેજની હોસ્ટેલમાં રહેતા અને દર્દીઓની સારવાર કરનારા ૩૧ તબીબી વિદ્યાર્થીઓને પણ ડેન્ગ્યૂ પોઝિટિવ હોવાનો રિપોર્ટ આવ્યો હતો. ૩૧ પૈકી એમબીબીએસના બીજા અને ત્રીજા વર્ષના સાત વિદ્યાર્થીની પરીક્ષા શરૂ થઈ છે, પણ આ વિદ્યાર્થીઓ સંપૂર્ણ રીતે સ્વસ્થ ન થતાં જી. જી. હોસ્પિટલમાં ખાસ અલાયદો વૉર્ડ શરૂ કરવામાં આવ્યો હતો, જેમાં ડેન્ગ્યૂમાં સપડાયેલા આ સાત વિદ્યાર્થી ખાટલા પર બાટલા સાથે પરીક્ષા આપી છે.

# ચંદા કોચર સહિતના કર્મચારી સામે અમદાવાદ ખાતે બદનક્ષીનો કેસ

અમદાવાદ : આઈસીઆઈસીઆઈ બેન્કના શેર હોલ્ડર એવા અમદાવાદના સિનિયર સિટીઝન બાબુભાઇ વાઘેલાએ આઈસીઆઈસીઆઈ બેન્કના તત્કાલીન ચેરમેન કે.વી કામય સહિતના હોદ્દેદારો ચંદા કોચર, સંદીપ બક્ષા, સ્વાતિ પિરામલ, એમ.એસ. રામચંદ્રન, રાજેશ સામે અમદાવાદ ગામ્ય કોર્ટમાં બદનક્ષીની ફરિયાદ કરી છે. આ કેસની હવે પછીની સુનાવણી ૯મી ડિસેમ્બર પર મુકરર કરાઇ છે. અમદાવાદ વેજલપુરમાં રહેતા બાબુભાઈએ કોર્ટ સમક્ષ કરેલી બદનક્ષીની ફરિયાદમાં જણાવ્યું હતું કે, અમે આઈસીઆઈસીઆઈ બેન્કના શેર હોલ્ડર છીએ. અમને આઈસીઆઈસીઆઈ બેન્કના શેર હોલ્ડરના નાતે વાર્ષિક સાધારણ સભામાં હાજરી આપીને સવાલ પુછવાનો તથા જરૂરી સૂચન કરવાની સત્તા છે. કંપની અને બેન્કના અધિકારીઓ પોતે કરેલા નિર્ણય, કૌભાંડ, ભ્રષ્ટાચાર તેમ જ કંપનીએ નુકસાન થાય તેવા નિર્ણયને અમે ખુલ્લા પાડતા હતા.

૨૦૧૩માં તો વડોદરાની સિવિલ કોર્ટમાં અમને સભામાં આવતા રોકવા દાવો કરાયો હતો. જો કે, અમને કોઇ કાગળો મળ્યા નહાત પણ કોર્ટની મુદતની જાણ થઇ હતી. કોર્ટની મુદતના દિવસે જ બેન્કની સાધારણ સભા હતી. અમને કોર્ટના કાગળો મળ્યા ન હોવાથી અમે સભામાં ભાગ લેવા પહોંચ્યા હતા. પરંતુ તેમણે અમને અમારી વારંવારની માંગણી છતાં પ્રવેશવા દીધા ન હતા.

# અમદાવાદમાં અધધ રોકડ અને સોનું જપ્ત, ડેટા છુપાવવા મોબાઈલ ફોન તોડી નંખાયા

અમદાવાદ : શહેરના ન્યૂ ક્લોથ માર્કેટમાં ફાયનાન્સ કરનાર સંજય ટેબરીવાલ ગ્રૂપ પર ત્રણ મહિના પહેલા પડેલા આઈટીના સૌથી મોટા દરોડા પછી મંગળવારે આઈટીના અધિકારીઓએ બે જાણીતા ગ્રૂપના ૧૬ જેટલા ધંધાના અને રહેઠાણના સ્થળે દરોડા પાડીને મોટી માત્રામાં વાંધાજનક દસ્તાવેજો અને ૭ કરોડની રોકડ રકમ જપ્ત કરી છે. જમીન લે-વેચ અને રોકાણ કરનાર રામભાઈ ભરવાડ ગ્રુપ અને આ ભરવાડ ગ્રૂપને ફાયનાન્સ કરનાર શિવકુમાર ગોગિયા ગ્રૂપ આઈટીની ઝપટમાં આવી ગયા હતા. પ્રાથમિક માહિતી મુજબ ગોગિયા ગ્રૂપ ભરવાડ ગ્રૂપ સાથે મળીને બિલ્ડરોને ફાયનાન્સ કરતું હતું અને આ બિલ્ડરના પ્રોજેક્ટના વેચાણમાં ભરવાડ ગ્રૂપ બ્રોકરેજ પણ લેતું હતું. આ તમામ વ્યવહાર મોટેભાગે કાળા નાણાંથી કરવામાં આવતો હતો. આથી મંગળવાર સવારથી એસઆરપી બંદોબસ્ત સાથે આઈટીના ૨૦૦ અધિકારીઓએ આ બંને ગ્રૂપના ૧૮ સ્થળોએ દરોડા પાડતા બજારમાં સન્નાટો ફેલાઇ ગયો છે. રાયપુર દરવાજા પાસેના સફલ-૩માં સીવાલી ટેક્ષટાઈલ ગ્રુપના શીવકુમાર ગોગીયાને ત્યાં સવારે ૧૦ આઈટી ની ગોડીઓ પહોચી જતાં સફલની દુકાનોના માલિકો દુકાનો બંધ કરી દીધી હતી. જેની પર દરોડા પડયા તે જમીન લે-વેચ કરનાર ગ્રુપમાં સુરેશ ઠક્કર મુખ્ય છે. તેની સાથે ધવલ તેલી, ધિરેન ભરવાડ, રામભાઈ ભરવાડ, દિપક મેવાડા અને અનિલ મેવાડા સંકળાયેલા છે. ધિરેન ભરવાડ પોતે દિપક મેવાડાની સાથે ધરણીધર ડેવલપર્સ નામે બિઝનેસ કરે છે. બીજા ફાયનાન્સ કરતા ગ્રૂપમાં મુખ્ય વ્યક્તિ શીવકુમાર ગોગીયા છે. જેની ઓફિસ સફલ-૩માં સીવાલી ટેક્ષટાઈલના નામે છે અને પોતે લેડીઝ ડ્રેસ મટિરિયલ્સનુ હોલસેલ કામ કરીને માલની ઓછી કિમંત આંકીને કરચોરી કરે છે. આઈટી રેઈડ દરમિયાન ડેટા છુપાવવા ફોનના છૂટ્ટા ઘા કરાયા હતા.

# પિડિત માનવજાતને સહાય કરવાની પ્રાથમિકતા અને અગત્યતા



(મુસ્લિમ ધર્મશાસ્ત્ર કુરાન મજીદના બોધવચનો પર આધારિત)

ઈસ્લામની આરસી

કાસિમ અબ્બાસ

ભાગ-૧

આ પામર જગતમાં મનુષ્ય એક ટુંકા અને ચોક્કસ સમય માટે આવે છે અને તેનો આ ચોક્કસ સમય પુરો થઈ ગયા પછી તે આ પામર જગતથી વિદાય લે છે. તેનું પુરૂં જીવન પ્રવૃત્તિઓથી ભરપુર હોય છે. આ પ્રવૃત્તિઓના પ્રકાર મનુષ્ય કેવું જીવન જીવે છે તેના પર આધારિત હોય છે. પૈસે ટકે સુખી મનુષ્યનું જીવન કંગાળ, નિરાધાર અને દરિદ્ર મનુષ્ય કરતાં જુદા પ્રકારનું હોય છે. આ પરિસ્થિતિ અનુસાર એ વાત પુરાવાર થાય છે કે આ પામર જગતમાં પ્રત્યેક મનુષ્યનું જીવન એક સરખું નથી હોતું પરંતુ જુદા જુદા પ્રકારનું હોય છે.

સમાજમાં રહેતા આપણને એ પણ જાણવા મળે છે કે ઘણાખરા પૈસે ટકે સુખી મનુષ્યો પોતાની સંપત્તિ માંથી એક નાનકડો અથવા એક ખાસ ભાગ પિડિત માનવજાતની સહાય અને તેમના ઉત્કર્ષ પાછળ ખર્ચ કરે છે. આ રીતે પોતાની સંપત્તિ બીજાઓ પર ખર્ચ કરવાનું મુખ્ય કારણ એજ છે કે ખર્ચ કરનાર દાન પુણ્યના આ કાર્યને એક સદ્કાર્ય માને છે અને તે કાર્યને તે પોતાના ધર્મના આદેશો અનુસાર માને છે. સત્ય તો એ છે કે પિડિત માનવજાતની સેવા અને સહાય પણ પરમેશ્વરની ઉપાસના (બંદગી)નો જ એક અગત્યનો ભાગ છે, અને આ પરિસ્થિતિ લગભગ દરેક ધર્મમાં જોવા મળે છે.

આ સંદર્ભમાં ક્યાંક વાંચેલા બે સુવાક્યો-કથન આ પ્રમાણે છે :

"જે ધર્મ વિધવા કે ગરીબના આંસુ નથી લુછતો અને કોઈ ભુખ્યા ગરીબના મોંમા રોટલાનો ટુકડો નથી નાખતો, તેવા કોઈ ધર્મમાં હું નથી માનતો." (સ્વામિ વિવેકાનંદનું કથન)

"કહે કબીર કમાલકુ, દો બાતેં શીખ લે,

કર સહાબ કી બંદગી, ઓર ભુખે કો કુછ દે."

(સંત કબીરની તેમના શિષ્ય કમાલને શિખામણ)

તે ઉપરાંત આ સંદર્ભમાં આ બનાવ પણ અગત્યનો છે કે થોડા વર્ષ પહેલા એશિયાખંડમાં જે ભયાનક પુર આવેલ હતું, તેમાં પાકિસ્તાન દેશમાં પણ ભયાનક પુર આવેલ હતું, જેમાં કરોડો રહેવાસીઓ ઘરબાર વગરના થઈ ગયા હતા. તે સમયે પાકિસ્તાનના અસંખ્ય ધાર્મિક અભ્યાસીઓએ અને મોલવીઓએ જાહેર નિવેદન આપેલ હતું કે જે લોકો આ વર્ષે ઈસ્લામના પવિત્ર શહેર મક્કા, સઉદી અરેબીયામાં તેમની એક કરતાં વધારે હજ યાત્રાએ જઈ રહ્યા છે, તેઓએ પોતાની આ હજ યાત્રા આ વર્ષે મોકુફ કરી દેવી જોઈએ અને આ હજ યાત્રાની પુરેપુરી રકમ પુર પિડિતો પાછળ ખર્ચ કરવી જોઈએ, કારણ કે ઈસ્લામ ધર્મ એ જીવ બચાવવાનો ધર્મ છે. આનું કારણ આપતાં આ ધાર્મિક અભ્યાસીઓએ અને મોલવીઓએ કહ્યું હતું કે ઈસ્લામ ધર્મના પાંચ મુળભુત સ્થંભો (અરકાન)માં હજયાત્રા, જે પાંચમો સ્થંભ (અરકાન) છે, જે નાણાંકિય અને શારીરિક રીતે સધ્ધર હોય તેવા શ્રધ્ધાળુઓ (મોમીનો-ઈમાનવાળાઓ) પર ફરજીયાત છે, તે હજયાત્રા જીવનમાં એક વાર ફરજીયાત છે અને પછીની હજયાત્રાઓ મરજીયાત છે. તે કારણે પુર પિડિતોની સહાય કરવી એ મરજીયાત હજયાત્રા પર પ્રાથમિકતા અને અગત્યતા ધરાવે છે, કારણ કે ઈસ્લામ ધર્મ માનવજાતનો જીવ બચાવવાનો ધર્મ છે. આ બનાવથી એ સિધ્ધ થાય છે કે પિડિત માનવજાતની સહાય અને સેવા એ મરજીયાત ઉપાસના (બંદગી) પર પ્રાથમિકતા અને અગત્યતા ધરાવે છે.

મુસ્લિમ ધર્મશાસ્ત્ર કુરાન મજીદમાંના અસંખ્ય બોધવચનોમાં પિડિત માનવજાતની સહાયને નિયમિત પ્રકારની ઉપાસના (બંદગી) ઉપર પ્રાથમિકતા અને અગત્યતા આપવામાં આવેલ છે, એટલે કે આ બોધવચનોમાં પિડિત માનવજાતની સહાય કરવા માટેના આદેશનો ઉલ્લેખ પહેલાં કરવામાં આવેલ છે અને તે પછી અન્ય પ્રકારની નિયમિત ઉપાસના (બંદગી) કરવાના આદેશનો ઉલ્લેખ કરવામાં આવેલ છે. તેથી એ વાત સિધ્ધ થાય છે કે પાલનહાર અલ્લાહની દ્રષ્ટિમાં પિડિત માનવજાતની સહાય કરવી અને તેમની સેવા કરવી એ ઘણી જ અગત્યતા અને પ્રાથમિકતા ધરાવે છે. નીચે આ વિષેના કુરાન મજીદમાંના અમુક બોધવચનો આપવામાં આવે છે જેમાં જે આદેશો આપવામાં આવેલ છે તેમાં પિડિત માનવજાતને સહાય કરવાનો આદેશ પહેલા અને નિયમિત પ્રકારની ઉપાસના (બંદગી) માટેનો આદેશ તે પછી આપવામાં આવેલ છે :-

"એ સમયને યાદ કરો જ્યારે બની ઈસરાઈલ (અગાઉની એક જ્ઞાતિ-કોમ) પાસેથી અમોએ વચન લીધેલ હતું કે અલ્લાહના સિવાય કોઈ બીજાની ઉપાસના (બંદગી) કરશો નહિ તથા માતાપિતાની સાથે તથા સગા-સ્નેહીઓ સાથે તથા અનાથો સાથે તથા નિરાધારો (દરિદ્રો) સાથે સદવર્તન કરશો તથા લોકોને સારી વાત કહેશો તથા બંદગી (નમાઝ) સ્થાપિત (કાયમ) કરશો તથા ફરજીયાત દાન પુણ્ય (ઝકાત) આપશો. પરંતુ થોડાક લોકો સિવાય તમે સૌ આ વચન માંથી ફરી ગયા અને અત્યાર સુધી ફરેલા છો." (પ્રકરણ ૨, શ્લોક ૮૩)

ક્રમશઃ

# ઉમંગની આંખોમાં ભરપૂર ઊર્મિઓ પ્રસરેલી હતી

સાંજ ઢળી રહી હતી.

હું કચેરીનું કામકાજ સમેટી રહ્યો હતો એ દરમિયાન જ ઉમંગ આવી ચડ્યો હતો : 'સર ! મેં આઈ ડિસ્ટર્બ યુ ફોર અ મિનિટ ?'

ટેબલનું ડ્રોઅર અંદર ધકેલતાં મેં સામે નજર કરી તો એ યુવાનને હું ઓળખતો હતો : 'આવને ઉમંગ... કમ ઈન કમ ઈન !'

ઉમંગ સામે આવીને ટેબલ પાસે ઊભો રહ્યો. એના હાથમાં એક ફાઈલ હતી.

ડ્રોઅરને લોક કરી ચશ્માં ઉતારતાં મેં કહ્યું : 'બેસને...! ઊભો કેમ રહ્યો છે ?'

ઉમંગ બેઠો. એણે સસંકોચ ફાઈલ ખોલતાં એક હસ્તપ્રત મારી સમક્ષ ધરી. હસ્તપ્રત લેતાં મેં એનું શીર્ષક વાંચ્યું : 'હું વિષયી વાત્સલ્યમયી !'

'સર... કેમ હસ્યા ?'

જવાબ આપવાના બદલે મેં થોડાક ફકરા વાંચવા માંડ્યા. ઉમંગ બોલીને ચૂપ થઈ ગયો. કેટલીક ક્ષણો પસાર થઈ ગયા બાદ મેં પૂછ્યું : 'ઉમંગ, તેં કદી પ્રેમ કર્યો છે ?'

ઉમંગ મારી સામે જોઈ રહ્યો હતો, જાણે કે મારા પ્રશ્નની પાછળનું કારણ એ શોધી રહ્યો હતો.

મેં આગળ વધતાં કહ્યું : 'પ્રેમમાં પડ્યા વિના પ્રેમની ગહેરાઈ આણવી મુશ્કેલ છે. જેમ દુ:ખ સહન કર્યા વિના ટ્રેજેડીમાં શત પ્રતિશત દર્દમાં વાચકને નવરાવવો કઠણ છે અને તું તો સાવ જુવાન છે. પ્રેમમાં ના પડ્યો હોય તો પડ અને...'

ઉમંગ મારી વાત સ-રસિક વદને સાંભળતો હતો. હું હસી પડ્યો.

અમે ઊભા થયા. વિખૂટા પડ્યા.

– આ ઉમંગને હું કેટલાક સમયથી ઓળખું છું. હમણાં હમણાં જ

ગ્રેજ્યુએટ થઈને બહાર આવ્યો છે. બૅન્કની સરસ નોકરી છે. દેખાવડો છે. સુંદર વસ્ત્રો પહેરવાં એને ગમે છે. મિત્ર-વર્તુળમાં એ સહુનો પ્રિય છે. હમણાં હમણાંથી એ ટૂંકી વાર્તાઓ પણ લખે છે. એની કેટલીક વાર્તાઓ મેં વાંચી છે. શૈલી રસાળ કરતાં નિખાલસ વધુ છે અને કથા-વસ્તુ ધ્યાન માગી લે તેવું છે. કારણ કે મેં જે એની બે-ચાર વાર્તાઓ વાંચી અને મારા સામયિકમાં પ્રગટ પણ કરી તે અંગે મારા મનમાં કેટલાક વિચારો ઘુમરાઈ રહ્યા છે. ઉમંગની કથાઓના પ્લોટ જોતાં મને એમ લાગ્યું કે ઉમંગ ચોક્કસ કોઈ સ્ત્રીના પ્રેમમાં છે. જેના પ્રેમમાં છે તેના શારીરિક સંપર્કમાં પણ છે. હું જાણું છું ત્યાં સુધી ઉમંગ અપરિણીત છે.

અપરિણીતોને પરિણીતો વિશે લખવાનો અધિકાર છે, પરંતુ સહશયનની નાજુક અને સૂક્ષ્મ બાબતો કોઈ કુંવારી કલમે જ્યારે કલાત્મક રીતે આબેહૂબ રીતે રજૂ થાય ત્યારે હું એક પરિણીત સંપાદક હોવાથી લાગણીસભર ઈર્ષ્યા થાય એ સ્વાભાવિક છે.

ઉમંગની વાર્તાઓ પ્રગટ થયા બાદ સારી એવી લોકપ્રિય પણ બની રહી હતી. છેલ્લે એણે મને આપેલી 'હું વિષયી વાત્સલ્યમયી' તો ખૂબ જ ચર્ચાસ્પદ અને અસરકારક સાબિત થઈ હતી. એ વાર્તાને મેં સ્ટેટ ઍવૉર્ડ માટે પણ મોકલી આપી.

વળી એક સાંજે મેં ઉમંગને સ્કૂટર પર પસાર થતાં જોયો. એણે મને જોયો નહોતો, પણ મેં ઉમંગને અને એની પાછળ બેઠેલી કૉલેજિયન લાગતી છોકરીને જોઈ હતી.

મને એ દૃશ્ય ગમ્યું.

ઉમંગે એની વાર્તાઓમાં કરેલા નાયિકાનાં વર્ણનો અને પાછળ બેઠેલી એ છોકરીના રૂપને સરખાવવા મેં કોશિશ પણ કરી જોઈ; પરંતુ ઝડપથી પસાર થઈ ગયેલો એનો ચહેરો મારી સ્મૃતિમાં બરાબર અંકિત થઈ શક્યો નહોતો. અલબત્ત, ઉમંગની કથાઓમાં એણે ભીનેવાન સ્ત્રીનો વારંવાર ઉલ્લેખ કર્યો હતો અને આ છોકરી પણ સહેજ સાંવલી હતી, સલોની હતી. આંખો ચંચળ અને ચમકદાર હતી. શ્વેત મીનીમાં એ અધિક ઊપસી રહી હતી.

જોકે સાંજે ઘેર આવ્યા બાદ હું ફરી એકવાર ઉમંગની એક-બે વાર્તાઓ જોઈ ગયો. કોણ જાણે કેમ પરંતુ મને ઉમંગના જીવનમાં અને એક વાર્તાકારની કલમ પર કઈ બાબતોની અસર પડતી હોય છે. એના અભ્યાસમાં રસ પડ્યો હતો.

ઉમંગે એક તબક્કે લખ્યું હતું : 'એના ઉરમાં ગોપાયેલો મારો ચહેરો અંધકાર ભાળી રહ્યો હતો. મને ખૂબ ગમ્યું. જાણે કે એમાંથી કદી બહાર ન આવું. પરાકાષ્ઠા પછી પણ મને એનાથી અળગા થવાની કોઈ વૃત્તિ નહોતી.

એનો હાથ મારા માથે ફરી રહ્યો હતો. એ ફરતો જ રહે ને મારા હાથ એની કટિમેખલાને અખંડ બાંધેલી રાખે એવું મને ગમતું હતું.'

ઉમંગનું આ વર્ણન સહજ ઉઘાડું કહી શકાય; પરંતુ નિખાલસ અને આબેહૂબ તો હતું જ. એનો અર્થ એ થયો કે ઉમંગ એની યુવાન પ્રેયસી સાથે કુંવારા બદને પણ શારીરિક સંબંધ ધરાવતો હતો. પણ મારા મનમાં એક બીજું રહસ્ય ઊભું થયું હતું.

એક દિવસ ઉમંગ ફરી મને મળવા આવ્યો. એની આંખોમાં ભરપૂર ઊર્મિઓ પ્રસરેલી હતી. એ ઊર્મિશીલ હતો. કશીક ધૂનમાં હતો અને એ રંગરાગ હેઠળ વાસ્તવિક દુનિયાથી ઘણો દૂર હોય એમ લાગ્યું. પણ મૌલિક સર્જન કરતાં લેખકો માટે આ સ્થિતિ જ બરાબર છે એમ હું સમજું છું, કેમ કે અસરકારક અને ચોટદાર સાહિત્ય આવી જ ભૂમિકામાંથી જન્મ લેતું હોય છે.




મેં જે એની બે-ચાર વાર્તાઓ વાંચી અને મારા સામયિકમાં પ્રગટ પણ કરી તે અંગે મારા મનમાં કેટલાક વિચારો ઘુમરાઈ રહ્યા છે. ઉમંગની કથાઓના પ્લોટ જોતાં મને એમ લાગ્યું કે ઉમંગ ચોક્કસ કોઈ સ્ત્રીના પ્રેમમાં છે. જેના પ્રેમમાં છે તેના શારીરિક સંપર્કમાં પણ છે. હું જાણું છું ત્યાં સુધી ઉમંગ અપરિણીત છે.

મેં ઉમંગને પૂછ્યું : 'ગયા રવિવારે સાંજે સાડા છ વાગે તારા સ્કૂટર

પાછળ...'

ઉમંગ ચોંકી ગયો : 'તો તમે મને ક્યાં જોયો ?'

'ઉ...મં...ગ...!' મેં ભાવવાહી સ્વરે કહ્યું : 'હું તો તને પહેલેથી જ

કહું છું કે પ્રેમ કરવો એ પાપ નથી.'

ઉમંગ શરમાઈને નીચે જોઈ રહ્યો.

'શું નામ છે એ છોકરીનું ?'

'કિન્નરી.'

'શું કરે છે એ ?'

'કિન્નરી તો મારી સાથે ભણતી હતી. હવે કંઈ જ કરતી નથી. સુખી

ઘરની છોકરી છે એટલે હવે...!'

'એના માટે સારા વરની શોધ ચાલે છે એમ ને ?'

ઉમંગે હા પાડી, પણ એ નીચે જ જોઈ રહ્યો. મને લાગ્યું કે એ કંઈક

મૂંઝવણમાં છે.

'કંઈ તકલીફ હોય તો મને વાત કર.'

'અત્યારે તો કોઈ જ તકલીફ નથી સર...' એટલું કહીને એ ચાલ્યો ગયો.

ખરેખર તો હવે ઉમંગના વ્યક્તિત્વ આસપાસનું રહસ્ય ઘેરું બનતું જતું હતું. એની છેલ્લી વાર્તા 'હું વિષયી વાત્સલ્યમયી' મેં ફરી જોઈ લીધી અને મનોમન હસ્યો.

એક રાત્રે અચાનક જ ઉમંગ ઘેર આવી ચડ્યો. મારી પત્ની સાથે

ઓળખવિધિ કરાવતાં મેં કહ્યું : 'જો સરિતા... આ છે ઉમંગ, જેની વાર્તાઓ હમણાં સારી એવી લોકપ્રિય બની છે.'

'ઉમંગભાઈ, તમારી બધી વાર્તાઓ મેં વાંચી છે.' સરિતાએ હસીને

ઉમંગને આવકાર્યો.

'થૅંક્યુ.' ઉમંગે આભાર માન્યો.

મને લાગ્યું કે ઉમંગ કંઈક વાત કરવા આવ્યો હતો. સરિતાને મેં ચા બનાવવા કહ્યું અને હું તથા ઉમંગ મારા રીડિંગ રૂમમાં બેઠા.

'કિન્નરી અને તારું ગોઠવાયું હોય એમ લાગતું નથી.' મેં મૂળ વાત જ

ઉપાડી.

ઉમંગ ચૂપ રહ્યો.

'કેમ કંઈ બોલ્યો નહીં ?'

'સર... એવું છે કે કિન્નરીના પિતા ઈચ્છે છે કે હું અને કિન્નરી પરણીએ.'

'તો વાંધો કોને છે ? કિન્નરીને કે એની મમ્મીને ?'

'ના એવું નથી.'

'તો શું છે ?'

'વાંધો મને છે.'

'તને શું વાંધો છે ?'

'સર... તમારી આગળ હું જૂઠું નહીં બોલું... મારા વિશે તમે ગમે તે

વિચારો પણ મારે સાફ વાત કહેવી જ પડશે. કિન્નરીના પિતાની ઈચ્છા ગમે તે હોય પણ હું કિન્નરીને પરણી શકું નહીં... કેમ કે હું કિન્નરીના નહીં પણ કિન્નરીની મમ્મીના પ્રેમમાં છું. કિન્નરી મારી સાથે હરેફરે છે, પણ એ બીજું કંઈ જ નહીં.'

ઉમંગ એકીશ્વાસે બોલી ગયો અને બોલી રહ્યા બાદ એના વિધાનના આઘાત-પ્રત્યાઘાત જોવા એ મારી સામે જોઈ રહ્યો.

હું મૌન રહ્યો.

'કેમ તમે કંઈ બોલ્યા નહીં ?'

'મને જરાય આશ્ચર્ય થયું નથી એટલા માટે.'

'તો તમને આ વાતની ક્યાંથી ખબર ?'

'તારાં લખાણો પરથી.'

'એ કેવી રીતે ?'

'કારણ કે ઈતિહાસનું પુનરાવર્તન થઈ રહ્યું છે, તારામાં મને રસ જ

એટલા માટે પડ્યો કે તું પણ મારી જેમ જ...'

'એટલે કે તમારે પણ મારી જેમ જ..'

'સીસ...' કરતાં મેં ઉમંગને બોલતો ચૂપ કર્યો કેમ કે સરિતા આવી રહી હતી. સરિતાને મારા એ સંબંધની ખબર નહોતી.

હું જે દ્વિધામાંથી પાર ઊતરી ગયો હતો તેવી જ દ્વિધામાંથી પાર થવાનું ઉમંગને હજુ બાકી હતું.

**દેવેન્દ્ર પટેલ**
સંપર્ક
+91 98792 07102

## જાણવા જેવું

### વૃક્ષો આપણા માટે કઈ રીતે છે ?



વનસ્પતિ આપણા ખોરાકનો મુખ્ય સ્ત્રોત છે. મોટાં વૃક્ષો આપણને ફળો આપે છે તે ઉપરાંત લાકડું પણ આપે. અનેક વનસ્પતિ ઔષધ તરીકે પણ કામ આવે. આમ વનસ્પતિ માનવજાત માટે આશીર્વાદરૂપ છે પણ આ ઉપરાંત વૃક્ષો આપણા માટે ઘણું બધું કરે છે તે પણ જાણવા જેવું છે. એક વૃક્ષ લગભગ વર્ષે ૧૨૦ કિલોગ્રામ ઓક્સિજન આપણા માટે પેદા કરે છે. એક વૃક્ષ તેના જીવનભર વાતાવરણમાંથી એક ટકો કાર્બન ડાયોક્સાઇડનું શોષણ કરી હવાને શુદ્ધ કરે છે. વૃક્ષોના મૂળ જમીનનું પાણીથી થતું ધોવાણ અટકાવે છે. વૃક્ષો પવનની ગતિને અવરોધીને વાવાઝોડા દરમિયાન રક્ષણ આપે છે. વૃક્ષોના પાન ખરી પડે ત્યારે તે જમીનમાં ઉતરી તેને વધુ ફળદ્રુપ બનાવે છે.

### ઓક્ટોપસ વિશે આ પણ જાણો

ઓક્ટોપસની લગભગ ૩૦૦ જાત છે. કેટલીક ગરમ સમુદ્રમાં રહે છે તો કેટલાક દરિયાના ઊંડા તળિયે રહે છે. ઓક્ટોપસના ગોળાકાર માથામાં બે આંખો હોય છે. ઓક્ટોપસને હાડકા હોતા નથી એટલે ગમે તેવી સાંકડી જગ્યામાં પ્રવેશી શકે છે. ઓક્ટોપસને પોપટની ચાંચ જેવું સખત જડબું હોય છે. ઓક્ટોપસને ત્રણ હૃદય હોય છે. સૌથી મોટું ઓક્ટોપસ પણ ૧૫ કિલો વજનનું હતું અને ૧૪ ફૂટ ઘેરાવો ધરાવતું હતું. તે પેસેફિક મહાસાગરમાં ઘણી ઊંડાઈએ જોવા મળ્યું હતું. ઓક્ટોપસ સાંકડી જગ્યામાં સંકોચાઈને, રંગીન પ્રવાહીનો ફૂવારો છોડીને તેમજ રંગ બદલીને સ્વરક્ષણ કરી શકે છે. ઓક્ટોપસ સૌથી બુદ્ધિશાળી જળચર હોવાનું કહેવાય છે.



## વુમન વર્લ્ડ

### આ રશિયન કપલ પાસે છે ક્યાંય ન હોય તેવું ઉત્તમોત્તમ ઢીંગલીઓનું કલેક્શન



એનાસ્ટેસિયા અને સેર્જે લ્યુસેન્કો નામનું યુગલ રશિયાના ક્રેસ્નોયાર્સ્ક શહેરમાં રહે છે અને તેમની પાસે વિશ્વમાં ક્યાંય ન હોય તેવું ઉત્તમોત્તમ ઢીંગલીઓનું કલેક્શન છે. હકીકત એ છે કે, આ યુગલ ખુદ ઢીંગલીઓ બનાવવામાં માહેર છે. તેઓ એક ઢીંગલી બનાવતાં મહિનાઓ સુધી એટલી મહેનત કરે છે કે જ્યારે એ તૈયાર થાય છે ત્યારે એ એકદમ સાચી અને હમણાં બોલી પડશે એવી જીવંત લાગે છે. આ યુગલે તૈયાર કરેલી ઢીંગલીઓની ઝીણી ચમકદાર આંખો, દરેક રેખાને બારીકીથી તૈયાર કરેલો ચહેરો, કરચલીઓ અને તલ જેવી માઈનોર વિગતો એટલી આબેહુબ રીતે તૈયાર કરવામાં આવી છે કે કોઈ મિનિએચર વ્યક્તિ જ હોય એવું લાગે. તમામ ડોલ્સ હાથેથી બનાવેલી, હાથે જ પેઈન્ટ કરેલી અને કસ્ટમાઈઝ્ડ કપડાં, એક્સેસરીઝ અને નેચરલ વાળની વિગત સાથે તૈયાર કરવામાં આવી છે.

### ૫૪ કલાકમાં સતત ચાર વખત ઈંગ્લિશ ચેનલ પાર કરનારી યુએસની પહેલી મહિલા



અમેરિકાની ૩૭ વર્ષીય સારા થોમસ સતત ચાર વાર ઈંગ્લિશ ચેનલ પાર કરવાનું અભૂતપૂર્વ કાર્ય પાડનાર પ્રથમ મહિલા છે. આ પહેલા ત્રણ જણે આ ચેનલ પાર કરી છે. આ સફળતા તેણે કેન્સરપીડિતોને સમર્પિત કરી છે. કેમકે એક સમયે તે પોતે બ્રેસ્ટ કેન્સરથી પીડિત હતી. હજી એક વર્ષ પહેલા જ તે કેન્સરની સારવારમાંથી બહાર આવી છે. તે અમેરિકાના કોલોરાડોની છે. ૫૪ કલાક બાદ ડોવર તટ પર સવારે સાડા છ વાગ્યે તેણે ચોથું ચક્કર પૂરું કર્યું હતા. આ અંતર ૨૧૫ કિ.મી. હતું આ સાહસ પાર પાડ્યા પછી ખુદ સારા પણ અચંબિત હતી. સારા એ કહ્યું હતું કે, સ્વિમિંગ દરમિયાન મારેઘણીવાર જેલીફિશનો સામનો કરવો પડ્યો હતો. જોકે હજી યે મને વિશ્વાસ થઈ રહ્યો કે નક્કી કરેલું એ કામ પૂરું કરી દીધું છે. ૫૪ કલાક સુધી મે માત્ર ઈલેક્ટ્રોલ અને કેફીનયુક્ત પીણા જ લીધા હતા. સાચું કહું તો હવે મારી ખુશી વ્યક્ત કરવા માટે મારી પાસે કોઈ શબ્દ નથી.

### થાણે મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટે (ટીએમસી) શરૂ કરી લેડિઝ સ્પેશ્યલ તેજસ્વીની બસ



થાણે મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટે મહિલાઓ માટે વિશેષ બસ સ્વિરસ તેજસ્વિની શરૂ કરી છે. માત્ર મહિલાઓ માટેની આ ૫૦ બસમાં મહિલાઓ માટે પેનિક અલાર્મથી સમાંડીને સીસીટીવી કેમેરા અને જીપીએસ ટ્રેકર સહિતની આવશ્યક તમામ સુવિધાઓ હશે. આબસ માટેની દરખાસ્ત ૨૦૧૬-૧૭થી કરવામાં આવી હતી. રસ્તા પરનો ટ્રાફિક, ખીચોખીચ ભરેલી ટ્રેનો અને બસો વચ્ચે પિસાતી થાણેની મહિલાઓને તેજસ્વીની શરૂ થતાં ઘણી રાહત મળી છે. મહિલાઓ માટેની આ બસમાં ડ્રાઈવર સિવાય તમામ મુસાફરો તેમજ કંડક્ટર પણ મહિલા જ દોડાવાશે. આમ સવારે ૬ વાગ્યાથી ૧૨ વાગ્યા સુધી અને સાંજે ૬ વાગ્યાથી રાત્રે ૧૨ વાગ્યા સુધીના પીક અવર્સમાં આ બસોમાં માત્ર મહિલાઓ યાત્રા કરી શકશે.

## શું તમે જાણો કેમ પગના નખ કાળા પડી જાય છે?



ઘણા લોકોના નખ કાળા હોય છે. તેની પાછળ શુ કારણ હોય છે. તેના દરેક લોકો અજાણ રહે છે. પરંતુ આજે અમે તમને જણાવવા જઈ રહ્યા છીએ કે તમારા નખ કેમ કાળા પડી જાય છે. તમને જણાવી દઈએ કે નખ કાળા થવાની પાછળ સ્કિન કેન્સરની શરૂઆત પણ થઈ શકે છે. કેટલાક લોકોને નખ કાળા થઈને તૂટી પણ જાય છે. કેટલાક લોકોના નખ કાળા થઈને તૂટી જાય છે. નખ કાળા થવાના અનેક કારણ હોય છે. કેટલાક મામલામાં સ્કિન કેન્સરના કારણથી પણ નખ કાળા પડી જાય છે. તે સિવાય સૌથી મોટું કારણ ફંગલ ઈન્ફેક્શનને માનવામાં આવે છે. તો આવો જોઈએ તેની પાછળ શુ કારણ છે.

### ફંગલ ટોનેલ ઇન્ફેક્શન

ક્યારેક ક્યારેક નખ કાળા પડવાનું મુખ્ય કારણ ફંગલ ઈન્ફેક્શન પણ હોય શકે છે. એથલીટ ફૂટ જેવા ફંગલ ઈન્ફેક્શનના કારણથી પણ નખ કાળા પડી જાય છે. ફંગલ ટોનેલ ઈન્ફેક્સનના કારણથી પણ નખ કાળા, પીળા, લીલા, ભૂરકા થઈ શકે છે. આ રીતે કોઈપણ લક્ષણ જોવા મળે તો તરત ડોકટરનો સંપર્ક કરવો જોઈએ.

### જૂતાના કારણથી

લોકોના નખ જૂતાના કારણથી પણ કાળા પડી શકે છે. ખરાબ જૂતાના કારણથી નખ પર દબાણ પડે છે. જેના કારણથી નખમાં લોહી એકઠું થવા લાગે છે. જે બાદમાં કાળા પડી જાય છે.

## પગની નસમાં આવતા સોજાથી છૂટકારો મેળવવા ખાસ છે તમાલપત્ર



તમાલપત્ર ભોજનનો સ્વાદ બમણો કરી દે છે. જેથી ખાસ કરીને લોકો તેમના ભોજનમાં તમાલપત્રનો ઉપયોગ કરે છે. તે સિવાય તમે જાણતા હશો કે તમાલપત્ર આપણા સ્વાસ્થ્ય માટે ખૂબ લાભદાયી છે. તમાલપત્રનું સેવન કરવાથી કેન્સર સહિત હૃદય સંબંધિત બીમારીઓથી બચી શકાય છે. એટલું જ નહી તમાલપત્રનો ઉકાળો અને લેપ મચકોડ આવવા પર અને નસમાં સોજા આવવા પર તેને દૂર કરે છે. તેમા એન્ટી બેક્ટેરિયલ, એન્ટી ફંગલ, એન્ટી ઈંફ્લામેટ્રી અને દુખાવાને દૂર કરવાના ગુણ રહેલા છે.

### આ રીતે બનાવો ઉકાળો

૧૦ ગ્રામ તમાલપત્ર, અજમો અને વરિયાળીને બરાબર પીસી લો. હવે તેને એક લીટર પાણીમાં ઉકાળી લો આશરે ૧૦૦-૧૫૦ ગ્રામ પાણી રહી જાય એટલે ગેસ બંધ કરી લો તે બાદ તેનું નિયમિત સેવન કરવાથી નસોમાં આવતા સોજા દૂર થશે.

### મચકોડમાં આરામ

મચકોડ આવવા પર તમાલપત્ર, અજમો અને વરિયાળીથી બનેલો ઉકાળો રામબાણ ઈલાજ છે. મચકોડ આવવા પર તેનુ સેવન કરી શકો છો. જે દુખાવા અને સોજાને ઓછા કરવામાં મદદરૂપ છે. તે સિવાય તમે તમાલપત્ર અને લવિંગને પાણીમાં પીસીને તેનો લેપ બનાવી શકો છો. તમાલપત્રનો લેપ લગાવવાથી દુખાવામાં આરામ મળશે.

### સોજામાં આરામ થશે

નસોમાં સોજા આવવાના કારણે ઘણી તકલીફ થાય છે અને તેની અસર કામ પર પડે છે. નસોમાં સોજો વધારે પડતું ખેંચાણ, ઈજા અને નસો પર દબાણ પડવાથી થાય છે. આ સ્થિતિમાં તમાલપત્ર, અજમો અને વરિયાળીથી બનેલો ઉકાળો પીવાથી સોજો ઓછો થાય છે. તે સિવાય તમાલપત્ર, તજ અને લવિંગને પીસીને તેનો લેપ લગાવવાથી દુખાવામાં રાહત મળે છે.

## ક્રોસવર્ડ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ૩ | ■ | ૪ | | ૫ | |
| | ■ | | ■ | ૬ | ૭ | | ■ | | ■ |
| ૮ | ૯ | | ■ | ૧૦ | | ■ | ૧૧ | ■ | ૧૨ |
| ■ | | ■ | ૧૩ | ■ | ૧૪ | ૧૫ | | ■ | |
| ૧૬ | | ■ | ૧૭ | | ■ | | ■ | ૧૮ | |
| | ■ | ૧૯ | | ■ | ૨૦ | | ૨૧ | | ■ |
| ૨૨ | | | ■ | ૨૩ | | ■ | ૨૪ | | ૨૫ |
| ■ | ■ | ૨૬ | ૨૭ | | ■ | ૨૮ | | ■ | |
| ૨૯ | ૩૦ | ■ | | ■ | ૩૧ | | ■ | ૩૨ | |
| ૩૩ | | ■ | ૩૪ | | ■ | ૩૫ | | | ■ |

**આડી ચાવી :**

(૧) સતત, હંમેશાં (૫)
(૪) તરકટ, રચના (૪)
(૬) કહેણ, ખબર, હુકમ (૩)
(૮) ધાક, દાબ, અંકુશ (૩)
(૧૦) એક તેજાનો (૨)
(૧૪) અંબુજ, નલિન, પંકજ (૩)
(૧૬) બહાનું, મિષ (૨)
(૧૭) જોર, લશ્કર (૨)
(૧૮) કર, જકાત (૨)
(૧૯) કાનનું એક ઘરેણું (૨)
(૨૦) સુતારનું એક ઓજાર (૪)
(૨૨) તપાસવું તે (૩)
(૨૩) પરવાનગી, રુખસદ (૨)
(૨૪) અસભ્ય, જંગલી, વનેરું (૩)
(૨૬) કઠોળનો લીલો દાણો (૩)
(૨૮) તરેહ, રસ્તો, વાટ (૨)
(૨૯) આવડત, ભલી વાર (૨)
(૩૧) મેંદો (૨)
(૩૨) કાણું, બાખોરું (૨)
(૩૩) તીર, બાણ (૨)
(૩૪) રિસાવું તે (૨)
(૩૫) આચરણ, રીતભાત (૩)

**ઊભી ચાવી :**

(૧) રીતભાત, વર્તણૂક (૩)
(૨) નજીક, પાસે (૩)
(૩) ઈજન, નોતરું (૩)
(૪) કુટેવ, અનીતિ (૨)
(૫) તાબે, મુગ્ધ (૨)
(૭) ધોબી (૩)
(૯) મોટો પથ્થર (૩)
(૧૧) ફરેબ, ફાંદો (૨)
(૧૨) ચોકી, જાપતો, હવાલો (૩)
(૧૩) કાંજી, ઘેંસ (૩)
(૧૫) આધાર, ભરોસો (૩)
(૧૬) અનિલ, પવન (૩)
(૧૮) પગાર (૩)
(૧૯) ટોયલી, લોટી (૩)
(૨૦) તદબીર, યુક્તિ (૨)
(૨૧) વિષ્ણુનો એક અવતાર (૩)
(૨૩) દાણાદાર લોટ (૨)
(૨૫) નાકનું ટેરવું (૩)
(૨૭) આનંદી, ઉડાઉ, તરંગી (૩)
(૨૮) કમળ (૩)
(૨૯) સ્વાંગ, પોશાક (૨)
(૩૦) તંતુ, દોરો (૨)
(૩૨) જામીન, બાનું (૨)

ઉકેલ માટે જુઓ પેજ નં.૧૯

# ભારતમાં સપ્ટેમ્બરની નિકાસ-આયાતમાં ઘટાડો: વેપાર ખાધ ૧૦.૮૬ અબજ ડોલર

**• નિકાસ ઘટીને ૨૬ અબજ ડોલર : આયાત ઘટીને ૩૬.૮૯ અબજ ડોલર : વેપાર ખાધ ઘટીને ૧૦.૮૬ ટકા, સાત મહિનાના તળિયે**



નવી દિલ્હી : પેટ્રોલિયમ, એન્જિનિયરિંગ, લેધર, કેમિકલ, જેમ્સ એન્ડ જવેલરી વસ્તુઓની નિકાસ ઘટવાને કારણે સપ્ટેમ્બરમાં ભારતની નિકાસ ૬.૫૭ ટકા ઘટીને ૨૬ અબજ ડોલર રહી હતી.

સરકાર દ્વારા જારી કરવામાં આવેલા આંકડા અનુસાર સપ્ટેમ્બરમાં આયાત પણ ૧૩.૮૫ ટકા ઘટીને ૩૬.૮૯ અબજ ડોલર રહી હતી. જેના કારણે સપ્ટેમ્બરમાં વેપાર ખાધ ઘટીને ૧૦.૮૬ અબજ ડોલર થઈ છે. ઉલ્લેખનીય છે કે ગયા વર્ષે સપ્ટેમ્બરમાં વેપાર ખાધ ૧૪.૯૫ અબજ ડોલર હતી. નિકાસ માટેના ૩૦ મહત્ત્વપૂર્ણ સેક્ટરમાંથી ૨૨ સેક્ટરમાં સપ્ટેમ્બરમાં ઘટાડો જોવા મળ્યો હતો. જેમ્સ-જ્વેલરી,. એન્જિનિયરિંગ ગુડ્ઝ, પેટ્રોલિયમ પેદાશોની નિકાસમાં અનુક્રમે ૫.૫૬ ટકા, ૬.૨ ટકા અને ૧૮.૬ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો.

# દૂબઈ નિવાસી ભારતીયે NITને રૂપિયા સવા કરોડનું દાન આપ્યું

**• સંસ્થાના ડાયમંડ જ્યુબિલી સમારોહમાં ચીફ ગેસ્ટ તરીકે હાજર હતા**

દૂબઈ /વારંગલ : મૂળ ભારતીય અને હાલ દૂબઈમાં વસતા જેમિની ગ્રુપના સ્થાપક ચેરમેન સુધાકર રાવે પોતે જે સંસ્થામાં ભણ્યા હતા એ વારંગલની નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઑફ ટેક્નોલોજીને સવા કરોડ રૂપિયા દાનમાં આપ્યા હતા.

તાજેતરમાં એનઆઈટીનો ડાયમંડ જ્યુબિલી સમારોહ હતો. આ સમારોહમાં સુધાકર રાવને સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થી તરીકે ચીફ ગેસ્ટ બનાવાયા હતા. આ સમારોહમાં સુધાકર રાવે સંસ્થાને સવા કરોડ રૂપિયા દાનમાં આપવાની જાહેરાત કરી હતી. ગલ્ફ ન્યૂઝના એક રિપોર્ટ મુજબ એનઆઈટીને લેટેસ્ટ ટેક્નોલોજીથી સુસજ્જ કરવા અને એક ઈન્ક્યૂબેશન સેન્ટરની સ્થાપના કરવા માટે આ દાન આપવામાં આવ્યું હતું. મૂળ તામિલનાડુના સુધાકર રાવે ૧૯૭૬-૭૭ના બેચમાં આ સંસ્થામાંથી ઈલેક્ટ્રિકલ એંજિનિયરીંગની ડિગ્રી મેળવી હતી.

હાલ સુધાકર રાવ દૂબઈમાં જેમિનિ ગ્રુપ ચલાવે છે જે કરોડો રૂપિયાનું વાર્ષિક ટર્ન ઓવર ધરાવે છે.

# દેશમાં ડબલ એન્જિન માટેનું વચન ફ્લોપ પુરવાર : મનમોહનસિંહ

મુંબઈ : મહારાષ્ટ્રના ચૂંટણી સમરમાં આજે ગુરૂવારના દિવસે પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહ પણ કુદી પડ્યા હતા. જોક્ટર સિંહે કલમ ૩૭૦ પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીના પ્રશ્નોના જોરદાર જવાબો આપ્યા હતા. તેમણે કહ્યુ હતુ કે કોંગ્રેસ પાર્ટીના સભ્યોએ આર્ટિકલ ૩૭૦ને ખતમ કરવા માટે બિલના સમર્થનમાં મત આપ્યા હતા.અમારી પાર્ટી કલમ ૩૭૦ની વિરુદ્ધમાં ક્યારેય રહી નથી. નાણાં પ્રધાન નિર્મલા સીતારામનના પીએમસી બેંક સંકટ માટે પોતાને જવાબદાર ઠેરવી દેવાના સંબંધમાં વળતા પ્રહારો કર્યા હતા. પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહે આક્ષેપ કરતા કહ્યુ હતુ કે કે ભાજપ સરકાર માત્ર વિપક્ષ પર પ્રહારો કરવામાં માને છે. સમાધાન કરવામાં સરકાર નિષ્ફળ રહી છે. તેમણે કહ્યુ હતુ કે નીચલા સ્તરના ફુગાવાના કારણે ખેડુતો પર સંકટની સ્થિતી રહેલી છે. સરકારની આયાત-નિકાસની નિતીના કારણે પણ માઠી અસર થઈ રહી છે. ડોક્ટર સિંહે કહ્યુ હતુ કે અમે માનીએ છીએ કે કલમ ૩૭૦ એક અંશકાલિક ઉપાય તરીકે હતી.પરંતુ જો ફેરફાર કરવામાં આવ્યા છે તો તેને જમ્મુ કાશ્મીરના લોકોના સદ્‌ભાવ સાથે કરવામાં આવે તે જરૂરી છે. સિંહે કહ્યુ હતુ કે અલબત્ત જે રીતે બિલને લાગુ કરવામાં આવ્યુ છે અમેનો વિરોધ કરી રહ્યા છીએ. તેમણે ઉમેર્યું કે, દેશમાં ડબલ એન્જિન વડે પ્રગતિ સાંધવાની વાતો પોકળ પૂરવાર થઈ છે.

# પાકિસ્તાનમાં જતાં પાણીને અટકાવીને હરિયાણાના ખેડૂતોને આપીશું : મોદી

**• ૩૭૦ મુદ્દે દેશને ગેરમાર્ગે દોરતી કોંગ્રેસને જનતા પાઠ ભણાવશે : પીએમ મોદી**

ચરખી-દાદરી : વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે હરિયાણામાં ચૂંટણી સભાઓને સંબોધતા કલમ ૩૭૦, હરિયાણામાં ખેડૂતો માટે પાણી સહિતના અનેક મુદ્દાઓ પર વાતો કરી.

વડાપ્રધાને કહ્યું કે તેમની સરકાર પાકિસ્તાન જતું પાણી અટકાવીને હરિયાણાના ખેડૂતોને આપશે, કારણ કે તેના પર આપણા દેશ અને રાજ્યના ખેડૂતોનો અધિકાર છે. કલમ ૩૭૦ મુદ્દે વધુ એક વખત તેમણે કોંગ્રેસને ઘેરતા



કહ્યું કલમ ૩૭૦ જેવા રાષ્ટ્રહિતના મુદ્દાઓ પર અમે છાતી ઠોકીને નિર્ણયો લઈશું.

વડાપ્રધાને જણાવ્યું કે છેલ્લા ૭૦ વર્ષથી હરિયાણાના ખેડૂતોનું પાણી પાકિસ્તાન જતું રહે છે, પરંતુ મોદી હવે આ પાણી અટકાવશે અને તેને તમારા ઘરો સુધી લાવશે. મેં તેના પર કામ શરૂ કરી દીધું છે. આ પાણી ભારત અને હરિયાણાના ખેડૂતોનું છે અને તેના પર તેમનો અધિકાર છે, તેથી મોદી તમારા માટે લડશે. કોંગ્રેસ પર હુમલો કરતાં મોદીએ આક્ષેપ કર્યો કે જમ્મુ અને કાશ્મીરને વિશેષ દરજ્જો પૂરી પાડતી કલમ ૩૭૦ મુદ્દે વિપક્ષ અફવાઓ ફેલાવી રહ્યા છે. જમ્મુ અને કાશ્મીરમાંથી કલમ ૩૭૦ની નાબૂદી અંગે એકબાજુ સમગ્ર દેશ ઉત્સવ મનાવી રહ્યો હતો ત્યારે કોંગ્રેસના કેટલાક નેતાઓ આ નિર્ણય સામે સમગ્ર દેશ અને વિશ્વમાં અફવાઓ ફેલાવી રહ્યા હતા.

# એમપીમાં કાર અકસ્માતમાં ચાર નેશનલ લેવલના હોકી ખેલાડીનાં મોત, ૩ ઘાયલ

**• ખેલાડીઓ મેજર ધ્યાનચંદ હોકીની સેમિફાઈનલ રમવા હોશંગાબાદ આવ્યા હતા**

ભોપાલ : મધ્યપ્રદેશના હોશંગાબાદમાં વહેલી સવારે કાર અકસ્માત થયો હતો, જેમાં ચાર નેશનલ લેવલના હોકી ખેલાડીઓનું મોત થયું હતું. ત્રણ ખેલાડીઓને ગંભીર ઈજા પહોંચી છે. ઈજાગ્રસ્ત ખેલાડીઓની હાલત ખૂબ જ નાજુક હોવાનું જણાવાયું હતું. ખેલાડીઓ મહત્વની ટૂર્નામેન્ટમાં સેમિફાઈનલ રમવા હોશંગાબાદ ગયા



હતા. મેજર ધ્યાનચંદ હોકી ટૂર્નામેન્ટની સેમિફાઈનલ રમવા હોશંગાબાદ ગયેલા મધ્યપ્રદેશની ટીમના ચાર નેશનલ લેવલના હોકી ખેલાડીઓનું માર્ગ અકસ્માતમાં મોત થયું હતું. સાત ખેલાડીઓ કારમાં હોશંગાબાદ જિલ્લામાંથી ભોપાલ આવવા નીકળ્યા હતા. વહેલી સવારે પાંચેક વાગ્યે હોશંગાબાદના રેસલપુર ગામ નજીક ખેલાડીઓની કારને ગંભીર અકસ્માત નડયો હતો. શાહનવાઝ ખાન, આદર્શ હરદુઆ, આશીષ લાલ અને અનિકેત રૂપ એમ ચાર ખેલાડીઓ અકસ્માતમાં મૃત્યુ પામ્યા હતા. ચારેક ખેલાડીઓ ભોપાલમાં એમપી સ્પોર્ટ્સ એકેડમી સાથે સંકળાયેલા હતા. ત્રણ ખેલાડીઓ ઘાયલ થયા છે અને તેમની હાલત પણ ખૂબ નાજુક હોવાનું કહેવાયું હતું.

# PMCના વધુ એક ખાતાધારકનું હાર્ટ અટેકને લીધે મોત નિપજ્યું

નવી દિલ્હી : પંજાબ એન્ડ મહારાષ્ટ્ર કો-ઑપરેટિવ બેન્કના વધુ એક ખાતાધારકનું મોત નીપજ્યુ છે. ૫૯ વર્ષના ફત્તોમલ પંજાબીનું મંગળવારે હાર્ટ એટેકના કારણે મોત નીપજ્યુ છે. ૨૪ કલાકની અંદર આ બીજુ મોત છે.

ઓશિવારાના તારાપોરેવાલા ગાર્ડનમાં રહેનારા સંજય ગુલાટીનું મોત નીપજ્યુ હતુ. પીએમસી બેન્કમાં તેમના લગભગ ૯૦ લાખ રૂપિયા જમા હતા. સોમવારે તેઓ બેન્ક પર લગાવવામાં આવેલા પ્રતિબંધો વિરૂદ્ધ પ્રદર્શન કરી રહ્યા હતા. આ પ્રદર્શન બાદ જ્યારે તેઓ ઘરે પહોંચ્યા તો તેમને હાર્ટ એટેક આવ્યો અને તેમનુ મોત નીપજ્યુ. આરબીઆઈએ ૨૩ સપ્ટેમ્બરે પીએમસી બેંક પર અનેક પ્રકારની રોક લગાવવામાં આવી હતી. તે જ સમયે પ્રતિ ગ્રાહક છ મહિનામાં ફક્ત ૧,૦૦૦ રૂપિયાની જ ઉપાડની મર્યાદા નક્કી કરવામાં આવી હતી. તે સમયે આરબીઆઈના આ નિર્ણયની ઘણી ટીકા પણ થઈ હતી. જોકે આરબીઆઈએ બેંકની નાણાકીય સ્થિતિની સમીક્ષા બાદ આ મર્યાદાને વધારીને ૪૦,૦૦૦ રૂપિયાની કરી દેવામાં આવી છે. પીએમસી બેંકમાં ગ્રાહકોના ૧૧,૫૦૦ કરોડ રૂપિયા જમા છે. દેશની ટોપ-૧૦ કો-ઓપરેટિવ બેંકમાંથી આ એક છે.

# ઈકબાલ મિર્ચી સાથેના આર્થિક વ્યવહાર મામલે પ્રફુલ પટેલને ઈડીનું સમન્સ

મુંબઈ : અંડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહિમના નિકટવર્તી ઈકબાલ મિર્ચી સાથે આર્થિક અને જમીન વ્યવહાર થયા પ્રકરણે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) એ રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ (એનસીપી)ના વરિષ્ઠ નેતા અને માજી કેન્દ્રીય પ્રધાન પ્રફુલ્લપટેલને સમન્સ બજાવ્યા છે. પ્રફુલ્લ પટેલને આગામી ૧૮ ઓક્ટોબરે તપાસ માટે હાજર રહેવાનો આદેશ આપ્યો છે. દરમ્યાન આ સંબંધે પટેલ પરિવારને તપાસ માટે બોલાવી શકાય છે. જેમણે હજરા મેમનને બે માળ આપ્યા તેમની પણ પૂછપરછ થઈ શકે છે. એ ઉપરાંત વધુ કેટલીક આર્થિક લેવડ-દેવડ થઈ છે કે નહીં એની પણ પૂછપરછ થઈ શકે છે. પટેલના પરિવારે પ્રમોટ કરેલી કંપની અને મિર્ચીના નામે ઓળખાતા ઈકબાલ મેમન વચ્ચે આર્થિક વ્યવહાર થયાનો આરોપ છે.

# અનંતનાગમાં આર્મી-આતંકવાદીઓ વચ્ચે ગોળીબારી, ૩ આતંકીઓ ઠાર

અનંતનાગ : જમ્મુ કાશ્મીરના અનંતનાગમાં ૧૬ ઓક્ટોબરની સવારે આર્મીને મોટી સફળતા હાંસલ થઈ છે. અનંતનાગમાં થયેલી ગોળીબારીમાં આર્મીએ ૩ આતંકવાદીઓને મારી નાખ્યા છે. આ આતંકવાદીઓમાં હિઝબુલ મુઝાહુદીનના કમાન્ડર નાસિર ચદરૂ પણ સામેલ છે.

આ ગોળીબારી સવારે ૬.૩૦ વાગ્યાથી ચાલી રહી છે. આર્મીને આતંકવાદીઓ છુપાયેલા હોવાની જાણકારી મળી હતી. ત્યાર પછી આતંકવાદીઓને ઘેરી લેવામાં આવ્યા હતા. લગભગ સાડા ૩ કલાક ચાલેલી ગોળીબારીમાં ૩ આતંકવાદીઓને મારી નાખવામાં આવ્યા છે. જેમાં હિઝબુલનો સ્થાનિક કમાન્ડર પણ સામેલ હતો. પાછલા ૨ અઠવાડિયામાં આ બીજું એન્કાઉન્ટર છે. જેમાં આર્મીએ આતંકવાદીઓને માર્યા છે. આ પહેલા ૮ ઓક્ટોબરે અવંતીપુરામાં પણ ઝડપ થઈ હતી. જેમાં ૨ આતંકવાદીને મારી નાખવામાં આવ્યા હતા. આ પહેલા અનંતનાગના કોકરનાગમાં ૫ ઓક્ટોબરે આતંકવાદીઓએ સામાન્ય નાગરિકો પર પણ ફાયરિંગ કરી હતી. જેમાં અમુક લોકો ઘાયલ થયા હતાં. તો ૧૨ ઓક્ટોબરે શ્રીનગરમાં આતંકવાદીઓએ ગ્રેનેડથી હુમલો કર્યો હતો, જેમાં ૫ લોકો ઘાયલ થયા હતા. જ્યારે ૧૪ ઓક્ટોબરના રોજ આતંકવાદીઓએ શોપિયામાં એક ટ્રક ડ્રાઈવરની હત્યા કરી નાખી હતી.

# ભાજપને મત એટલે જાણે પાકિસ્તાન પર પરમાણુ બોમ્બ ફેકવા બરાબર : મૌર્ય

થાણે : ઉત્તર પ્રદેશના ઉપ મુખ્ય પ્રધાન કેશવ પ્રસાદ મૌર્યએ જણાવ્યું હતું કે ભાજપની તરફેણમાં મતદાન કરવાનો મતલબ થાય છે પાકિસ્તાનમાં પરમાણુ બોમ્બ ફેંકવો. સાથે જ તેમણે કહ્યું હતું કે હાલ મહારાષ્ટ્ર અને હરિયાણામાં વિધાનસભાની ચૂંટણીઓ યોજાવા જઈ રહી છે જે અતી રોચક બની રહેશે. કેશવ પ્રસાદ મૌર્ય હાલ મહારાષ્ટ્રમાં ભાજપ માટે પ્રચાર કરી રહ્યા છે. તેઓએ મહારાષ્ટ્રના થાણેમાં એક રેલીને સંબોધી હતી જે દરમિયાન તેમણે સ્થાનિક ઉમેદવાર નરેન્દ્ર મેહતા માટે પ્રચાર કર્યો હતો. તેમણે રેલીને સંબોધતા જણાવ્યું હતું કે ઈવીએમમાં ભાજપનું બટન દબાવવાથી નરેન્દ્ર મોદી, દેવેન્દ્ર ફડણવીસ અને સ્થાનિક ઉમેદવારને પણ ફાયદો થશે જ સાથે સાથે પાકિસ્તાન પર એક પરમાણુ બોમ્બ ફેંકવામાં આવ્યો તેવું પણ મતદારોએ સમજવું.

# ગાંજા ઉદ્યોગને કારણે હાઉસિંગ માર્કેટમાં 'આંશિક તેજી'

## બ્રોકરેજ, રી/મેક્સ તરફથી સરવે જાહેર કરાયો : ગાંજાના વેપારને માન્યતા બાદ કેટલાક સ્થળો પર ઉત્પાદન પ્રક્રિયામાં વેગ આવ્યો

મોન્ટ્રિયલઃ કેનેડાના કેટલાંક નાના શહેરોમાં મનોરંજન માટે ગાંજામાંથી તૈયાર કરાતાં ઉત્પાદનોને કારણે કેનેડાના હાઉસિંગ બજારમાં હળવી તેજી જણાઈ રહી છે, એમ એક અહેવાલનું તારણ જણાવે છે.

આ અહેવાલ બ્રોકરેજ, રી/મેક્સ તરફથી થોડા દિવસ અગાઉ જાહેર કરવામાં આવ્યો હતો ત્યારે ગાંજાના ઉત્પાદનોને કાયદેસર માન્યતા આપવાના નિર્ણયને એક વર્ષ પૂરું થતું હતું. જો કે, આ માટે ચોક્કસ સંખ્યાબંધ સ્થળો નક્કી કરવામાં આવ્યાં છે. ખાસ કરીને મધ્ય અને પૂર્વ કેનેડાનાં નાના શહેરોમાં આ છૂટને કારણે શહેરોમાં સામાન્ય તેજી જોવા મળે છે. ઓટાવાની દક્ષિણ પશ્ચિમે ૮૦ કિમી દૂર આવેલા સ્મિથ ફોલ્સ ઓન્ટોરિયો તથા કેનોપીમાં ગ્રોથની સુવિધા પૂરી



પાડવામાં આવે છે, તે સ્થળે મોટા પ્રમાણમાં ગાંજાના ઉત્પાદનો બનાવતી કંપનીઓ કાર્યરત છે. વિશ્વમાં સૌથી મોટા પાયે આ સ્થળે ગાંજાના ઉત્પાદનોની સુવિધા પૂરી પાડવામાં આવે છે.

એક વાર એવો સમય હતો કે, આ ઉદ્યોગ છૂટોછવાયો હતો અને ચોકલેટ પ્લાન્ટ ઉત્પાદનો કરતા હતા. પરંતુ હાલમાં આ પ્લાન્ટ વધુ વ્યવસ્થિત કામ કરતા થયા છે અને તેમાં આશરે ૧૩૦૦ લોકો કામ કરી રહ્યાં છે.જેને પરિણામે અહીં મકાનોનાં વેચાણમાં ૨૭ ટકાનો વધારો થયો છે. સરેરાશ કિંમતમાં ૧૦ ટકાથી થોડો વધુ ઉછાળો જોવા મળે છે. રી/મેક્સ ઓન્ટેરિયો-એટલાન્ટિક કેનેડાનાં એક્ઝિક્યુટીવ વાઈસ પ્રેસિડેન્ટ અને રિજીયોનલ ડાયરેક્ટર ક્રિસ્ટોફર એલેક્ઝાન્ડરે જણાવ્યું હતું કે, આ વિસ્તારમાં માંગમાં વધારો થઈ રહ્યો છે. પરંતુ મકાનોની તંગી છે. આવી જ પરિસ્થિતિ અમે કેનોબીઝ ઈન્ડસ્ટ્રીઝના વિકાસમાં ઊભી થાય એવું જોવા ઈચ્છીએ છીએ.

## રુચિ પંડ્યાએ સ્કારબોરો ખાતે ગરબામાં ધૂમ મચાવી





સ્કારબોરો ખાતે નવરાત્રી મહોત્વનું આયોજન કરાયું હતુ. જેમાં ૨૯મી સપ્ટેમ્બર તથા પાંચ ઓક્ટોબર તથા શરદપૂનમે ગરબાના કાર્યક્રમનું આયોજન થતાં રુચિ પંડ્યાએ પ્રાચીન અર્વાચી ગરબા ગીતો ગાયને ખેલૈયાઓને ગરબે ઘૂમાવ્યા હતા. કાર્યક્રમને અંતે પ્રેક્ષકો, લોકો તથા ગરબામા ભાગ લેનારા તમામનો આભાર માનવામાં આવ્યો હતો.

# જાપાનમાં કુદરતી આફત સમયે વિશ્વકપ ટીમ રાહતકાર્યમાં જોડાઈ



ઓન્ટેરિયો : જાપાનના કામાઈશી ખાતે યોજાયેલી રગ્બી વિશ્વકપની સ્પર્ધામાં રવિવારે કેનેડાની રગ્બી ટીમની પૂલ 'બી'ની નામિબિયા સામેની રમત રદ કરવામાં આવતાં પુરુષોની રગ્બી ટીમના ખેલાડીઓ નારાજ થયા હતા. પરંતુ આમ છતાં કેનેડાની ટીમ તેના અનુભવનો લાભ મેળવવામાં સફળ થઈ હતી, કારણ કે, કામાઈશીમાં હેગિબિઝ તોફાન બાદ આવેલાં પૂરે ભારે ખાનાખરાબી અને ગંદકી ફેલાવ્યા હતા. તેની સફાઈ કરવામાં લોકોને મદદ કરવા ખેલાડી જોડાયા હતા. કેનેડાની ટીમમાં બ્રિટીશ કોલંબિયાના એથ્લિટ્સ પણ એમાં હતા. તેઓ પૂરગ્રસ્ત વિસ્તારોમાં જઈ પૂરના પાણી તથા કાદવ કાઢવાના કામમાં લાગી ગયા હતા. રગ્બી ટીમનાં મિડીયા મેનેજર ગેરેથ રિઝે જણાવ્યું હતું કે, અમે અહીંના લોકોને જે કંઈ મદદ કરી શકીએ તે મદદ કરવા માટે તૈયાર છીએ. તેઓ મદદ માટે અહીં રોકાયા હતા એ દરમિયાન એમણે જાપાનમાં અનેક મિત્રો બનાવ્યા હતા. અનેક ખેલાડીઓ કોદાળી, પાવડા અથવા જે હાથ આવે એ સાધન સાથે મદદના કામમાં લાગી ગયા હતા અને શેરીઓ તથા વરિષ્ઠ નાગરિકોનાં ઘરમાં જઈને પૂરનાં પાણી અને ગંદકી ઉલેચીને લોકોને મદદરૂપ બન્યાં હતા. રગ્બી વિશ્વકપ દર ચાર વર્ષે યોજાય છે. વર્ષ ૨૦૧૯માં પહેલી વાર આ ચેમ્પિયનશીપ એશિયામાં ૨૦ સપ્ટેમ્બરથી ૨ નવેમ્બર દરમિયાન યોજાઈ હતી.

**પૂલ 'બી'ની નામિબિયા સામેની રમત રદ થયા બાદ ખેલાડીઓ દ્વારા સામાજિક કાર્યો**

**શેરીઓ તથા ઘરોમાં ભરાયેલા પાણી અને ગંદકીને દૂર કરાયા**

# સાંસ્કૃતિક કાર્યક્રમના સથવારે બોદાલી મંડળ ટોરન્ટો દ્વારા સિલ્વર જ્યુબિલીની ઉજવણી

ટોરન્ટો : બોદાલી મંડળ ટોરન્ટો (નવસારી) દ્વારા તા. ૧૩ ઓક્ટોબરે તાજ બેંકવેટ હોલમાં મંડળની સ્થાપનાના ૨૫ વર્ષ પુરા થતા હોવાથી રજત જયંતીની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરાઈ હતી. કાર્યક્રમની શરૂઆતમાં મંડળના પ્રમુખ રાજુભાઈ પટેલે આમંત્રિત સૌનું ભાવભીનું સ્વાગત કર્યું હતુ. ત્યારબાદ એકથી એક ચઢિયાતા સાંસ્કુતિક પ્રોગ્રામ રજુ થયા હતા. વરિષ્ઠ ભાનુબાના હસ્તે રજત જયંતીની કેક કાપવામાં આવી હતી. જાદુગરે તેમની જાદુઈ કરામતથી સૌને આશ્ચર્યચકિત કરી દીધા હતા. મનુભાઈ પટેલે તેમની બોદાલી ગામની ઝલક આપતી એક કવિતા રજુ કરી હતી. સંસ્થાના સેક્રેટરી ગિરીશભાઈ બોદાલીકરે ૨૫ વર્ષ પહેલા સંસ્થાની સ્થાપના કેવી રીતે થઈ હતી, તેની વિગતો રજુ કરી હતી. સતત ૨૫ વર્ષ સુધી સભ્યોના મળી રહેલા ભરપૂર સહયોગ બદલ તેમણે સૌનો આભાર વ્યક્ત કર્યો હતો. ડો. પ્રવીણભાઈ પટેલે નેક્સટ જનરેસનને પ્રોત્સાહિત



કરી સંસ્થાને વધુ પ્રગતિ સાંધવા ઉપર ભાર મુક્યો હતો. ઉમેશભાઈ પટેલે તેમની ડી,જે. સેવા આ કાર્યક્રમ દરમ્યાન આપી હતી. અનિતાબેન પટેલ, કલ્પાનબેન પટેલ, વિમલભાઈ પટેલ, સુનિલભાઈ પટેલ, દિવ્યેશભાઈ પટેલ ઉપરાંત અન્ય સભ્યોએ એક મજબૂત ટીમ વર્ક તરીકે સાથ અને સહકાર આપ્યો હતો. જે બાદ એક કલાક ગરબાની જોરદાર રમઝટ જામી હતી.

# માં અંબે એન્ટરટેઈમેન્ટ દ્વારા આયોજિત ગરબા કાર્યક્રમ





માં અંબે એન્ટરટેઈન્મેન્ટ દ્વારા આયોજિત નવરાત્રી ગરબા ૨૦૧૯ના કાર્યક્રમમાં લોકો ઉમટી પડ્યા હતા. આ ગરબાનું આયોજન ઓકટોબર ૧૨-૧૩ , ૨૦૧૯ના રોજ ઈન્ટરનેશનલ સેન્ટર હોલ, મીસીસાગા ખાતે કરાયું હતુ. જેમાં અતુલ પુરોહીતે સંગીતના સથવારે ગરબા ગીતો ગાતા હજારો ખેલૈયાઓ મન મુકી ગરબે ઘૂમ્યા હતા. કાર્યક્રમને અંતે સ્પોન્સર્સ એફીનીટી મોરગેજ, એસેનસીયા લોયર્સ, સુરતી ફુડ્લ, એર કેનેડા, સુપર વિઝન ઓપટિકલ, સીઆઈબીસી, ફ્રીડમ, મનીગ્રામ વિગેરેનો આભાર માનવામાં આવ્યો હતો. આ ઉપરાંત અનંતભાઈ ગાંધી પ્રજ્ઞેશ પટેલ, જીગર પટેલ, ભાવિક પરીખ, દીપક લાડ, દર્શન પટેલ, હર્ષિત શાહ, અશ્વિન અમીન, અમીષ ભટ્ટ, સોહન પરીખ, જીગર પટેલ (ઓકવિલે), અલૌકીક નાયક, નરેશ પટેલ, એન કે. કેતન રાવલ, અનીષ માલમ, ઈરફાન માલમ, પ્રકાશ પટેલ તથા અજયભાઈ અને મીડિયા કર્મીઓનો આભાર માનવામાં આવ્યો હતો. સાથે જ નાયક પ્રોડકશનનો પણ આભાર માનવામાં આવ્યો હતો. આ કાર્યક્રમને વિદ્યાફૂડે સ્પોન્સર કર્યો હતો.

# દિલ્હીમાં જનરેટર વાપરવા પર પ્રતિબંધ, વાયુ પ્રદૂષણમાં ભયજનક વધારો નોંધાયો

નવી દિલ્હી : દેશના પાટનગર નવી દિલ્હીમાં વાયુ પ્રદૂષણ બેફામ વધી જતાં ઈમર્જન્સી સિવાય જનરેટર વાપરવા પર પ્રતિબંધ લાદી દેવામાં આવ્યો હતો. એર ક્વોલિટી ઈન્ડેક્સ (એક્યૂઆઇ)ના રિપોર્ટ મુજબ દિલ્હીના કેટલાક વિસ્તારોમાં તો આમ આદમીને શ્વાસ લેવામાં પણ તકલીફ પડે છે. દિવસે દિવસે શ્વાસના રોગીઓની સખ્યામાં ખાસ્સો વધારો થવાની શક્યતા નકારી કઢાતી નથી. એર ક્વોલિટી ઈન્ડેક્સમાં શૂન્યથી પચાસ સુધી આંક હોય તો સરસ, પચાસથી ૧૦૦ સુધી ઠીક ઠીક સંતોષજનક ગણાય. ૧૦૦થી ૨૦૦ મધ્યમ કક્ષા ગણાય. ત્યારબાદ જે ઈન્ડેક્સ આવે તે ખરાબ ગણાય. દિલ્હીના કેટલાક વિસ્તારમાં તો ૨૫૦થી ૩૦૦ એક્યૂઆઇ નોંધાયો હતો. દ્વારકા સેક્ટરમાં ૩૫૯, દિલ્હી ટેક્નોલોજીકલ યુનિવર્સિટી વિસ્તારમાં ૩૪૩, બવાનામાં ૩૭૦, મુંડકામાં



૩૪૨, આનંદ વિહારમાં ૩૧૩, રોહિણીમાં ૩૧૯ અને ગ્રેટર નોઈડામાં ૩૦૮ નોંધાયો હતો. લેટેસ્ટ અહેવાલ મુજબ ગુરગાંવ, ગાઝિયાબાદ, નોઈડા, ગ્રેટર નોઈડા, ફરીદાબાદ, સોનીપત, પાણીપત અને બહાદૂરગઢ સુધીના વિસ્તારોમાં જનરેટર વાપરવા પર તત્કાળ પ્રતિબંધ લાદવામાં આવ્યો હતો.

# મનમોહનના કાર્યકાળમાં સરકારી બેંકોની દશા બેઠી હતી : નાણામંત્રી

નવી દિલ્હી : દેશના અર્થતંત્રની ધીમી પડી રહેલી ગતિને લઈને ટીકાઓ સહન કરી રહેલા નાણા મંત્રી નિર્મલા સિતારમને હવે તેનો જવાબ આપ્યો છે.

અમેરિકાની કોલંબિયા યુનિવર્સિટીમાં એક લેક્ચર દરમિયાન તેમણે કહ્યુ હતુ કે, પૂર્વ પીએમ મનમોહનસિંહ અને પૂર્વ આરબીઆઈ ગર્વનર રઘુરામ રાજનના કાર્યકાળમાં સરકારી બેન્કોનો સૌથી ખરાબ સમય આવ્યો હતો. સિતારમને કહ્યુ હતુ કે, હું રઘુરામ રાજનની એક મહાન શિક્ષક હોવાના નાતે અને પૂર્વ પીએમ હોવાના નાતે મનમોહનસિંઘનો બહુ આદર કરુ છું. રઘુરામ રાજને એવા સમયે રિઝર્વ બેન્કની કમાન સંભાળી હતી જ્યારે અર્થતંત્ર સારા દિવસોમાંથી પસાર થઈ રહ્યુ હતુ. જોકે રાજન અને મનમોહનસિંહના સમયે સરકારી બેન્કો નેતાઓને ફોન પર જ લોન આપી દેતા હતા. આવી લોનોની ભરપાઈ આજ સુધી થઈ નથી. જેના કારણે હવે બેન્કોને અત્યારે સરકારે પૈસા આપવા પડી રહ્યા છે. જેથી તે ચાલી શકે. તે વખતે જે થઈ રહ્યુ હતુ તેની જાણકારી રાજન અને મનમોહનસિંહ સિવાય કોઈની પાસે નહોતી. નાણામંત્રીએ કહ્યુ હતુ કે, રાજન હવે બેંકોની સંપત્તિનુ મુલ્યાંકન કરી રહ્યા છે પણ આપણે એ સમજવુ રહ્યુ કે

# ભારતના યાત્રી વિમાનનો એફ-૧૬ દ્વારા પીછો કરી કલાકો સુધી ઘેરાવ કરાયો

નવી દિલ્હી : પાકિસ્તાને કેટલીક એવી હરકતો કરી હતી જેના કારણે બંને દેશો વચ્ચે તંગદિલી વધી ગઈ છે. પાકિસ્તાનના યુદ્ધવિમાને કાબૂલ તરફ જઈ રહેલા ભારતીય વિમાનને પોતાના એરસ્પેશમાં આશરે એક કલાક સુધી ઘેરીને રાખ્યું હતું. પાયલોટને ઉંચાઈ ઓછી રાખવા માટે પણ કહેવામાં આવ્યું હતું. સ્પાઇસ જેટની આ ફ્લાઈટને પાકિસ્તાનના એફ-૧૬ વિમાનોએ ઘેરી લીધું હતું. પાયલોટને ઉંચાઈ ઘટાડી દઈને તેની પાસેથી ફ્લાઈટની વિગતો માંગવામાં આવી હતી. આ ઘટના ૨૩મી સપ્ટેમ્બરના દિવસે થઇ હતી સ્પાઈસ જેટની એસજી-૨૧ ફ્લાઈટ દિલ્હીથી કાબૂલ ઉંડાણ પર હતી. અને વિમાનમાં ૧૨૦ યાત્રીઓ હતા. આ ઘટના બની ત્યારે પાકિસ્તાની એરસ્પેશને ભારત માટે બંધ કરવામાં આવ્યું ન હતું. સુત્રોએ કહ્યું છે કે, ભારતીય વિમાનના પાયલોટને એફ-૧૬ વિમાનના પાયલોટને કહેવામાં આવ્યું છે કે, આ સ્પાઈસ જેટની કોમર્શિયલ ફ્લાઈટ છે.

# ફારૂખ અબ્દુલ્લા ફરી નજરકેદ થયા, પુત્રી સાફિયા પણ જ્યુડિશિયલ કસ્ટડીમાં

શ્રીનગર : ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાન અને જમ્મુ કશ્મીરમાં એક કરતાં વધુ વખત મુખ્યપ્રધાન રહી ચૂકેલા નેશનલ કોન્ફરન્સના નેતા ડૉક્ટર ફારૂખ અબ્દુલ્લાને ફરી નજરકેદમાં લેવાયા હોવાની માહિતી મળી હતી. તેમની પુત્રી સાફિયાને જ્યુડિશિયલ કસ્ટીડીમાં લેવામાં આવી હતી. કેન્દ્ર સરકારે પાંચમી ઑગસ્ટે જમ્મુ કશ્મીરને ખાસ દરજ્જો આપતી ૩૭૦મી કલમ રદ કરી ત્યારથી ડૉક્ટર ફારૂખ અબ્દુલ્લા નજરકેદમાં હતા. હજુ તો ગયા સપ્તાહે તેમને મુક્ત કરાયા હતા. આજે બુધવારે ૧૬ ઓક્ટોબરે સવારે તેમને ફરી નજરકેદમાં રાખવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું હતું. લાલચોક વિસ્તારમાં કરાયેલા દેખાવો બાદ ફારૂખ, તેમની પુત્રી અને તેમની બહેનને નવેસર અટકાયતમાં




લેવાયાં હતાં. પ્રતિબંધો ઊઠાવી લેવાયા બાદ આ પહેલો જાહેર દેખાવ હતો. જેમાં ફારૂખ અબ્દુલ્લા, તેમની પુત્રી સાફિયા, ફારૂખની બહેન સુરૈયા અબ્દુલ્લા અને જમ્મુ કશ્મીરની હાઈકોર્ટના ભૂતપૂર્વ ચીફ જસ્ટિસ બશીર અહમદ ખાનની પત્ની હવ્વા બશીર આ દેખાવોમાં સામેલ હતાં. સુરક્ષા દળોએ સૌને અટકાયતમાં લીધાં હતાં.

# ભારતની સેનાનો વિશ્વની સૌથી તાકાતવર સેનામાં સમાવેશ થયો : મોદી

મુંબઈ :વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઝંઝાવતી ચૂંટણી પ્રચાર કરી રહ્યા છે. આજે મોદીએ સતારા અને અન્ય જગ્યાઓએ ચૂંટણી સભા કરી હતી. ચૂંટણી સભામાં મોદીએ મુખ્યરીતે કોંગ્રેસ અને અન્ય પાર્ટીઓ ઉપર પ્રહાર કર્યા હતા. સતારા અને બીડમાં મોદી આજે પ્રચારમાં વ્યસ્ત દેખાયા હતા. મોદીએ કહ્યું હતું કે, રાષ્ટ્ર રક્ષા રાષ્ટ્રના એકીકરણ માટે સરકાર કેવા કઠોર નિર્ણય લઈ રહી છે જેવા નિર્ણય લેવાની અગાઉ કોઈ સરકારમાં હિંમત ન હતી પરંતુ કમનસીબ બાબત એ છે કે, આજે મહારાષ્ટ્રમાં જે અમારા વિરોધમાં છે તે લોકો રાષ્ટ્રરક્ષા માટે લેવામાં પગલાનો પણ વિરોધ કરી રહ્યા છે. છેલ્લા પાંચ વર્ષમાં અમારી સરકારે ભારતની સેનાને દુનિયાની તાકાતવર સેનાની શ્રેણીમાં મુકી દીધી છે. એનસીપી અને કોંગ્રેસ પર પ્રહાર કરતા તેમણે કહ્યું હતું કે, આ બંને પક્ષોની રાજકીય સ્થિતિ વિભાજિત કરીને શાસન કરવાની રહેલી છે. બંને પક્ષોના કાર્યકરો એકબીજાને પછાડવા માટે કામ કરી રહ્યા છે.



# BCCIના પ્રમુખપદે ગાંગુલીની વરણી



## બ્રિજેશ પટેલને આઇપીએલના ચેરમેન, જય શાહને સેક્રેટરી, અરુણસિંહ ઠાકુરને ટ્રેઝરરના હોદ્દા

મુંબઇ : વિશ્વની સૌથી ધનાઢ્ય ક્રિકેટ સંસ્થા બીસીસીઆઇના પ્રમુખપદ માટે નોમિનેટ થવા સુધી સૌરવ ચંડીદાસ ગાંગુલીનો માર્ગ સહેજ પણ આસાન રહ્યો નહોતો. રવિવારે મુંબઇની એક ફાઇવસ્ટાર હોટેલમાં બીસીસીઆઈના બોસની પસંદગી માટે બેઠક યોજાઈ હતી.

ભારતીય ક્રિકેટની બે પાવરફુલ લોબીએ પોતપોતાના ઉમેદવારને પ્રમુખ બનાવવા માટે એડીચોટીનું જોર લગાવ્યું હતું. ઘણી વાટાઘાટ બાદ બેઠકમાં તમામે ગાંગુલીના નામ અંગે સહમતી વ્યક્ત કરી હતી. બીજી તરફ બ્રિજેશ પટેલને આઈપીએલના ચેરમેન બનાવવાનું સર્વાનુમતે નક્કી કરાયું હતું. ગૃહમંત્રી અમિત શાહના પુત્ર જય શાહને બોર્ડના સેક્રેટરી તથા અનુરાગ ઠાકુરના બંધુ અરુણસિંહ ઠાકુરને ટ્રેઝરર બનાવવામાં આવ્યા છે.

### મોદી અને પાક. પીએમ નક્કી કરશે કે બંને દેશ ક્યારે સાથે રમશે

કોલકાતા : ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડના ભાવિ અધ્યક્ષ સૌરવ ગાંગુલીએ જણાવ્યું કે, ભારત અને પાકિસ્તાન વચ્ચે દ્વિપક્ષીય ક્રિકેટ રમાશે કે નહીં તે અંગે હાલમાં કશું કહી શકાય નહીં. તેઓ આ અંગે કશું જ જણાવી શકે તેમ નથી. આ વિશે ભારત અને પાકિસ્તાનના વડા પ્રધાન જ પરવાનગી આપે પછી કંઈ થાય તેમ છે.

### ધોનીના ભવિષ્ય વિશે ૨૪ ઓક્ટોબરે સિલેક્ટરો સાથે વાત કરીશ : ગાંગુલી

કોલકાતા : બીસીસીઆઇના નવા થનારા અધ્યક્ષ સૌરવ ગાંગુલીએ સ્પષ્ટ કર્યું છે કે ટીમ ઇન્ડિયાના ભૂતપૂર્વ સુકાની મહેન્દ્રસિંહ ધોનીના ભવિષ્ય વિશે ચીફ સિલેક્ટરો સાથે વાતચીત કરવામાં આવ્યા બાદ હું મારો મત જાહેર કરીશ. બુધવારે ઇડન ગાર્ડન્સમાં પત્રકારો સાથેની વાતચીતમાં ગાંગુલીએ કહ્યું હતું કે, ૨૪ ઓક્ટોબરે હું ચીફ સિલેક્ટરોને મળીશ અને એ જાણવાની કોશિશ કરીશ કે તેઓ ધોની વિશે શું વિચારે છે.

### રાજકારણમાં પ્રવેશવાનો મારો કોઈ ઇરાદો નથી : ગાંગુલી

કોલકાતા : ભારતીય ક્રિકેટ ટીમના ભૂતપૂર્વ સુકાની સૌરવ ગાંગુલીનું બીસીસીઆઈના નવા પ્રમુખ બનવું નિશ્ચિત થઇ ચૂક્યું છે. પ્રમુખ તરીકે ગાંગુલીનો કાર્યકાળ માત્ર ૧૦ મહિનાનો રહેશે અને ત્યારબાદ બોર્ડના નવા નિયમો મુજબ ગાંગુલીએ ત્રણ વર્ષ માટે કૂલિંગ પિરિયડ ઉપર જવું પડશે. ત્યારબાદ ગાંગુલી રાજકારણમાં પ્રવેશશે તેવી અટકળોને વેગ મળ્યો હતો પરંતુ ગાંગુલીએ જાતે જ રાજકારણમાં નહીં પ્રવેશવાનો પોતાનો ઈરાદો જાહેર કરી દીધો હતો.

## રોનાલ્ડોનો ૭૦૦મો ગોલ છતાં પોર્ટુગલનો પરાજય



પેરિસ : પોર્ટુગલના સ્ટાર ફૂટબોલર ક્રિસ્ટિયાનો રોનાલ્ડોએ પોતાની કારકિર્દીનો ૭૦૦મો ગોલ નોંધાવ્યો હોવા છતાં યુક્રેન સામે પોર્ટુગલની ટીમનો યૂરો ૨૦૨૦ ચેમ્પિયનશિપની લીગ મેચમાં પરાજય થયો હતો. યુક્રેન પહેલાં પોલેન્ડ, રશિયા, ઈટાલી તથા બેલ્જિયમ પણ ૧૨મી જૂનથી રમાનારા યૂરો કપ માટે ક્વોલિફાય થઇ ચૂક્યા છે. ગ્રૂપ-એમાં ટોચના સ્થાને રહેલી ઈંગ્લેન્ડ હજુ ક્વોલિફાય થઈ શક્યું નથી. યુક્રેને ક્વોલિફાઈંગ મુકાબલામાં પોર્ટુગલને ૨-૧થી હરાવ્યું હતું. આ મેચમાં પોર્ટુગલ માટે એકમાત્ર ગોલ રોનાલ્ડોએ નોંધાવ્યો હતો.

## ચાલુમેચ દરમિયાન ૨૭ વર્ષના પ્રો-બોક્સર પેટ્રિકનું માથામાં પંચ વાગવાના કારણે મોત

### ત્રણ મહિનામાં ચોથા પ્રો-બોક્સરનું બ્રેઈન ઈન્જરીથી મોત થતાં લોકો આઘાતમાં

શિકાગો : હાલમાં ચાલી રહેલી પ્રો બોક્સિંગ મેચમાં પેટ્રિક ડે નામના એક બોક્સરનું નિધન થયું છે. શનિવારે શિકાગો ખાતે રમાયેલી મેચમાં અમેરિકાના પ્રો-બોક્સર પેટ્રિક ડેને માથામાં ગંભીર ઈજા થઈ હતી. કોમામાં જતા રહેલાં પેટ્રિકનું બુધવારે રાત્રે સારવાર દરમિયાન મોત થયું હતું. અખબારી અહેવાલ પ્રમાણે



શનિવારની મેચના ૧૦મા રાઉન્ડમાં ચાર્લ્સ કોનવેલનો હેડ શોટ તેને વાગ્યો હતો. આ કારણે તેને ઈજા થઈ હતી અને તે નોકાઉટ થઈ ગયો હતો. આ ઈજા એટલી વધારે હતી કે તે કોમામાં જતો રહ્યો અને તેનું મોત થયું.ોક્સિંગ સાથે સંકળાયેલા સૂત્રોના જણાવ્યા પ્રમાણે ૨૦૧૯નું વર્ષ પ્રો-બોક્સિંગ માટે સૌથી વધુ જોખમી સાબિત થયું છે. આ વર્ષે જુલાઈ મહિના બાદ અત્યાર સુધીમાં ચોથા પ્રો-બોક્સરનું ઈજાના કારણે મોત થયું છે.

### હું બોક્સિંગ નહીં છોડું પણ પેટ્રિક માટે વર્લ્ડ ટાઇટલ જીતીશ : ચાર્લ્સ કોનવેલ

પેટ્રિક જેની સામે રિંગમાં રમતો હતો તે ચાર્લ્સ કોનવેલ પણ આ ઘટનાથી સ્તબ્ધ છે. તેણે જણાવ્યું કે, ડોક્ટર્સે તેને બચાવવાની ઘણી મહેનત કરી પણ તેઓ બચાવી શક્યા નહીં. મને આ વાતનો ખૂબ જ આઘાત લાગ્યો છે. હું આ મુદ્દે ખાસ બોલવા માગતો નથી કારણ કે મને ખબર છે કે, આ કેટલો સંવેદનશીલ મુદ્દો છે. હું ક્યારેય નહોતો ઈચ્છતો કે અમારી મેચમાં આવું કશું જ બને. હું આ બાઉટ વિશે હજી પણ વિચારી રહ્યો છું. મને સતત થયા કરે છે કે, આ જ ઘટના મારી સાથે બની હોત તો મારી શું સ્થિતિ હોત. મેં પેટ્રિક માટે અનેક પ્રાર્થના કરી. મેં કલાકો આંસુ વહાવ્યા પણ હું મારી મનોસ્થિતિને કાબૂ કરી શક્યો નથી. પેટ્રિકના પરિવરા, મિત્રો અને ચાહકોની શું સ્થિતિ હશે તે જાણીને પણ મારા મનમાં વેદનાની ટીસ ઊઠે છે. મેં એક સમયે બોક્સિંગ છોડી દેવાનો પણ વિચાર કરી લીધો હતો. મને તમારામાંથી જ પ્રેરણા મળે છે. મને ખ્યાલ છે કે, તમે ક્યારેય નહીં ઈચ્છો કે હું બોક્સિંગ છોડું. હું તમારા માટે વર્લ્ડ ટાઈટલ જીતી લાવીશ.

## વિમેન્સ વન-ડે રેન્કિંગ : સ્મૃતિ મંધાનાએ ટોચનું સ્થાન ગુમાવ્યું



દુબઇ : ભારતની ઈજાગ્રસ્ત ઓપનિંગ બેટ્સવુમન સ્મૃતિ મંધાનાએ આઈસીસી વિમેન્સ વન-ડે બેટિંગમાં ટોચનું સ્થાન ગુમાવી દીધું છે અને તેના સ્થાને ન્યૂઝીલેન્ડની એમી સેટરવેટ નંબર-૧ ખેલાડી બની ગઇ છે. મંધાનાના ઈજાગ્રસ્ત થવાના કારણે તે સાઉથ આફ્રિકા સામેની ત્રણ મેચની શ્રોણીમાં રમી શકી નહોતી અને તેને રેન્કિંગમાં નુકસાન થયું છે. તે હવે બીજા ક્રમે સરકી ગઇ છે. અન્ય ભારતીય બેટ્સવુમનોમાં સુકાની મિતાલી રાજ સાતમા ક્રમે સરકી ગઇ છે. બોલર્સના રેન્કિંગમાં ઝુલન ગોસ્વામી, શિખા પાંડે તથા પૂનમ રાઉત અનુક્રમે છઠ્ઠા, આઠમા તથા નવમા ક્રમાંકે છે. ઓલરાઉન્ડર્સમાં દિપ્તી શર્મા ત્રીજા ક્રમાંકે છે.

## ભારત-બાંગ્લાદેશનો FIFA વર્લ્ડ કપ ક્વોલિફાયર મુકાબલો ૧-૧થી ડ્રો રહ્યો



કોલકાતા : સોલ્ટ લેક સિટી ખાતે હાઉસફૂલ સ્ટેડિયમમાં યજમાન ભારત અને બાંગ્લાદેશ વચ્ચે રમાયેલા ફિફા વર્લ્ડ કપ ૨૦૨૨નો ક્વોલિફાયર મુકાબલો ભારે રસાકસી બાદ ૧-૧થી ડ્રો રહ્યો હતો. ઘરઆંગણે રમવાના કારણે દબાણ હેઠળ રહેલી ભારતીય ટીમે મુકાબલાની રક્ષાત્મક શરૂઆત કરી હતી. બાંગ્લાદેશના સ્ટ્રાઇકર સાદ ઉદીને ગોલ નોંધાવીને બાંગ્લાદેશને ૧-૦થી આગળ કરી દીધું હતું. મેચ છેલ્લા તબક્કામાં પહોંચી ગઇ હતી ત્યારે આદિલ ખાને ૮૯મી મિનિટે બાંગ્લાદેશના ગોલપોસ્ટમાં બોલ નાખીને ભારત માટે સ્કોર ૧-૧થી સરભર કરતાં સ્ટેડિયમમાં ઉત્સાહ છવાઈ ગયો હતો.

## યુએઈમાં ટેસ્ટ રમવા PCBએ શ્રીલંકા પાસે નાણાં માગ્યાં

કરાંચી : પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે શ્રીલંકા સામે ટ્વેન્ટી૨૦ તથા વન-ડે શ્રેણીની યજમાની કર્યા બાદ તે પોતાના ઘરઆંગણે ટેસ્ટ શ્રોણી રમાડવા માગે છે. પીસીબીએ સ્પષ્ટતા કરી દીધી છે કે અમે ઘરઆંગણે જ ટેસ્ટ શ્રેણી રમાડીશું, જો શ્રીલંકાને યૂએઈના તટસ્થ કેન્દ્રમાં ટેસ્ટ શ્રોણી રમવી હોય તો તેમણે તેનો ખર્ચ ઉઠાવવો પડશે. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ યુએઈમાં ટેસ્ટ શ્રેણી રમાડવાનો ખર્ચ ઉઠાવવા માટે તૈયાર નથી. પીસીબીની ઈચ્છા છે કે જો શ્રીલંકન ટીમ પાકિસ્તાનનો પ્રવાસ કરવા માગતી ના હોય અને યુએઈમાં ટેસ્ટ શ્રોણી રમવાની ઈચ્છા હોય તો શ્રીલંકન બોર્ડે પીસીબીની સાથે મળીને શ્રેણીના આયોજનનો ખર્ચ ઉપાડવો પડશે. પીસીબીના ચેરમેન એહસાન મની તથા સીઈઓ વસીમ ખાને દુબઈ ખાતે શ્રીલંકન બોર્ડના અધિકારીઓ સાથે વાટાઘાટ કરી હતી અને તેમને સ્પષ્ટતા કરી હતી કે જો શ્રીલંકા યુએઈમાં રમવા તૈયાર હોય તો તેમણે તેનો ખર્ચ ચૂકવવો પડશે. પીસીબીએ એવો પણ નિર્ણય લીધો છે કે આઈસીસી અને શ્રીલંકન ક્રિકેટ બોર્ડને પાકિસ્તાનમાં ખેલાડીઓની સુરક્ષાની ખાતરી આપ્યા બાદ પણ જો શ્રીલંકા યુએઈમાં રમવા માગતું હોય તો તેણે ખર્ચ ઉપાડવો પડશે.

## મુંબઈના ૧૭ વર્ષના યશસ્વી જયસ્વાલની ડબલ સેન્ચુરી

બેંગ્લુરૂ : મુંબઈના ટીનેજર યશસ્વી જયસ્વાલે વિજય હઝારે ટ્રોફીની એક લીગ મેચમાં ઝારખંડ સામે ૧૫૪ બોલમાં ૨૦૩ રન બનાવ્યા હતા અને લિસ્ટ-એ મેચોમાં ડબલ સેન્ચુરી કરનારો એ નવમો અને સૌથી યંગેસ્ટ ખેલાડી બન્યો હતો. ૧૭ વર્ષના આ ઓપનરે એવી સ્ફોટક બેટિંગ કરી હતી કે તેની ઈનિંગમાં ૧૭ ચોગ્ગા અને ૧૨ સિક્સરની મદદથી તેણે ૧૪૦ રન ઝૂડી કાઢ્યા હતા. તેની આ બેટિંગના પગલે મુંબઈએ નિર્ધારિત ૫૦ ઓવરમાં ૩ વિકેટે ૩૫૮ રન બનાવ્યા હતા. જીત માટેના ૩૫૯ રનના લક્ષ્યાંક સામે ઝારખંડની ટીમ ૪૬.૪ ઓવરમાં ૩૧૯ રને ઓલઆઉટ થઈ હતી અને તેનો ૩૯ રને પરાજય થયો હતો. જોકે ઝારખંડ વતી વિરાટ સિંહે સદી ફટકારી હતી અને સૌરભ તિવારીએ ૭૭ રન બનાવ્યા હતા. મુંબઈના ધવલ કુલકર્ણીએ ૩૭ રન આપીને પાંચ વિકેટ ઝડપી હતી. વિજય હઝારે ટ્રોફીમાં થોડા દિવસ પહેલાં ગોવા સામે સંજૂ સેમસને પણ ૨૧૨ નોટઆઉટ રન બનાવ્યા હતા. ગત સિઝનમાં ઉત્તરાખંડના કર્ણવીર કૌશલે સિક્કિમ સામે ૨૦૨ રન બનાવ્યા હતા. જયસ્વાલે ૨૦૩ રન બનાવી તેનાથી

## ક્વોલિફાયર માટે મને મેરિકોમ સામે રમવાની તક આપો : નિખત ઝરીન



નવી દિલ્હી : ભારતીય મહિલા બોક્સર નિખત ઝરીને તાજેતરમાં પોતાને તક આપવાની વાત કરી હતી. સૂત્રોના જણાવ્યા પ્રમાણે થોડા દિવસ પહેલાં એવો ગણગણાટ હતો કે, બોક્સિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા કોઈપણ ટ્રાયલ રાઉન્ડ વગર ટોક્યો ઓલિમ્પિક મીટના ક્વોલિફાઈંગ રાઉન્ડ માટે મેરિકોમને નોમિનેટ કરવાની શક્યતા છે. તેના જવાબમાં જ નિખત ઝરીને જણાવ્યું કે, આ બધા નિર્ણયો લેતાં પહેલાં મને મેરિકોમ સામે મારી ક્ષમતા સાબિત કરવાની એક તક આપો. તેણે આરોપ મૂક્યો હતો કે, બોક્સિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા માત્ર પોતાના પસંદગીપાત્ર લોકોને જ પહેલી તક અને સ્થાન આપવામાં આવે છે.

# દવાની આડ અસર બદલ જોન્સન એન્ડ જોન્સનને ૮ અબજ ડોલર ચૂકવવા આદેશ

**• સાયક્રિયાટ્રિક દવાના કારણે પુરૂષની છાતી વધી શકે છે તેવી ચેતવણી આપવામાં કંપની નિષ્ફળ રહેતા દંડ**

ન્યૂયોર્ક : સાયક્રિયાટિક દવાના કારણે પુરૂષની છાતી વધી શકે છે એવી ચેતવણી આપવામાં નિષ્ફળ જવા બદલ નુકસાન અને વ્યાજ પેટે અમેરિકાની દવા બનાવતી જંગી કંપની જોન્સન એન્ડ જોન્સને નુકસાન પેટે આઠ અબજ ડોલર ચૂકવવા જ પડશે, એવું પેનસિલવેનિયાની એક કોર્ટે ચૂકાદો આપ્યો હતો.




બાય પોલર ડિસઓર્ડર અને શિઝોફ્રેનિયાની સારવાર માટે લખેલી દવા રિસપરડલના કારણે મારા શરીરમાં છાતીની સાઈઝમાં અનેક ગણો વધારો થયો હતો તેવી ફરીયાદી નિકોલસ મુર્રે એ કરેલી ફરીયાદનો ચૂકાદો આપતા કોર્ટે જોન્સ એન્ડ જોન્સનની પેટા કંપની જાનસેન પર આ વળતર આપવા ઓર્ડર કર્યો હતો. કંપનીએ કોર્ટના ચૂકાદાને પડકાર્યો હતો અને એક નિવેદનમાં કહ્યું હતું કે ૬.૮૦ લાખ ડોલરના કેસમાં પ્રારંભિક એવોર્ડ સાથે આ ચૂકાદો જરાય મેળ ખાતો નથી. ' કંપનીને વિશ્વાસ છે કે ચૂકાદો ઉલટાવી દેવાશે'એમ એક નિવેદનમાં કંપનીએ કહ્યું હતું. કંપની આ ચૂકાદાને પડકારવા તરત જ અન્ય કામગીરી કરશે. જોન્સન એન્ડ જોન્સને કોર્ટ પર રિલપરડલ અંગેના મહત્ત્વના પુરાવા પુરા પાડવા બચાવ પક્ષની ટીમને અટકાવવાનો આરોપ મૂક્યો હતો.

# ૨૦૧૯માં વૈશ્વિક આર્થિક વિકાસ ત્રણ ટકા રહેવાનો અંદાજ : IMF

**• ભારતનો વિકાસદર ૬.૧ ટકા રહેવાની શક્યતા**

વોશિંગ્ટન : આઈએમએફએ ૨૦૧૯માં વૈશ્વિક વિકાસ દર ત્રણ ટકા રહેવાની ચેતવણી આપી છે. ત્રણ ટકાનો વૈશ્વિક વિકાસ દર ૨૦૦૮ની નાણાકીય કટોકટી પછીનો સૌથી ઓછો છે.

ઈન્ટરનેશનલ મોનિટરી ફંડ(આઈએમએફ)ના મુખ્ય અર્થશાસ્ત્રી ભારતીય મૂળના અમેરિકન ગીતા ગોપીનાથે જણાવ્યું છે કે ૨૦૧૭માં વૈશ્વિક વિકાસ દર ૩.૮ ટકા હતો. જે ઘટીને ૩ ટકા થઈ જવો તે એક ગંભીર બાબત છે. ગોપીનાથે વધુમાં જણાવ્યું હતું કે હવે જ્યારે વૈશ્વિક અર્થતંત્ર ફક્ત ત્રણ ટકાની દરે વિકાસ કરી રહ્યું છે ત્યારે કોઈ પણ પ્રકારની ભૂલને અવકાશ નથી. જો કે ગોપીનાથે વધુમાં જણાવ્યું હતું કે ૨૦૨૦માં વૈશ્વિક આર્થિક વિકાસ વધીને ૩.૪ ટકા રહેવાની શક્યતા છે. ૨૦૧૯ અને ૨૦૨૦માં વિકસિત દેશોનો આર્થિક વિકાસ ઘટીને ૧.૭ ટકા રહેવાની સંભાવના છે. જ્યારે ઉભરતા બજારો અને વિકાસશીલ અર્થતંત્રો વિકાસ દર ૨૦૧૯માં ૩.૯ ટકા જ્યારે ૨૦૨૦માં ૪.૬ ટકા રહેવાની શક્યતા છે. નાણાકીય વર્ષ ૨૦૧૯ માટે આઈએમએફએ ભારતના જીડીપીનો અંદાજ ૭.૩ ટકાથી ઘટાડી ૬.૧ ટકા કર્યો છે.

# મદીનામાં બસ અકસ્માતમાં ૩૫ વિદેશીઓના મોત, ચાર ઘાયલ

મદીના : સાઉદીના મદીના શહેરમાં એક બસ અને એક ભારે વહાન વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં ૩૫ વિદેશીઓના મોત થયા છે. જ્યારે ૪ અન્ય ઘાયલ થયા છે. અલ હમના હોસ્પિટલમાં આ ચારેય ઘાયલોને સારવાર માટે ખસેડવામાં આવ્યા છે. આ જાણકારી સાઉદીની સરાકારી મીડિયાએ આપી છે. મદીનાના પોલીસ પ્રવક્તાએ જણાવ્યું કે સાઉદી અરબના આ પશ્ચિમ શહેરમાં બુધવારે આ દૂર્ઘટના સર્જાઈ હતી. તેમાં એક ખાનગી ચાર્ટર્ડ બસ અને એક લોડર વચ્ચે અકસ્માત સર્જાયો હતો.

દૂર્ઘટનામાં મોતને ભેટનાર અને ઈજાગ્રસ્તો અરબ અને એશિયાઇ તીર્થયાત્રીઓ હતો. ઈજાગ્રસ્તોને અલ હમના હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. પોલીસ અધિકારીઓએ આ મામલે તપાસ શરૂ કરી દીધી છે. તેલ પર આર્થિક નિર્ભરતાને ઓછી કરવાના પ્રયાસમાં સાઉદી અરબ ધાર્મિક પર્યટન ક્ષેત્રને સંભાળી રાખવા ઈચ્છે છે. વડાપ્રદાન નરેન્દ્ર મોદીએ સાઉદી અરબમાં એક બસ દૂર્ઘટનામાં ૩૫ લોકોના મોત પર ગુરૂવારે શોક વ્યક્ત કર્યો હતો. વડાપ્રધાને ટ્વીટ કરી લખ્યું, 'સાઉદી અરબમાં મક્કાની પાસે બસ દૂર્ઘટનાના સમાચારથી દુઃખી છું.

# સતત પાંચમાં દિવસે તુર્કી દ્વારા સીરિયા પર હુમલા : લાખો લોકોએ ઘર છોડયા

**• ટ્રમ્પે સીરિયામાંથી અમેરિકાના ૧૦૦૦ સૈનિકોને દૂર કરવાના આદેશ આપ્યા**

સીરિયા : અમેરિકાએ સિરીયામાંથી સૈન્ય હટાવતાની સાથે જ તુર્કીએ હુમલાઓ શરૂ કરી દીધા છે. રવિવારે તુર્કી સેનાએ અને તેમના સમર્થકોએ સીરિયા પર ઘાતક હુમલો કર્યો હતો. સતત પાંચમા દિવસે તુર્કી દ્વારા હુમલા કરવામાં આવી રહ્યા છે. મંગળવાર બુધવારથી જ અમેરિકી સૈન્ય સીરિયામાંથી દૂર થયુ કે તરત જ તુર્કીએ કુર્દીશો પર હુમલા કરવાનું શરૂ કરી દીધુ છે. સીરિયાના અધિકારીઓએ જણાવ્યુ છે કે ઉત્તર સીરિયામાં આવેલા વિસ્થાપિતો માટેના કેમ્પ નજીક તુર્કીએ બોમ્બમારી કરતા આઈએસ સદસ્યના ૮૦૦ સબંધીઓ ભાગી ગયા છે. સતત પાંચમાં દિવસે હિંસક



હુમલા વડે તુર્કિશ સેના સીરિયાની સીમામાં ઘણી આગળ સુધી આવી ગઈ છે. હુમલામાં અનેક સૈનિકો અને લોકો મૃત્યુ પામ્યા છે. તુર્કી દ્વારા કરવામાં આવતા આ હુમલાઓને કારણે આંતરરાષ્ટ્રીય સ્તરે તેની સામે આક્રોશ વધ્યો છે.

MOTEL for SALE

NIRAJ PANCHOLI, REALTOR®
ASQ CQT (Toronto) Mechanical Engineer (Ahmedabad)
Cell: 647-866-2790
Email: ncpancholi@gmail.com
Website: www.century21.ca/niraj.pancholi
Multi Award Winner Agent, Proven Result through Honesty, Professionalism & Experience
My Awards: Outstanding Achievement Award of Excellence: 2011, 2012, 2013, 2014, 2015, 2016, 2017, 2018
Silver Award 2013 & 2014, Diamond Award 2015, Pacesetter Gold Award 2015, Masters Emerald Award 2015
Diamond Award 2016, Masters Diamond Award 2016, Successful Listing Agent Award 2016
Pacesetter Gold Award 2017, Platinum Award 2017, CENTURION® PRODUCER AWARD 2017
Successful Listing Agent Award, Diamond Award 2018



MOTEL KING :Specializing in Selling MOTELS with Proven Record

16 ROOM MOTEL & 3 BR HOUSE AKSING 725K
Located on Trans Canada Hwy 17, just 1 hour west of Sudbury. Very nice tourist town, steps to provincial park, lake, waterfalls etc. About 25% down payment require.

18 ROOM MOTEL & 3BR HOUSE ASKING 799K
Extensive renovation done, 8 rooms like brand new, rest 10 good renovated. No other motel in town, no competition. Located 1.5 hrs Ottawa & 4 hrs Toronto. About 25% down payment require.

14 ROOM MOTEL & RESTAURANT ASKING 699K
Plus 2 Apt (one for owner, one rented), located near Sudbury. Good opportunity for owner operator to stay, operate and make money. Seller is willing to hold first mortgage.

22 ROOM MOTEL & RESTAURANT- ASKING 1.299M
Located on busy Trans Canada Hwy 17 b/w Blind River & Sault Ste Marie, backing on Lake and Marina. Very busy in summer & fall. Seller willing to hold first mortgage. SOLD

12 ROOM MOTEL & 2 BR HOUSE ASKING 699K
Well maintained, Specious Rooms, Inside Corridor. Located on Hwy 17 between, about 1.5 hr west of Sudbury. Seller willing to hold first mortgage. SOLD

22 ROOM HOTEL & RESTAURANT ASKING 1.975M
Its top to bottom Renovated, 3 star category hotel, Inside Corridor, Renovated 3 BR Apt for Owner. Inside Pool, Renovated, LLBO. Located on Hwy 21 near Lake Huron. SOLD

COMING UP: MOTELS FOR SALE
Franchise Motel in Sudbury
Non Franchise Motel in Sudbury

FRANCHISE HOTEL NEAR 1000 ISLAND/HWY 401
ASKING UNDER 5M
SOLD

URGENT LISTING REQUIRE: MOTELS & HOTELS
- Non franchise motels 20 to 50 rooms
- Franchise motels & hotels 40 to 80 rooms
- Motels near Hwy 401 E up to Kingston
- Motels near Hwy 401 W up to London
- Motels near Hwy 400 up to Sudbury
- Motels near Hwy 11 up to North Bay
- Motels in Niagara Falls, Collingwood, Barrie, Orillia, Peterborough, Ottawa, Kitchener

BUYERS READY TO PUT OFFER & CLOSE THE DEAL

OTHER MOTELS FOR SALE
Many other motels for sale available. Principal buyers only, call to set up personal meeting. Down payment require for banks: 25% to 50% Private finance also available

JOB OPPORTUNITIES
Couple require to run motel in Northern Ontario English & Computer knowledge require to manage front desk, call for more info if interested.

BUYERS PLEASE NOTE: Personal meeting is very important if you are a SERIOUS BUYER & have provable down payment. You will get top priority on new listings.

Century 21 People's Choice Realty Inc., 120 Matheson Blvd E, Unit 103, Mississauga, L4Z 1X1 Office Ph: 905-366-8100, Fax: 905-366-8101 Other offices: Brampton & Etobicoke

# જાપાનમાં હગિબીસ વાવાઝોડાનો કેર ૪૮ નાગરિકોનાં મોત, ૨૦૦ ઘાયલ

• ૩,૭૫,૦૦૦થી વધુ ઘરોમાં વીજપુરવઠો ખોરવાયો : સરકારી આશ્રય સ્થળોમાં ૧,૩૫,૦૦૦થી વધુ લોકોએ આશરો લીધો



ટોક્યો : જાપાનમાં વિનાશક વાવાઝોડું હગિબીસ ત્રાટકતાં રવિવારે ૩૩ લોકોના મોત નીપજ્યાં હોવાનું સ્થાનિક મીડિયાના અહેવાલોમાં જણાવાયું છે. વાવાઝોડાના કારણે મૂશળધાર વરસાદ અને પૂરની સ્થિતિ સર્જાઈ હતી.

વાવાઝોડાના કારણે વંટોળિયા વરસાદથી અનેક જગ્યાએ ભૂસ્ખલન અને પૂરના કારણે ફસાયેલા લોકોને બચાવવા માટે આખી રાત ૩૧,૦૦૦થી વધુ સલામતી દળો સહિત ૧,૦૦,૦૦૦ બચાવ કાર્યકરો કામ કરતા રહ્યા હતા.

વાવાઝોડાના કારણે સર્જાયેલી ગંભીર પરિસ્થિતિને ધ્યાનમાં લઈને રગ્બી વર્લ્ડ કપની નામિબિયા-કેનેડા વચ્ચેની મેચ રદ કરવી પડી હતી. વાવાઝોડુ રવિવારે સવારે જમીન પર ત્રાટક્યું હતું અને તેણે મોટાભાગે રાજધાની ટોક્યો અને આજુબાજુના વિસ્તારોમાં ભારે વિનાશ વેર્યો હતો.

# ભૂતપૂર્વ ઓલિમ્પિક્સ વિજેતા ત્સોલ્ટ બોકોઈ સેક્સ સ્કેન્ડલમાં સંડોવાયો

બુડાપેસ્ટ : ઓલિમ્પિક્સ રમતોત્સવમાં હંગેરી માટે ગોલ્ડ મેડલ જીતનારા જિમ્નેસ્ટ ત્સોલ્ટ બોકોઈ કેટલીક યુવતીઓ સાથે બેસીને ડ્રગ સેવન કરી રહ્યો હોય એવી વિડિયો ક્લીપ ફરતી થતાં રમત જગતમાં ખળભળાટ મચી ગયો હતો. બોકોઈ ૨૦૦૬થી ગ્યોર શહેરના મેયર તરીકે પણ સેવા આપે છે. આ વરસે એ ફરી ગ્યોર શહેરના મેયર તરીકે ચૂંટાયા હતા. બોકોઈની આ વિડિયો ક્લીપ એક કરતાં વધુ પોર્ન વેબસાઈટ પર પણ ફરતી થઈ હતી. બોકોઈ હંગેરીના વડા પ્રધાન વિક્ટર ઓર્બનની ખૂબ નિકટ હોવાનું મનાય છે. વિડિયો લીક થવા છતાં બોકોઈ જરાય અસ્વસ્થ થયા નહોતા. તેમણે આ વિડિયો ક્લીપ અંગે કશું કહેવાનો ઈનકાર કર્યો હતો. પાછળથી તેમણે આ વિડિયો ક્લીપ મારી છે અને મારી ભૂલ થઈ છે એવો એકરાર કર્યો હતો પરંતુ રાજીનામું આપવાનો સ્પષ્ટ ઈનકાર કર્યો હતો. હંગેરીમાં ગયા રવિવારે મેયરની ચૂંટણી યોજાઈ હતી. એમાં બોકોઈ ચૂંટાઈ આવ્યા હતા. આ વિડિયો ક્લીપ અંગે તેમણે કહ્યું કે ચૂંટણીમાં મારી પ્રતિષ્ઠા ખરડીને મને પરાજિત કરવા માટે આ વિડિયો ક્લીપ લીક કરાઈ હતી. મારા ચાહકોને આ વિડિયો ક્લીપ જોઈને આઘાત લાગ્યો હોય તો હું જાહેરમાં માફી માગું છું. હું ડ્રગ લેવાનો કે યુવતીઓ સાથે સેક્સ માણી હોવાનો ઈનકાર કરતો નથી.

# નેપાળને બે વર્ષમાં ૩૫૦ કરોડની સહાય આપવા ચીનની જાહેરાત

• ચીન-નેપાળે વિવિધ ક્ષેત્રોમાં ૧૮ એમઓયુ કર્યા

કાઠમંડુ : વડાપ્રધાન મોદી સાથે મામલ્લાપુરમમાં અનૌપચારિક બેઠક પૂર્ણ કર્યા બાદ ચીનના પ્રમુખ નેપાળના બે દિવસના પ્રવાસે પહોંચ્યા હતા, જ્યાં તેમણે નેપાળને આગામી બે વ ર્ષમાં તેના વિકાસ કાર્યક્રમો તથા જમીની સંપર્ક માર્ગથી જોડાનારો દેશ બનાવવા માટે ૫૬ અબજ નેપાળી રૂપિયા (૩૫૦ કરોડ રૂપિયા)ની સહાયતા કરવાનું વચન આપ્યું છે. ચીનના પ્રમુખ જિનપિંગે કાઠમંડુમાં નેપાળના રાષ્ટ્રપતિ વિદ્યાદેવી ભંડારી સાથેની મુલાકાત બાદ આ જાહેરાત કરી હતી. શી જિનપિંગ છેલ્લા ૨૩ વર્ષમાં નેપાળનો પ્રવાસ કરનારા ચીનના પહેલા પ્રમુખ છે. જિનપિંગે રાષ્ટ્રપતિ વિદ્યા દેવી ભંડારી સાથે તેમના સત્તાવાર નિવાસ શીતલ નિવાસમાં મુલાકાત કરી. દરમિયાન હોંગકોંગમાં લોકશાહી તરફી મહિનાઓથી ચાલતા દેખાવો અને મુસ્લિમ લઘુમતી જૂથો પ્રત્યે ચીનના વ્યવહાર અંગે અમેરિકાની ટીકાઓ વચ્ચે જિનપિંગે રવિવારે ચેતવણી આપી હતી કે ચીનને વિભાજિત કરવાનો કોઈ પ્રયાસ કરશે તો તેના હાડકાં ભાંગી નખાશે.

# ટ્રેડવોર : અમેરિકાએ સ્પર્ધાત્મકતાનું ટોચનું સ્થાન ગુમાવી દીધું, સિંગાપોર પ્રથમ ક્રમાંકે

જીનીવા : અમેરિકાના પ્રમુખ ટ્રમ્પ શરૂ કરેલી ટ્રેડવોરના કારણે વર્લ્ડ ઈકોનોમિક ફોરમની ગ્લોબલ કોમ્પીટીવનેસ રિપોર્ટમાં અમેરિકા પાછળ ધકેલાઈને સિંગાપોર પછી બીજો ક્રમે આવી ગયું હતું.

દાવોસમાં રાજકીય હસ્તીઓ અને વેપારના માંધાતાઓના ભપકાદાર વાર્ષિક મેળામાં આ ફોરમે ૧૯૭૯ પછીથીસ્પર્ધાત્મકતાનો વાર્ષિક અહેવાલ રજૂ કર્યો હતો. આ અહેવાલમાં લાંબા ગાળાની વૃધ્ધિ અને ઉત્પાદકતાના આકરણી ના આધારે ક્રમ અપાય છે.

એહવાલમાં નોંધવામાં આવ્યું હતું કે અમેરિકા ઈનોવેશન ક્ષેત્ર હજુ પણ પાવરહાઉસ અને વિશ્વનું સૌથી વધુ સ્પર્ધાત્મક દેશ છે.જો કે કેટલીક મુશ્કેલીઓના સંકેત મળ્યા હતા, એમ ફોરમે કહ્યું હતું.'

આના બે માર્ગીય રસ્તો છે જ નહીં, એની ખાતરી આપવી જરૂરી છે કે તમામ દેશો સ્પર્ધા માટે ખુલ્લા છે'એમ ટ્રમ્પ વહીવટી તંત્ર દ્વારા લાદવામાં આવેલા ટેરિફની અસર વિષે પૂછાતા ફોરમના મેનેજીંદ ડાયરેકટર સાદિયા ઝાહીદીએ કહ્યું હતું. તેમણે નોંધ્યું હતું કે અમેરિકાના અનેક મુખ્ય વેપાર હરિફો પર લાદેલા ટેરિફની અસર અંગેની સંગીન માહિતીનો અભાવ કુલ વેપારની સરખામણીમાં ખૂબ જ મર્યાદિત રહે છે.

પરંતુ,અમેરિકામાં રોકાણ કરવા અંગેની લાગણી ધીમે ધીમે ઘટતી જાય છે'એમ તેમણે જીનીવામાં પત્રકારોને કહ્યું હતું.'આનાથી લાંબા ગાળાના રોકાણ પર અસર પડશે જે નિર્ણાયકો કેવી રીતે વિચારે છે તેની પર અસર કરશે અને અમેરિકાના બિન અમેરિકન વેપાર અગ્રણીઓના દ્રષ્ટીકોણ પર અસર કરશે'એમ ઝાહીદીએ કહ્યું હતું.

# ભારતીય મૂળના અમેરિકન અર્થશાસ્ત્રી અભિજિત બેનર્જી સહિત ૩ને નોબેલ

• શિક્ષણ સુધારો, અર્થતંત્ર આપોઆપ સુધરશે એ વિષય પર ત્રણેય અર્થશાસ્ત્રીએ સંશોધન કર્યું



સ્ટોકહોમ : નોબેલ પ્રાઈઝના લિસ્ટમાં સોમવારે છેલ્લું અર્થશાસ્ત્રનું નોબેલ જાહેર થયું હતું. ઈકોનોમિક્સનું નોબેલ પ્રાઈઝ ભારતીય મૂળના અમેરિકી અર્થશાસ્ત્રી અભિજિત બેનર્જી, તેમના ફ્રેન્ચ-અમેરિકન અર્થશાસ્ત્રી પત્ની એસ્થર ડફ્લો અને માઈકલ ક્રેમરને સંયુક્ત રીતે જાહેર થયું છે. અભિજિત અને એસ્થર અમેરિકાની 'મેસેચ્યુશેટ ઈન્સ્ટિટયૂટ ઓફ ટેકનોલોજી (એમઆઈટી)' સાથે જ્યારે માઈકલ અમેરિકાની 'હાવર્ડ યુનિવર્સિટી' સાથે સંકળાયેલા છે. નોબેલ સમિતિએ જણાવ્યું હતું કે તેમણે શોધી કાઢેલી પદ્ધતિ ગરીબી દૂર કરવા માટે બહુ કારગત નીવડી રહી છે. છેલ્લા વીસ વર્ષથી આ પદ્ધતિ વડે અનેક દેશો ગરીબીમાં ઘટાડો કરી શક્યા છે. માટે તેઓ નોબેલ પ્રાઈઝના હક્કદાર છે. શિક્ષણ સુધરે તો સરવાળે દેશનું અર્થતંત્ર આપોઆપ સુધરશે. એ સાદા સિદ્ધાંતનો કઈ રીતે પ્રેક્ટિકલ અમલ કરી શકાય એ અંગે આ ત્રણેયે સંશોધન કર્યું છે. અભિજીત બેનરજીએ જણાવ્યું હતું કે ભારતની આર્થિક સ્થિતિ હાલ ડામાડોળ છે. ભારતીય મૂળના અભિજીતને હાલમાં જ નોબેલ પુરસ્કાર મળ્યો છે તેથી તેઓ ભારતમાં બહુ જ ચર્ચામાં છે. દરમિયાન તેમણે દેશની આર્થિક સ્થિતિ અંગે ચિંતા વ્યક્ત કરી હતી.

# સાઉદી સરકારે મહિલાઓને સેનામાં જોડાવા મંજૂરી આપી

• મહિલાઓ કોર્પોરલ, સાર્જન્ટ તરીકે પણ સેવા આપી શકશે

રિયાધ : સાઉદી અરેબિયાએ મહિલાઓને સમાન અવસર આપવાની દિશામાં વધું એક મહત્વનું પગલું ભર્યું છે. રૂઢીવાદી ઈસ્લામિક ગણતંત્રમાં લાગુ કરવામાં આવેલા સામાજીક અને આર્થિક સુધારાઓ અંતર્ગત મહિલાઓને સેનામાં સામેલ થવા મંજૂરી આપવામાં આવી છે.

સાઉદીના ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાને ગત વર્ષે આર્થિક અને સામાજીક સુધારાઓની શરૂઆત કરી હતી. તે અંતર્ગત સાઉદીના વિદેશ મંત્રાલયે ટ્વિટરના માધ્યમથી સશક્તિકરણ તરફ માંડવામાં આવેલા પગલાની જાણકારી આપી હતી. ટ્વિટમાં મહિલાઓ હવે સાઉદીની સેનાઓમાં પ્રાઈવેટ ક્લાસ, કોર્પોરલ અને સાર્જન્ટ તરીકે સેવા આપી શકશે તેવો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. ગત વર્ષા સાઉદીમાં મહિલાઓને સિક્યોરિટી ફોર્સમાં સામેલ થવાની મંજૂરી આપવામાં આવી હતી. સાઉદીના શાસક મોહમ્મદ બિન સલમાને પોતાના તરફથી મહિલાઓના અધિકાર સાથે સંકળાયેલા અમુક નિર્ણયોને મંજૂરી આપી છે. તેમાં ડ્રાઈવિંગ ઉપરાંત એકલા વિદેશ યાત્રા કરવાની આઝાદી પણ આપી છે.

# ઈથિયોપિયાના પીએમ અહમદને શાંતિનું નોબેલ પારિતોષિક મળ્યું



ઓસ્લો : રોયલ સ્વીડીશ એકેડમીએ આજે શાંતિના નોબેલ પારિતોષિકની જાહેરાત કરી હતી. વર્ષ ૨૦૧૯ માટે શાંતિનું નોબેલ (નોબેલ પિસ પ્રાઈઝ) આફ્રિકા ખંડના દેશ ઈથિયોપિયાના વડા પ્રધાન એબી અહમદને આપવાનું છે. નોબેલ સમિતિએ કારણ આપતા જણાવ્યું હતુ કે અહમદે પડોશી દેશ ઈરિટિયા સાથે ૨૦ વર્ષથી ચાલતા સંઘર્ષનો શાંતિપૂર્ણ રીતે અંત લાવ્યા છે.

સાથે સાથે દેશમાં રાજકીય ઈરાદાઓથી જેમને કેદ કરાયા હતા એ કેદીઓને પણ મુક્ત કરી તેમણે સ્વચ્છ રાજકારણનું ઉદાહરણ પૂરૂં પાડયું છે. ૧૯૦૧થી અત્યાર સુધીમાં ૯૯ શાંતિના નોબેલ પ્રાઈઝ અપાયા છે. આ વખતનું નોબેલ પિસ પ્રાઈઝ ૧૦૦મું છે. ૧૦૦મા શાંતિના નોબેલ માટે દુનિયાભરમાંથી કુલ ૩૦૧ નામ-સંસ્થા નોમિનેટ થયા હતા. તેમાંથી ૪૩ વર્ષના અહમદની પસંદગી કરવામાં આવી હતી. આફ્રિકા ખંડના ઘણા દેશોમાં સરમુખત્યારશાહી છે. પરિણામે એ દેશોનો વિકાસ થઈ શકતો નથી.

# USમાં વાયર ફ્રોડમાં ૧૭ લાખની ઠગાઈ કરનાર ભારતીય રાકેશ કૌશલ દ્વારા ગુનાની કબૂલાત

• વાયર ફ્રોડના અપરાધ બદલ જાન્યુઆરી ૨૦૨૦માં ૨૦ વર્ષની સજા થઈ શકે

ન્યુયોર્ક : પોતાના નોકરીદાતા સાથે ૧૭ લાખ ડોલરની છેતરપિંડી કરનાર ૬૬ વર્ષના એક ભારતીય અમેરિકને વાયર ફ્રોડ (છેતરપિંડી)કર્યાની કબુલાત કરી હતી.

મેરીલેન્ડના રાકેશ કૌશલે ગયા સપ્તાહે વાયર ફ્રોડ કરવા ષડંયંત્ર ઘડયો હોવાના ફેડરલ આરોપની કબુલાત કરી હતી, એમ યુએસ એટર્ની જનરલ અને સ્પશિયલ એજન્ટ ચાર્જે કહ્યું હતું. અટકાયતમાં રહેલા કૌશલને જાન્યુઆરી ૨૦૨૦માં વાયર ફ્રોડના અપરાધ બદલ મહત્તમ ૨૦ વર્ષની સજા સંભળાવવામાં આવશે.

તેણે કરેલી કબુલાત પ્રમાણે, ઓગસ્ટ ૨૦૧૫થી આશરે જાન્યુઆરી ૨૦૧૭ સુધી કૌશલને ખાસ તો સરકારી ફેડરલ એજન્સીઓને સેવા આપતી મેરી લેન્ડસ્થિત ડિઝાઈન અને બાંધકામની કંપનીમાં નોકરી મળી હતી.ડિકસન અને બેટ્સવિલે, મેરીલેન્ડમાં બાંધકામ કરતી ત્રણ કંપનીઓના વડા હતા ઈવાન વિકટર થારાને. કૌશલે સ્વીકાર્યું હતું કે થારનેની કંપની દ્વારા કરેલા બાંધકામ માટે નકલી પેમેન્ટની વિનંતી મોકલવા મેરીલેન્ડ સ્થિતિ કંપની સાથે છેતરપિંડી કરવા થારને સાથે મળી એક ષડયંત્ર ઘડયું હતું. આ વિનંતીને કૌશલે ચકાસી ને તેને મંજૂરી આપી હતી.

ફરીયાદ પક્ષના વકીલે કહ્યું હતું કે ફ્રોડ કર્યા પછી કૌશલે ફ્રોડની રકમ સહિત ૫.૫૦ લાખ ડોલર પોતાના એક બેન્ક ખાતામાંથી ભારતમાં આવેલી એક બેન્કમાં ટ્રાન્સફર કર્યા હતા જેમાં ખૂદ કૌશલ જ લાભાર્થી હતો.

# સસ્તી ટિકીટો અને સરસ સેવા માટે કાયમ નંબર વન
# ઓછામા ઓછા ભાડાની ખાતરી આપતું એક માત્ર ટ્રાવેલ્સ

LOWEST FARES GUARANTEED

## Rank One
Travels & Tours

SPECIAL SEAT SALE

www.rankonetravels.com

એર ઈન્ડિયાની ફ્લાઈટમાં
સૌથી સસ્તા દરે
મુસાફરી કરો



FARES TO
MUMBAI, AHMEDABAD,
VADODRA, KOLKATA,
DELHI, BANGALURU,
CHENNAI, HYDERABAD

AIRTRAVEL - HOTEL - VACATION PACKAGES - CRUISES - INSURANCE

CALL US TODAY!

**905.672.5300 I 1-866.929.5300**

Email: rajesh@rankonetravels.com

tico.ca
LIC: 50021002

49, Hillcrest Avenue,
Unit - 203, Brampton L6W 4V4

CLIA CRUISE LINES INTERNATIONAL ASSOCIATION, INC.



PSCC

# Pharma–Medical
## Science College of Canada

416-821-4876
647-996-5876

## Start Your Future Career Today!





## New Classes Starting Soon

### Diagnostic Medical Sonography
New class beginning **September 9, 2019.** Our seasoned instructors will equip you with all the skills you need to succeed. 8 months of co-op. Gain practical experience with our modern equipment.

### Personal Support Worker
New class beginning **October 9, 2019.** Discover a rewarding career on the front-line of healthcare and make a difference in your community. **Post-graduation career counselling incl.**

### Medical & Health Related
- Diagnostic Cardiac Sonography
- Diagnostic Medical Sonography (Probationary)
- Registered Massage Therapy
- Advanced Esthetics
- Acupuncture
- Medical Lab Technician
- Medical office Administrator
- Pharmacy Assistant
- Personal Support Worker
- Physiotherapist/Occupational Therapist Assistant

### Pharmaceutical &Food Related
- Pharmaceutical QA & QC
- Pharmaceutical QC
- Pharmaceutical QA & RA
- Pharmaceutical Manufacturing Technology
- Food Safety & Quality
- Food, Nutrition and Health

### Human Services Diploma
- Early Childcare assistant
- Community Service Worker

Financial Assistance Available for those who qualify

## Ready to enroll? Give us a call today!

505 Consumers Road, Suite 100, North York, ON. M2J 4V8
info@pharmamedical.ca, www.pharmamedical.ca

Follow us on: